# ICE® MIRACLES

EXCLUSIVE FOR GPSC

(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

**સંપાદક : મૌલિક ગોંધિયા** | VOLUME 2 | 01 to 15 MAY - 2020





PAGE 93

## આત્મનિર્ભર ભારતના આધાર સ્તંભો



PAGE 64

## સ્ટાઈરીન ગેસ લીકેજ

PAGE 55





www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

# સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ 'ICE Miracle' નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર 15 દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ 2017થી લેવામાં આવતી GPSCની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ GPSC દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. GPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા ICEના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા ICE કટિબદ્ધ છે.

# INDEX

## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1


- બ્રુ શરણાર્થી સંકટ અને કરારનો વિરોધ............1
- રાષ્ટ્રપતિની ચૂંટણી અને જમ્મુ-કાશ્મીર..............2
- સહકારી બેંકો અને સરફેસી અધિનિયમ...........2
- અધીર રંજન ચૌધરી જાહેર હિસાબ સમિતિના નવા અધ્યક્ષ..........................................................3
- ઔદ્યોગિક આપદા અને સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત........................................................... 4
- લશ્કરી ઈજનનેરી સેવામાં પદોની સમાપ્તિ.........5
- જન્મદર અને મૃત્યુદર સંબંધિત ડેટા..................6
- ઉત્તર પ્રદેશમાં ઉદ્યોગોને શ્રમ કાયદાઓમાં છૂટ...... ....................................................................... 7
- જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ શટડાઉન..................8
- ગુજરાત કૃષિ પેદાશ બજાર (સુધારા) વટહુકમ, 2020.......................................................... 9
- ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાતના મંત્રીની ચૂંટણી ગેરકાયદેસર જાહેર.........................................10
- ફેક ન્યૂઝ રોકવા દિશા-નિર્દેશો.......................12


## 2. અર્થતંત્ર..........................14


- મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગોમાં 6.5%નો ઘટાડો........14
- ભૌગોલિક સંકેતક ટેગ (Geographical Indication Tag - GI Tag)......................15
- આયુષ ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમ..........16
- COVID-19 ઉપકર..........................................16
- ઓપન બજેટ સર્વે 2019...................................16
- લઘુ વન ઉત્પાદનની ખરીદી..............................17
- CKP સહકારી બેંકનું લાયસન્સ રદ...............18
- વિશેષ કોરોના ફી..........................................19
- ધ સરસ કલેક્શન...........................................20
- રોજગાર નિર્માણ માટે ઝારખંડ સરકારની યોજનાઓ...................................................20
- પ્રોજેક્ટ મોનિટરીંગ યુનિટ................................21
- ભારત માર્કેટ................................................21
- COVID-19 અને રાજકોષીય ખાધના લક્ષ્યો.. 22
- ઘઉંની ખરીદીમાં વધારો...................................23
- સોનાના ભંડારમાં વધારો.................................23
- અટલ પેન્શન યોજના......................................24
- બેડ બેંક (Bad Bank)...................................24
- ઈ-નામ પોર્ટલ પર મંડીઓની સંખ્યામાં વૃદ્ધિ........25
- COVID-19 અને રાજ્યોની આવક............25
- ડેરી ક્ષેત્ર માટે નવી યોજના..............................26
- મંત્રી સમૂહ દ્વારા રોજગાર અને કૌશલ્ય વિકાસ પર ડ્રાફ્ટ રજૂ કરાયો.........................................26
- ગુજરાત રાજ્યમાં આર્થિક ગતિવિધિ અને ક્ષેત્રોના પુનઃનિર્માણ માટે સમિતિની રચના..................27


## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....28


- ઈમ્યુનિટી પાસપોર્ટ (Immunity Passport)... 28
- G20 ડિજિટલ ઈકોનોમી મંત્રીઓની બેઠક... 28
- NAM સંપર્ક સમૂહ શિખર સંમેલન...............29
- ઈરાનમાં નવી મુદ્રાની શરૂઆત.......................30
- ઓપરેશન સમુદ્ર સેતુ......................................30
- વંદે ભારત મિશન...........................................30
- મિશન સાગર.................................................30
- સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક અપીલ લોન્ચ............31
- ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ફેસ ઓફ... 32
- કૈલાસ માનસરોવર માર્ગ સંબંધે નેપાલનો વિરોધ....32
- SCO બેઠક................................................. 33


## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....34


- YASH કાર્યક્રમ...........................................34
- ઈલેક્ટ્રોસ્ટેટિક જીવાણુનાશક તકનીક.............34
- ભારતમાં સંશોધન અને વિકાસ (Research and Development-R&D) પર ખર્ચ......35
- SN 2010kd............................................ 36
- BCG રસીના ઉપયોગ પર ચિંતા.....................36
- COVID-19ના ગાણિતિક અને ગણતરીના પાસાઓનો અભ્યાસ...........................................37
- યૂવી બ્લાસ્ટર...............................................38
- કોરોના કિલર 100.......................................38


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

- સાયલેંટ હાઈપોકિસયા.......39
- ઈ-કોવસેંસ........ 39
- NSafe માસ્ક.......40
- FlyNow - ઈન્ટરનેટ ઓફ ડ્રોન પ્લેટફોર્મ..40
- નેનોમટીરીયલ આધારિત સુપરકેપેસિટર.........40
- મચ્છરજન્ય રોગોનો ફેલાવો.......41
- COVID-19ના કારણે લોહી ગંઠાય જવાની સમસ્યા.......41
- પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજનામાં સુધારો...42
- સોનુ-સિલિકોન ઈન્ટરફેસ આધારિત ફોટોડિટેક્ટર.......43
- COVID કવચ ભારતની પ્રથમ સ્વદેશી કીટ...44
- DHRUVS : અલ્ટ્રાવાયોલેટ આધારિત સેનિટાઈઝર.......45
- ICMR COVID-19 માટે રસી બનાવશે... 45
- ફેલુદા તકનિક.......45
- સ્વાસ્થ્યવાયુ....... 46
- આરોગ્ય સેતુ એપ અને ગોપનીયતા.......46
- મેલામાઈનનું પરીક્ષણ.......48
- રિસ્ટાર્ટ સંમેલન....... 48
- રાષ્ટ્રીય બાયોમેડિકલ સંસાધન સ્વદેશીકરણ કંસોર્ટિયમ.......49
- ઈ-ટૂલ અને સેન્સર ડિવાઈસ.......49
- સ્માર્ટ મીટર....... 50
- પાર્કિંસંસ રોગ.......51
- ઈવેન્ટ બોલ.......51
- ICMR અને ગ્લોબલ સોલિડેરિટી ટ્રાયલ......52
- પુરુષો મહિલાઓની સરખામણીએ COVID-19 માટે વધુ સંવેદનશીલ....... 53
- COBAS 6800.......53
- પ્રાણવાયુ કાર્યક્રમ.......53

## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........55

- ગ્લોબલ એનર્જી રિવ્યુ 2020.......55
- કિસાન સભા એપ.......56
- 'એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ' યોજના 'One Nation One Ration Card' Scheme....... 56
- ગરૂડ પોર્ટલ.......57
- "લોસ્ટ એટ હોમ" રિપોર્ટ.......57
- આયુષ કવચ એપ્લિકેશન.......58
- આયુષ સંજીવની એપ....... 58
- India SME Service Platform લોન્ચ.....58
- ચૈંપિયન્સ પોર્ટલ.......59
- વૈશ્વિક પોષણ રિપોર્ટ-2020.......59
- એનર્જી ટ્રાન્ઝીસન ઈન્ડેક્ષ.......61
- ભારતમાં ચાર દાયકાઓમાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન સૌથી ઓછું....... 61

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ.......62

- બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાન.......62
- 'નદી વ્યવસ્થાપનના ભવિષ્ય' પર આઈડયાથોન (IDEAthon).......62
- બે ઓફ બેંગાલ બાઉન્ડ્રી લેયર એક્સપેરિમેંટ...63
- વર્ષ 2018-19 માટે ઊર્જા દક્ષતાના ઉપાયોનો પ્રભાવ.......63
- સ્ટાઈરીન ગેસ લીકેજ.......64
- કારાકોરમ શ્રેણીમાં ગ્લેશિયર.......65
- કૈલાશ માનસરોવર માટે નવો સડક માર્ગ...... 66
- ઓલિવ રિડલે કાચબાઓ (Olive Ridley Turtles)....... 66
- સુંદરબન ક્ષેત્ર....... 67
- રાજસ્થાનમાં તીડનો હુમલો.......67
- ફલાય એશ અને પારિસ્થિતિકી તંત્ર.......68
- પાક પર ક્ષય વિરોધી એન્ટિબાયોટિકના ઉપયોગ પર પ્રતિબંધ.......68
- આબોહવાની કટોકટીના સંદર્ભમાં ઊર્જાની જરૂરિયાતો સાથે વ્યવહાર.......69
- વૈશ્વિક વન સંસાધન મૂલ્યાંકન-2020..........70
- નવીનીકરણ ઊર્જા ક્ષેત્રમાં ભારતની રોકાણ ક્ષમતા....... 70

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......72

- 1 મે : ગુજરાત સ્થાપના દિવસ.......72
- બિષ્ણુ સેંદરા પર્વ.......73


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

- બુદ્ધ પૂર્ણિમા....................74
- રવિન્દ્રનાથ ટાગોરની 159મી જયંતી....................75
- મહારાણા પ્રતાપ જયંતી....................75
- ગોપાલ કૃષ્ણ ગોખલેની 154મી જયંતી....................76


## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો....................77


- જનઔષધિ સુગમ મોબાઈલ એપ....................77
- આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ....................77
- અતુલ્ય : માઈક્રોવેવ સ્ટરલાઈઝર....................78
- પ્રો. બી. બી. લાલ....................78
- ICC રેન્કિંગ....................78
- વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ....................79
- ધ લૉંગ માર્ચ 5B....................79
- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગનો 50મો સ્થાપના દિવસ....................80
- વિશ્વ પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર....................80
- પુલિત્ઝર પુરસ્કાર....................80
- વિશ્વ અસ્થમા દિવસ 2020....................81
- અર્કટિકા-એમ Arktika-M....................81
- સુરક્ષિત દાદા-દાદી અને નાના-નાની અભિયાન....................82
- તરુણ બજાજની RBIના બોર્ડમાં નિયુક્તિ....................82
- વિશ્વ થેલેસેમિયા દિવસ....................82
- વિશ્વ રેડ ક્રોસ દિવસ....................83
- રાષ્ટ્રીય પ્રોદ્યોગિકી દિવસ....................83
- વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ....................83
- એરફિલ્ડનું આધુનિકીકરણ....................84
- મુસ્તફા અલ કાદીમી ઈરાકના નવા પ્રધાનમંત્રી....................84
- UNEPના ગુડવિલ એમ્બેસેડર તરીકે દીયા મિર્ઝાનો કાર્યકાળ વધારવામાં આવ્યો....................84
- ભારતમાં પ્રથમ વખત ગ્રામીણ ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા શહેરી ઈન્ટરનેટ વપરાશકારો કરતા વધુ....................85
- ભારતીય અમેરિકી OECDના દૂત તરીકે નામાંકિત....................85
- કોરોના વાયરસ ગ્લોબલ રિસ્પોન્સ ઈન્ટરનેશનલ પ્લેજિંગ કોન્ફરન્સ....................86
- રશિયા દ્વારા ઉત્તર કોરિયાના નેતાને સ્મારક યુદ્ધ પદક....................86
- હરિ શંકર વાસુદેવન....................87
- ભરોસા હેલ્પલાઈન....................87
- આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ....................87
- "FIR આપકે દ્વાર" પહેલ....................88
- "પ્રવાસી રાહત મિત્ર" એપ....................88
- મૂડીઝ દ્વારા ભારતના વિકાસદરનું અનુમાન....................88
- એકીકૃત યુદ્ધ સમૂહ....................88
- ટોડા જનજાતિ....................89
- વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ....................89
- ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણના નવા ડાયરેક્ટર જનરલ....................89
- હોપ પોર્ટલ....................89
- G20 વર્ચ્યુઅલ વ્યાપાર અને રોકાણ મંત્રીઓની બેઠક....................90
- કોમનવેલ્થ સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠક....................90
- ફીફા મહિલા અંડર-17 વિશ્વકપ....................90
- સુરક્ષા સ્ટોર પહેલ....................91
- નિગાહ યોજના....................91
- કોમનવેલ્થ યુવા ગેમ્સ સ્થગિત....................91
- આરોગ્ય સેતુ મિત્ર પહેલ....................92
- વિશ્વ બેંક દ્વારા ભારતને 1 બિલિયન ડોલરની સહાય....................92
- ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર કુંદનિકા કાપડિયાનું નિધન....................92


## 9. આત્મનિર્ભર ભારત અભિયાન...93


- આત્મનિર્ભર ભારત અભિયાન અને આર્થિક પેકેજ....................93
- આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના....................102

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## બ્રુ શરણાર્થી સંકટ અને કરારનો વિરોધ

- ત્રિપુરાના અમુક સમૂહો દ્વારા ઉત્તર ત્રિપુરા જિલ્લાના કંચનપુર ઉપખંડમાં વિસ્થાપિત 'બ્રુ જનજાતિ'ના લોકોને સ્થાયી રૂપથી નિવાસ આપવાના નિર્ણયનો વિરોધ દર્શાવી તેમને ત્રિપુરાથી બહાર કરવાની માંગ કરી છે.
- લગભગ 4000થી વધુ બ્રુ જનજાતિના લોકો ત્રિપુરાના કંચનપુર અને પનીસાર ઉપખંડમાં રહે છે.
- તેઓ મૂળ મિઝોરમના રહેવાસી છે. 30 નવેમ્બર, 2019 સુધી તેને પાછા મોકલવામાં આવતા પરંતુ પછી પણ 7000 બ્રુ શરણાર્થી ત્રિપુરામાં રહે છે.
- 16 નવેમ્બર, 2020ના રોજ કેન્દ્ર સરકારે 'બ્રુ શરણાર્થી સંકટ'ને સમાપ્ત કરવાના ઉદ્દેશથી ત્રિપુરા સરકાર, મિઝોરમ સરકાર તથા બ્રુ જનજાતિના લોકો સાથે ચતુર્પક્ષીય કરાર કર્યો હતો.
- કરાર અંતર્ગત બ્રુ જનજાતિના લોકોને મિઝોરમ પાછા ન મોકલતા ત્રિપુરામાં જ વસાવવાની જોગવાઈ કરવામાં આવી હતી.

## બ્રુ સમુદાય માટેના કરારની અન્ય જોગવાઈઓ

- કેન્દ્ર સરકારે કરાર અંતર્ગત 600 કરોડના પેકેજની પણ ઘોષણા કરી હતી.

કરારની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબની હતી:

1. જે બ્રુ પરિવારો ત્રિપુરામાં જ વસવા માંગે છે તેમને રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.
2. તેમને ત્રિપુરામાં વસતા બધા જ નાગરિકોની જેમ જ લાભ મળશે તથા કેન્દ્ર અને ત્રિપુરા રાજ્ય સરકારની બધી જ યોજનાઓનો લાભ તેઓ મેળવી શકશે.
3. બ્રુ વિસ્થાપિત પરિવારોને 1200 વર્ગ ફૂટનો આવાસીય પ્લોટ આપવામાં આવશે. સાથે જ પ્રત્યેક વિસ્થાપિત પરિવારોને ઘર બનાવવા રૂ. 1.5 લાખની રોકડ સહાય કરવામાં આવશે.
4. પુનર્વાસ સહાયના રૂપમાં પરિવારોને બે વર્ષો સુધી પ્રતિ માસ રૂ. 5000 અને મફત રાશન આપવામાં આવશે.
5. ત્રિપુરાની રાજ્ય સરકાર વિસ્થાપિત પરિવારોના બેંક ખાતા, આધાર કાર્ડ, જાતિ અને નિવાસ પત્ર તથા મતદાન કાર્ડ વગેરેની વ્યવસ્થા કરશે.

## Back to Basics : બ્રુ શરણાર્થી સંકટ વિશે

- મિઝો સમુદાયના લોકો બ્રુ જનજાતિના લોકોને બહારી અથવા વિદેશી માને છે. તેમના મતે બ્રુ જનજાતિના લોકો ગેરકાયદેસર રીતે વસ્યા છે.
- આથી બંને સમુદાયો વચ્ચે સંઘર્ષ ચાલતો રહે છે.
- વર્ષ 1995માં 'યંગ મિઝો એસોશિયન' અને 'મિઝો સ્ટૂડન્ટ એસોશિયેશન' દ્વારા બ્રુ લોકોના નામને મતદાર યાદીથી હટાવવાની માંગ કરવામાં આવી.
- ત્યારબાદ બ્રુ સમુદાયના ઉગ્રવાદી સમૂહો દ્વારા હિંસાત્મક સંઘર્ષ શરૂ કરવામાં આવ્યો.
- હિંસા વધુ ઉગ્ર બની જ્યારે 'બ્રુ નેશનલ લિબરેશન ફ્રંટ'ના સદસ્યે મિઝો અધિકારીની હત્યા કરી નાખી.
- આ ઘટનાથી બંને સમુદાય વચ્ચે સંઘર્ષ વધ્યો અને બ્રુ સમુદાયે મિઝોરમ છોડીને ત્રિપુરામાં શરણાર્થી બનીને રહેવું પડ્યું.

## બ્રુ જનજાતિ વિશે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ મુખ્યત્વે ત્રિપુરા, મિઝોરમ અને અસમમાં રહે છે. તેઓ બ્રુ ભાષા બોલે છે.
- આ સમુદાય અંતર્ગત અન્ય 12 ઉપજાતિનો પણ સમાવેશ થાય છે. આ સમુદાયની સૌથી વધુ આબાદી મિઝોરમમાં વસે છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણી અને જમ્મુ-કાશ્મીર

- તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણી પંચને એક RTIના માધ્યમથી પૂછવામાં આવ્યું છે કે વિધાનસભા ધરાવતો નવો કેન્દ્ર–શાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીર એ રાષ્ટ્રપતિની ચૂંટણીના મતદાર મંડળનો ભાગ હશે કે નહીં.
- RTIનો જવાબ આપતા ચૂંટણી પંચ દ્વારા આ બાબતે ભારતીય બંધારણના અનુચ્છેદ 54નો સંદર્ભ લેવા માટે જણાવવામાં આવ્યું છે.

### ભારતીય બંધારણની અનુચ્છેદ 54 વિશે :

- અનુચ્છેદ 54 અનુસાર રાષ્ટ્રપતિની ચૂંટણી એક મતદાર મંડળ (Electoral College) દ્વારા કરવામાં આવે છે.
- આ મતદાર મંડળમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે.

| રાષ્ટ્રપતિની ચૂંટણીનું મતદાર મંડળ : | |
|---|---|
| (1) | સંસદના બંને ગૃહોના ચૂંટાયેલા સભ્યો |
| (2) | બધા જ રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો |
| (3) | દિલ્હી અને પુડુચેરી કેન્દ્ર શાસિત પ્રદેશના ચૂંટાયેલા સભ્યો. |

- આમ અનુચ્છેદ 54 અંતર્ગત વિધાનસભા ધરાવતા કેન્દ્ર શાસિત પ્રદેશો અર્થાત્ દિલ્હી અને પુડુચેરીનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. પરંતુ જમ્મુ–કાશ્મીરનો નહીં.
- પરંતુ "જમ્મુ–કાશ્મીર પુર્નગઠન અધિનિયમ–2019"ની કલમ 13માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જમ્મુ–કાશ્મીર પાસે પુડુચેરી વિધાનસભાની સમક્ષ સત્તાઓ હશે.

### કઈ રીતે જમ્મુ-કાશ્મીરને મતદાર મંડળમાં શામેલ કરી શકાય ?

- બંધારણની અનુચ્છેદ 54 અંતર્ગત નવા સદસ્યોનો સમાવેશ કરવા બંધારણીય સુધારાની આવશ્યકતા રહેશે.
- વર્ષ 1992માં 7મા બંધારણીય સુધારા દ્વારા દિલ્હી અને પુડુચેરીનો સમાવેશ રાષ્ટ્રપતિની ચૂંટણીના મતદાર મંડળમાં કરવામાં આવ્યો હતો.
- આવો બંધારણીય સુધારો વિશિષ્ટ બહુમતીથી થઈ શકશે. આ વિશિષ્ટ બહુમતીના પ્રકારમાં સંસદના 2/3 સભ્યોનું સમર્થન અને 50% રાજ્યોનું સમર્થન જરૂરી છે.
- આથી હાલની જોગવાઈઓ મુજબ એ બાબત સ્પષ્ટ નથી કે જમ્મુ–કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાર મંડળનો ભાગ હશે કે નહીં.

## સહકારી બેંકો અને સરફેસી અધિનિયમ

- તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલયના નિર્ણય મુજબ સહકારી બેંકો પણ સરફેસી અધિનિયમ અંતર્ગત આવે છે અને તેમના પર પણ આ અધિનિયમ લાગુ થાય છે.
- સરફેસી અધિનિયમનું પૂરું નામ "Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act-2002" છે.

➤ આ પહેલા વર્ષ 2013માં ગુજરાતની હાઈકોર્ટ દ્વારા નિર્ણય આપવામાં આવ્યો હતો કે સહકારી બેંકો એ સરફેસી અધિનિયમના માધ્યમથી ઋણ વસૂલી કરી શકે નહિ. કારણ કે સહકારી બેંકો "ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-1961" અંતર્ગત આવે છે. આથી સહકારી બેંકો તેના અંતર્ગત ઋણ વસૂલી કરી શકે.

## સર્વોચ્ચ ન્યાયલય દ્વારા આપવામાં આવેલ નિર્ણય

➤ સર્વોચ્ચ ન્યાયલય મુજબ "બેન્કિંગ નિયમન અધિનિયમ, 1949"ની કલમ 2(1)(C) અંતર્ગત આપવામાં આવેલ "બેંક"ની વ્યાખ્યામાં સહકારી બેંકો પણ આવે છે.

➤ આથી સરફેસી અધિનિયમની કલમ 13 અંતર્ગત નિર્ધારિત કરવામાં આવેલ ઋણ વસુલીની પ્રક્રિયા સહકારી બેંકો પર પણ લાગુ થાય છે.

➤ આથી રાજ્ય અને બુહ–રાજ્ય સહકારી બેન્કિંગ સમિતિઓ પોતાનું ઋણ વસૂલ કરવા લોન સમયે જામીનગીરી તરીકે આપેલ સંપત્તિને જપ્ત કરી શકે અને વેંચી પણ શકે છે.

➤ આ નિર્ણય પહેલા સહકારી બેંકોને પોતાનું ઋણ વસૂલવા દીવાની અદાલત પાસે જવું પડતું હતું, પરંતુ હવેથી સરફેસી અધિનિયમ અંતર્ગત આપવામાં આવેલ જોગવાઈ મુજબ સહકારી બેંકો અદાલતના હસ્તક્ષેપ વિના વસૂલી કરી શકશે.

## Back to basics : સરફેસી અધિનિયમ-2002 વિશે

➤ બેંકો આ અધિનિયમનો ઉપયોગ બિન–કાર્યરત અસ્કયામતો (Non-Performing Assets-NPA)ની વસૂલી માટે કરે છે.

➤ અધિનિયમ દ્વારા બેંકો સંપત્તિના પુનઃ નિર્માણ માટે મિલ્કત પુનઃનિર્માણ કંપનીઓ (Assets Reconstruction Companies)ને NPA અંતર્ગતની લોનને વેંચી શકે છે.

➤ બેંકો કોર્ટના હસ્તક્ષેપ વિના દેવાદારની મિલ્કતો જપ્ત કરી તેને વેંચીને પોતાનું ઋણ વસૂલ કરી શકે છે.

## અધીર રંજન ચૌધરી જાહેર હિસાબ સમિતિના નવા અધ્યક્ષ

➤ સંસદમાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીને સંસદની જાહેર હિસાબ સમિતિ (Public Accounts Committee)ના નવા અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

➤ એક પરંપરાના રૂપમાં સંસદની સમિતિના અધ્યક્ષ તરીકે વિપક્ષના નેતાને જ પસંદ કરવામાં આવતા હોય છે.

➤ સમિતિનો કાર્યકાળ 1 મે, 2020થી શરૂ થયો છે જે 30 એપ્રિલ, 2021 સુધીનો રહેશે.

➤ આ સમિતિનું ગઠન ભારત સરકાર અધિનિયમ, 1919 અંતર્ગત પ્રથમ વખત વર્ષ 1921માં કરવામાં આવ્યું હતું.

## Back to basics :- જાહેર હિસાબ સમિતિ વિશે

➤ કુલ સભ્ય સંખ્યા–22 (15 લોકસભામાંથી અને 7 રાજ્યસભામાંથી)

➤ ઈ.સ. 1955 સુધી આ સમિતિમાં માત્ર લોકસભાના જ 15 સભ્યોનો સમાવેશ થતો હતો. પરંતુ ત્યારબાદ લોકસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી જી. વી. માવળંકરની ભલામણ બાદ 7 સભ્યો રાજ્યસભામાંથી પણ પસંદ કરવાની શરૂઆત થઈ.

➤ પરંપરાની રીતે વિરોધ પક્ષના કોઈપણ સભ્યની સમિતિના અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવે છે.

➤ ઈ.સ. 1967 સુધી આ સમિતિના અધ્યક્ષ તરીકે સત્તાધારી પક્ષના સભ્યની પસંદગી થતી હતી. પરંતુ ઈ.સ. 1967 બાદથી વર્તમાન સુધી વિરોધ પક્ષના કોઈ સભ્યને આ સમિતિના અધ્યક્ષ બનાવવાની પરંપરા ચાલી રહી છે. મંત્રી પરિષદના કોઈ સભ્ય આ સમિતિના સભ્ય બની શકે નહીં.

➤ આ સમિતિના સભ્યોનો કાર્યકાળ મહત્તમ 1 વર્ષ હોય છે. જો કે તેમની પુનઃનિયુક્તિ થઈ શકે છે.

## સમિતિના કાર્યો :

➤ સરકારના વાર્ષિક હિસાબોની દેખરેખ રાખવી.

➤ સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવતા નાણાં જે હેતુ માટે ફાળવવામાં આવ્યા છે તે હેતુ માટે જ ખર્ચ થયા છે કે નહીં તે ચકાસવું.

➤ ખર્ચ કરવામાં આવતા નાણાં યોગ્ય સત્તાધિકારી દ્વારા થયા છે કે નહીં તે અંગેની તપાસ કરવી.

➤ વિવિધ યોજનાઓમાં કરવામાં આવેલા ખર્ચમાં કોઈ નાણાંકીય અનિયમિતતા સર્જાઈ છે કે કેમ તે અંગે તપાસ કરવી.

➤ આ ઉપરાંત નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) દ્વારા આપવામાં આવતા અહેવાલ (Reports) પર પણ વિચાર વિમર્શ કરે છે. CAG એ આ સમિતિના મિત્ર અને ફિલસૂફ તરીકે કાર્ય કરે છે.

➤ ટૂંકમાં આ સમિતિનું કાર્ય સરકારમાં થતા ભ્રષ્ટાચારને લોકો સમક્ષ લાવવાનું છે.

# ઔદ્યોગિક આપદા અને સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત

➤ વિશાખાપટ્ટનમ ગેસ દુર્ઘટનાની બાબતે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT) દ્વારા "કડક જવાબદારી" (Strict Liability)ના સિદ્ધાંત પર "LG પોલિમર" કંપનીને પ્રાથમિક દષ્ટિએ (Prima Facie) જવાબદાર માનેલ છે.

➤ NGT દ્વારા કંપનીને રૂ. 50 કરોડની પ્રારંભિક ક્ષતિપૂર્તિ રકમ જમા કરાવવાના નિર્દેશ સાથે એક "તથ્ય ખોજ સમિતિ" (Fact-finding Committee)નું ગઠન કર્યું છે.

➤ કડક જવાબદારીથી વિરુદ્ધ એક સિદ્ધાંત એ "સંપૂર્ણ જવાબદારી"નો સિદ્ધાંત પણ છે. આ બંને વચ્ચેનો તફાવત નીચે મુજબ છે :

| કડક જવાબદારી સિદ્ધાંત (Strict Liability Principle) | સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત (Absolute Laibility Principle) |
|---|---|
| આ સિદ્ધાંત અનુસાર એક ઔદ્યોગિક એકમ કોઈ આપદા માટે જવાબદાર નહી હોય. જો ઔદ્યોગિક પદાર્થોનું લીકેજ કોઈ દુર્ઘટના કે "પ્રકૃતિજન્ય કાર્ય" (Act of God)ને કારણે થયેલ હોય. | સુપ્રીમ કોર્ટ દ્વારા "ઓલિયમ ગેસ લીકેજ કેસ"માં નિર્ણય આપ્યો હતો કે નાગરિકોના અધિકારોની રક્ષા કરવા માટે કડક જવાબદારીનો સિદ્ધાંત પર્યાપ્ત નથી. |
| આવા કિસ્સામાં ઔદ્યોગિક એકમોને કોઈ વળતર દેવાની આવશ્યકતા હોતી નથી. | આ સિદ્ધાંત અંતર્ગત આપદા અને દુર્ઘટનાની બાબતે કંપની કોઈપણ છૂટનો દાવો કરી શકશે નહી. તેમણે વળતર ફરજિયાત ચૂકવવું પડશે. |
| આ સિદ્ધાંતની ઉત્પત્તિ બ્રિટીશકાળના વર્ષ 1868ના "રિલેન્ડસ vs ફ્લેચર" કેસથી માનવામાં આવે છે. | આવા સિદ્ધાંત અનુચ્છેદ-21ના જીવન જીવવાના હક્કનો ભાગ માનવામાં આવેલ છે. |

| | |
|---|---|
| આ સિદ્ધાંત કોઈ ઔદ્યોગિકઆપદાસમયે કંપનીઓને આવશ્યક જવાબદારીઓને પૂરી કરવામાં ઘણી છૂટછાટ આપે છે. | આ સિદ્ધાંતનો અર્થ એ પણ છે કે આવી દુર્ઘટના સમયે કંપની/એકમો સમાજ માટે જવાબદારી પૂરી કરવા બંધાયેલ છે. |

## NGT અને સંપૂર્ણ જવાબાદરીનો સિદ્ધાંત :

➤ સુપ્રીમ કોર્ટ દ્વારા 1986મા "ઓલિયમ ગેસ લીકેજ કેસ"માં પ્રસ્તાપિત કરવામાં આવેલ "સંપૂર્ણ જવાબદારીના સિદ્ધાંત" પછી NGT અધિનિયમ, 2010ની કલમ 17 અંતર્ગત તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

➤ NGTની કલમ 17 મુજબ ઔદ્યોગિક આપદા કોઈ દુર્ઘટનાને કારણે થાય ત્યારે ટ્રીબ્યુનલ "ભૂલ વિનાના સિદ્ધાંત"ના આધાર પર ઔદ્યોગિક એકમો પર કાર્યવાહી કરી શકે છે.

# લશ્કરી ઈજનેરી સેવામાં પદોની સમાપ્તિ

➤ તાજેતરમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ દ્વારા "લશ્કરી ઈજનેરી સેવા" (Military Engineering Service)માં 9,304 પદોને સમાપ્ત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

➤ સરકાર દ્વારા આ નિર્ણય લેફટનન્ટ જનરલ ડી. બી. શેકાતકર (નિવૃત્ત)ની અધ્યક્ષતામાં ગઠિત સમિતિની ભલામણોના આધારે કરવામાં આવ્યો છે.

➤ હાલમાં સેનામાં સામાન્ય અને લશ્કરી ક્ષેત્રના 13157 પદોમાં લશ્કરી ઈજનેરીના 9304 પદો સમાપ્ત કરવામાં આવ્યા છે.

➤ વિશેષજ્ઞો અનુસાર જો સમિતિની ભલામણોને આવનારા 5 વર્ષો માટે યોગ્ય રીતે લાગુ કરવામાં આવે તો લશ્કરી ખર્ચમાં લગભગ રૂ. 25000 કરોડની બચત થશે.

## શેકાતકર સમિતિ અને તેમની ભલામણો :

➤ સદસ્યોની આ સમિતિનું ગઠન પૂર્વ રક્ષા મંત્રી મનોહર પારિકર દ્વારા વર્ષ 2016માં કરવામાં આવ્યું હતું.

➤ જો કે સમિતિના અહેવાલને જાહેર કરવામાં આવેલ નથી કારણ કે તેના અંતર્ગત લશ્કર સંબંધિત વિવિધ પાસાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેને જાહેર કરવું એ રાષ્ટ્રના હિતમાં નથી.

➤ આ સમિતિનું ગઠન મુખ્ય રૂપથી યુદ્ધ ક્ષમતાને વધારવા અને સશસ્ત્ર બળોના ખર્ચને સંતુલિત કરવાના ઉપાયો આપવા માટે કરવામાં આવ્યું હતું.

➤ સમિતિની મુખ્ય ભલામણો નીચે મુજબ છે :

(1) ભવિષ્યના જોખમો અને પડકારોને ધ્યાનમાં રાખતા ભારતનું રક્ષા બજેટ GDPના 2.5-3% હોવું જોઈએ.

(2) લશ્કરી ઈજનેરી સેવાના આંશિક કાર્યો વિભાગીય કર્મચારીઓ દ્વારા અને અન્ય કાર્યો આઉટસોર્સ કરાવવા જોઈએ.

(3) મધ્ય–સ્તરના અધિકારીઓના પ્રશિક્ષણ માટે "સંયુક્ત સેવા યુદ્ધ કોલેજ"ની સ્થાપના થવી જોઈએ.

(4) શાંત સ્થળોમાં સૈન્ય ફાર્મ અને સેનાની પોસ્ટ ઓફિસોને બંધ કરવી જોઈએ.

(5) રાષ્ટ્રીય કેડેટ કોર (NCC)ની કાર્યક્ષમતામાં સુધાર કરવો જોઈએ.

(6) પૂણેમાં આવેલ "મિલિટ્રી ઈન્ટેલિજન્સ સ્કૂલ"ને ત્રિ–સેવા ઈન્ટેલિજન્સ ટ્રેનિંગ એસ્ટાબ્લિશમેન્ટમાં બદલવું જોઈએ.

### Back to basics : લશ્કરી ઈજનેરી સેવા વિશે :

- લશ્કરી ઈજનેરી સેવા ભારતની સૌથી જૂની અને મોટી સરકારી માળખાના વિકાસની એજન્સી છે. તેનું વાર્ષિક બજેટ લગભગ રૂ. 13000 કરોડ છે.
- આ સેવા ભારતીય સેના, વાયુસેના, નૌ સેના, DRDO તથા તટરક્ષક બળ સહિત ભારતીય સશસ્ત્ર બળો માટે ઈજનેરી અને નિર્માણ કાર્યમાં કાર્યરત છે.

## જન્મદર અને મૃત્યુદર સંબંધિત ડેટા

- તાજેતરમાં રજિસ્ટાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા જન્મદર, મૃત્યુદર અને બાળ મૃત્યુદરસંબંધિત ડેટા જાહેર કરવામાં આવ્યો હતો.
- આ ડેટા વર્ષ 2018 સાથે સંબંધિત છે.
- રજિસ્ટાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા પોતાના બુલેટિન "નમૂના નોંધણી પ્રણાલી" (Sample Registration System-SRS) અંતર્ગત રજૂ કરવામાં આવ્યો હતો.
- આ ડેટા એ પ્રતિ હજાર વસ્તીએ માહિતી દર્શાવે છે.

### જન્મદર સંબંધિત ડેટા :

- ભારતના જન્મદરમાં વર્ષ 1971ના સરખામણીએ વર્ષ 2018માં તીવ્ર ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- વર્ષ 1971માં જન્મદર 36.9 હતો જે વર્ષ 2018માં ઘટીને 20 થયો છે.
- શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં જન્મદર વધુ છે.
- બિહાર રાજ્ય એ 26.2 જન્મદર સાથે ટોચના ક્રમે રહ્યું છે. જ્યારે અંદમાન અને નિકોબાર 11.2 જન્મદર સાથે છેલ્લાં ક્રમે છે.

### મૃત્યુદર સંબંધિત ડેટા :

- વર્ષ 1971ની સરખામણીમાં વર્ષ 2018માં મૃત્યુદરમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- વર્ષ 1971માં મૃત્યુદર 14.9 હતો જે 2018માં 6.2 થયો છે.
- આ ઉપરાંત છેલ્લા એક દાયકામાં સમગ્ર ભારતનો મૃત્યુદર 7.3થી ઘટીને 6.2 થયો છે.
- શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં મૃત્યુદર વધુ છે.
- છત્તીસગઢ રાજ્ય એ 8 મૃત્યુદર સાથે ટોચના ક્રમે રહ્યું છે, જ્યારે દિલ્હી 3.3ના મૃત્યુદર સાથે છેલ્લા ક્રમે છે.

### બાળ મૃત્યુદર સંબંધિત ડેટા :

- બાળ મૃત્યુદર (Infant Mertality Rate-IMR) વર્ષ 1971ની સરખામણીએ વર્ષ 2018માં ચોથા ભાગનો થયો છે.
- વર્ષ 1971માં બાળ મૃત્યુદર 129 હતો જે ઘટીને વર્ષ 2018માં 32 થયો છે.
- આ ઉપરાંત છેલ્લા એક દાયકામાં સમગ્ર ભારતનો બાળ મૃત્યુદર 50થી ઘટીને 32 થયો છે.
- મધ્યપ્રદેશમાં 48 IMR સાથે ટોચના ક્રમે છે, જ્યારે નાગાલેન્ડ 4 IMR સાથે છેલ્લા ક્રમે રહ્યું છે.
- બાળ મૃત્યુદર એ દર 1000 જીવંત જન્મ દીઠ એક વર્ષથી ઓછી વયના બાળકોની મૃત્યુ સંખ્યા છે.

### Back to Basics : નમૂના નોંધણી પ્રણાલી અને રજિસ્ટાર જનરલ ઓફ ઈન્ડિયા વિશે

■ **નમૂના નોંધણી પ્રણાલી :**

- નમૂના નોંધણી પ્રણાલી એ વસ્તી વિષયક સર્વે છે.
- તેના અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે તેમજ સ્થાનિક સ્તરે જન્મદર, મૃત્યુદર અને બાળ મૃત્યુદર સંબંધિત અંદાજો પૂરા પાડવામાં આવે છે.
- આ કાર્ય વર્ષ 1964-65માં પાયલોટ સ્તરે શરૂ કરવામાં આવ્યું હતું. અને વર્ષ 1969-70માં સંપૂર્ણ સ્તર પર શરૂ થયું હતું.

### રજિસ્ટાર જનરલ ઓફ ઈન્ડિયા :

- તેનુ ગઠન વર્ષ 1961માં ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું.
- તે ગૃહ મંત્રાલયની અંતર્ગત કાર્ય કરે છે.
- ભારતની વસ્તી ગણતરીનું કાર્ય પણ તેમના દ્વારા જ કરવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઉત્તર પ્રદેશમાં ઉદ્યોગોને શ્રમ કાયદાઓમાં છૂટ

➢ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા COVID-19 મહામારીને ધ્યાનમાં રાખતા અને રાજ્યની ઔદ્યોગિક ગતિવિધિને ફરી પાટા પર લાવવા આગામી ત્રણ વર્ષો માટે બધા જ વ્યવસાયો અને ઉદ્યોગોને શ્રમ કાયદાઓ (Labour Laws) થી છૂટછાટ આપી છે.

➢ રાજ્ય સરકારે જાહેર કરેલ સૂચના મુજબ સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ વટહુકમથી બધા સ્થાપનો, કારખાનાઓ અને વ્યવસાયો પર લાગુ થતા શ્રમ કાયદાઓથી છૂટ મળશે.

➢ શ્રમ કાયદાઓની કઈ બાબતો લાગુ રહેશે અને કઈ બાબતોથી છૂટછાટ ?

| કઈ બાબતો ચાલુ રહેશે ? | કઈ બાબતોથી છૂટછાટ ? |
|---|---|
| ભવન તથા અન્ય નિર્માણ શ્રમિક અધિનિયમ, 1996 | ત્રણ વર્ષના સમય માટે એ બધા શ્રમ કાયદાઓ બિનઅસરકારક બનશે જેમાં ઔદ્યોગિક વિવાદોનું સમાધાન, શ્રમિકોના સ્વાસ્થ્ય અને કામ કરવાની સ્થિતિ, ટ્રેડ યુનિયન, કરાર આધારિત કામદારો અને પ્રવાસી મજૂરો સંબંધિત કાયદાઓની બાબતોનો ઉલ્લેખ છે. |
| કર્મચારી ક્ષતિપૂર્તિ અધિનિયમ, 1923 | |
| બંધુઆ મજદૂરી પ્રણાલી (નાબૂદી) અધિનિયમ, 1976 | |
| મજદૂરી ચૂકવણી અધિનિયમ, 1936ની કલમ 5. તેમાં સમય પર મજદૂરી પ્રાપ્ત કરવાના અધિકારનો ઉલ્લેખ છે. | |
| શ્રમ કાયદાઓમાં બાળકો અને મહિલાઓ સંબંધિત જોગવાઈઓ ચાલુ રહેશે. | |

➢ શ્રમ કાયદાઓની છૂટછાટનું વિવેચનાત્મક મૂલ્યાંકન :

| છૂટછાટનું મહત્ત્વ/ફાયદાઓ | છૂટછાટની આલોચના /ગેરફાયદાઓ |
|---|---|
| મુખ્ય ઉદ્યોગોને અને વ્યવસાયોને કાયદાઓના પાલનમાં થી છૂટછાટ મળશે. | સરકારનો આ વટહુકમ શ્રમિકો અને મજૂરોને ગુલામ બનાવશે. જે તેમના માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. |
| COVID-19ને લીધે ઉદ્યોગોને છૂટછાટ આપવાથી શ્રમિકોને વધુ રોજગારી આપવામાં મદદ મળશે. | આ નિર્ણય ઉદ્યોગો અને કારખાનાઓને શ્રમિકો માટેના સુરક્ષા અને સ્વાસ્થ્યના માપદંડોને પાલન કરવા પ્રેરિત કરશે. અને શ્રમિકોની સ્થિતિ ખૂબ ખરાબ થશે. |
| લોકડાઉનના કારણે બધી જ વ્યાવસાયિક ગતિવિધિ બંધ થવાથી સરકારની આવક ઘટી છે. આથી ઉદ્યોગોને છૂટ મળવાથી તેઓ વધુ આવક વધારી શકશે અને તેનો લાભ સરકારને પણ મળશે. | વિભિન્ન ટ્રેડ યુનિયનો દ્વારા આ નિર્ણય “શ્રમિક વર્ગ પર ગુલામીની સ્થિતિ લાગુ કરતું એક ક્રુર પગલું” ગણાવ્યો છે. |
| રાજ્યમાં નવા રોકાણને પ્રોત્સાહિત કરવા અને હાલના ઉદ્યોગોને લાભ પહોંચાડવા આ સુધારા જરૂરી છે. | ઉદ્યોગો અને કારખાનાઓને મોટા પાયે શ્રમિકોને છૂટા કરવા માટે કોઈ મંજૂરી લેવી નહી પડે તેનાથી શ્રમિકોને વેતનની પણ કોઈ સ્થિરતા મળશે નહીં. |
| | સરકારના આ નિર્ણયથી શ્રમિકોને કોઈપણ પ્રકારની સામાજિક સુરક્ષા પ્રાપ્ત થશે નહીં. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતીય બંધારણ અને શ્રમ કાયદાઓ :

- અનુસૂચિ-7 હેઠળ શ્રમ કાયદાઓ એ "સમવર્તી યાદી"નો વિષય છે.
- ભાગ-4 અંતર્ગતના "રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો" પણ શ્રમિકો અને મજૂરોની સ્થિતિ વધુ સારી બનાવવા દિશા–નિર્દેશો આપે છે.
- શ્રમિકોના માનવ અધિકારોનું રક્ષણ થાય. અસ્પૃશ્યતા દૂર થાય, બંધુઓ મજૂર જેવી સ્થિતિ ઉત્પન્ન ન થાય તેના માટે ભાગ-3 અંતર્ગતના મૂળભૂત અધિકારોમાં પણ શ્રમિકોના હક્કોની રક્ષા માટેની જોગવાઈઓ છે.

## જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ શટડાઉન

- કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીરમાં 4G ઈન્ટરનેટ સેવા ફરીથી શરૂ કરવાની અપીલને ખારિજ કરતા સુપ્રીમ કોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ક્ષેત્રની વિશિષ્ટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા એ બાબત જરૂરી છે કે " રાષ્ટ્રીય સુરક્ષા" અને "માનવ અધિકારો" વચ્ચે સંતુલન સ્થાપવામાં આવે.
- આ સાથે જ સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્ર સરકારને આ બાબતે બધા જ મુદ્દાઓની તપાસ કરવા એક વિશેષ સમિતિનું ગઠન કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

### જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ શટડાઉન :

- વર્ષ 2019માં જમ્મુ–કાશ્મીરથી વિશેષ રાજ્યનો દરજ્જો પાછો લીધા બાદ અને અનુચ્છેદ-370 હટાવ્યા બાદ સંચાર માટેના માધ્યમો સ્થગિત કર્યા હતા. ત્યારબાદ સ્થિતિ સંતુલિત થતા ઈન્ટરનેટની 2G સેવા અર્થાત્ ઓછી સ્પીડ ધરાવતી સેવાઓ શરૂ કરી હતી.
- "ફાઉન્ડેશન ઓફ મીડિયા પ્રોફેશનલ્સ" દ્વારા સુપ્રીમ કોર્ટમાં વધુ સ્પીડ ધરાવતી ઈન્ટરનેટ સેવા અર્થાત્ 4Gને શરૂ કરવા માટે અરજી કરવામાં આવી હતી.
- અરજી અનુસાર 4G ઈન્ટરનેટ સ્પીડના અભાવમાં યોગ્ય રીતે કાર્ય કરવું મુશ્કેલ બન્યું છે. આ ઉપરાંત COVID-19 સંબંધિત અપડેટ પ્રાપ્ત કરવા, દર્દીઓને ઓનલાઈન સલાહ આપવા વધુ સ્પીડ ધરાવતા ઈન્ટરનેટની આવશ્યકતા રહે છે.
- ઈન્ટરનેટ શટડાઉનના સંદર્ભે સુપ્રીમ કોર્ટ દ્વારા "અનુરાધા ભસીન વિરુદ્ધ ભારત સરકાર" કેસમાં આપવામાં આવેલ નિર્ણય મહત્ત્વપૂર્ણ છે.

### અનુરાધા ભસીન વિરુદ્ધ ભારત સરકાર :

- જમ્મુ–કાશ્મીરનો વિશેષ દરજ્જો પાછો લીધા બાદ ત્યાં 5 મહિના સુધી ઈન્ટરનેટની સેવા બંધ રાખવામાં આવી હતી.
- અનુરાધા ભસીન વિરુદ્ધ ભારત સરકાર કેસમાં સુપ્રીમ કોર્ટના આદેશ પર મોબાઈલ વપરાશકારો માટે 2G સેવા ફરીથી શરૂ કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અનુચ્છેદ 19(1)(a) અંતર્ગતની વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને અનુચ્છેદ 19(1)(g) અંતર્ગત કોઈપણ વ્યવસાય, રોજગાર, ધંધો અથવા વ્યાપાર કરવાની સ્વતંત્રતા માટે ઈન્ટરનેટ આવશ્યક છે અને તે મૂળભૂત અધિકાર છે.
- પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારાએ પણ નિર્ણય આપવામાં આવ્યો હતો કે ઈન્ટરનેટની આ સ્વતંત્રતા પર અનુચ્છેદ 19(2) અને 19(6) અંતર્ગત આવતા નિયંત્રણો લગાવી શકાય છે.

### ઈન્ટરનેટની જરૂરિયાત અને રાષ્ટ્રીય સુરક્ષા :

- હાલમાં લગાવવામાં આવેલ નિયંત્રણ સંદર્ભે કેન્દ્ર સરકારનો પક્ષ એ રાષ્ટ્રીય સુરક્ષાની સલામતીનો છે જ્યારે અરજીકર્તા દ્વારા વધુ સ્પીડ ધરાવતી ઈન્ટરનેટની સેવાને વિવિધ કાર્યો માટે જરૂરિયાત દર્શાવવામાં આવી છે.

| ઈન્ટરનેટની જરૂરિયાત | રાષ્ટ્રીય સુરક્ષા માટે ઈન્ટરનેટ પર નિયંત્રણ |
|---|---|
| હાલમાં રહેલી વૈશ્વિક મહામારી COVID-19ના લીધે જમ્મુ–કાશ્મીરમાં 700થી વધુ કેસ છે. | સુપ્રીમ કોર્ટમાં સુનવણી વખતે સરકાર દ્વારા ઈન્ટરનેટ પર નિયંત્રણના સંદર્ભે ઘૂસણખોરી અને રાષ્ટ્રની અખંડિતતાની અસ્થિરતાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. |
| આ મહામારી દરમિયાન નીચેના ઉપયોગો માટે વધુ સ્પીડ ધરાવતી ઈન્ટરનેટ સેવા (4G)ની જરૂરિયાત છે.<br>**આરોગ્ય** : આરોગ્ય વિષય માહિતી, સલાહ અને માર્ગદર્શિકા પ્રાપ્ત કરવા 4G સેવાની જરૂરિયાત છે.<br>**શિક્ષણ** : લોકડાઉનના સમયે વિદ્યાર્થીઓના શિક્ષણને શરૂ રાખવા માટે પણ ઈન્ટરનેટની સેવાની સતત જરૂરિયાત રહે છે.<br>**વ્યાપાર** : ઈન્ટરનેટ પર આધારિત વેપારને ઓછી સ્પીડ ધરાવતા ઈન્ટરનેટના લીધે અસર પડી છે. | આ ઉપરાંત પ્રદેશની વિશિષ્ટ પરિસ્થિતિ અનુસાર 4G ઈન્ટરનેટ અફવાઓ, ફેક ન્યૂઝ, વધુ ડેટાની ફાઈલ વગેરે ઝડપથી ફેલાવે છે અને તેનો ઉપયોગ એ આતંકવાદી સંગઠનો દ્વારા કાશ્મીર ઘાટીમાં લોકો પર અને સેના પર હુમલાના આયોજન માટે કરવામાં આવે છે. |

## ગુજરાત કૃષિ પેદાશ બજાર (સુધારા) વટહુકમ, 2020

- ગુજરાતમાં રાજ્ય સંચાલિત કૃષિ પેદાશ બજાર સમિતિઓના ઈજારાને સમાપ્ત કરવા માટે ગુજરાત કૃષિ પેદાશ બજાર (સુધારા) વટહુકમ, 2020 લગાવવામાં આવેલ છે.

### ગુજરાત કૃષિ પેદાશ બજાર (સુધારા) વટહુકમ, 2020 વિશે :

- આ વટહુકમ દ્વારા ખાનગી સંસ્થાઓને પોતાની બજાર સમિતિઓ સ્થાપવાની મંજૂરી પ્રાપ્ત થશે. જેનાથી ખેડૂતોને પોતાની ઊપજનો સારો ભાવ મળશે.
- વટહુકમ બજાર સમિતિઓના અધિકાર ક્ષેત્રને તેમની ભૌતિક સીમાઓ સુધી સીમિત કરે છે. આ સીમાઓ સમિતિના માર્કેટિંગ યાર્ડ સુધીની હશે.
- આ ઉપરાંત વટહુકમ પહેલા એક વિશેષ તાલુકાના ખેડૂતોને પોતાની ઊપજ સંબંધિત APMCમાં જ વેચવી પડતી હતી. આ ઉપરાંત વ્યાપારી પણ પોતાના તાલુકા સુધી જ સીમિત હતા.
- છેલ્લા નાણાકીય વર્ષમાં 24 APMCએ મળીને રૂ. 35000 કરોડની લેવડ–દેવડ કરી હતી અને તેના પર 0.5% ઉપકર સાથે રૂ. 350 કરોડ એકઠા કર્યા હતા.
- ઉપરોક્ત રૂ. 350 કરોડમાં વધુ પડતા લેવડ–દેવડના વ્યવહારો APMCની ભૌતિક સીમાથી બહાર કરવામાં આવ્યા હતા.
- નવા નિયમો મુજબ હવે APMCના એ જ વ્યવહારો પર ઉપકર લગાવી શકાશે જે તેની સીમાની અંદર થયા હોય.
- નિયમો મુજબ ખાનગી સંસ્થાના કોલ્ડ સ્ટોરેજ અને ગોદામને ખાનગી બજારોમાં પરિવર્તિત કરી

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

શકાશે. જેનાથી હાલની APMC સાથે સ્પર્ધા વધશે અને ખેડૂતોને ઉચ્ચ મૂલ્ય પ્રાપ્ત થશે.

➤ વટહુકમ દ્વારા વેપારીઓને "એકીકૃત એકલ વ્યાપાર લાયસન્સ (United Single Trading Licence) આપવાની પણ વ્યવસ્થા છે જેથી તેઓ રાજ્યની કોઈપણ વેપારી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે.

➤ હવેથી ખેડૂતોને પોતાની ઊપજ કોઈ એક APMCને વેચવી ફરજિયાત નથી કે નિયંત્રણ પણ નથી.

### Back to basics : કૃષિ ઊપજ બજાર સમિતિ (Agriculture Produce Market Committee - APMC) વિશે :

➤ તે રાજ્ય સરકાર દ્વારા ગઠિત એક વૈધાનિક બજાર સમિતિ હોય છે. જેને કૃષિ, બાગાયતી અથવા પશુધનના ઉત્પાદનના વ્યાપારના સંબંધે ગઠિત કરવામાં આવે છે.

➤ કૃષિએ અનુસૂચિ-7 હેઠળ રાજ્ય યાદીનો વિષય છે. આથી કૃષિ બજારોને રાજ્ય APMCના નિયમો મુજબ નિયમન કરવામાં આવે છે.

➤ APMC કૃષિ પેદાશોની કિંમત નક્કી કરવી, ચૂકવણી કરવી, વેચાણ માટે બજારમાં લાવેલ કૃષિ પેદાશના આંકડાઓ જાહેર કરવા વગેરે જેવા પ્રમુખ કાર્યો કરે છે.

## ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાતના મંત્રીની ચૂંટણી ગેરકાયદેસર જાહેર

➤ ગુજરાત રાજ્યના કાયદા અને શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ધોળકા વિધાનસભાની વર્ષ 2017માં યોજાયેલી ચૂંટણીમાં અનેક ગેરરીતિ કરીને જીત્યા હોવાનું કરાવીને ગુજરાત હાઈકોર્ટે ચૂંટણી રદ કરી દીધી છે.

➤ વર્ષ 2017ના ધોળકાના કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર અશ્વિન રાઠોડે ભુપેન્દ્રસિંહ ચુડાસમાની જીત સામે હાઈકોર્ટમાં ઈલેક્શન પીટીશન કરી હતી.

### કયા આધારે ઈલેક્શન પીટીશન કરવામાં આવી હતી ?

➤ પીટીશનકર્તાએ જણાવ્યું હતું કે રિટર્નિંગ ઓફિસર દ્વારા 429 પોસ્ટલ બેલેટ રદ કરીને ગેરકાયદેસર રીતે ભુપેન્દ્રસિંહ ચુડાસમાને જીતાડવામાં આવ્યા હતા.

### કયા મુદ્દાઓને આધારે હાઈકોર્ટ દ્વારા નિર્ણય આપવામાં આવ્યો ?

➤ હાઈકર્ટ દ્વારા 13 મુદ્દાઓને આધારે ચૂંટણી રદ કરવાનો નિર્ણય આપવામાં આવ્યો છે. આ આધારો નીચે મુજબ છે :

1) બંને તરફના સાક્ષી અને પુરાવાને આધારે મતગણતરીની પ્રક્રિયા ચૂંટણી પંચના નિયમો વિરુદ્ધ અને ગેરકાયદેસર હોવાનું પુરવાર થયું છે.

2) હાઈકોર્ટ મુજબ કુલ 1356 બેલેટ પેપરમાંથી રિટર્નિંગ ઓફિસરે 429 બેલેટ રીજેક્ટ કરી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને સીધો ફાયદો કરવાનો ઈરાદો પ્રસ્થાપિત થયો છે.

3) પોસ્ટલ બેલેટ ગેરકાયદેસર રીતે રીજેક્ટ થયા. ત્યારે એજન્ટે વાંધો ઉઠાવ્યો જે રિટર્નિંગ ઓફિસરે ધ્યાનમાં લીધો ન હતો.

4) EVMમાં કુલ 159917 મત જોવા મળ્યા હતા. પરિણામ પત્રકના ફોર્મ-20માં તેને દર્શાવવામાં આવ્યું હતું. પાછળથી ખ્યાલ આવ્યો કે રિટર્નંગ ઓફિસરે બે આખરી પરિણામપત્રક ફોર્મ–20 તૈયાર કર્યા અને એકમાં સહી હતી જ્યારે બીજામાં નહીં. આ ઉપરાંત ઈલેક્શન ઓફિસરે જાહેર કરેલા આંકડા અને રિટર્નિંગ ઓફિસરે


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

તૈયાર કરેલ મતગણતરીના આંકડામાં ભેદભાવ સાબિત થયો છે.

5) દસ્તાવેજી પુરાવાને આધારે ધોળકાના દરેક પોલિંગ બુથ પર આંકડાઓમાં ફેરફાર જોવા મળ્યો હતો.

6) મતગણતરી અને પોસ્ટલ બેલેટ પેપરની ગણતરીમાં રિટર્નિંગ ઓફિસર દ્વાર ગેરરીતિ આચરવામાં આવી હોવાનું પ્રસ્થાપિત થાય છે.

7) હાઈકોર્ટ મુજબ "લોક પ્રતિનિધિત્વ અધિનિયમ" (Representation of Peoples Act) અને ચૂંટણીપંચ બંનેના નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું સાબિત થાય છે.

8) લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 123 હેઠળ જીતેલા ઉમેદવાર, તેના એજન્ટ અને રિટર્નિંગ ઓફિસરે તમામ સ્તરે ગેરરીતિ આચરી છે.

9) હાઈકોર્ટના રેકોર્ડ પર અનેક દસ્તાવેજી પુરાવા અને રેકોર્ડ સાબિત કરે છે કે ભુપેન્દ્રસિંહને જીતાડવા ભ્રષ્ટ રીતરસમો જ નહીં પરંતુ સમગ્ર મત પ્રક્રિયા ભ્રષ્ટ કરી હોવાનું સાબિત થયું છે.

10) રિટર્નિંગ ઓફિસર એ ઓબ્ઝર્વરની સૂચના વગર પરિણામ જાહેર કરી શકે નહીં. રિટર્નિંગ ઓફિસરે હેન્ડબુકને જાહેર કરી દીધી હતી. તેથી ચૂંટણી રદ થવા પાત્ર છે.

11) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ચૂંટણી પંચના નિયમો અનુસાર સાચી રીતે ગણતરી કરવામાં આવી નથી જેના કારણે ખોટી રીતે જીત મેળવી હોવાનું પ્રસ્થાપિત થયું છે.

12) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ કોઈ એજન્ટ કે વ્યક્તિ મતગતરી સમયે કોઈ વાંધો ઉઠાવે તેને સાંભળવામાં આવ્યા નથી અને ગં ભીર આક્ષેપો પર પણ મતગણતરી પોતાની રીતે રિટર્નિંગ ઓફિસરે કરી હોવાથી ચૂંટણી રદ થવા પાત્ર છે.

13) કોંગ્રેસના ઉમેદવારે ફરી મતગણતરીનીમાં ગણીની વાતને રિટર્નિંગ ઓફિસરે ભુપેન્દ્રસિંહની સૂચના મુજબ ફગાવી દીધી હતી. તેમની સૂચનાના આધારે જ એજન્ટે પણ પોસ્ટલ બેલેટ પેપરની ગણતરી કરી ન હતી.

### હાઈ કોર્ટ દ્વારા ચૂંટણી રદ કર્યા પછીના વિકલ્પો :

- ➤ હાઈ કોર્ટ દ્વારા ચૂંટણી રદ કર્યા બાદ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા આ નિર્ણયને પડકારીને સુપ્રીમ કોર્ટમાં પણ જઈ શકે છે.
- ➤ સુપ્રીમ કોર્ટ એ ગુજરાત હાઈકોર્ટના આ નિર્ણય પર રોક અથવા સ્ટે પણ લગાવી શકે છે જો રોક લગાવવાની અરજી કરવામાં આવે. હાલમાં સુપ્રીમ કોર્ટે આ નિર્ણય પર સ્ટે લગાવ્યો હતો.

### મંત્રી/ધારાસભ્ય પદ ક્યાં સુધી રહી શકે ?

- ➤ ગુજરાત વિધાન સભાના અધ્યક્ષે જણાવ્યું છે કે, હાઈકોર્ટના ચુકાદાની નકલ ન મળે ત્યાં સુધી મંત્રી પદ અથવા ધારાસભ્ય તરીકે તેઓ રહી શકે છે.
- ➤ આ ઉપરાંત જો સુપ્રીમ કોર્ટ એ હાઈકોર્ટના ચુકાદા પર વચગાળાનો મનાઈ હુકમ ફરમાવે તો આખરી ચુકાદો ન આવે ત્યાં સુધી મંત્રી/ધારાસભ્ય તરીકે તેઓ યથાવત્ રહેશે.

### ચૂંટણી રદ થયા બાદ પણ મંત્રી પદ પર રહી શકે ?

- ➤ ચૂંટણી રદ થયા બાદ પણ સરકર ઈચ્છે તો ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મંત્રી પદ પર યથાવત્ રાખી શકે.
- ➤ જો કે આ કિસ્સામાં તેઓ વધુમાં વધુ 6 મહિના સુધી મંત્રી પદ પર રહી શકે અને 6 મહિનામાં તેમણે કોઈપણ વિધાનસભા ક્ષેત્રથી ફરી ચૂંટણી

જીતીને સભ્ય બનવું પડશે.

## Back to basics : રાજ્ય વિધાનમંડળના સભ્યની ગેરલાયકાતો (Disqualifications) વિશે :

■ **અનુચ્છેદ-191 અંતર્ગતની ગેરલાયકાતો :**

➤ આ અનુચ્છેદમાં વિધાસભાના સભ્યોની ગેરલાયકાત અંગે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જે મુજબ :

➤ જો કોઈ વ્યક્તિ અન્ય દેશની નાગરિકતા સ્વીકારે અને ભારતની નાગરિકતા સમાપ્ત થાય તો તે ગેરલાયક ગણાય.

➤ જો તેને સક્ષમ અદાલત દ્વારા અસ્થિર મગજના જાહેર કરવામાં આવે.

➤ જો તેને નાદાર જાહેર કરવામાં આવે.

➤ જો તે વ્યક્તિ કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગત લાભનું પદ ધરાવતા હોય.

➤ સંસદના કોઈ કાયદા દ્વારા તે વ્યક્તિ ગેરલાયક હોય.

➤ જો કોઈ વ્યક્તિ અધ્યક્ષની મંજૂરી સિવાય સતત 60 દિવસ ગૃહની કાર્યવાહીમાં હાજર ન રહે.

■ **પક્ષપલટા અંતર્ગતની ગેરલાયકાતો :**

➤ જો પક્ષ પલટા દ્વારા કોઈ સભ્ય અન્ય પક્ષમાં જોડાય તો તે ગૃહમાંથી પોતાની સદસ્યતા ગુમાવે છે. પરંતુ જો 2/3 કે તેથી વધુ સભ્યો એકસાથે અન્ય કોઈ પક્ષમાં જોડાય તો પક્ષ પલટાનો કાયદો લાગુ પડતો નથી.

➤ જો સભ્યો તેમના રાજકીય પક્ષ દ્વારા આપવામાં આવેલ કોઈ નિર્દેશોથી વિપરિત ગૃહમાં મતદાન આપે.

➤ અપક્ષ ચૂંટાયેલ ઉમેદવાર કોઈ પક્ષમાં જોડાય.

➤ જો કોઈ નામાંકિત સદસ્ય 6 મહિના પછી કોઈ પક્ષમાં જોડાય.

**લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 અંતર્ગત સભ્યોની ગેરલાયકાતો :**

➤ કોઈપણ ગુનાના દોષિત ઠર્યા હોય અને 2 વર્ષથી વધુ સજા થયેલી હોય.

➤ કોઈપણ અદાલત દ્વારા ચૂંટણીલક્ષી ગુનાઓ કે ભ્રષ્ટ પ્રવૃત્તિઓમાં ગુનેગાર દોષિત થયેલ હોય.

➤ સરકારી સેવાઓમાંથી ભ્રષ્ટાચાર અથવા ગેરવફાદારીના ધોરણે કાઢી નાખવામાં આવેલ હોય.

➤ ચૂંટણીલક્ષી ખર્ચની માહિતી સમયસર કાયદા દ્વારા પ્રસ્થાપિત રીતે આપવામાં નિષ્ફળ રહ્યા હોય.

➤ સરકારી કરાર, સરકારી કાર્ય અથવા સેવાઓના અમલીકરણમાં તેનો અંગત કોઈ રસ હોય.

➤ એવા સાહસો કે જેમાં સરકારનો ઓછામાં ઓછો 25% હિસ્સો હોય તેવા સાહસોમાં તે ડાયરેક્ટર કે કોઈ પદ કે લાભનું પદ ધરાવતા હોય.

➤ તેઓ જુદા જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા કે પછી લાંચના ગુના માટે દોષિત ઠર્યા હોય.

➤ તેઓ સામાજિક દૂષણો જેવા કે અસ્પૃશ્યતા, દહેજ કે સતી વગેરેનો પ્રચાર કે પ્રવૃત્તિઓ કરવા બદલ દોષિત ઠર્યા હોય.

➤ ઉપરોક્ત બધી જ જોગવાઈઓ એ સભ્યોની ગેરલાયકાત દર્શાવે છે.

## ફેક ન્યૂઝ રોકવા દિશા-નિર્દેશો

➤ તાજેતરમાં "બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ" (BPRD) દ્વારા ફેક ન્યૂઝ અને વીડિયોની ઓળખ કરવા માટે કાયદાઓનું

અમલ કરતી એજન્સીની સહાયતા માટે દિશા–નિર્દેશો જાહેર કર્યા છે.

## ફેક ન્યૂઝ એટલે શું ?

- ફેક ન્યૂઝ એ ન્યૂઝની એજન્સી, સંસ્થા કે વ્યકિતને નુકસાન પહોંચાડવા અને આર્થિક કે રાજકીય લાભ લેવા માટે પ્રકાશિત કરવામાં આવે છે.
- ફેક ન્યૂઝ એ ખોટી અથવા આધાર વિનાની માહિતી તથા દર્શકો અને વાંચકોની સંખ્યા વધારવાના ઉદ્દેશ્યથી ફેલાવવામાં આવે છે.
- ફેક ન્યૂઝની જેમ ફેક વેબસાઈટ પણ હોય છે જેના માધ્યમથી લોકો પાસેથી નાણા એકઠા કરવામાં આવતા હોય છે. દા.ત. PM CARES ફંડ માટે ખોટી વેબસાઈટ બનાવી નાણાં પડાવી લેવા.
- COVID-19 મહામારીના સમયે પણ ખોટા સમાચારો અને અફવા ફેલાવવામાં આવે છે જે લોકોના આરોગ્યને નુકસાન પહોંચાડે છે.
- ઘણા કિસ્સામાં ફેક ન્યૂઝ એ હિંસાનું રૂપ ધારણ કરે છે અને મોબલિંચિંગ જેવી ઘટનાઓ પણ બને છે.

## ફેક ન્યૂઝ સંદર્ભે દિશા-નિર્દેશો

- તપાસ અધિકારીઓએ એવી વેબસાઈટ અને લિંકથી સર્તક રહેવું જેમાં જોડણીની ભૂલો હોય.
- કોઈ લિંક મોકલવામાં આવી હોય અને તેના અનુરૂપ બાબતો જોવા મળતી ન હોય અથવા લિંકના અનુરૂપ વસ્તુ જોવા મળતી ન હોય તેનાથી પણ સર્તક રહેવું.
- ન્યૂઝની સત્યતા તપાસવા માટે વિભિન્ન સ્ત્રોતોનું અવલોકન કરવું જોઈએ. જો એક જ ઘટના કે સમાચાર વિભિન્ન જગ્યાએ જોવા મળતા હોય તો તેની સાચા હોવાની સંભાવના વધુ છે.
- સમાચારની સત્યના સાથે લેખકની ઓળખ કરવી પણ જરૂરી છે.
- વાયરલ થતા ફોટો, ઓડિયો રેકોર્ડિંગ અને વીડિયોને તરતથી ધ્યાનમાં લેવા જોઈએ.

## Back to basics : બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (BPRD) વિશે

- BPRDની સ્થાપના એ ગૃહ મંત્રાલય અંતર્ગત વર્ષ 1970માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા દ્વારા પોલીસના આધુનિકીકરણના પ્રાથમિક ઉદ્દેશ્ય સાથે પોલીસ રિસર્ચ એન્ડ એડવાઈઝરી કાઉન્સિલની સ્થાપના કરી હતી.
- વર્ષ 2008માં ભારત સરકારે દેશમાં પોલીસ બળની કાર્યપ્રણાલીમાં સુધાર લાવવાના ઉદ્દેશ્યથી BPRD અંતર્ગત "રાષ્ટ્રીય પોલીસ મિશન" શરૂ કર્યું હતું.

# 2. અર્થતંત્ર

## મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગોમાં 6.5%નો ઘટાડો

- તાજેતરમાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા '8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો' (Eight Core Sector Industries)નો ડેટા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.
- પ્રકાશિત થયેલા ડેટા મુજબ 8 ઉદ્યોગોમાં માર્ચ, 2020માં 6.5%નો ઘટાડો નોંધવામાં આવ્યો હતો.
- ફેબ્રુઆરી, 2020માં આ ઉદ્યોગોમાં 5.5%ની વૃદ્ધિ થઈ હતી.
- 8 ઉદ્યોગોમાંથી 7 ઉદ્યોગોમાં માર્ચ મહિનામાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો.
- 8 ઉદ્યોગોમાં ફક્ત કોલસો એવું ક્ષેત્ર છે જેમાં વૃદ્ધિ થઈ છે.

### મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગોમાં ઘટાડો થવાનું કારણ

- લોકડાઉન દરમિયાન આ 8 ઉદ્યોગોને છૂટછાટ આપવા છતા તેમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો.
- પરંતુ લોકડાઉન દરમિયાન પરિવહન પરના નિયંત્રણોને લીધે માંગમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા પોતાના મૂડી ખર્ચ (Capital Expenditure) માં ઘટાડો કરવાની અસર આ ઉદ્યોગો પર પડી છે.

### Back to Basics : આઠ મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો

- 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગમાં કોલસો, કાચું તેલ, કુદરતી ગેસ, રિફાઈનરી વસ્તુઓ, ખાતર, પોલાદ (સ્ટીલ), સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે.
- ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંક (Index of Industrial Production) અંતર્ગત આ 8 ઉદ્યોગો 40.27% ભાર (Weight) ધરાવે છે. જેના ભારનું વર્ગીકરણ નીચે મુજબ છે.

| ઉદ્યોગ | ભાર (ટકામાં) |
|---|---|
| રિફાઈનરી વસ્તુઓ | 28.04 |
| વીજળી | 19.85 |
| પોલાદ (સ્ટીલ) | 17.92 |
| કોલસો | 10.33 |
| કાચું તેલ (Crude Oil) | 8.98 |
| કુદરતી ગેસ | 6.88 |
| સિમેન્ટ | 5.37 |
| ખાતર | 2.63 |

### ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (Index of Industrial Production - IIP) વિશે

- IIP એ સૂચક છે જે આપેલ સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનોના જથ્થામાં થયેલા ફેરફારને માપે છે.
- IIP દર મહિને 'રાષ્ટ્રીય આંકડાકીય કચેરી' (National Statistical Office) દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.
- IIPનું આધાર વર્ષ 2011-12 છે.
- IIP અંતર્ગત 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો 40.27% ભાર ધરાવે છે.
- નાણા મંત્રાલય, RBI અને સરકારની અન્ય એજન્સીને નીતિ–વિષયક નિર્ણયો લેવામાં IIP મદદરૂપ બને છે.
- GDPના અનુમાન માટે પણ IIPમાં થયેલ ફેરફાર ઉપયોગી નિર્દેશક બને છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ભૌગોલિક સંકેતક ટેગ
## (Geographical Indication Tag - GI Tag)

- તાજેતરમાં કશ્મીરી કેસર, ચક-હાઉ મણિપુરના કાળા ચોખા અને ગોરખપુર ટેરાકોટા વર્ક – ઉત્તરપ્રદેશને ભૌગોલિક સંકેતક ટેગ (GI Tag) આપવામાં આવ્યો હતો.

■ **કશ્મીરી કેસર**

- સુગંધિત મસાલાના રૂપમાં ઉપયોગ થાય છે.
- માનવામાં આવે છે કે તેની ખેતી પ્રથમ શતાબ્દી ઈ.સ. પૂર્વે કશ્મીરમાં મધ્ય એશિયાના પ્રવાસીઓ દ્વારા કરવામાં આવી હતી.
- કશ્મીરી કેસરનો રંગ લાલ તથા ઉચ્ચ સુગંધ અને સ્વાદ કડવો હોય છે.
- કશ્મીરમાં પુલવામા, બડગામ, કિશ્તવાડ અને શ્રીનગરમાં ખેતી થાય છે.
- ખેતી વિશેષ પ્રકારની 'કરેવા' માટીમાં થાય છે.

■ **ચક-હાઉ**

- ચક–હાઉ એ સુગંધી અને ચીકણા ભાત છે. જેની ખેતી મણિપુરમાં થાય છે.
- તેનો રંગ કાળો હોય છે અને તેને પકાવતા 40-45 મિનિટનો સમય લાગે છે.
- સામુદાયિક તહેવારો દરમિયાન 'ચક-હાઉ ખીર' તરીકે પીરસવામાં આવે છે.
- તેનો ઉપયોગ પરંપરાગત દવાઓના ભાગ રૂપે કરવામાં આવે છે.

■ **ગોરખપુર ટેરાકોટા**

- સદીઓથી ચાલતી પરંપરાગત કળા છે અને હાથેથી કરવામાં આવે છે.
- 'કબીસ' માટીનો ઉપયોગ કરવામાં આવે છે.
- કોઈ રંગનો ઉપયોગ કરવામાં આવતો નથી. ફક્ત સોડા અને કેરીના ઝાડના છાલના મિશ્રણમાં માટીને ડૂબાડી શેકવામાં આવે છે.
- હસ્તકલાના મુખ્ય ઉત્પાદનોમાં હાથીઓ, ઘોડા, હરણ, ઊંટ, ગણેશ વગેરેના ચિત્રોનો સમાવેશ થાય છે.

## Back to Basics : ભૌગોલિક સંકેતક ટેગ વિશે

- ભૌગોલિક સંકેતક ટેગ અર્થાત્ GI ટેગ એવા ઉત્પાદનોને આપવામાં આવે છે જેનું એક વિશિષ્ટ ભૌગોલિક મૂળ ક્ષેત્ર હોય છે.
- આ ઉત્પાદનોની વિશિષ્ટતા અને પ્રતિષ્ઠા તેના મૂળ ક્ષેત્રને લીધે હોય છે. આમ ઉત્પાદનની ગુણવત્તા અને વિશિષ્ટતાનું આશ્વાસન મળે છે.
- GI ટેગને "ઔદ્યોગિક સંપત્તિના સંરક્ષણ માટે પેરિસ કન્વેન્શન" (Paris Convention for the Protection of Industrial Property) અંતર્ગત બૌદ્ધિક સંપદા અધિકારો (IPR)ના ઘટક તરીકે સમાવેશ કરાયેલ છે.
- આંતરરાષ્ટ્રીય સ્તર પર GI ટેગનું નિયમન વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના બૌદ્ધિક સંપદા અધિકારોના વ્યાપાર સંબંધી પાસાઓ (Trade Related Aspects of Intellectual Property Rights - TRIPS) કરાર અંતર્ગત કરવામાં આવે છે.
- ભારતમાં GI ટેગ 'Geographical Indication of Goods Registration and Protection Act, 1999' અંતર્ગત આપવામાં આવે છે. તે 2003થી લાગુ થયો હતો.
- વર્ષ 2004માં 'દાર્જિલિંગ ચા' GI ટેગ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય ઉત્પાદન હતું.
- GI ટેગની નોંધણી 10 વર્ષ સુધી માન્ય હોય છે.
- ગુજરાતની વસ્તુઓ અને ઉત્પાદનોને મળેલ GI ટેગ નીચે મુજબ છે.

| ગુજરાતના ઉત્પાદનને મળેલ GI ટેગ | |
|---|---|
| 1. | ભાલિયા ઘઉં |
| 2. | ગીર કેસર |
| 3. | કચ્છની શાલ |
| 4. | કચ્છ એમ્બ્રોઈડરી |
| 5. | પટોળા સાડી |
| 6. | સંખેડા ફર્નિચર |
| 7. | સુરત ઝરી |

## આયુષ ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમ

➤ તાજેતરમાં 'આયુષ મંત્રાલય' અને 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય' (MSME Ministry) દ્વારા આયુષ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા 'આયુષ ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમ' (Ayush Entrepreneurship Development Programme) શરૂ કરવામાં આવ્યો છે.

### આયુષ ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમની મુખ્ય બાબતો

➤ આ કાર્યક્રમ દ્વારા આયુષ ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવામાં આવશે.

➤ આયુર્વેદ, હોમિયોપેથી, યોગ અને સિધ્ધ પદ્ધતિઓને પ્રોત્સાહન અપાશે અને ઉદ્યમીઓને વિદેશોમાં ક્લિનિક ખોલવા સહાયતા કરવામાં આવશે.

➤ યોગ વિશેષજ્ઞોના માધ્યમથી સંસ્થાઓમાં આયુર્વેદિક ઉપચાર અને યોગ સંબંધિત પાઠયક્રમની શરૂઆત કરવામાં આવશે.

➤ બંને મંત્રાલયો દ્વારા ઉપરોક્ત ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

### MSME મંત્રાલયની યોજનાઓ સાથે જોડાણ

➤ આયુષ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અધિકારીઓ દ્વારા આયુષ કલસ્ટરની ઓળખ અને મૂલ્યાંકન કરી MSMEની નીચેની યોજનાઓ સાથે જોડવામાં આવશે.

1. Zero Defect Zero Effect
2. Procurement & Marketing Support Scheme
3. Advance Training Institute
4. Entrepreneurship Skill Development Programme
5. Credit Linked Credit Subsidy

## COVID-19 ઉપકર

➤ નાગાલેન્ડ રાજ્ય દ્વારા ડીઝલ, પેટ્રોલ અને મોટર સ્પિરિટ માટે COVID-19 ઉપકર (Cess) લગાવવાની યોજના શરૂ કરવામાં આવી છે.

➤ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના પરીણામે આર્થિક પ્રવૃત્તિમાં ઘટાડો થતા રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

➤ નાગાલેન્ડ રાજ્ય સરકાર દ્વારા 29 એપ્રિલ, 2020થી ડિઝલ માટે રૂ. 5 પ્રતિ લિટર અને પેટ્રોલ તથા મોટર સ્પિરિટ પર રૂ. 6 પ્રતિ લિટર ઉપકર લગાવવામાં આવશે.

➤ નાગાલેન્ડ ઉપરાંત મેઘાલય રાજ્ય દ્વારા પણ પેટ્રોલ અને ડિઝલ સહિત મોટર સ્પિરિટ પર 2%ના દરથી વેચાણ પર સરચાર્જ લગાવ્યો છે.

## ઓપન બજેટ સર્વે 2019

➤ તાજેતરમાં 'ઈન્ટરનેશનલ બજેટ પાર્ટનરશીપ' (IBP) દ્વારા ઓપન બજેટ સર્વે 2019 પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

➤ આ સર્વે અંતર્ગત આંતરરાષ્ટ્રીય સ્તર પર સરખામણી માટેના સંકેતકો દ્વારા 0-100ના અંક પર વિભિન્ન દેશોના બજેટની પારદર્શિતાના


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સ્તરને નક્કી કરવામાં આવે છે.

➤ આ એક દ્વિવાર્ષિક સર્વે છે. તેમાં 117 દેશોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ઓપન બજેટ સર્વેની મુખ્ય બાબતો

➤ બજેટ પ્રક્રિયાની પારદર્શિતાની બાબતમાં ન્યુઝીલેન્ડ સૌથી વધુ અંક અર્થાત્ 87 અંક સાથે ટોચના સ્થાન પર છે.

➤ ત્યારબાદ દક્ષિણ આફ્રિકાને 87 અંક, મેક્સિકોને 82 અને બ્રાઝિલને 81 અંક પ્રાપ્ત થયા છે.

➤ સર્વે કરાયેલ 117 દેશોમાંથી ફક્ત 30 દેશોએ ઓડિટ અને કાયદાકીય દેખરેખમાં સારું પ્રદર્શન કર્યું છે.

➤ પારદર્શિતાની બાબતે આંતરરાષ્ટ્રીય સ્તરે સરેરાશ અંક 45 છે.

➤ બજેટ પ્રક્રિયામાં આંતરરાષ્ટ્રીય સ્તરે 'નાગરિકોની ભાગીદારી' બહુ ઓછી છે આથી તેના સરેરાશ અંક 100માંથી 14 છે.

➤ 117 દેશોમાંથી બજેટની પારદર્શિતા અને ઉત્તરદાયિત્વમાં ભારતનો ક્રમ 53મો છે.

➤ ભારતને પારદર્શિતા અંકમાં 100માંથી 49 અંક પ્રાપ્ત થયા છે. જે આંતરરાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે.

➤ સર્વે મુજબ ઓડિટ અહેવાલોમાં સમયસર માહિતી પૂરી પાડવામાં ભારતે સારું પ્રદર્શન કર્યું છે.

➤ આ ઉપરાંત ભારતના સંદર્ભે સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, 'પ્રી–બજેટ સ્ટેટમેન્ટ' ન હોવાને લીધે અને 2018-19માં છ માસિક સમીક્ષા ન થવાને લીધે ભારતનું પ્રદર્શન નીચું રહ્યું છે.

## Back to Basics :
## ઓપન બજેટ પાર્ટનરશીપ વિશે

➤ નાગરિક સમાજ, રાજ્યો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને ખાનગી સંસ્થાઓનો આ એક સહભાગી પ્રયાસ છે.

➤ ઓપન બજેટ પાર્ટનરશીપ (IBP)ની સ્થાપના વર્ષ 1997માં કરવામાં આવી હતી.

➤ તે પારદર્શી અને સમાવેશી સરકારી બજેટની પ્રક્રિયાને પ્રોત્સાહન આપે છે. જેનાથી વિકાસશીલ દેશોમાં શાસન અને સરકારી સેવાઓ સુધારી શકાય.

➤ તેનો ઉદ્દેશ પારદર્શી અને સમાવેશી બજેટ પ્રક્રિયા તથા નીતિ–નિર્માણમાં નાગરિકોની ભાગીદારીને વધારવાનો છે.

# લઘુ વન ઉત્પાદનની ખરીદી

➤ તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા COVID-19ને ધ્યાનમાં રાખતા રાજ્ય સરકારોને લઘુ વન ઉત્પાદન (Minor Forest Produce) પ્રક્રિયા ઝડપથી કરવાનો આગ્રહ કર્યો છે.

➤ મહામારીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે લઘુ વન ઉત્પાદનો માટે 'લઘુતમ ટેકાના ભાવ' (Minimum Support Price - MSP)માં પણ ફેરફાર કર્યો છે.

➤ MSPના ભાવે સરકાર ખેડૂતો અને આદિવાસીઓ પાસેથી ઉત્પાદનોની ખરીદી કરે છે.

➤ લઘુ વન ઉત્પાદનોની વિવિધ પેદાશોમાં 16.66% સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

➤ સામાન્ય રીતે લઘુ વન ઉત્પાદનોની MSPમાં દર 3 વર્ષે ફેરફાર કરવામાં આવતો હોય છે.

➤ પરંતુ COVID-19ની મહામારીના સમયે લોકોને રાહત મળી રહે તે માટે 3 વર્ષ પહેલા જ MSPમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

➤ સરકાર દ્વારા 49 વસ્તુઓના MSPમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Back to Basics : લઘુ વન ઉત્પાદન (Minor Forest Produce) વિશે

- લાકડા વગરની વનસ્પતિ એ આદિજાતિના લોકોના જીવનનો મહત્ત્વપૂર્ણ સ્ત્રોત હોય છે. તેને સામાન્ય રીતે લઘુ વન ઉત્પાદન કહેવામાં આવે છે.
- લઘુ વન ઉત્પાદન અંતર્ગત વાંસ, જુવાર, પાંદડા, રબર, રેઝિન તથા જંગલી ફળો જેવા કે મધ, લાખ, રેશન વગેરેનો સમાવેશ થાય છે.
- જંગલોમાં અથવા તેની નજીક રહેતા લોકો માટે તે આવકનો એક સ્ત્રોત છે. તેને તેઓ પોતાના જીવનનો મુખ્ય ભાગ બનાવે છે અને તેના વેચાણથી આવક પ્રાપ્ત કરે છે.
- લઘુ વન ઉત્પાદનોની પ્રક્રિયાને સરળ બનાવવા માટે 'Tribal Co-operative Marketing Development Federation of India Limited - TRIFED' દ્વારા 'વન ધન મોનિટ ડેશબોર્ડ' વિકસાવવામાં આવ્યું છે.
- આ ડેશબોર્ડ 'TRIFED E-Sampark Setu'નો હિસ્સો છે. ડેશબોર્ડના માધ્યમથી રાજ્ય સ્તરે લઘુ વન ઉત્પાદનોની ખરીદી માટેની સૂચના આપવામાં આવે છે.

# CKP સહકારી બેંકનું લાયસન્સ રદ

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા અસ્થિર નાણાકીય સ્થિતિ ધરાવતી CKP સહકારી બેંકનું લાયસન્સ રદ કરવામાં આવ્યું છે.
- આ સહકારી બેંક મુંબઈ ખાતે આવેલી છે.
- RBI દ્વારા મહારાષ્ટ્ર સહકારી મંડળીના રજિસ્ટારને CKP સહકારી બેંક માટે લિક્વિડેટર (Liquidator) નિયુક્ત કરવાનો આદેશ કર્યો છે.
- લિક્વિડેશન કર્યા બાદ પ્રત્યેક જમાકર્તાને 'જમા વીમા અને ક્રેડિટ ગેરેંટી નિગમ' (Deposit Insurance and Credit Garantee Corporation - DICGC)થી રૂ. 5 લાખની સીમા સુધીની રકમની ચૂકવણી કરવામાં આવશે.

## CKP સહકારી બેંકનું લાયસન્સ રદ કરવાનું કારણ

- RBI મુજબ આ સહકારી બેંકની નાણાકીય સ્થિતિ ખૂબ ચિંતાજનક છે અને સહકારી બેંકને અન્ય બેંક સાથે વિલય કરવાનો પણ વિકલ્પ નથી.
- CKP સહકારી બેંક દ્વારા ન્યૂનતમ મૂડી, ન્યૂનતમ અનામત જેવી જરૂરીયાતો પૂરી કરવામાં આવી નથી.
- આ ઉપરાંત સહકારી બેંક 9% ન્યૂનતમ મૂડી પર્યાપ્તતા ગુણોત્તર (Minimum Capital Adequacy Ratio)ની જરૂરીયાતને પણ પૂરી કરવામાં નિષ્ફળ રહી હતી.

## Back to Basics : મૂડી પર્યાપ્તતા ગુણોત્તર વિશે

- મૂડી પર્યાપ્તતા ગુણોત્તર એ બેંકની મૂડી અને જોખમ ધરાવતી મિલકત અને ચાલુ જવાબદારી (Right Weighted Assets and Current Liability) વચ્ચેનો ગુણોત્તર છે.
- આ વ્યવસ્થા બેંકોને નાદાર બનતા અટકાવે છે.
- બાસેલ ધોરણો મુજબ આ ગુણોત્તર 8% હોવો જોઈએ પરંતુ RBI દ્વારા ભારતીય બેંકો માટે આ ગુણોત્તર 9% રાખવામાં આવ્યો છે.

## જમા વીમો અને ક્રેડિટ ગેરેંટી નિગમ (Deposit Insurance and Credit Gurantee Corporation - DICGC) વિશે

- DICGCની વ્યવસ્થા 'Deposit Insurance and Credit Gurantee Corporation Act, 1961' અંતર્ગત કરવામાં આવી છે.

- DICGC એ બેંકો પાસેથી રૂ. 100ની થાપણે 10 પૈસા ચાર્જ લે છે. આ પ્રિમીયમ બેંકો પોતે ચૂકવે છે અને તેનો ચાર્જ ગ્રાહકો પાસેથી લેવામાં આવતો નથી.
- આ વ્યવસ્થા અંતર્ગત ગ્રાહકોને રૂ. 5 લાખ સુધીના વીમાની વ્યવસ્થા આપવામાં આવે છે. ફેબ્રુઆરી, 2020માં જ આ સીમા રૂ. 5 લાખ કરવામાં આવી જે પહેલા રૂ. 1 લાખ હતી.
- તેના મુજબ જો બેંક નાદાર થાય કે કોઈપણ સંકટ આવે તો થાપણદારોને મહત્તમ રૂ. 5 લાખ સુધીનું વળતર મળી શકે. (દા.ત. બેંકના ખાતામાં રૂ. 2 લાખ હોય, તો તેટલું વળતર અને જો રૂ. 10 લાખ જમા હોય તો મહત્તમ રૂ. 5 લાખ મળી શકે.)
- રૂ. 5 લાખ સુધીની સીમા વધારવાની ભલામણ 2011માં ગઠિત થયેલી દામોદરન સમિતિ દ્વારા કરવામાં આવી હતી.
- બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, વિદેશી બેંકો, સહકારી બેંકો વગેરેએ DICGC પાસેથી જમા વીમો લેવો ફરજિયાત છે.

### સહકારી બેંકો વિશે

- સહકારી બેંકો એવી નાણાકીય સંસ્થા છે જેના સભ્યો જ તેના માલિકો હોય છે. તે વ્યાવસાયિક બેંકોથી અલગ છે.
- સહકારી બેંકોની નોંધણી 'રાજ્ય સહકારી મંડળી અધિનિયમ' અંતર્ગત કરવામાં આવે છે.
- તેનું નિયમ 'સહકારી મંડળીના રજિસ્ટાર' તથા RBI બંને દ્વારા કરવામાં આવે છે.
- સહકારી બેંકોનો વહીવટ 'બેન્કિંગ નિયમન અધિનિયમ, 1949' અને બેન્કિંગ કાયદાઓ (સહકારી મંડળીઓ) અધિનિયમ, 1955 દ્વારા ચાલે છે.
- સહકારી બેંકોના કાર્યક્ષેત્રને આધારે તેને શહેરી અને ગ્રામીણ સહકારી બેંકો અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે છે.
- RBI સહકારી બેંકોની કાર્યવાહી, મૂડીની પર્યાપ્તતા, ધિરાણ નિયમો વગેરેનું નિયમન કરે છે.

## વિશેષ કોરોના ફી

- તાજેતરમાં દિલ્હી સરકાર દ્વારા દારૂના વેચાણ પર 70% 'વિશેષ કોરોના ફી' લગાવવાની જાહેરાત કરી છે. જેનાથી દિલ્હી રાજ્યમાં દારૂની કિંમતમાં ખૂબ વધારો થશે.

### દારૂ અને અર્થવ્યવસ્થા :

- દારૂ એ અર્થવ્યવસ્થામાં સરકારની આવક માટે મહત્ત્વપૂર્ણ સ્ત્રોત માનવામાં આવે છે.
- રાજ્ય એ દારૂના વેચાણ પર ઉત્પાદન શૂલ્ક (Exise Duty) લગાવે છે. આ ઉપરાંત અમુક રાજ્યો તેના પર મૂલ્ય આધારિત કર (Value Added Tax-VAT) પણ લગાવે છે.
- RBIના એક અહેવાલ મુજબ મોટા ભાગના રાજ્યોમાં કુલ કરની આવકનો લગભગ 10-15% હિસ્સો દારૂ પર લાગતા શૂલ્કથી પ્રાપ્ત થાય છે.
- દારૂથી થતી મોટી આવકને કારણે જ તેને GSTના ક્ષેત્રથી બહાર રાખવામાં આવેલ છે.
- નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન 29 રાજ્યો અને દિલ્હી તથા પુડુચેરી કેન્દ્રશાસ્તિ પ્રદેશોમાં દારૂ પર લગાવવામાં આવેલ ઉત્પાદન શૂલ્કથી રૂ. 1.75 લાખ કરોડની આવકનો અંદાજ હતો.
- RBI અનુસાર વર્ષ 2018-19માં દારૂ પર ઉત્પાદન શૂલ્કથી પ્રતિમાસ લગભગ 12,500 કરોડ અને વર્ષ 2019-20માં લગભગ 15000 કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા હતા.
- જો કે આ આવકમાં બિહાર અને ગુજરાતથી પ્રાપ્ત થયેલ શૂલ્ક શૂન્ય છે કારણ કે ત્યા દારૂબંધી છે.

## ધ સરસ કલેક્શન

➢ તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા "Government e Marketplace" (GeM) પોર્ટલ પર “ધ સરસ કલેક્શન” ડેશબોર્ડની શરૂઆત કરી છે.

### ધ સરસ કલેક્શન ડેશબોર્ડની મુખ્ય બાબતો :

➢ આ ડેશબોર્ડ પર સ્વ–સહાય જૂથો (Self-Help Group-SHG) દ્વારા બનાવવામાં આવેલ દૈનિક ઉપયોગની વસ્તુને પ્રદર્શિત કરવામાં આવશે.

➢ ‘ધ સરસ કલેક્શન’ દ્વારા SHGને બજાર ઉપલબ્ધ થશે.

➢ GeM પોર્ટલ પર પ્રથમ તબક્કામાં 11 રાજ્યોના 913 SHG વિક્રેતાઓની નોંધણી કરી તેમના 443 ઉત્પાદનોને પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.

### ધ સરસ કલેક્શનના પ્રથમ તબક્કામાં સમાવિષ્ટ રાજ્યો :

1) બિહાર
2) છત્તીસગઢ
3) ઝારખંડ
4) કર્ણાટક
5) કેરળ
6) હિમાચલ પ્રદેશ
7) મહારાષ્ટ્ર
8) ઓડિશા
9) રાજસ્થાન
10) ઉત્તરપ્રદેશ
11) પશ્ચિમ બંગાળ

### ધ સરસ કલેક્શન અંતર્ગત સમાવિષ્ટ ઉત્પાદનો :

➢ ધ સરસ કલેક્શન અંતર્ગત SHG વિક્રેતાઓના ઉત્પાદનોને નીચે મુજબની 5 શ્રેણીમાં સૂચિબદ્ધ કરવામાં આવશે.

1) હસ્તશિલ્પ
2) હેન્ડલૂમ અને વસ્ત્રો
3) કાર્યાલયમાં ઉપયોગ હેતુ વસ્તુઓ
4) કરિયાણાનો સામાન અને પેન્ટ્રી
5) વ્યક્તિગત સંભાળ અને સાફ–સફાઈ હેતુ ઉત્પાદનો

### Back to basics :- Government e Marketplace-GeM વિશે

➢ GeM એક ઓનલાઈન માર્કેટ પ્લેટફોર્મ છે જેની શરૂઆત વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા વર્ષ 2016માં કરવામાં આવી હતી.

➢ આ પ્લેટફોર્મ પર સામાન્ય વસ્તુ અને સેવાઓનું ખરીદ–વેચાણ થઈ શકે છે.

➢ GeM એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના “ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સપ્લાય એન્ડ ડિસ્પોઝલ (DGS&D) અંતર્ગત કાર્ય કરે છે.

➢ મંત્રાલયો અને કેન્દ્રીય પ્રહેર ક્ષેત્રના સાહસો દ્વારા GeM પર ઉપલબ્ધ વસ્તુ અને સેવાની ખરીદી કરવી ફરજિયાત છે.

➢ GeM સંપૂર્ણ રીતે પેપરલેસ, કેશલેશ ઈ–માર્કેટપ્લેસ છે અને માનવીઓનો હસ્તક્ષેપ સૌથી ઓછો છે.

## રોજગાર નિર્માણ માટે ઝારખંડ સરકારની યોજનાઓ

➢ ઝારખંડ સરકાર દ્વારા ગ્રામીણ ક્ષેત્રોમાં શ્રમિકો માટે રોજગાર ઉત્પન્ન કરવાના ઉદ્દેશ્યથી ત્રણ શ્રમ સઘન કાર્યક્રમો (યોજનાઓ)ની શરૂઆત કરેલ છે.

➢ આ યોજનાઓના નામ નીચે મુજબ છે :

(1) બિરસા હરિત ગ્રામ યોજના
(2) નીલામ્બર પીતામ્બર જળ સમૃદ્ધિ યોજના
(3) વીર શહીદ પોતો હો ખેલ વિકાસ યોજના

➢ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને લીધે અન્ય રાજ્યોથી ઝારખંડ પાછા ફરતા લગભગ 6 લાખ શ્રમિકો છે. આથી અર્થવ્યવસ્થા મજબૂત બનાવવી જરૂરી


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

છે.

- ઉપરોક્ત 3 યોજનાઓને 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજના' (MNREGA) સાથે જોડવામાં આવશે.

### યોજનાઓ વિશે વિગતવાર માહિતી :

**(1) બિરસા હરિત ગ્રામ યોજના :**

- આ યોજનાનો ઉદ્દેશ્ય 2 લાખ એકરથી વધુ બિનઉપયોગી સરકારી જમીનનો વનીકરણ માટે ઉપયોગ કરવાનો છે.
- તેના અંતર્ગત 5 લાખ પરિવારોને 100 ફળ આપતા છોડ આપવામાં આવશે અને તેના વૃક્ષારોપણ, દેખભાળ, ભૂમિ કાર્ય અને અન્ય કાર્યોની જવાબદારી ગ્રામીણ પરિવારો પાસે રહેશે જ્યારે જમીનની માલિકી સરકારની રહેશે.
- યોજનાથી પ્રત્યેક પરિવારોને ત્રણ વર્ષ પછી આ છોડથી લગભગ રૂ. 50,000ની વાર્ષિક આવક પ્રાપ્ત થાય તેવો અનુમાન છે.

**(2) નીલામ્બર પીતામ્બર જળ સમૃદ્ધિ યોજના :**

- યોજનાનો ઉદ્દેશ્ય જળ સંરક્ષણ, ભૂગર્ભ જળને રિચાર્જ કરવું, વરસાદના પાણીનો સંગ્રહ માટેની વ્યવસ્થાના નિર્માણ કરવાનો છે.
- સરકાર મુજબ આ યોજનાથી 5 લાખ એકર ખેતી યોગ્ય ભૂમિની સિંચાઈ થઈ શકશે.

**(3) વીર શહીદ પોતો હો ખેલ વિકાસ યોજના :**

- આ યોજના અંતર્ગત રમતને, પ્રોત્સાહન આપવા ગ્રામીણ ક્ષેત્રોમાં રમતના આતરમાળખાનું નિર્માણ કરવા ગ્રામીણ રોજગાર યોજના સાથે રમતને જોડવામાં આવશે.
- યોજના અંતર્ગત રાજ્યની બધી જ પંચાયતો 5000 રમતના મેદાનો સ્થાપિત કરશે.

## પ્રોજેક્ટ મોનિટરીંગ યુનિટ

- તાજેતરમાં કોલસા મંત્રાલય દ્વારા "પ્રોજેક્ટ મોનિટરીંગ યુનિટ" લોન્ચ કરવામાં આવ્યુ હતુ.
- આ યુનિટ સરકાર દ્વારા ફાળવવામાં આવેલ કોલસાની ખાણોના સંચાલનમાં ઉપયોગી બનશે.
- આ યુનિટનો ઉદ્દેશ્ય વધારે બીડરો (Bidders) ને લાવવાનો છે.
- આ યુનિટ "ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ" ક્રમાંકોમાં ભારતને આગળ ક્રમાંક અપાવવા માટે પણ ઉપયોગી બની રહેશે. યુનિટના માધ્યમથી ખાણોને સંચાલન માટે મંજૂરી મેળવવામાં સરળતા રહેશે અને આ પ્રક્રિયા ઝડપી પણ બનશે.

### ભારતમાં કોલસાનું ઉત્પાદન :

- ભારત સૌથી વધુ કોલસાની અનામત ધરાવતો વિશ્વમાં 5મો દેશ છે.
- ઓડિશા, ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને તેલંગાણા કોલસાના ઉત્પાદનના મુખ્ય ક્ષેત્રો છે.
- ખાનગી ક્ષેત્રોની કોલસાના ઉત્પાદનમાં ભાગીદારી વધારવા માટે "કોલસાની ખાણ (ખાસ જોગવાઈઓ) અધિનિયમ-2015" દ્વારા કોલસાની ખાણોનું બિનરાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.

## ભારત માર્કેટ

- કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) દ્વારા "ભારત માર્કેટ" નામનું એક રાષ્ટ્રીય ઈ–કોમર્સ માર્કેટ પ્લેસ લોન્ચ કરવામાં આવ્યું છે.

### ભારત માર્કેટની મુખ્ય બાબતો :

- આ પોર્ટલ દ્વારા છૂટક વિક્રેતાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે.
- પોર્ટલ પર 95% છૂટક વેપારીઓને લાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

➤ આ પહેલને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું સમર્થન છે.

## COVID-19 અને રાજકોષીય ખાધના લક્ષ્યો

➤ RBIના ગર્વનર અનુસાર COVID-19 મહામારીના લીધે નાણાકીય વર્ષ 2021માં સરકાર રાજકોષીય ખાદ્યના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ચૂક કરી શકે છે.

➤ સરકાર દ્વારા દેશના અલગ–અલગ વર્ગો માટે આર્થિક સહાયના પેકેજની ઘોષણા કરી છે. સરકાર તેના પર GDPનો 10% આત્મનિર્ભર ભારત અભિયાન મુજબ ખર્ચ કરશે.

➤ સરકાર દ્વારા પોતાના ખર્ચને સંતુલિત કરવા કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા પરના વધારાને સ્થગિત કરવામાં આવ્યો છે. આમ છતાં સરકારની રાજકોષીય ખાદ્ય એ લક્ષ્ય કરતા વધી શકે છે.

➤ સરકાર દ્વારા નાણાકીય વર્ષ 2020 માટે રાજકોષીય ખાદ્યને GDPના 3.8% અને 2021 માટે 3.5% નક્કી કરવામાં આવેલ છે.

➤ રાજકોષીય ખાદ્યના લક્ષ્યોએ " નાણાકીય જવાબદારી અને બજેટ મેનેજમેન્ટ અધિનિયમ-2003" (Fiscal Responsibility and Budgement Act (FRBM)-2003) અંતર્ગત નક્કી કરવામાં આવે છે.

### Back to basics :- નાણાકીય જવાબદારી અને બજેટ મેનેજમેન્ટ અધિનિયમ-2003 (FRBM Act-2003) વિશે

➤ FRBM અધિનિયમ એ નાણાકીય સ્થિરતા લાવવા માટે વર્ષ 2003માં ઘડવામાં આવ્યો હતો અને 5 જુલાઈ, 2004થી તે લાગુ થયો હતો.

➤ તેનો ઉદ્દેશ્ય એ સરકારની આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવાનો છે.

■ **FRBM અધિનિયમ અંતર્ગતના લક્ષ્યો :**

➤ 31 માર્ચ, 2009 સુધીમા મહેસૂલી ખાદ્ય (Revenue Deficit)ને નાબૂદ કરવી. પ્રત્યેક વર્ષે GDPના 0.5%નો ઘટાડો લાવવો.

➤ 31 માર્ચ, 2009 સુધીમાં રાજકોષીય ખાદ્ય (Fiscal Defict)ને GDPના 3% કરવી. પ્રત્યેક વર્ષે તેમા GDPના 0.3%નો ઘટાડો કરવો.

➤ જો કે ઉપરોક્ત લક્ષ્યોને પ્રાપ્ત થયા નહી આથી બંને લક્ષ્યોને વર્ષ 2015 સુધીમાં પ્રાપ્ત કરવાનું નક્કી કરી FRBM અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો. જો કે 2015માં પણ આ લક્ષ્યો પ્રાપ્ત થયા નહીં.

### FRBM સમીક્ષા સમિતિ :

➤ વર્ષ 2016માં FRBM સમીક્ષા સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેના અધ્યક્ષ અને. કે. સિંહ હતા.

➤ સમિતિ દ્વારા આપવામાં આવેલી ભલામણો નીચે મુજબની હતી :

(1) 31 માર્ચ, 2020 સુધીમાં રાજકોષીય ખાદ્યને GDPના 3% કરવી. અને 2020-21માં GDPના 2.8% સુધી અને 2023 સુધીમાં GDPના 2.5% કરવી.

(2) મહેસૂલી ખાદ્યને 31 માર્ચ, 2023 સુધીમાં GDPના 0.8% કરવી અને ત્યારબાદ વાર્ષિક ધોરણે GDPના 0.5% ઘટાડો કરવો.

(3) દેવુ અને GDPનો ગુણોત્તર (Debt to GDP Ratio) કેન્દ્ર અને રાજ્યોનો સંયુક્ત રીતે 60% રાખવો. કેન્દ્ર માટે તે 40% અને રાજ્યો માટે 20% રહેવો જોઈએ.

### FRBM અધિનિયમ અંતર્ગત એસ્કેપ ક્લોઝ (Ecape clause) :


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- અમુક સંજોગોમાં FRBM અધિનિયમ અંતર્ગતના લક્ષ્યો પ્રાપ્ત ન થાય તો તેનાથી મુક્તિ આપવામાં આવેલી છે.
- આ સંજોગોને એસ્કેપ ક્લોઝ અંતર્ગત છૂટછાટ મળે છે. આવા સંજોગો નીચે મુજબ છે :
  (1) રાષ્ટ્રીય સુરક્ષા અથવા યુદ્ધ
  (2) રાષ્ટ્રીય આપદા
  (3) કૃષિનું પતન
- આ કલમ (clause) અંતર્ગત રાજકોષીય ખાદ્યના લક્ષ્યોમાંથી 0.5%ની છૂટછાટ મળે છે.

## ઘઉંની ખરીદીમાં વધારો

- ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય મુજબ દેશના બધા જ પ્રમુખ રીતે ખરીદતા રાજ્યોમાં ઘઉંની ખરીદી ઝડપથી વધી રહી છે.

### ઘઉંની ખરીદી સંબંધિત મુખ્ય બાબતો :

- 26 એપ્રિલ, 2020 સુધીમાં 88.61 લાખ મેટ્રિક ટન ઘઉંનની ખરીદી થઈ ચૂકી છે. ઘઉંની આ ખરીદીમાં 48.27 લાખ મેટ્રિક ટન સાથે પં જાબનું યોગદાન સૌથી વધુ રહેલું છે.
- વિશેષજ્ઞો મુજબ ખરીદીની હાલની સ્થિતિએ વર્તમાન સત્રમાં 400 લાખ મેટ્રિક ટનનો લક્ષ્ય સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે.
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અં તર્ગત 3 મહિના માટે પ્રતિ વ્યકિત મફત 5 કિલોગ્રામ અનાજ વિતરણની માંગમાં ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે.
- COVID-19ના પ્રસારને જોડતા મંડિમાં પર્યાપ્ત સાવધાની અને સામાજિક નિયમોનું પાલન કરવાની સાથે જ ખરીદી કરવામાં આવી રહી છે.
- ઘઉંની ખરીદી માટે રેલ્વે અને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(FCI)ની ભૂમિકા મુખ્ય રહી છે.

### Back to basics : ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને ઘઉંના પાક વિશે :

- ■ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) વિશે :
- FCI એ "ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય" અંતર્ગત જાહેર વિતરણ વિભાગ અંતર્ગત સમાવિષ્ટ જાહેર નિગમ છે.
- FCI એક વૈધાનિક સંસ્થા છે જેની "ભારતીય ખાદ્ય નિગમ અધિનિયમ-1964" અંતર્ગત સ્થાપના કરવામાં આવી હતી.
- FCIનું મુખ્ય કાર્ય એ અનાજ અને અન્ય ખાદ્ય પદાર્થોની ખરીદી, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણનું છે.
- ■ ઘઉંના પાક વિશે :
- ભારતની 1/3 ખેતભૂમિ પર ઘઉંની ખેતી કરવામાં આવે છે.
- ઘઉં એ સમશીતોષ્ણ કટિબંધીય રવિ પાક છે.
- ઘઉંના પાક માટે કાળી કે ફળદ્રુપ ગોરાડુ જમીન અને 75 સેમી વાર્ષિક વરસાદ જરૂરી છે.
- 100 સેમીથી વધુ વરસાદવાળા વિસ્તારોમાં ઘઉંનું વાવેતર થતું નથી.
- હરિયાળી ક્રાંતિ બાદ ઘઉંનું ઉત્પાદન લગભગ બમણું થયું છે.
- ઘઉંની ખેતી મુખ્યત્વે પંજાબ, હરિયાણા તથા પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં થાય છે.
- પંજાબમાં નહેરોના પાણીના લીધે ઘઉંનો વિપુલ પાક થાય છે એટલે પંજાબને "ઘઉંનો કોઠાર" કહે છે.
- ગુજરાતના ભાલ વિસ્તારમાં "ભાલિયા ઘઉં" થાય છે.

## સોનાના ભંડારમાં વધારો

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલ નવીન આંકડાઓ મુજબ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન સોનાના ભાંડરમાં 40.45 ટનનો વધારો નોંધવામાં આવ્યો છે.

➤ આ વધારા સાથે જ નાણાકીય વર્ષ 2019-20માં સોનાનો કુલ ભંડાર 653.01 ટન થઈ ગયો છે જે નાણાકીય વર્ષ 2018-19માં 612.56 ટન હતો.
➤ ભારતના કુલ સોનાના ભંડારમાં 360.71 સોનું "બેંક ઓફ ઈગ્લેન્ડ અને બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટમાં આરક્ષિત છે.
➤ માર્ચ 2020માં કુલ વિદેશી મુદ્રા ભંડારમાં સોનાનું મૂલ્ય વધીને 6.40% થઈ ગયું છે. સોનું એ વિદેશી મુદ્રા ભંડારનો ભાગ માનવામાં આવે છે.
➤ RBI દ્વારા જાહેર કરવામાં આવેલા આ આંકડાઓ "Report on Management of Foreign Exchange Researves"નો ભાગ છે.

## અટલ પેન્શન યોજના

➤ તાજેતરમાં ભારત સરકારની "અટલ પેન્શન યોજના" એ 5 વર્ષ પૂરા કર્યા હતા.

### અટલ પેન્શન યોજના વિશે :

➤ આ યોજનાની શરૂઆત 9 મે, 2015માં કરવામાં આવી હતી.
➤ યોજના મુખ્ય રૂપથી અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો પર કેન્દ્રિત છે.
➤ 18-40 વર્ષની વયના લોકો આ યોજનાનો લાભ લઈ શકે છે.
➤ યોજનામાં નોંધણી કરાવ્યા પછી 60 વર્ષની વય પછીથી વ્યક્તિને રૂ. 1000-5000 સુધીનું પેન્શન આપવામાં આવે છે.
➤ જો પેન્શનધારકનું મૃત્યુ થાય તો તેમના જીવનસાથીને આજીવન પેન્શનની ગેરેંટી મળે છે. જો જીવનસાથીનું પણ મૃત્યુ થાય તો નામાંકિત કરેલ વ્યક્તિને રકમનો લાભ મળી શકે છે.
➤ યોજનાના લાભાર્થીએ નોંધણી કરે ત્યારથી માસિક ધોરણે નિશ્ચિત રકમ આપવાની હોય છે.
➤ આ યોજનાનું સંચાલન "Pension Fund Regulatory and Development Authority-PFRDA" દ્વારા કરવામાં આવે છે. જે નાણાં મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.

## બેડ બેંક (Bad Bank)

➤ તાજેતરમાં "ભારતીય બેંક સંઘ" નાણા મંત્રાલયને "સશકત પેનલ"ની ભલામણોના આધાર પર "બેડ બેંક"ના નિર્માણ કરવાની ભલામણ કરવામાં આવી છે.
➤ બેડ બેંકના નિર્માણ બાદ બેંકોના રૂ. 60000 કરોડથીવધુનીબેડલોનએ "સંપત્તિ પુનઃનિર્માણ કંપની" (Assets Reconstruction Company)ને સ્થાનાંતરિત કરવામાં આવશે.
➤ સરકાર આ બેડ બેંકમાં રૂ. 9000-10000 કરોડનું યોગદાન આપી શકે છે.

### બેડ બેંક એટલે શું ?

➤ બેડ બેંક એ એક એવો ખ્યાલ છે જેના અંતર્ગત આર્થિક સંકટના સમયે નુકસાનીમાં ચાલતી બેંકો દ્વારા પોતાની જવાબદારી (Liability) એક નવી બેંકને સ્થાનાંતરિત કરી દેવામાં આવે છે.
➤ જ્યારે બેંકની બિન–કાર્યકારી સંપત્તિઓ (Non-Peerforming Assets-NPA)ની સીમા વધી જાય છે. ત્યારે સરકારના આશ્વાસન પર એક એવી બેંકનું નિર્માણ કરવામાં આવે છે જે બેંકની જવાબદારીઓ (Liabilities)ને નિશ્ચિત સમય માટે લઈ લે છે.

### ભારતીય બેંક સંઘ દ્વારા કરવામાં આવેલી ભલામણો :

➤ ભારતીય બેંક સંઘ દ્વારા "પ્રોજેકટ સશકત"ની ભલામણો પર ત્રણ સંસ્થાઓ સ્થાપવાની ભલામણ કરવામાં આવી છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1) **સંપત્તિ પુનઃનિર્માણ કંપની (Assets Reconstruction Company-ARC)**

➤ તે એક નાણાકીય સંસ્થા છે અને બેંકો અને નાણાકીય સંસ્થાઓની બેલેન્સ શીટને સંતુલિત રાખવામાં સહાયતા કરે છે.

➤ ARC એ બેંકો પાસેથી NPA ખરીદી લે છે.

2) **સંપત્તિ સંચાલન કંપની (Assets Management Company-AMC)**

➤ AMC એ સંપત્તિનું સંચાલન, સંપાદન કે પુનર્ગઠન જેવું કાર્ય કરે છે.

➤ રૂ. 500 કરોડથી વધુના NPA માટે AMCની સ્થાપના કરવી જોઈએ. આમ AMC એ NPAને ખરીદશે જેથી બેંકો પર ભાર ઓછો થશે.

3) **વૈકલ્પિક રોકાણ ભંડોળ (Alternative Investment Fund-AIF) :**

➤ AMCને વૈકલ્પિક રોકાણ ભંડોળના માધ્યમથી નાણાકીય સહાય આપવામાં આવશે.

## ઈ-નામ પોર્ટલ પર મંડીઓની સંખ્યામાં વૃદ્ધિ

➤ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 177 નવી મંડીઓ અને કૃષિ ઉત્પાદનના માર્કેટિંગ માટે "ઈ–નામ" (e-NAM) સાથે જોડાયેલી મંડીઓની સંખ્યા વધીને 1000 થઈ ગઈ છે.

➤ 9 મે 2020 સુધીમાં ઈ–નામ પોર્ટલથી રૂ. 1 લાખ કરોડથી વધુનો વાંસ (Bamboo) અને નાળિયેરનો વેપાર થઈ ચૂક્યો છે.

➤ આ પહેલા ઈ–નામ પોર્ટલમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને ધ્યાનમાં રાખીને ફેરફાર કરવામાં આવ્યો હતો.

➤ આ ફેરફારના આધારે ઈ–નામ પોર્ટલ પર "FPO Trade Module", "Logistics Module" અને "eNWR based Warehouse Module"ની શરૂઆત કરવામાં આવી હતી.

### Back to basics : ઈ-નામ (e-NAM) પોર્ટલ વિશે

➤ કેન્દ્ર સરકાર દ્વારા એપ્રિલ, 2016માં ઈ–નામ પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી.

➤ ઈ–નામ એક ઈ–વ્યાપારનું પોર્ટલ છે. કૃષિ ઉત્પાદનો માટે એક એકીકૃત રાષ્ટ્રીય બજારના ઉદ્દેશ્યથી આ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

➤ આ પોર્ટલના માધ્યમથી ખેડૂતો પોતાના નજીકના બજારથી પોતાની પેદાશનું ઓનલાઈન વેચાણ કરી શકે છે, અને વ્યાપારી પણ તેમને ઓનલાઈન મૂલ્ય ચૂકવી શકે છે.

➤ આ પોર્ટલથી ખેડૂતોને પેદાશ વેચવા પોતાના ક્ષેત્ર સુધી સીમિત ન રહેતા એક રાષ્ટ્રીય બજાર પ્રાપ્ત થશે અને પેદાશનું ઉચ્ચ મૂલ્ય પ્રાપ્ત થશે.

➤ ઈ–નામ પોર્ટલ પર વર્તમાનમાં અનાજ, તેલીબિયા, શાકભાજી અને ફળ સહિત 150 વસ્તુઓનો વ્યાપાર કરી શકાય છે. આ ઉપરાંત પોર્ટલ પર 1005થી વધુ ખેડૂત ઉત્પાદક સંગઠનો પણ નોંધાયેલા છે.

## COVID-19 અને રાજ્યોની આવક

➤ COVID-19 મહામારીને લીધે સમગ્ર ભારતમાં લાગુ થયેલા લોકડાઉનને લીધે રાજ્યોની આવકમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.

### રાજ્યોની આવકમાં ઘટાડો અને નુકસાન :

➤ ઈન્ડિયા રેટિંગ એન્ડ રિસર્ચ નામની ક્રેડિટ રેટિંગ એજન્સી અનુસાર રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને લીધે એપ્રિલ મહિનામાં 21 રાજ્યોને રૂ. 97,100 કરોડની આવકનું નુકસાન થયું છે.

- કેન્દ્ર અને રાજ્યોની આવકમાં ઘટાડો થયો છે અને બીજી તરફ COVID-19ને નિયંત્રણમાં ભારે ખર્ચ થયો છે.
- રાજ્યોની આવકના મુખ્ય સ્ત્રોતો કેન્દ્રીય આવકમાં હિસ્સો, રાજ્ય વસ્તુ અને સેવા કર, કેન્દ્રથી પ્રાપ્ત થતું અનુદાન, રાજ્ય ઉત્પાદન શૂલ્ક, રાજ્યો દ્વારા પેટ્રોલિયમ ઉત્પાદનો પર લગાવવામાં આવતો વેલ્યુ એડેડ ટેક્સ, સ્ટેમ્પ ડ્યૂટી, વીજળી પર કર વગેરે છે.

### રાજ્યોની આવક ઘટાડા માટે જવાબદાર પરીબળો :

- COVID-19ના પરિણામે બંધ કરવામાં આવેલી આર્થિક પ્રવૃત્તિઓ.
- પરિવહન સેવા (રેલ્વે, બસ) તથા પ્રવાસી ક્ષેત્રોની પ્રવૃત્તિ પર રોક, હોટલ વગેરેથી પ્રાપ્ત થતી આવક બંધ.
- રાજ્યની આવકમાં પેટ્રોલિયમ અને દારૂથી થતી આવક મુખ્ય ભાગ ભજવે છે તેના પર લગાવવામાં આવેલું નિયંત્રણ.
- ઔદ્યોગિક ઉત્પાદન બંધ થવુ. આ ઉપરાંત જેમને છૂટ આપવામાં આવેલી છે ત્થા પ્રવાસી મજૂરો પાછા જવાથી મજૂરોની અછત અને તેના લીધે સમગ્ર આવક પ્રભાવિત થવી.
- ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિલનાડુ જેવા રાજ્યો પોતાની આવકનો 70% ભાગ સ્થાનીય સ્ત્રોતોથી મેળવે છે. તે બંધ થવાથી આવકમાં ઘટાડો થયો છે.

## ડેરી ક્ષેત્ર માટે નવી યોજના

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા ડેરી ક્ષેત્ર માટે નવી યોજનાની શરૂઆત કરવામાં આવી છે.
- યોજના દ્વારા ડેરી સહકારી સમિતિઓ અને “ખેડૂત ઉત્પાદક સંગઠનો (Farmer Producer Organization-FPO)ને સમર્થન આપવા કાર્યકારી મૂડી (Working Capital) પર વ્યાજ છૂટ આપવામાં આવશે.

### યોજનાની મુખ્ય બાબતો :

- આ યોજનાનો ઉદ્દેશ્ય હાલના ડેરી એકમોને આધુનિક બનાવવાનો છે. તેના દ્વારા દેશની દૂધ પ્રક્રિયાને વધારી પ્રતિ દિન 126 લાખ લીટર કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત બેંકો દ્વારા સહકારી સમિતિઓ અને ખેડૂતોની માલિકી ધરાવતા દૂધ સંગઠનો અને કંપનીઓને આપવામાં આવેલ ધિરાણ પર વ્યાજ સબસિડી આપવામાં આવશે.
- યોજના અંતર્ગત પ્રતિ વર્ષ 2%ના વ્યાજની છૂટછાટ આપવામાં આવશે. આ ઉપરાંત જો ખેડૂત નિયમિત વ્યાજ ચૂકવશે તો 2% વધારાનું પ્રોત્સાહન આપવામાં આવશે.
- 1 એપ્રિલ, 2020 31 માર્ચ, 2021 સુધી આપવામાં આવેલ ધિરાણને આ યોજનાનો લાભ મળશે.
- રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ એ આ યોજનાને લાગુ કરવા માટેની નોડલ સંસ્થા છે.

## મંત્રી સમૂહ દ્વારા રોજગાર અને કૌશલ્ય વિકાસ પર ડ્રાફ્ટ રજૂ કરાયો

- સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રીના નેતૃત્ત્વમાં ગઠિત મંત્રી સમૂહની સમિતિ દ્વારા તાજેતરમાં રોજગાર અને કૌશલ્ય વિકાસ પર પોતાનો ડ્રાફ્ટ રજૂ કર્યો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## રોજગાર અને કૌશલ્ય વિકાસ પરના ડ્રાફ્ટની મુખ્ય બાબતો :

➤ ડ્રાફ્ટના અંતર્ગત નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

1) ડ્રાફ્ટમાં “લૈંડ પૂલિંગ મોડેલ”નો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. તેનો ઉપયોગ ગ્રીનફિલ્ડ હવાઈ મથકોમાં કરવામાં આવશે. આ પ્રસ્તાવમાં કોર્પોરેટાઈઝેશનને સક્ષમ કરવા કૃષિમાં આ મોડેલનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી છે.

2) ડ્રાફ્ટમાં કૌશલ્ય વિકાસ કાર્યક્રમો સાથે “મનરેગા” (MANREGA)નું જોડાણ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે તેનાથી ઉદ્યોગો અને MSME સુધી મનરેગાનો વિસ્તાર થશે.

3) ભારતીય રિઝર્વ બેંકને રિવર્સ રેપો રેટમાં 0% સુધી ઘટાડો કરવાનું સૂચન આપવામાં આવ્યું છે. જો થોડા મહિનાઓ સુધી આમ થાય તો બેંકોને પ્રોત્સાહન મળશે.

4) ડ્રાફ્ટ દ્વારા એક રાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક રોજગાર એક્સચેન્જનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે. તેનાથી વિસ્થાપિત શ્રમિકોને મદદ મળશે.

5) ડ્રાફ્ટ એ પ્રવાસી શ્રમિક કલ્યાણ કોષની સ્થાપના માટેનું પણ સૂચન કરે છે. તે દેશભરમાં ફેલાયેલ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને કુટિર ઉદ્યોગોનો દરજ્જો આપવાનું સૂચન કરે છે.

6) ડ્રાફ્ટના માધ્યમથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અતંર્ગત પ્રત્યેક પ્રવાસી શ્રમિકને નામાંકિત કરવાનું સૂચન આપવામાં આવ્યું છે. જેનાથી તેમને કેશલેશ મેડિકલ સુવિધા મળશે.

7) આ ડ્રાફ્ટમાં પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાની સંભાવનાનો લાભ ઉઠાવવાનું સૂચન આપવામાં આવેલ છે. તેનાથી ખેતી અને બિન–ખેતી પ્રવૃત્તિ વચ્ચે સંતુલન સ્થપાશે.

# ગુજરાત રાજ્યમાં આર્થિક ગતિવિધિ અને ક્ષેત્રોના પુન:નિર્માણ માટે સમિતિની રચના

➤ COVID-19ની સ્થિતિ બાદ ગુજરાત રાજ્યમાં આર્થિક પુન:નિર્માણ પગલાંઓ અને રાજકોષીય પુનર્ગઠનની ભલામણો માટે એક સમિતિની રચના કરવામાં આવી છે.

➤ આ સમિતિના અધ્યક્ષ એ ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ ડો. હસમુખ અઢિયા હશે. આ ઉપરાંત સમિતિમાં અન્ય 5 સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➤ સમિતિ પોતાના એક્શન પ્લાન સાથે રાજ્ય સરકારને 7 મહિનામાં પોતાની ભલામણોનો અહેવાલ આપશે.

## સમિતિનું કાર્યક્ષેત્ર :

1) સમિતિ આ અંગે વચગાળાનો અહેવાલ 2 સપ્તાહમાં સરકારને આપશે.

2) સેક્ટર–સબ સેક્ટર આર્થિક નુકસાનના અંદાજો મેળવી સેક્ટરને ધ્યાનમાં રાખી પુન:નિર્માણની ભલામણો કરશે.

3) અંદાજપત્રની રાજકોષીય આર્થિક સ્થિતિની સમીક્ષા અને સુધારાત્મક પગલાં સૂચવશે.

4) રાજ્યમાં શ્રમિકોની સરળ ઉપલબ્ધિ વ્યવસ્થાઓ અંગે સૂચનો આપશે.

5) આર્થિક અને નાણાકીય પુર્નજીવન માટે ટૂંકા ગાળાનો અને લાંબા ગાળાનો એક્શન પ્લાન સૂચવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## ઈમ્યુનિટી પાસપોર્ટ (Immunity Passport)

- ➤ તાજેતરમાં અમુક દેશોએ ઈમ્યુનિટી પાસપોર્ટ કે તેના પ્રકારનું એક પ્રમાણપત્ર જે વ્યક્તિમાં COVID-19 વિરુદ્ધ રોગપ્રતિકારક શક્તિની ક્ષમતા દર્શાવે છે, તેવું જાહેર કરવાનો વિચાર કર્યો છે.
- ➤ પરંતુ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને (WHO) તેના સંબંધે ચેતવણી આપી છે.

### ઈમ્યુનિટી પાસપોર્ટ શું છે ?

- ➤ ઈમ્યુનિટી પાસપોર્ટ અથવા 'રિસ્ક–ફ્રી–સર્ટિફિકેટ'એ વ્યક્તિને આપવામાં આવશે જે COVID-19થી ઠીક થઈ ગયા હોય.
- ➤ પાસપોર્ટ દર્શાવે છે કે COVID-19થી ઠીક થયેલ વ્યક્તિના શરીરમાં પર્યાપ્ત માત્રામાં એન્ટિબોડીઝ થયા છે અને ફરીથી ચેપ લાગશે નહીં. આથી તેઓ યાત્રા કરી શકે અથવા ફરીથી કામ કરી શકે.

### WHO દ્વારા આપવામાં આવેલ ચેતવણી

- ➤ WHO મુજબ આ પાસપોર્ટ પર વિશ્વાસ કરવો જોઈએ નહીં.
- ➤ WHO દ્વારા જણાવવામાં આવ્યું છે કે, એવો કોઈ આધાર મળ્યો નથી કે જે લોકો ઠીક થયા છે તેને ફરીથી ચેપ ન લાગી શકે.

### ઈમ્યુનિટી પાસપોર્ટની જરૂરીયાત શા માટે પડી ?

- ➤ COVID-19ના લીધે વૈશ્વિક અર્થવ્યવસ્થા નકારાત્મક રીતે પ્રભાવિત થઈ છે.
- ➤ આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવાના ઉદ્દેશથી ઈમ્યુનિટી પાસપોર્ટનો વિચાર કરવામાં આવ્યો છે.

## G20 ડિજિટલ ઈકોનોમી મંત્રીઓની બેઠક

- ➤ તાજેતરમાં G20 ડિજિટલ ઈકોનોમી મંત્રીઓની બેઠક યોજવામાં આવી હતી.
- ➤ આ બેઠકમાં G20 ડિજિટલ ઈકોનોમી ટાસ્ક ફોર્સ દ્વારા એક મંત્રી સ્તરીય વકતવ્ય જાહેર કરવામાં આવ્યું હતું.
- ➤ ભારતનું પ્રતિનિધિત્વ આ બેઠકમાં ભારત સરકારના મંત્રી શ્રી રવિશંકર પ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું.

### બેઠકમાં લેવાયેલ મહત્ત્વના નિર્ણયો

- ➤ આ બેઠકમાં મંત્રીઓ દ્વારા નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1. સંચારના મૂળભૂત માળખાને મજબૂત કરવું.
2. સાયબર સુરક્ષિત વિશ્વ માટે મૂળભૂત માળખામાં સુધાર કરવો.
3. સુરક્ષિત રીતે બિન-વ્યક્તિગત ડેટાનું આદાન-પ્રદાન કરવું.
4. સ્વાસ્થ્ય કાળજીમાં ડિજિટલ સમાધાનનો ઉપયોગ કરવો.

### Back to Basics : G20 વિશે

- ➤ વર્ષ 1997ના નાણાકીય સંકટના કારણે નિર્ણય લેવામાં આવ્યો કે દુનિયાની મુખ્ય અર્થવ્યવસ્થાઓએ એક મંચ પર એકત્રિત થવું જોઈએ.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વર્ષ 1999માં G20ની સ્થાપના 7 દેશો – અમેરિકા, કેનેડા, બ્રિટેન, જર્મની, જાપાન, ફ્રાંસ અને ઈટલીના વિદેશ મંત્રીઓના નેતૃત્ત્વમાં કરવામાં આવી હતી.
- G20નો કોઈ સ્થાયી સ્ટાફ નથી કે તેનું કોઈ મુખ્યમથક પણ નથી. તે માત્ર એક મંચ છે.
- આ સમૂહમાં ભારત સહિત 19 દેશો અને યુરોપિયન સંઘનો સમાવેશ થાય છે.

## NAM સંપર્ક સમૂહ શિખર સંમેલન

- તાજેતરમાં COVID-19 મહામારીના સંચાલનમાં સહયોગ માટે "બિન–જોડાણ ચળવળ" (Non-Aligned Movement-NAM) સમૂહ દ્વારા "NAM સંપર્ક શિખર સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું.

**NAM સંપર્ક સમૂહ શિખર સંમેલનની મુખ્ય બાબતો :**

- આ એક આભાસી (Virtual) સંમેલન હતું.
- આ સંમેલનની અધ્યક્ષતા અઝરબૈજાન દ્વારા કરવામાં આવી હતી અને 30થી વધુ રાષ્ટ્રાધ્યક્ષો અને નેતાઓ દ્વારા તેમાં ભાગ લેવામાં આવ્યો હતો.
- સંમેલનમાં COVID-19 મહામારી વિરુદ્ધ લડાઈમાં આંતરરાષ્ટ્રીય એકજુટતાના મહત્ત્વને રેખાંકિત કરતા એક ઘોષણા આપનાવવામાં આવી હતી.
- સભ્ય દેશો દ્વારા COVID-19 મહામારીના સંચાલનમાં એક "ટાસ્ક ફોર્સ" બનાવવાની ઘોષણા કરવામાં આવી છે.
- આ ટાસ્ક ફોર્સ એક "કોમન ડેટાબેઝ" તૈયાર કરશે જેનાથી સભ્ય દેશોને COVID-19 મહામારીના સમાધાન માટેની આવશ્યકતાઓને ઓળખી શકાય.
- ભારત દ્વારા "આતંકવાદ" અને "ફેક ન્યૂઝ" ના મુદ્દાને ઉઠાવવામાં આવ્યો હતો. અને જ્યારે વિશ્વ COVID-19થી લડે છે ત્યારે તેને "ઘાતક વાયરસ" કહેવામાં આવ્યા હતા.

## Bank to Basics :- બિન-જોડાણવાદ ચળવળ અને બાન્ડુંગ પરિષદ

- બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વ બે છાવણીમાં વહેંચાઈ ગયું હતું.
- એક જૂથમાં USA અને પશ્ચિમ યુરોપના તેના સાથી રાષ્ટ્રો તથા બીજા જૂથમાં સોવિયેત સંઘ અને પૂર્વ યુરોપના રાષ્ટ્રો હતાં.
- એકપણ જૂથમાં ન જોડાવાની નીતિ આઝાદ ભારતના પ્રધાનમંત્રીએ અપનાવી જે "બિન–જોડાણવાદ" તરીકે ઓળખળવામાં આવી.

### બાન્ડુંગ પરિષદ :

- બિન–જોડાણવાદ નીતિને વ્યાપક બનાવવા આ પરિષદ યોજાઈ હતી.
- 18 એપ્રિલ, 1955ના રોજ ઈન્ડોનેશિયાના બાન્ડુંગ મુકામે એશિયા–આફ્રિકન દેશોનું સંમેલન યોજવામાં આવ્યું હતું.
- આ રાષ્ટ્રોએ ભેગા મળીને બિન–જોડાણવાદ તથા પંચશીલના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો હતો.
- આ પરિષદમાં ભારતના પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ, ઈજિપ્તના રાષ્ટ્રપતિ જમાલ અબ્દુલ નાસર અને યુગોસ્લાવિયાના માર્શલ ટીટોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- ત્યારબાદ યુગોસ્લાવિયાના બેલગ્રેડ શહેરમાં "બિન–જોડાણવાદી" દેશોનું પ્રથમ શિખર સંમેલન 1961માં યોજાયું હતું અને તેમાં બિન–જોડાણવાદ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.

- એપ્રિલ, 2018ની સ્થિતિએ તેના 120 સભ્યો છે.

## ઈરાનમાં નવી મુદ્રાની શરૂઆત

- ઈરાન સરકાર દ્વારા તાજેતરમાં પોતાની મુદ્રાનું નામ બદલીને ટોમન કરવાનો નિર્ણય કર્યો છે.
- હાલમાં ઈરાનની મુદ્રાનો એકમ "રિઆલ" છે.
- ઈરાનની સરકાર મુજબ 1 ટોમન 10,000 રિયાલથી મળીને બને છે.
- ટોમન બનાવવા માટે જૂની ચલણી નોટોમાં થી ચાર શૂન્યને હટાવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત રિયાલ હજુ પણ માન્ય રહેશે.

### મુદ્રા બદલવાનું કારણ :

- આ એક પ્રક્રિયા છે જેમાં મુદ્રાના મૂલ્યને બદલવામાં આવે છે. જેનું કારણ એ ફુગાવો અને ચલણનું અવમૂલ્યન (Devaluation) હોય છે.
- USA દ્વારા ઈરાન પર નિયંત્રણો લગાવવાને કારણે ચલણના મૂલ્યમાં ખૂબ જ ઘટાડો થયો હતો.
- આ ઉપરાંત વર્ષ 1971થી ઈરાનના ચલણનું 3500 ગણું અવમૂલ્યન થયું છે.
- ચલણમાંથી ચાર શૂન્યને હટાવવાની બાબત વધુ મજબૂત બની જ્યારે USA ન્યૂકિલયર કરારમાં થી બહાર નીકળ્યું અને રિયાલની કિંમતોમાં 60% જેટલો ઘટાડો થયો હતો.

## ઓપરેશન સમુદ્ર સેતુ

- ભારતીય નૌસેના દ્વારા વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પાછા લાવવા માટે ઓપરેશન સમુદ્ર સેતુની શરૂઆત કરવામાં આવી છે.
- આ અભિયાનની શરૂઆતમાં નૌસેનાના INS જલાશ્વ અને અન્ય INS મગરને માલદીવ મોકલવામાં આવ્યું છે.
- ભારતીય નૌસેના અનુસાર માલદીવ અને સંયુક્ત આરબ અમીરાત (USA)માં ફસાયેલા નાગરિકોને પાછા લાવવા નૌસેનાના ત્રણ યુદ્ધ જહાજોને મોકલવામાં આવશે.
- આ યુદ્ધ જહાજોમાં INS જલશ્વ, INS મગર અને INS શાર્દુલનો સમાવેશ થાય છે.

## વંદે ભારત મિશન

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા COVID-19 દરમિયાન લોકડાઉન જેવી સ્થિતિને કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પાછા લાવવા "વંદે ભારત મિશન" શરૂ કરવામાં આવ્યું છે.

### વંદે ભારત મિશનની મુખ્ય બાબતો :

- મિશનના માધ્યમથી વિદેશમાં ફસાયેલા લગભગ 15000 ભારતીય નાગરિકોને ભારત પાછા લાવવામાં આવશે.
- આ મિશન માટે ભારત સરકાર દ્વારા 7-13 મે સુધી 64 હવાઈ ઉડાનોનું સંચાલન કરવામાં આવશે અને રોજ લગભગ 2000 લોકો ભારત આવશે.

## મિશન સાગર

- ભારત સરકાર દ્વારા COVID-19 મહામારી વચ્ચે એક આઉટરીચ કાર્યક્રમ "મિશન સાગર" લોન્ચ કર્યું છે.

- આ મિશનનો ઉદ્દેશ્ય ખાદ્ય પદાર્થો, COVID-19 સંબંધિત આર્યુવેદિક દવાઓ અને HCQ ટેબલેટનો પુરવઠો માલદીવ, મડાગાસ્કર, સેશેલ્સ અને કોમોરોસને આપવાનો છે.
- ભારતીય નૌસેનાના જહાજ ‘‘કેસરી’’ને આ મિશન માટે રવાના કરવામાં આવ્યું હતું.
- આ ઓપરેશન રક્ષા મંત્રાલય અને વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવશે.
- આ મિશન હિંદ મહાસાગરમાં ભારતના "SAGAR" વિઝનની સાથે ઘનિષ્ઠ સંબંધોને મજબૂત કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
- SAGARનું પૂરું નામ એ "Security and Growth for All in the Region" છે.

## Back to basics : SAGAR વિઝન વિશે

- 2015માં ભારત દ્વારા હિંદ મહાસાગરમાં પોતાના વિઝનની શરૂઆત કરવામાં આવી જેને "SAGAR" તરીકે ઓળખવામાં આવે છે.
- SAGARનો ઉદ્દેશ્ય ભારતને પોતાના પાડોશી (વિશેષ રૂપથી સમુદ્ર પાડોશી) સાથે આર્થિક અને સુરક્ષા સહયોગ પ્રાપ્ત કરવાનો છે.
- આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા ભારત સૂચનાઓનું આદાન–પ્રદાન, મૂળભૂત માળખાનું નિર્માણ, તટીય નિરીક્ષણ અને. પરસ્પર ક્ષમતાઓને મજબૂત કરવામાં સહયોગ કરશે.

### મિશન સાગરનું વિશ્લેષણ :

- આ મિશનમાં શામેલ બધા જ 4 દેશોમાં ભારતની નૌસેનાની મજબૂત ઉપસ્થિતિ છે.
- 2019માં ભારત અને માલદીવે માલદીવમાં પહેલેથી જ બંદર તટીય રડાર નિરીક્ષણ પ્રણાલી પૂરી કરવા માટે સહમત થયા છે.
- વર્ષ 2018માં ભારત અને સેશેલ્સ દ્વારા દ્વીપ પર એક નૌસૈનિક અડ્ડા સ્થાપિત કરવા સહમત થયા હતા.
- ઓક્ટોબર, 2019માં ભારત અને કોમોરોસ રક્ષા કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ ઉપરાંત ભારતે હાઈ–સ્પીડ ઈન્ટરસેપ્ટર બોટની ખરીદી માટે કોમોરેસને 20 મિલિયન અમેરિકી ડોલરની લાઈન ઓફ ક્રેડિટની જાહેરાત કરી હતી.

## સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક અપીલ લોન્ચ

- સંયુક્ત રાષ્ટ્ર અને તેની સાથી એન્જસીઓ દ્વારા COVID-19 વિરુદ્ધ લડવા માટે 6.7 બિલિયન ડોલરની વૈશ્વિક અપીલ લોન્ચ કરી છે.
- આ પહેલા આ રકમ 2 બિલિયન ડોલર હતી જેને વધારીને 6.7 બિલિયન ડોલર કરી દેવામાં આવી છે.
- આ અપીલ/યોજનાને ‘વૈશ્વિક માનવીય પ્રતિક્રિયા યોજના’’નું નામ આપવામાં આવ્યું છે.
- આ યોજના એ નબળા અને ગરીબ દેશો માટે છે.
- COVID-19 એ વૈશ્વિક સ્તરે દુનિયાના દરેક દેશને પ્રભાવિત કરેલ છે પરંતુ સૌથી વધારે ગરીબ દેશો પ્રભાવિત થયા છે.
- આ યોજના માટે બ્રિટેન, જર્મની, યુરોપિયન સંઘ, જાપાન, કેનેડા જેવા દેશોએ પોતાનું યોગદાન આપ્યું છે.

### કયાં દેશોનો સમાવેશ કરવામાં આવેલ છે ?

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પહેલેથી જ 54 દેશોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત 9 વધારે દેશોને ઉમેરવામાં આવ્યા છે. જેમા લાઈબેરિયા, જિબૂતી, પાકિસ્તાન, મોઝામ્બિક, સિઅરાલિયોન, ફિલિપિન્સ, ઝિમ્બાવે અને ટોગોનો સમાવેશ થાય છે.

## ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ફેસ ઓફ

- તાજેતરમાં ઉત્તર સિક્કિમના નાકુ લા સેકટર અને લદ્દાખ સેકટરમાં ભારત–ચીન સીમા પર બંને દેશના સૈનિકો વચ્ચે ફેસ ઓફ (Face off) જોવા મળ્યું હતું.
- બંને દેશની સેનાઓ વચ્ચે આક્રમક પ્રદર્શન જોવા મળ્યું હતું. જેમાં બંને તરફના સૈનિકોને શારીરિક ઈજાઓ થઈ છે. ત્યારબાદ વાતચીતના માધ્યમથી વિવાદનું સમાધાન કરવામાં આવ્યું હતું.

### ફેસ ઓફ એટલે શું ?

- જ્યારે બે દેશોની વચ્ચે સીમા વિવાદ વણઉકેલાયેલો હોય ત્યારે “ફેસ ઓફ”ની ઘટનાઓ જોવા મળતી હોય છે.
- આવુ ફેસ ઓફ થોડા સમય માટે જ જોવા મળતું હોય છે. જો લાંબા સમય માટે આવી ઘટના થાય તો તેને “સ્ટેન્ડ ઓફ”ની ઘટના કહે છે. સ્ટેન્ડ ઓફને “સામાન્ય સ્થાપિત પ્રોટોકોલ”ના માધ્યમથી સમાધાન કરવું મુશ્કેલ હોય છે.
- વર્ષ 2017માં ડોકલામના મુદ્દે ભારત અને ચીન વચ્ચે સ્ટેન્ડ ઓફ જોવા મળ્યું હતું.

### ભારત અને ચીન વચ્ચેનો સીમા વિવાદ :

- ભારત અને ચીન વચ્ચેનો સીમા વિવાદ 3488 કિમી લાંબી “વાસ્તવિક નિયંત્રણ રેખા” (Line of Actual Control-LAC)ના લીધે છે.
- ચીન અરુણાચલ પ્રદેશને દક્ષિણ તિબ્બેટનો હિસ્સો માને છે અને ભારત તેનો વિરોધ કરી રહ્યું છે.
- ભારત અને ચીન વચ્ચેનો અન્ય સીમા વિવાદ એ “મેકમોહન લાઈન”ના લીધે છે.
- 890 કિમીની મેકમોહન લાઈન એ બ્રિટીશ ભારત અને તિબ્બેટને અલગ કરે છે. સર હેનરી મેકમોહન દ્વારા 1914ના શિમલા સંમેલનના આધારે આ લાઈન નિર્ધારિત કરવામાં આવી હતી.
- આમ આ મેકમોહન લાઈન એ અરુણાચલ પ્રદેશ અને તિબ્બેટ વચ્ચેની લાઈન છે. ચીન આ લાઈનને માનતું નથી અને વિરોધ કરે છે.

## કૈલાસ માનસરોવર માર્ગ સંબંધે નેપાલનો વિરોધ

- તાજેતરમાં નેપાળ દ્વારા ભારત સરકારે ઉત્તરાખંડમાં બનાવેલ 80 કિમી સડક માર્ગનો વિરોધ કર્યો હતો. આ સડક માર્ગ એ કૈલાસ માનસરોવર યાત્રા માટેનો નવો માર્ગ છે.
- નેપાળ દ્વારા ભારત પર આરોપ લગાવતા જણાવવામાં આવ્યું છે કે આ સડક માર્ગ સંપૂર્ણ રૂપથી એક તરફનું કાર્ય છે અને નિર્માણ કરવામાં આવેલ સડક માર્ગ એ ભારત–નેપાળ વચ્ચે સીમાનો વિવાદ છે.

### ભારત-નેપાળ વચ્ચે સીમાનો વિવાદ :

- ભારત દ્વારા નિર્માણ કરવામાં આવેલ માર્ગ એ લિપુલેખા ઘાટથી થઈને કૈલાસ માનસરોવર માટેનો નવીન માર્ગ છે.
- લિપુલેખા ઘાટ નેપાળ અને ભારતની વચ્ચે કાલાપાની ક્ષેત્રની પાસેનું એકદમ પશ્ચિમી બિંદુ છે. ભારત અને નેપાળ બંને દેશ તેને પોતાનો અભિન્ન હિસ્સો માને છે.

- ભારત મુજબ આ ક્ષેત્ર ઉત્તરાખંડના પિથૌરગઢ જિલ્લાનો હિસ્સો છે. જ્યારે નેપાળ આ ક્ષેત્રને ધારાચૂલા જિલલાનો હિસ્સો માને છે.
- નેપાળ દ્વારા આ વિવાદના મુદ્દે "સુગૌલી સંધિ" નો સંદર્ભ આપવામાં આવ્યો છે. આ સંધિ એંગ્લો–નેપાળ યુદ્ધ પછી 1816માં કરવામાં આવી હતી.
- આ સંધિ મુજબ કાલી નદીના પૂર્વના બધા જ ક્ષેત્રો જેમાં લિમ્પિયાધુરા, કાલાપાની અને લિપુલેખાનો સમાવેશ થાય છે જે નેપાળનું અભિન્ન અંગ છે.
- આમ નેપાળનો દાવો છે કે કાલાપાની પાસે પડતું ક્ષેત્ર એ નેપાળનો હિસ્સો છે અને ભારતે નેપાળને પૂછયા વિના આ ક્ષેત્રમાં સડકનું નિર્માણ કર્યું છે.
- નેપાળ સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બંને દેશો વચ્ચે ઘનિષ્ઠ અને મૈત્રીપૂર્ણ સંબંધોની ભાવનાને ધ્યાનમાં રાખતા ઐતિહાસિક સંધિ, દસ્તાવેજો અને તથ્યોના આધારે વિવાદોનું સમાધાન કરવામાં આવે.
- ભારત દ્વારા પણ નેપાળને સીમા વિવાદના સમાધાન માટે સહયોગ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે.

## SCO બેઠક

- તાજેતરમાં 13 મે, 2020ના રોજ ભારતના વિદેશ મંત્રી દ્વારા શાંઘાઈ સહયોગ સંગઠન (Shanghai Cooperation Organization-SCO)ની બેઠકમાં ભાગ લેવામાં આવ્યો હતો.
- આ બેઠક વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજવામાં આવી હતી.

### SCO બેઠકની મુખ્ય બાબતો :

- આ બેઠક અંતર્ગત વિદેશ મંત્રીઓ દ્વારા COVID-19 સંકટ અને સંકલનના પ્રયાસો પર ચર્ચા કરી હતી.
- COVID-19ના મુદ્દા ઉપરાંત પ્રમુખ મુદ્દાઓમાં અફઘાનિસ્તાનની સ્થિતિની પણ ચર્ચા કરવામાં આવી હતી.
- બેઠક અંતર્ગત મંત્રીઓ દ્વારા દ્વિતીય વિશ્વયુદ્ધની આગામી 75મી વર્ષગાંઠ અને સંયુક્ત રાષ્ટ્રની 75મી વર્ષગાંઠની ચર્ચા કરી હતી.
- SCO શિખર સંમેલન 9-10 જૂન, 2020ના રોજ આયોજિત કરવામાં આવશે તે બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

### Back to basics : શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) વિશે :

- SCO એક યૂરેશિયન રાજનીતિક, આર્થિક અને સુરક્ષા સંગઠન છે.
- ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા અને તજાકિસ્તાન એ 26 એપ્રિલ 1996માં ગઠિત "શાંઘાઈ પાંચ" સમૂહના સદસ્યો હતા.
- ત્યારબાદ ઉઝબેકિસ્તાનનો સમાવેશ આ સમૂહમાં કરવામાં આવ્યો અને શાંઘાઈ સહયોગ સંગઠનની સ્થાપના 15 જૂન, 2001માં શાંઘાઈ (ચીન)માં કરવામાં આવી હતી.
- ભારત અને પાકિસ્તાનનો સમાવેશ SCOમાં વર્ષ 2017માં કરવામાં આવ્યો હતો. આથી હાલમાં SCOના 8 સદસ્યો છે.
- SCOનું વડુંમથક બૈજિંગ (ચીની) ખાતે છે.

# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## YASH કાર્યક્રમ

- COVID-19 પર કેન્દ્રિત એક સ્વાસ્થ્ય અને જોખમ સંચાર કાર્યક્રમ 'Year of Awareness on Science & Health - YASH'ની શરૂઆત કરવામાં આવી છે.
- આ કાર્યક્રમ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની અંતર્ગત કાર્યરત 'National Council for Science & Technology Communication - NCSTC' દ્વારા શરૂ કરાયેલ છે.

### YASH કાર્યક્રમની મુખ્ય બાબતો

- કાર્યક્રમનો ઉદ્દેશ લોકોની ધારણાઓનું આકલન કરવું, સાર્વજનિક ભાગીદારીને પ્રોત્સાહન આપવું અને જોખમ સંબંધિત પારસ્પરિક સંચાર પ્રક્રિયામાં ભાગીદારી વધારવાનો છે.
- સામુદાયિક કાળજી માટે વિજ્ઞાનની સમજ, સોશિયલ ડિસ્ટન્સ, વ્યક્તિગત સ્વચ્છતા, સ્વાસ્થ્ય સુરક્ષા ઉપાયો વગેરે પર જોર મૂકવામાં આવશે.
- કાર્યક્રમ પરંપરા અને સ્વદેશી જ્ઞાન સાથે કાર્ય કરતા લક્ષિત સમૂહો વચ્ચે જોખમની સમજને વધુ સારી બનાવશે.
- અહીં નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે, વૈશ્વિક રોગચાળાના દૃશ્યમાં ચિંતાઓ અને પડકારો ઊભા થયા છે જેના કારણે વૈજ્ઞાનિક નવીનતાઓની ભૂમિકા ખૂબ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે.
- આ કાર્યક્રમ સામુદાયિક નેતાઓ, ડોક્ટરો અને ધાર્મિક નેતાઓની સાથે કાર્ય સંબંધને મજબૂત કરશે.
- કાર્યક્રમનો ઉદ્દેશ જોખમ અને તેના પડકારો, સમાધાનો અને આ પરિસ્થિતિથી પસાર થતા લોકોમાં સાહસ તથા આત્મવિશ્વાસ લાવીને લક્ષિત સમૂહોના વ્યવહારમાં પરીવર્તન કરવાનો છે.

## ઈલેક્ટ્રોસ્ટેટિક જીવાણુનાશક તકનીક

- વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (Council of Scientific and Industrial Research - CSIR)ના એક એકમ 'કેન્દ્રીય વૈજ્ઞાનિક ઉપકરણ સંગઠન, ચંદીગઢ' દ્વારા એક જીવાણુનાશક નવીન તકનીકનો વિકાસ કરવામાં આવ્યો છે.
- 'ઈલેક્ટ્રોસ્ટેટિક જીવાણુનાશક મશીન' (Electrostatic Disinfection Machine - EDM)ને 'ઈલેક્ટ્રોસ્ટેટિક સિદ્ધાંત' પર વિકસિત કરાયેલ છે.
- COVID-19 અને અન્ય સુક્ષ્મજીવોના પ્રસારને રોકવામાં આ તકનીક અસરકારક છે.

### ઈલેક્ટ્રોસ્ટેટિક જીવાણુનાશક વિશે

- આ પ્રક્રિયામાં વીજભારયુક્ત કણોને સપાટી પર છાંટવામાં આવે છે.
- છંટકાવની આ પ્રક્રિયામાં વિશેષ પ્રકારના સોલ્યુશનનો ઉપયોગ કરવામાં આવે છે જે સ્પ્રેયરની અંદર રહેલ ઈલેક્ટ્રોડની મદદથી હવા સાથે સંયુક્ત થઈ વિશેષ પ્રકારના પરમાણુઓ (Atoms)નું નિર્માણ કરે છે.
- સોલ્યુશનમાં સકારાત્મક વીજભાર કણો હોય છે. તે કોઈપણ સપાટી તરફ આકર્ષિત થાય છે, સપાટીને વળગી રહે છે અને સાફ કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## EDMની કાર્યપ્રણાલી

- તે સુક્ષ્મજીવો તથા વાયરસનો નાશ કરવા કીટાણુનાશકની 10-20 માઈક્રોમીટર આકારની સમાન અને નાના ટીપાનું ઉત્પાદન કરે છે.
- ટીપાનો આકાર હોવાને કારણે આ ટીપાનો સપાટી વિસ્તાર વધી જાય છે અને હાનિકારક સુક્ષ્મજીવો અને કોરોનાવાયરસ સાથે ટીપાનું સંપર્ક ક્ષેત્ર વધતા ટીપા એ વાયરસનો નાશ કરે છે.

## ભારતમાં સંશોધન અને વિકાસ (Research and Development - R&D) પર ખર્ચ

- 'રાષ્ટ્રીય વિજ્ઞાન અને તકનિકી સર્વેક્ષણ', 2018 પર આધારિત "સંશોધન અને વિકાસ આંકડાઓ તથા સૂચકો" 2019-20 અનુસાર ભારતમાં R&D પરનો ખર્ચ વર્ષ 2008-2018 વચ્ચે વધીને ત્રણ ગણો થયો છે.
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અંતર્ગત આવતી 'રાષ્ટ્રીય વિજ્ઞાન અને તકનિકી સંચાલન સૂચના પ્રણાલી' દ્વારા સર્વે કરવામાં આવ્યો છે.

### સર્વેક્ષણની મુખ્ય બાબતો

- તેના અનુસાર R&D મોટાભાગે સરકારી ક્ષેત્ર આધારિત છે.
- વર્ષ 2008-2018 વચ્ચે R&D પર ખર્ચ ત્રણ ગણો વધ્યો છે.
- માથાદીઠ R&Dમાં 1.5 ગણો વધારો થયો છે.
- નાણાકીય વર્ષ 2017-18માં BRICS દેશોમાં ભારતે પોતાના GDPનો ફક્ત 0.7% ખર્ચ R&D પર કર્યો છે. જ્યારે બ્રાઝિલે 1.3%, રશિયા 1.1%, ચીન 2.1% અને દક્ષિણ આફ્રિકાએ 0.8% ખર્ચ R&D પર કર્યો છે.

### બાહ્ય સંશોધન અને વિકાસ

- નાણાકીય વર્ષ 2016-17 દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે કુલ બાહ્ય R&Dમાં 63% યોગદાન આપ્યું છે.
- બાહ્ય સંશોધન એટલે કે કોઈ સંસ્થાકીય એકમ દ્વારા એકમની સીમાની બહાર R&D પર કરવામાં આવેલ ખર્ચ.
- બાહ્ય R&Dમાં મહિલાઓની ભાગીદારી વધી છે.

### સંશોધનકર્તાઓ અને વૈજ્ઞાનિક પ્રકાશકો

- ભારતમાં પ્રતિ મિલિયન વસતી પર વર્ષ 2000માં 110 સંશોધનકર્તાઓ હતા જે 2017માં વધીને 255 થયા છે.
- ભારત એ 'સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ'માં Ph.D. પ્રાપ્ત કરનારા લોકોની સંખ્યામાં અમેરિકા અને ચીન પછી ત્રીજા સ્થાને છે.
- ભારત વૈજ્ઞાનિક પ્રકાશકોની યાદીમાં પણ ત્રીજા સ્થાને છે.
- ભારતમાં વૈજ્ઞાનિક પ્રકાશકોની વૃદ્ધિ 8.4% છે જ્યારે વિશ્વની સરેરાશ 1.9% છે.

### પેટન્ટ ફાઈલિંગ

- નિવાસીઓ દ્વારા પેટન્ટની નોંધણીના બાબતે ભારતનો ક્રમ વિશ્વમાં 9મો છે.
- વર્ષ 2017-18માં ભારતમાં નોંધવામાં આવેલ કુલ પેટન્ટમાંથી 32% નિવાસી ભારતીયોની છે.
- 'વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન' (World Intellectual Property Organisation - WIPO) મુજબ ભારતનું પેટન્ટ કાર્યાલય વિશ્વના ટોચના 10 પેટન્ટ નોંધણી કરતા કાર્યાલયોમાં 7મા ક્રમે છે.

## SN 2010kd

- 'આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્સર્વેશનલ સાયન્સિસ'ના શોધકર્તાઓએ જણાવ્યું છે કે, એક વધારે પડતું ચમકદાર સુપરનોવા જેને 'SN 2010kd' નામ આપવામાં આવ્યું હતું. તેના વિસ્ફોટ દરમિયાન પર્યાપ્ત દ્રવ્યમાન સાથે નિકલ પણ બહાર નીકળ્યું હશે.
- આવું સામાન્ય રીતે સુપરનોવાના 'કોર'ના વિઘટન દરમિયાન જોવા મળે છે.

### વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલ અવલોકન

- આ સુપરનોવા માટે 'રોસ્ટે III બી' અને 1.04 મીટર ટેલિસ્કોપથી પ્રાપ્ત ડેટાનું લાઈટ–કર્વ મોડેલિંગ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.
- આ સાથે જ 8-10 મીટર શ્રેણીના ઓપ્ટિકલ દૂરબીનનો ઉપયોગ કરીને ડેટાના સ્પેક્ટ્રલ મોડેલિંગનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.
- પ્રાપ્ત થયેલ ડેટાની સરખામણી SN 2010kdની આજુબાજુ સમાન અંતર પર સ્થિત અડધા ડઝન જેટલા સુપરનોવા સાથે કરવામાં આવી.
- વૈજ્ઞાનિકોનું નિરીક્ષણ સૂચવે છે કે, તારાઓના વિસ્ફોટમાં પરિભ્રમણ અને ધાતુ જેવા પરિમાણો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### Back to Basics : સુપરનોવા વિશે

- ખગોળશાસ્ત્રીઓ મુજબ જ્યારે એક તારો પોતાનું જીવન ચક્ર સમાપ્ત કરી જીવનના અંતિમ ચરણમાં હોય ત્યારે તીવ્ર વિસ્ફોટ સાથે સમાપ્ત થાય છે જેને સુપરનોવા કહે છે.
- સુપરનોવાના વિસ્ફોટ દરમિયાન મોટા પ્રમાણમાં ઊર્જા પ્રાપ્ત થાય છે. તે ઊર્જા તારાના કોર (Core)માં થયેલ વિસ્ફોટને કારણે ઉત્પન્ન થાય છે. જે સૂર્યના દ્રવ્યમાન કરતા પણ વધુ હોય છે.

### SN 2010kd વિશે

- તે લગભગ 1.5 ગીગા પ્રકાશ વર્ષના અંતર પર છે.
- તેની શોધ 14 નવેમ્બર, 2010માં અમેરિકાના 'રોટસે સુપરનોવા વેરિફિકેશન પ્રોજેક્ટ' અંતર્ગત 'રોબોટિક ઓપ્ટિકલ ટ્રાંસિએન્ટ સર્ચ એક્સપિરિમેન્ટ' દૂરબીન દ્વારા કરવામાં આવી હતી.
- આ વિસ્ફોટ સામાન્ય સુપરનોવાના વિસ્ફોટ કરતા વધુ તીવ્ર હતો પરંતુ અન્ય સુપરનોવાની જેમ ધીરે–ધીરે શાંત થયો હતો.

### આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સિસ વિશે

- તેની સ્થાપના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થાના રૂપમાં 1954માં નૈનીતાલ ખાતે કરવામાં આવી હતી.
- દેશમાં ખગોળશાસ્ત્ર અને વાયુમંડળીય વિજ્ઞાન સંબંધિત સંશોધન માટેની સંસ્થા છે.
- આ સંસ્થા પાસે ત્રણ દૂરબીનો છે તથા સૌર અવલોકન માટે 15 સેમીનું સમર્પિત અન્ય દૂરબીન છે.

## BCG રસીના ઉપયોગ પર ચિંતા

- તાજેતરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના ડાયરેક્ટર જનરલ દ્વારા COVID-19ના બચાવ હેતુ સ્વાસ્થ્યકર્મીઓને BCG રસી આપતા પહેલા રસી પર ચાલતા 'યાદચ્છિક નિયંત્રણ પરીક્ષણ' (Randomized

Controlled Trial - RCT)ના પરીણામો આવે તેની રાહ જોવાનું કહ્યું છે.

## BCG રસીના ઉપયોગ પર ચિંતાનું કારણ

- 'medRxiv' નામની ઓનલાઈન મેડિકલ વેબસાઈટે એક લેખ પ્રકાશિત કર્યો હતો.
- લેખમાં જણાવવામાં આવ્યું કે, 'સાર્વજનિક BCG રસીકરણ' ધરાવતા દેશોમાં અન્ય દેશો કરતા COVID-19નું સંક્રમણ અને મૃત્યુદર ઓછો છે.
- જો કે WHO અને અન્ય મેડિકલ વિશેષજ્ઞો દ્વારા BCG રસી COVID-19ના દર્દીને આપતા પહેલા તેની સુરક્ષા અને અસરકારકતા તપાસવા RCT પરીક્ષણના પરીણામોની રાહ જોવાનું જણાવ્યું છે.
- BCG રસીનો ઉપયોગ COVID-19 સંદર્ભે પ્રભાવી બને છે તેના કોઈ પુરાવા ઉપલબ્ધ નથી.
- આ ઉપરાંત બિનવૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરવાથી રસીના પુરવઠા પર પણ અસર પડી શકે છે.

## Back to Basics : BCG રસી વિશે

- BCG રસીનું પૂરું નામ 'Bacille Calmette Guerin' રસી છે.
- તેને શોધવાનો શ્રેય ફ્રાન્સના વૈજ્ઞાનિકો અલ્બર્ટ ક્લેમેટ અને કેમિલ ગુએરિનને જાય છે.
- BCG રસી ક્ષય (Tuberculosis) રોગના સંદર્ભે આપવામાં આવે છે.
- BCG રસીનું પ્રથમ પરીક્ષણ વર્ષ 1921માં થયું હતું.
- આ રસી અમુક અંશ સુધી ક્ષય રોગ સામે સુરક્ષા આપે છે પરંતુ રોગ પેદા કરતા જીવાણુનો ચેપ લાગવાથી રોકી શકતી નથી.
- શિશુ અને નાના બાળકોમાં ક્ષય રોગને રોકવામાં તે મદદરૂપ બની રહે છે.
- મોટાભાગના વિકસિત દેશોમાં ક્ષય રોગ નાબૂદ થયો હોવાથી બાળકોને નિયમિત રૂપથી BCG રસી આપવામાં આવતી નથી પરંતુ વિકાસશીલ દેશો જ્યાં ક્ષયનો આજે પણ મોટા પ્રમાણમાં પ્રસાર છે ત્યાં નિયમિતરૂપથી આપવામાં આવે છે.

## COVID-19ના ગાણિતિક અને ગણતરીના પાસાઓનો અભ્યાસ

- તાજેતરમાં 'વિજ્ઞાન અને એન્જિનિયરીંગ સંશોધન બોર્ડ' (Science and Engineering Research Board - SERB) દ્વારા COVID-19 મહામારીને નિયંત્રિત કરવા ગાણિતિક અને ગણતરીના પાસાઓના અભ્યાસ માટે "મેટ્રિક્સ યોજના" અંતર્ગત 11 પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે.

### ઉદ્દેશ્ય :

- SERB દ્વારા મંજૂર કરવામાં આવેલ અભ્યાસનો ઉદ્દેશ્ય COVID-19 સાથે જોડાયેલા પાસાંઓના અભ્યાસ માટે ગાણિતિક મોડેલ તૈયાર કરવાનો છે.
- આ મોડેલ અંતર્ગત વસતીની વિવિધતા, કોરેન્ટાઈન અને સામાજિક અંતરનો પ્રભાવ, લક્ષણો ન દેખાયા હોય છતાં ચેપી થયેલ વસતીની સંખ્યા વગેરેની માહિતીનો સમાવેશ કરવામાં આવે છે.
- અભ્યાસ દ્વારા ભારતીય પરિસ્થિતિમાં COVID-19ના વાયરસના ચેપની તીવ્રતાનો એક ગુણાત્મક સંકેત પ્રદાન થશે.

## SIR મોડેલ :

- COVID-19 સાથે જોડાયેલા પાસાંઓનો અભ્યાસ કરવા "SIR" મોડેલના સિદ્ધાંતોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.
- SIR મોડેલ અર્થાત્ Susceptible-Infected - Recovered (SIR) મોડેલ.

| SIR મોડેલ | માહિતી |
|---|---|
| Susceptible | અતિ–સંવેદનશીલ વ્યક્તિની સંખ્યા |
| Infected | ચેપી વ્યક્તિઓની સંખ્યા |
| Recovered | સાજા થયેલ લોકોની સંખ્યા |

## Bank to Bascics :- વિજ્ઞાન અને એન્જિનિયરીંગ સંશોધન બોર્ડ વિશે

- તે ભારત સરકારના 'વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય' અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થા છે.
- તેની સ્થાપના "વિજ્ઞાન અને એન્જિનિયરીંગ બોર્ડ અધિનિયમ, 2008" અંતર્ગત કરવામાં આવી હતી.
- ભારત સરકારના "વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ"ના સચિવ તેના અધ્યક્ષ હોય છે.
- SERB આંતરરાષ્ટ્રીય સ્તરના સંશોધનને પ્રોત્સાહન આપવા, યોજના બનાવવા અને નાણાકીય સહાયતા આપવા કાર્ય કરે છે.
- રામાનુજન ફેલોશિપ, જે. સી. બોસ નેશનલ ફેલોશિપ, સ્ટાર્ટઅપ રિસર્ચ ગ્રાન્ટ જેવા કાર્યક્રમો અને યોજનાનું સંચાલન આ સંસ્થા કરે છે.

# યૂવી બ્લાસ્ટર

- ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા વધુ ચેપી ક્ષેત્રોને ત્વરિત અને રસાયણ મુક્ત જીવાણુંનાશક માટે એક અલ્ટ્રા–વાયોલેટ ડિસઈન્ફેક્શન ટાવર વિકસિત કરેલ છે.
- "યૂવી બ્લાસ્ટર" નામનું આ ઉપકરણ એક અલ્ટ્રા વાયોલેટ આધારિત ક્ષેત્ર સેન્ટિાઈઝર છે.
- તેને DRDOની પ્રયોગશાળા "લેઝર સાયન્સ એન્ડ ટેક્નોલોજી સેન્ટર" દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.

## યૂવી બ્લાસ્ટરની અન્ય બાબતો :

- આ ઉપકરણમાં 360 ડિગ્રી પ્રકાશ માટે 254 LM વેવલેંથ પર 6 લેમ્પ છે.
- પ્રત્યેક લેમ્પની ક્ષમતા 43 વોટ યુવીસી (UVC) પાવર છે.
- આ ઉપકરણથી 12×12 ફૂટના રૂમમાં 10 મિનિટમાં અને 400 ચો.ફૂટના રૂમને 30 મિનિટમાં જીવાણુનાશક કરી શકાય છે. જો માનવ દ્વારા રૂમ અચાનક ખોલવામાં આવે તો સેનિટાઈઝર બંધ થઈ જાય છે.
- અલ્ટ્રા વાયોલેટ આધારિત આ ક્ષેત્ર સેનિટાઈઝરને વાઈફાઈ (WiFi)નો પ્રયોગ કરીને લેપટોપ અથવા મોબાઈલના માધ્યમથી પ્રયોગ કરી શકાય છે.
- એરપોર્ટ, મેટ્રો, હોટલ વગેરે જગ્યાએ પણ તેનો ઉપયોગ થઈ શકે છે.
- એવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, કમ્પ્યુટર, ગેઝેટ વગેરેને જીવાણુનાશિત કરવા યૂવી બ્લાસ્ટરનો ઉપયોગ કરી શકાય છે કારણ કે, આવા ઉપકરણોને રાસાયણિક પ્રક્રિયાથી જીવાણુ નાશિત કરી શકાય નહિ.

# કોરોના કિલર 100

- તાજેતરમાં ગરૂડ એરોસ્પેસ નામની કંપની દ્વારા એક Unmanned Aeiral Vehicle (UAV) "કોરોના કિલર 100" બનાવવામાં આવેલ છે.
- COVID-19 જેવી સ્થિતિમાં જાહેર સ્થળોને જીવાણુનાશક બનાવવા તેનો ઉપયોગ કરી શકાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### કોરોના કિલર 100ની વિશેષતાઓ :

- તે એક પ્રકારનો ડ્રોન છે. જેનો ઉપયોગ 450 ફૂટ સુધીની ઊંચી ઈમારતો પર જીવાણુનાશક સ્પ્રે છાંટવા માટે કરી શકાય છે.
- આવા ડ્રોન પહેલેથી જ ચંદીગઢ અને વારાણસી જેવા ક્ષેત્રોમાં ઉપયોગમાં લેવામાં આવ્યા હતાં.
- આ ડ્રોન ઓટોપાયલટ તક્નિક, શ્રેષ્ઠ ઉડાણ અને નિયંત્રણ પ્રણાલી તથા એન્જિન કુશળ મોટર્સથી સુસજ્જ છે.
- તે દિવસમાં 12 કલાક સેવા આપી શકે છે અને 20 કિલોમીટરનું અંતર કાપી શકે છે.
- તેની વજન વહન કરવાની ક્ષમતા 15-20 લિટર છે.

## સાયલેંટ હાઈપોક્સિયા

- COVID-19ના ચેપી લોકોના ઈલાજમાં દુનિયાભરમાં ચિકિત્સકો અલગ અલગ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.
- ચિકિત્સકો અનુસાર, COVID-19થી ચેપી લોકોમાં લોહીમા ઓક્સિજનની માત્રા ઓછી થવા છતાં શ્વસન સંબંધિત સમસ્યાઓના લક્ષણો જોવા નથી મળી રહ્યા.
- ચિકિત્સકો મુજબ આ સમસ્યા પ્રતિબિંબિત ન થાય એ "સાયલેંટ હાઈપોક્સિયા"ને અંકિત કરે છે.
- ડો. રિચર્ડ લેવિટન અનુસાર, COVID-19ના ચેપી દર્દીઓમાં "કોવિડ નિમોનિયા"ની સ્થિતિ "સાયલેંટ હાઈપોક્સિયા"ના કારણે ઉત્પન્ન થાય છે.

### સાયલેંટ હાઈપોક્સિયા શું છે ?

- સાયલેંટ હાઈપોક્સિયા લોહીમાં ઓક્સિજનની માત્રાનું એક એવું સ્વરૂપ છે. જેની ઓળખ નિયમિત હાઈપોક્સિયાની સરખામણીમાં કઠિન છે.
- COVID-19ના ચેપી લોકોમાં રક્તમાં ઓક્સિજનની માત્રા 80%થી ઓછી થવા છતાં તેમને શ્વાસ લેવામાં કોઈ તકલીફ થતી નથી.
- ઓક્સિજનની માત્રા ઓછી થાય તો લોકો અધિક બીમાર દેખાવા જોઈએ પરંતુ સાયલેંટ હાયપોક્સિયાના કિસ્સામાં આવું ત્યાં સુધી નથી બનતું જયાં સુધી તીવ્ર શ્વાસ લેવામાં તકલીફ થાય.
- એક રિપોર્ટ અનુસાર સાયલેંટ હાઈપોક્સિયાને લીધે લોકોમાં શ્વાસ સંબંધી સમસ્યા ઓક્સિજન ઓછું થવાને લીધે નહીં પરંતુ કાર્બન ડાયોકસાઈડના સ્તરમાં વૃદ્ધિને કારણે થાય છે.
- આવી સમસ્યા ત્યારે થાય છે જ્યારે ફેફસાઓ કાર્બન ડાયોકસાઈડ ગેસને બહાર કાઢવામાં સક્ષમ નથી હોતા.

### Back to basics : હાઈપોક્સિયા વિશે

- હાઈપોક્સિયા એક એવી સ્થિતિ છે જેમાં રક્ત અને શરીરની પેશીઓમાં પર્યાપ્ત માત્રામાં ઓક્સિજન ઉપલબ્ધ નથી થતો.
- સામાન્ય રીતે હાઈપોક્સિયા પૂરા શરીર અથવા શરીરના અમુક હિસ્સાઓને પ્રભાવિત કરે છે.
- શરીરની ધમનીઓમાં ઓક્સિજનની માત્રા 75-100 (mm Hg) તથા પલ્સ ઓક્સિમીટરનું માપ 90-100% હોય છે.
- પલ્સ ઓક્સિમીટર 90%થી ઓછું થાય તે ચિંતાજનક છે. અને 80%થી ઓછું થવામાં શરીરના મહત્ત્વપૂર્ણ અંગો પ્રભાવિત થાય છે.
- પલ્સ ઓક્સિમીટર યંત્રના માધ્યમથી માનવ શરીરમાં ઓક્સિજનની માત્રા જાણી શકાય છે.

## ઈ-કોવસેંસ

- તાજેતરમાં હૈદરાબાદ સ્થિત "નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એનીમલ બાયોટેક્નોલોજી"

(NIAB) દ્વારા બાયોસેન્સર ઈ–કોવસેંસ (eCovSens) વિકસિત કરવામાં આવ્યું છે.

- આ બાયોસેન્સર લાળના નમૂનાઓ દ્વારા COVID-19 વિશે માહિતી આપી શકે છે.
- લાળના નમૂનાના ફક્ત 20 માઈક્રોલીટરનો ઉપયોગ કરીને 10-30 સેકન્ડની અંદર પરિણામ જાણી શકાય છે.

### ઈ-કોવસેંસ કેવી રીતે કાર્ય કરે છે ?

- આ ઉપકરણમાં કાર્બન ઈલેક્ટ્રોડ અને કોરોના વાયરસ એન્ટિબોડી હોય છે.
- આ એન્ટિબોડી વાયરસના બાહ્ય સ્તર પર મળતા સ્પાઈક પ્રોટીન સાથે બંધન બનાવવામાં સક્ષમ હોય છે.
- એન્ટિજન અને એન્ટિબોડી દ્વારા બંધન બનાવવા પર એક વિદ્યુત સંકેત ઉત્પન્ન થાય છે જેના દ્વારા ચેપ વિશે માહિતી મેળવી શકાય છે.
- એન્ટિજન એક હાનિકારક પદાર્થ છે જે શરીરમાં પ્રવેશ કરે છે જેના કારણે રોગ સામે લડવાના પ્રતિભાવ તરીકે શરીર એન્ટિબોડી બનાવે છે.

## NSafe માસ્ક

- તાજેતરમાં IIT–દિલ્હીના એક સ્ટાર્ટ–અપ "નેનોસેફ સોલ્યુશન્સ" દ્વારા સુક્ષ્મજીવ વિરોધી અને ધોવા યોગ્ય (Washable) માસ્ક બનાવ્યું છે.
- આ માસ્કનું નામ "NSafe માસ્ક" છે.

### NSafe માસ્કની મુખ્ય બાબતો :

- 50 વખત આ માસ્ક ધોવા યોગ્ય છે અને ત્યાં સુધી વખતોવખત તેનો ઉપયોગ કરી શકાય છે.
- આ માસ્કના 3 સ્તરો છે. સૌથી અંદરનું સ્તર હાઈડ્રોફિલિક સ્તર રહેશે, મધ્યમનું સ્તર સુક્ષ્મજીવ વિરોધી પ્રવૃત્તિઓ માટેનું અને બાહ્ય સ્તર એ પાણી અને તેલ પ્રત્યે આર્કષાય નહીં તેવું રહેશે.
- માસ્કમાં 99.25% બેકટેરિયા શુદ્ધિકરણની કાર્યક્ષમતા છે.

## FlytNow - ઈન્ટરનેટ ઓફ ડ્રોન પ્લેટફોર્મ

- તાજેતરમાં FlutBase નામની ડ્રોન ઓટોમેશન કંપની દ્વારા "FlytNow – ઈન્ટરનેટ ઓફ ડ્રોન" પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે.
- આ પ્લેટફોર્મ ડ્રોનને કલાઉડ આધારિત એપ્લિકેશન સાથે એકીકૃત કરવામાં મદદરૂપ બનશે.

### FlytNow-ઈન્ટરનેટ ઓફ ડ્રોન પ્લેટફોર્મની અન્ય બાબતો :

- આ પ્લેટફોર્મના માધ્યમથી પોલીસ અધિકારીઓ કંટ્રોલ રૂમમાં વિવિધ ડ્રોનના માધ્યમથી લાઈવ વિડીયો જોઈ શકશે. આથી કટોકટીના સમયમાં ઝડપથી કાર્ય કરી શકાય.
- COVID-19ના સમયે લોકડાઉનના સંદર્ભે કડક સતર્કતા રાખવા માટે પોલીસને આ પ્લેટફોર્મ મદદરૂપ થશે.
- હાલમાં આ પ્લેટફોર્મનો ઉપયોગ મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને આંધ્રપ્રદેશ રાજ્યની પોલીસ કરી રહી છે.

## નેનોમટીરીયલ આધારિત સુપરકેપેસિટર

- તાજેતરમાં સંશોધનકારોના એક જૂથ દ્વારા સુપરકેપેસિટરમાં ઊંચી ઊર્જા ઘનતા અને વિદ્યુત ઘનતાના વિકાસ માટે નેનોમટીરીયલ આધારિત સુપરકેપેસિટર વિકસિત કરેલ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➢ સુપરકેપેસિટર અંતર્ગત બહોળા પ્રમાણમાં ઊર્જાનો સંગ્રહ કરવામાં આવે છે.

### નેનોમટીરીયલ આધારિત સુપરકેપેસિટર

➢ સંશોધનકારો દ્વારા કાર્બન નેનોમટીરીયલ આધારિત સુપરકેપેસિટર પર કાર્ય કરવામાં આવ્યું છે જેનાથી સુપરકેપેસિટરની ઊંચી ઊર્જાની ઘનતા અને વિદ્યુતની ઘનતા પ્રાપ્ત કરી શકાશે.

➢ સુપરકેપેસિટરની ઊંચી ઊર્જા ઘનતા એ બાબતનું નિર્દેશ કરે છે કે લાંબા ગાળા સુધી રિચાર્જ કર્યા વિના સતત કરંટ પાછો ખેંચી શકાય છે. આથી ઓટોમોબાઈલ વાહનો લાંબુ અંતર કાપી શકે છે.

➢ આમ, સંશોધનકારો એ ઉચ્ચ વીજધારિતાના પ્રભાવ સાથે 100⁰ સે. ના મધ્યમ તાપમાને ગ્રેફિન ઓકસાઈડનો વિકાસ કાર્યો છે. તે ખર્ચ–અસરકારક છે અને વ્યાવસાયિક હેતુ માટે પણ યોગ્ય છે.

## મચ્છરજન્ય રોગોનો ફેલાવો

➢ તાજેતરમાં COVID-19 મહામારી વચ્ચે દિલ્હીમાં મચ્છરજન્ય રોગોના ફેલાવામાં વધારો નોંધવામાં આવ્યો છે.

### મચ્છરજન્ય રોગો ફેલાવો :

➢ 2 મે, 2020 સુધીમાં મેલેરિયાના કુલ 16 કેસ સામે આવ્યા છે. આ આંકડો પાછળના 5 વર્ષની સરખામણીએ સૌથી વધુ છે.

➢ 2 મે, 2020 સુધી ડેંગ્યૂના 13 અને ચિકનગુનિયાના 10 કેસ સામે આવ્યા છે.

➢ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પહેલેથી જ આ બીમારીને "ધ્યાન દેવા યોગ્ય રોગ"ની શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

### Back to basics :- મચ્છરજન્ય રોગો

### મેલેરિયા વિશે :

➢ તે પ્લાઝમોડિયમ પરોપજીવીને કારણે થતો મચ્છરજન્ય રોગ છે.

➢ આ પ્લાઝમોડિયમ પરોપજીવી ચેપી માદા એનાફિલિઝ મચ્છરના કરડવાથી ફેલાય છે.

➢ જો 24 કલાકમાં ચેપી દર્દીની સરવાર ન થાય તો અસર વધતા મૃત્યુ પણ થઈ શકે છે.

### ડેંગ્યૂ વિશે :

➢ ડેંગ્યૂ વાયરસના મુખ્ય વાહક 'એડીઝ એજિપ્તી' મચ્છર છે.

➢ વરસાદ, તાપમાન, સાપેક્ષ ભેજ અને બિનઆયોજિત ઝડપથી વધતાં શહેરીકરણને કારણે ડેંગ્યૂનો પ્રસાર સૌથી વધારે થાય છે.

➢ દક્ષિણ–પૂર્વ એશિયાના ઘણાં દેશોમાં ડેંગ્યૂ તાવ એ સ્થાનિક બીમારી છે.

➢ આ રોગ એ માનવથી માનવામાં ફેલાતો નથી.

### ચિકનગૂનિયા વિશે :

➢ ચિકનગૂનિયા એ વાયરસ ધરાવતા મચ્છરોના કરડવાથી થાય છે.

➢ એડીઝ એજિપ્તી અને એડીઝ એલ્બોપિકટસ મચ્છરો છે જે આ વાયરસ લઈને આવે છે.

➢ મુખ્યત્વે એશિયા, આફ્રિકા, યુરોપ અને અમેરિકામાં આ બીમારીનો પ્રભાવ વધુ જોવા મળતો હોય છે.

## COVID-19ના કારણે લોહી ગંઠાય જવાની સમસ્યા

➢ તાજેતરમાં વૈશ્વિક સ્તરે ચિકિત્સકો દ્વારા COVID-19થી ચેપી દર્દીઓમાં લોહી ગંઠાવવાની સમસ્યાઓમાં વધારો જોવા મળ્યો છે.

- ચિકિત્સકો અનુસાર જો આવા દર્દીઓનો ઝડપથી ઉપચાર ઉપલબ્ધ કરાવવામાં ન આવે તો એ ઘાતક પણ બની શકે છે.
- આ બીમારીમાં અલગ–અલગ દર્દીઓના પગમાં સામાન્ય ત્વચા પર ઘા (જેને "કોવિડ ટો" (COVID- Toe) પણ કહેવામાં આવે છે.) થી લઈને હાર્ટ એટેક અને લોહી ગંઠાવવું જેવા જીવલેણ કિસ્સા પણ જોવા મળ્યા છે.

### ચેપથી લોહી ગંઠાવવાના કિસ્સાઓ :

- ચિકિત્સકો અનુસાર, આવા ચેપના કિસ્સાઓમાં લોહી ગંઠાવવાના કિસ્સાઓ કોઈ અસામાન્ય નથી.
- વર્ષ 1918ના સ્પેનિશ ફ્લૂની મહામારી દરમિયાન પણ દર્દીઓમાં લોહી ગંઠાવવાના કિસ્સાઓ જોવા મળ્યા હતા. જેનાથી વ્યક્તિનું મૃત્યુ ઝડપથી થઈ શકે છે.
- આ ઉપરાંત HIV, ડેંગ્યૂ, ઈબોલા વગેરે બીમારીઓમાં પણ લોહી ગંઠાવવાના કિસ્સાઓ જોવા મળ્યા છે.

### લોહી ગંઠાવવાની અસરો :

- ચિકિત્સકો અનુસાર દર્દીઓના આરોગ્યમાં તીવ્ર ઘટાડો અને લોહીમાં ઓક્સિજનની કમી એ લોહી ગંઠાવવાનું મુખ્ય કારણ બની શકે છે.
- જો સમયસર તેનું નિદાન કરવામાં ન આવે તો ધમનીઓમાં મોટા ગાંઠાથી હૃદય પર દબાણ વધી શકે છે અને હાર્ટ એટેકની શકયતા પણ રહે છે.
- વિશેષજ્ઞો અનુસાર મહામારી બાદ પ્રભાવિત ફેફસાઓ અને લોહી ગંઠાવવાના કિસ્સાઓમાં વધારો થઈ શકે છે.
- લોહી ગંઠાવવાથી શરીરના અન્ય અંગો, હૃદય, કિડની, યકૃત, આંતરડા અને અન્ય પેશીઓ પણ પ્રભાવિત થઈ શકે છે.
- દર્દીઓમાં લોહીના ગંઠાવવાની સ્થિતિમાં તેના પરીક્ષણ માટે ડી–ડાઈમર બ્લડ ટેસ્ટનો પ્રયોગ કરવામાં આવે છે.

## પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજનામાં સુધારો

- તાજેતરમાં માનવ સંસાધન મંત્રાલય દ્વારા "પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના"માં સુધારો કરવામાં આવ્યો હતો.

### પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજનામાં કરવામાં આવેલ સુધારાઓ :

- હવેથી કોઈપણ માન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ફેલોશિપ માટે આવેદન કરી શકશે.
- આ નિયમ પહેલા ફકત કેન્દ્રીય યુનિવર્સિટી, IIT, IISc, NITSs, IISERs, IIESTના વિદ્યાર્થીઓ જ ફેલોશિપ માટે આવેદન કરી શકતા હતા.
- આવેદન કરવા માટે પહેલા "Graduate Aptitude Test Engineering - GATE"ના સ્કોરની જરૂરિયાત 750 હતી જે ઘટાડીને 600 કરવામાં આવી છે.
- નવા નિયમો મુજબ હવે આવેદન નીચેના બે માધ્યમો દ્વારા કરી શકાશે.
  (1) ડાયરેકટ એન્ટ્રી
  (2) લેટરલ એન્ટ્રી
- ડાયરેકટ એન્ટ્રી અને લેટરલ એન્ટ્રી માટે આવેદનની પાત્રતા નીચે મુજબની છે :

| ડાયરેક્ટ એન્ટ્રી માટેની પાત્રતા | લેટરલ એન્ટ્રી માટેની પાત્રતા |
|---|---|
| માન્ય યુનિવર્સિટીમાંથી વિજ્ઞાન અને તકનિકી ક્ષેત્રમાં 3 વર્ષનો સ્નાતક કે અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરેલો હોવો જોઈએ થવા અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા હોય. | જે ઉમેદવારો અનુસ્નાતક પછી Ph.D.માં 12 મહિનાથી અભ્યાસ કરતા હોય કે પછી સ્નાતક પછી Ph.Dમાં 24 મહિનાથી અભ્યાસ કરતા હોય તે લેટરલ એન્ટ્રી માટે પાત્ર/યોગ્ય ગણાશે. |
| સ્નાતક કે અનુસ્નાતક અભ્યાસમાં CGPA અંક 8.0 કે તેનાથી વધુ અને GATEમાં 650 કે તેનાથી વધુ સ્કોર હોવો જોઈએ. | જો યોજના અંતર્ગતની યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીની ભલામણ કરવામાં આવી હોય. |
| જે ઉમેદવારો GATE પાસ કરી આ યોજના અંતર્ગત આવતી યુનિવર્સિટીમાંથી M.Tech/MSનો અભ્યાસ પૂર્ણ કરેલા હોય તેમને પ્રથમ સેમેસ્ટરમાં ઓછામાં ઓછા 4 વિષયોમાં CGPA અંક 8.0 કે તેનાથી વધુ હોવો જોઈએ. | એવા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે જેમના સંશોધનો કોઈ પ્રતિષ્ઠિત પત્રિકામાં પ્રકાશિત થઈ ચૂકયા હોય. |
| આ યોજના હેઠળની યુનિવર્સિટીમાં વિદ્યાર્થી Ph.D માટે પસંદ થાય તો પણ તેઓ ડાયરેક્ટ એન્ટ્રી માટે યોગ્ય ગણાશે. | |

- આ ઉપરાંત યોજના અંતર્ગત "નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક" દ્વારા જાહેર કરવામાં આવતા રેન્કની ટોચની 25 યુનિવર્સિટીનો પણ સમાવેશ કરવામાં આવશે.

### Back to basics :- પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના વિશે

- વિદ્યાર્થીઓને સંશોધન (Research)ના કાર્યમાં આર્કષિત કરવા વર્ષ 2018માં આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- યોજના અંતર્ગત દેશના ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનોમાં વિદ્યાર્થીઓને Ph.D પ્રોગ્રામ માટે સીધો પ્રવેશ આપવામાં આવે છે.
- આ ફેલોશિપ યોજના અંતર્ગત પ્રથમ બે વર્ષ માટે રૂ. 70000 પ્રતિ માસ, ત્રીજા વર્ષ માટે રૂ. 75000 પ્રતિ માસ અને ચોથા અને પાંચમા વર્ષ માટે રૂ. 80000 પ્રતિ માસ વિદ્યાર્થીઓને પોતાના સંશોધન કાર્ય માટે આપવામાં આવે છે.
- ઉપરોકત નાણાકીય સહાય ઉપરાંત વિદાર્થીઓને 5 વર્ષ માટે પ્રત્યેક વર્ષે સંશોધન અનુદાનના રૂપમાં રૂ. 2 લાખ આપવામાં આવે છે.

## સોનુ-સિલિકોન ઈન્ટરફેસ આધારિત ફોટોડિટેક્ટર

- "જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ સાયન્ટિફિક રિસર્ચ"ના વૈજ્ઞાનિક દ્વારા એક ઓછી કિંમતનું અને ઊર્જા કાર્યક્ષમ "વેફર–સ્કેલ ફોટોડિટેક્ટર" (પાતળા ટુકડા આધારિત) તૈયાર કર્યુ છે.
- આ શોધકાર્યને "અમેરિકન કેમિકલ સોસાયટી"ની "એપ્લાઈડ ઈલેક્ટ્રોનિક મટિરિયલ" પત્રિકામાં પ્રકાશિત થઈ છે.

### સોનું-સિલિકોન ઈન્ટરફેસ :

- "વેફર–સ્કેલ ફોટોડિટેકટર"ને સુરક્ષા આપવા હેતુ સોનુ સિલિકોન ઈન્ટરફેસનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલ છે.
- સોનુ (Au)–સિલિકોન (Si) ઈન્ટરફેસ જે પ્રકાશ પ્રતિ ઉચ્ચ સંવેદનશીલતા પ્રદર્શિત ફરતા ફોટોડિટેકશનનું કાર્ય કરે છે.
- આ ઈન્ટરફેસને "ગેલ્વેનિક ડિપોઝિટ" દ્વારા તૈયાર કરવામાં આવે છે.
- ગેલ્વેનિક ડિપોઝિટ એ ધાતુની ઈલેકટ્રોપ્લેટિંગની તકનિક છે જેમાં પાણી આધારિત સોલ્યુશનનો ઉપયોગ કરી ધાતુઓને આયનના રૂપમાં જમા કરવામાં આવે છે.

### વેફર-સ્કેલ ફોટોડિટેકટરની વિશેષતાઓ :

- તે 40 માઈક્રોસેકન્ડની ત્વરિત પ્રતિક્રયાને પ્રદર્શિત કરે છે. અને ઓછામાં ઓછી તીવ્રતા ધરાવતા પ્રકાશને શોધી શકે છે.
- અલ્ટ્રાવાયોલેટથી લઈને ઈન્ફ્રારેડ સુધી ફોટોડિટેકટરમાં એક વ્યાપક સ્પેક્ટ્રલ રેન્જ છે.
- આ ફોટોડિટેકટર પ્રતિસાદ સક્રિય ક્ષેત્રમાં 5% કરતા ઓછા તફાવત સાથે ઉત્તમ એકરૂપતા દર્શાવે છે.
- સોલ્યુશન આધારિત તકનિક હોવાને કારણે આ પદ્ધતિ ખૂબ સસ્તી અને મોટા પાયે ઉત્પાદન માટે યોગ્ય છે.

### Back to basics : ફોટોડિટેકટર એટલે શું ?

- તે કોઈપણ ઓપટોઈલેકટ્રોનિક સર્કિટનો મુખ્ય ભાગ છે જે પ્રકાશને શોધી શકે છે.
- બાહ્ય આકાશગંગામાં રેડિયેશન શોધવા ઉપરાંત સુપરમાર્કેટમાં સ્વસંચાલિત લાઈટિંગને નિયંત્રિત કરે છે.
- વધુ કિંમતો અને જટિલ બનાવટની પ્રક્રિયાના કારણે રોજબરોજના ઉપયોગો માટે ઉચ્ચ પ્રદર્શનના ડિટેકટરની કિંમત વધતી જાય છે.

## COVID કવચ ભારતની પ્રથમ સ્વદેશી કીટ

- નેશનલ ઈસ્ટિટયૂટ ઓફ વાયરોલોજી દ્વારા COVID-19 માટે સ્વદેશી રૂપથી એન્ટિબોડી ડિટેકશન કીટ વિકસાવી છે.
- આ કીટ COVID-19 એપના નિરીક્ષણમાં મહત્ત્વની ભૂમિકા નિભાવશે.

### COVID કવચ વિશે અન્ય માહિતી :

- આ કીટ 2.5 કલાકમાં 90 નમૂનાઓનું પરીક્ષણ કરવામાં સક્ષમ છે.
- આ કીટને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ (ICMR) અને નેશનલ ઈસ્ટિટયૂટ ઓફ વાયરોલોજી દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલ છે.
- આ કીટ નમૂનામાં IGG એન્ટિબોડી (Immunoglobulin G Antibody)ની ઉપસ્થિતિનું પરીક્ષણ કરશે.
- આ કીટનો મુખ્ય લાભ એ છે કે તેમાં RT-PCR (Reverse Transcription Polymerase Chain Reaction)ની સરખામણીએ ન્યૂનતમ જૈવ–સુરક્ષાની જરૂરીયાત રહે છે.
- RT-PCR પરીક્ષણ વિશિષ્ટ RNAની માત્રાને માપે છે.
- ગુજરાત સ્થિત Zydus Cadila મોટા પાયે આ કીટનું ઉત્પાદન કરશે.
- આ કીટ એલિસા (ELISA) આધારિત પરીક્ષણ કરવામાં પણ સક્ષમ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ELISAનું પૂરું નામ "Enzyme-Linked Immunosorbent Assay" છે.
- એલિસાનો ઉપયોગ ચેપની વિસ્તૃત શ્રેણી માટે એન્ટિબોડીની જાણકારી મેળવવા થાય છે.

## DHRUVS : અલ્ટ્રાવાયોલેટ આધારિત સેનિટાઈઝર

- તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ની રિસર્ચ સેન્ટર ઈમારત (RCI) દ્વારા "ડિફેન્સ રિસર્ચ અલ્ટ્રાવાયોલેટ સેનિટનાઈઝર (DHRUVS) વિકસિત કર્યુ છે.

### DHRUVSની મુખ્ય બાબતો :

- DHRUVS મોબાઈલ ફોન, લેપટોપ, આઈપેડ, પાસબુક, ચલાણ અને કાગળોને સેનિટાઈઝ કરવા એક અલ્ટ્રા વાયોલેટ સેનિટાઈઝ તરીકે વિકસિત કરવામાં આવ્યું છે.
- આ એક સંપર્કરહિત સેનિટાઈઝર છે જે ઈલેક્ટ્રોનિક ગેઝેટ માટે ઉપયોગી બનશે.

### અલ્ટ્રાવવાયોલેટ વાયરસને કેવી રીતે મારે છે ?

- COVID-19ના પ્રસાર બાદ ઘણી અલ્ટ્રાવાયોલેટ તકનિકો દૈનિક ઉપયોગની વસ્તુઓને કીટાણુ રહિત કરવા માટે ઊભરી છે.
- જે તકનિક અલ્ટ્રાવાયોલેટને કીટાણુનાશકના રૂપમાં ઉપયોગ કરવામાં આવે છે તેને "અલ્ટ્રાવાયોલેટ જર્મિસાઈડલ ઈરેડિયેશન (UVGI)" કહે છે.
- શોર્ટ વેવલેંથ અલ્ટ્રાવાયોલેટ કીટાણુનાશક હોય છે. તે 200 mm અને 300 mm વચ્ચે હોય છે.
- તે ન્યૂકિલક એસિડ દ્વારા ખૂબ શોષાય છે. તેને કારણે ન્યૂકિલક એસિડ પોતાની નકલ કરવાની ક્ષમતા ગુમાવે છે.
- આ ઉપરાંત થોડા જ સમયમાં ન્યૂકિલક એસિડ વિઘટિત થઈ જાય છે. જેનાથી જીવ (વાયરસ)ની મૃત્યુ થાય છે.

## ICMR COVID-19 માટે રસી બનાવશે

- ઈન્ડિયનન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા COVID-19 માટે સ્વદેશી રસી બનાવવા માટે ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ (BBIL) સાથે કરાર કર્યો છે.
- આ રસીને વાયરસના પ્રકારોનો ઉપયોગ કરીને વિકસિત કરવામાં આવશે જેને પુનાની "નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી"માં COVID-19 રોગીઓમાંથી અલગ કરવામાં આવેલ છે.

### COVID-19 માટે રસી બનાવવાના અન્ય પ્રયાસો :

- સમગ્ર વિશ્વમાં 40થી વધુ ચરણોમાં રસી બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે.
- ઓકસફોર્ડ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ઘોષણા કરવામાં આવી છે કે યુનિવર્સિટીના શોધકર્તાઓ દ્વારા રસીનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- અમેરિકાની કંપની મોર્ડના રસીના નિદાનના પરીક્ષણોના ચરણમાં છે.
- આ ઉપરાંત હોંગકોંગની એક બાયોટેક કંપનીએ ઘોષણા કરી છે કે તેઓ રસીના નિદાનના પરીક્ષણોના બીજા ચરણમાં છે.

## ફેલુદા તકનિક

- વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (Council of Scientific and Industrial Research -CSIR)ના વૈજ્ઞાનિકો એ COVID-19 મહામારીના પરીક્ષણ માટે

ઓછી કિંમતની "પેપર સ્ટ્રીપ ટેસ્ટ" તકનિક "ફેલુદા" વિકસિત કરેલ છે.

- આ તકનિકની પ્રારંભિક ક્રિયાવિધિ "રિવર્સ ટ્રાંસક્રિપ્શન–પોલીસમરેસ ચેન રિએકશન" (RT-PCR)ના સમાન છે.
- હાલમાં ભારતની બધી જ સરકારી અને ખાનગી પ્રયોગશાળાઓ RT-PCR મશીનથી પ્રતિદિન ફકત 18000 પરીક્ષણ કરી શકે છે. COVID-19ના વધતા કિસ્સાઓ માટે વધુ પરીક્ષણો કરવા જરૂરી છે.

### ફેલુદા તકનિકની પ્રક્રિયા :

- સૌપ્રથમ રોગીના નાકથી વાયરસના "રિબોન્યુ કિલક એસિડ" (RNA)ના નમૂના પ્રાપ્ત કરવામાં આવે છે.
- ત્યારબાદ RNAને DNAમાં પરિવર્તિત કરવામાં આવે છે.
- DNAમાં પરિવર્તિત કર્યા બાદ PCR મશીન દ્વારા "પોલીમરેસ ચેન રિએકશન"ના માધ્યમથી 'DNAમાં વૃદ્ધિ કરી તેને Cas9 પ્રોટીન સાથે મેળવી દેવામાં આવે છે. Cas9 વિશિષ્ટ પ્રોટીન FnCas9 દ્વારા વિકસિત કરવામાં આવેલ છે જે અનુક્રમ નક્કી કરે છે.
- અંતમાં મિશ્રણને પેપર સ્ટ્રીપ પર લગાવવામાં આવે છે. જો મિશ્રણમાં COVID-19 DNA ઉપસ્થિત હશે તો પેપર સ્ટ્રીપ પર નિયંત્રિત કે સામાન્ય રેખાઓ સિવાય વાયરસની પણ રેખાઓ દેખાય છે.
- જો વાયરસમાં RNAની માત્રા ઓછી હોય તો તેની માહિતી પણ આ તકનિકથી મળે છે.

## સ્વાસ્થ્યવાયુ

- વૈજ્ઞાનિક અને સંશોધન પરિષદની "નેશનલ એરોસ્પેસ લેબોરેટરી" COVID-19ના રોગીઓનું નિદાન કરવા એક "નોન–ઈનવેસિવ બીપૈપ" (બેપૈપ–બાઈ લેવલ પોઝિટીવ એર અને પ્રેશર) વેન્ટિલેટર "સ્વાસ્થ્ય વાયુ" વિકસિત કર્યું છે.

### સ્વાસ્થ્ય વાયુની મુખ્ય બાબતો :

- આ વેન્ટિલેટર ગંભીર રૂપથી અસમર્થ રોગી દ્વારા શ્વાસ લેવા માટેની હવાને ફેફસાની અંદર અને બહાર લઈ જવા "યાંત્રિક વેન્ટિલેશન" પ્રદાન કરે છે.
- 'નોન ઈનવેસિવ બીપૈપ વેન્ટિલેટર' એક માઈક્રોકન્ટ્રોલર આધારિત "કલોઝ–લૂપ એડેપ્ટિવ કંટ્રોલસિસ્ટમ" છે.
- આ વેન્ટિલેટરની મુખ્ય બાબત છે કે તેના માટે સ્પેશ્યિલ નર્સિંગની આવશ્યકતા રહેતી નથી અને કોઈ વોર્ડ, અસ્થાયી હોસ્પિટલનો પણ ઉપયોગ થઈ શકે છે.
- આ વેન્ટિલેટર સ્વદેશી ઉપકરણો અને તકનિકથી તૈયાર કરવામાં આવેલ છે અને તેને "National Accrediation Board For Testing and Calibration Labaratories -NABL" દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ છે.

## આરોગ્ય સેતુ એપ અને ગોપનીયતા

- તાજેતરમાં ઈલેકટ્રોનિકસ અને સૂચના તકનિકી મંત્રાલયે આરોગ્ય સેતુ એપના સંબંધે સરકારી એજન્સી અને ત્રીજા પક્ષને ડેટા આપવા સંબંધે દિશા–નિર્દેશો જાહેર કર્યા છે.
- આરોગ્ય સેતુ એપના સંદર્ભે ગોપનીયતાના પ્રશ્નો ઉભા થયા હતા. કારણ કે એવી ધારણા બની હતી કે એપ પર વ્યકિતનો ડેટા એ સુરક્ષિત નથી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આરોગ્ય સેતુ એપ દ્વારા લેવામાં આવતો ડેટા અને આ ડેટાનો થતો ઉપયોગ :

- એપ દ્વારા 4 પ્રકારનો ડેટા એકત્રિત કરવામાં આવે છે આ ડેટાને પ્રતિસાદ ડેટા (Response Data) કહેવામાં આવે છે.
- એપ દ્વારા એકત્રિત કરવામાં આવતો ડેટા અને તેની માહિતી નીચે મુજબની હોય છે :

| આરોગ્ય સેતુ એપ દ્વારા લેવામાં આવતો ડેટા | ડેટાની માહિતી |
|---|---|
| જનસંખ્યા સંબંધિત ડેટા | વ્યક્તિનું નામ, ઉંમર, લિંગ, કરેલી યાત્રાની માહિતી, મોબાઈલ નંબરનો ડેટા હોય છે. |
| સંપર્ક સંબંધિત ડેટા | તેના અંતર્ગત વ્યકિતએ કોઈ અન્ય વ્યકિતના સંપર્કમાં આવેલ હોય જે એપના ઉપયોગકર્તા હોય, સંપર્કનો સમય વગેરેનો ડેટા હોય છે. |
| સ્વ–મૂલ્યાંકન સંબંધિત ડેટા | એપમાં વ્યકિતને સ્વ–મૂલ્યાંકન માટે પૂછવામાં આવતા પ્રશ્નો અને તેના જવાબ સંબંધિત ડેટા હોય છે. |
| સ્થાન સંબંધિત ડેટા | કોઈ વ્યકિતના ભૌગોલિક સ્થાન (Location)નો ડેટા હોય છે. |

- આ ડેટા નેશનલ ઈન્ફોર્મેટિકસ સેન્ટર દ્વારા મંત્રાલયો, રાજ્ય સરકારો, સ્વાસ્થ્ય વિભાગ, રાષ્ટ્રીય આપદા પ્રબંધન સંખ્યા, રાજ્ય આપદા પ્રબંધન સંસ્થા વગેરેને આપવામાં આવે છે.
- આ ઉપરાંત ડેટાને સંશોધન માટે યુનિવર્સિટીને પણ આપી શકાય છે.
- જાહેર કરવામાં આવેલ નિર્દેશો મુજબ ત્રીજા પક્ષને પણ ડેટા આપવાના નિયમોનો ઉલ્લેખ છે. COVID-19ના સંબંધે નીતિ–નિર્માણની જરૂરિયાત હોય ત્યારે જ આ ડેટાને આપી શકાય છે.

## ડેટા આપવા માટેના દિશા-નિર્દેશો :

- જે પણ સંસ્થાને ડેટા આપવામાં આવે તે "ડી–આઈડેન્ટીફાઈડ" (De-Identitified) રૂપમાં હોવો જોઈએ. અર્થાત્ આ ડેટાથી કોઈ વ્યક્તિની ઓળખ ન થઈ શકે તેવી રીતે ડેટા આપવો.
- નેશનલ ઈન્ફોર્મેટિકસ સેન્ટર (NIC) ડેટા આપતી વખતે દસ્તાવેજીકરણ કરશે અને એજન્સીની યાદી બનાવશે જેમને ડેટા વેંહચવામાં આવી રહ્યો હોય.
- ડેટા આપતી વખતે ડેટા આપવાનો સમય, કોને આપવામાં આવી રહ્યો છે, ડેટાની શ્રેણી, આપવા માટેનો ઉદ્દેશ્ય વગેરેની માહિતીનો સમાવેશ થાય છે.
- આ ડેટા કોઈપણ સંસ્થા 180 દિવસથી વધુ પોતાની પાસે રાખી શકશે નહીં.

## ડેટાની વહેંચણી અને ગોપનીયતા :

- સરકાર દ્વારા કોઈ ખાતરી આપવામાં આવી નથી કે COVID-19 બાદ આ ડેટાને નષ્ટ કરી દેવામાં આવશે.
- સ્થાન સંબંધિત ડેટા એકત્રિત કરવો એ સર્વેલન્સ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે જે ગોપનીયતાનું હનન છે.
- કોઈ ત્રીજા પક્ષ સાથે ડેટાની વહેંચણી કરવાને લીધે તેનો દુરૂપયોગ થવાની પણ સંભાવના રહે છે.

- ભારતમાં વ્યક્તિના ડેટા સંરક્ષણ (Data Protection) બાબતે હાલમાં કોઈ અસરકારક કાયદાઓ નથી આથી જો ગોપનીયતાનુ હનન અને ડેટાનો દુરુપયોગ થાય તો વ્યક્તિ પાસે અસરકારક કાયદાનું સંરક્ષણ ન હોવાથી ચિંતા છે.

### Back to basics : આરોગ્ય સેતુ એપ વિશે :

- આરોગ્ય સેતુ એપ એ COVID-19થી ચેપી વ્યક્તિઓ અને તેની જાણકારી મેળવવા માટે જાહેર–ખાનગી ભાગીદારીના ધોરણે શરૂ કરવામાં આવી હતી.
- કોઈ વ્યક્તિમાં COVID-19ના જોખમની જાણકારી માટે આ એપમાં બ્લૂટૂથ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રયોગ કરવામાં આવે છે.
- આ એપ 11 ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- ઘણા ક્ષેત્રોમાં સરકારી કર્મચારીઓ અને વિદેશથી આવતા લોકો માટે આ એપ ડાઉનલોડ કરવી ફરજિયાત બનાવવામાં આવેલ છે.

## મેલામાઈનનું પરીક્ષણ

- મેલામાઈન એ દૂધ અને ડેરીના અન્ય ઉત્પાદનોમાં ભેળવવામાં આવે છે જે હાનિકારક હોય છે.
- હાલમાં દૂધ અને ડેરી ઉત્પાદનોમાંથી તેનું પરીક્ષણ કરવા માટેની કેટલીક તકનિકો ઉપલબ્ધ છે.
- તાજેતરમાં "ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ"ના વૈજ્ઞાનિકો દ્વારા મેલામાઈનનું પરીક્ષણ કરવા નવી તકનિકનો વિકાસ કર્યો છે.

### વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવેલ તકનિકની વિશેષતાઓ :

- સંશોધનકારો અનુસાર હાલમાં રહેલી તકનિકો વધારે સમય લે છે. આ નવી તકનિકના માધ્યમથી દુધ અને ડેરી ઉત્પાદનોમાં મેલામાઈનની ઉપસ્થિતિ અંગે ફક્ત 4 મિનિટમાં જાણકારી મેળવી શકાય છે.
- આમ નવી તકનિક દ્વારા પરીક્ષણમાં ઝડપ આવશે તથા દુધમાં મેલામાઈનના 0.1 ભાગ પ્રતિ મિલિયન સુધીની જાણકારી મેળવી શકાશે.

### Back to basics : મેલામાઈન વિશે :

- મેલામાઈન એક કાર્બન આધારિત રસાયણ છે જેનો દુધ અને ડેરી ઉત્પાદનોમાં ભેળસેળ કરવા હેતુ ઉપયોગ કરવામાં આવે છે. તે નાઈટ્રોજનથી સમૃદ્ધ સફેદ ક્રિસ્ટલના રૂપમાં જોવા મળે છે.
- તેનો ઉપયોગ દુધના વેપારીઓ દુધની માત્રા વધારવાના હેતુથી પાણીમાં ભેળવીને કરે છે જેથી દુધમાં પ્રોટીનની માત્રા ઓછી થઈ જાય.
- સામાન્ય રીતે તેનો ઉપયોગ પ્લાસ્ટિક, ગૂંદ અને વ્હાઈટબોર્ડ બનાવવા માટે કરવામાં આવે છે.
- દુધ અને ડેરીના ઉત્પાદનોમાં તેનો ઉપયોગ કરવાને લીધે કિડની સંબંધિત બીમારીઓ થઈ શકે છે.

## રિસ્ટાર્ટ સંમેલન

- તાજેતરમાં રાષ્ટ્રીય તકનિકી દિવસ પર "રિસ્ટાર્ટ સંમેલન"નું ડિજિટલ રીતે આયોજન કરવામાં આવ્યું હતું.
- રિસ્ટાર્ટ (RESTART)નું પૂરું નામ "Rebooting the Economy through Science, Technology and Research Translation" છે.
- આ સંમેલનનું આયોજન વિજ્ઞાન અને તકનિકી વિભાગની એક સ્વાયત્ત સંસ્થા "તકનિકી

વિકાસ બોર્ડ'' અને ''ભારતીય ઉદ્યોગ સંઘ'' દ્વારા કરવામાં આવ્યું હતું.

## રિસ્ટાર્ટ સંમેલનની મુખ્ય બાબતો :

- સંમેલનમાં COVID-19ના લીધે અર્થતંત્રને થયેલા નુકસાનને વિજ્ઞાન અને ટેક્નોલોજીના માધ્યમથી મજબૂત કેમ બનાવવું તે બાબત પર ચર્ચા થઈ હતી.
- ઓછા સમયમાં દવાની શોધ, નિદાન માટેના ઉપકરણો, રસી જેવી બાબતોની નવીન રીતો વિજ્ઞાન એન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા દર્શાવવામાં આવી.
- સંમેલન અંતર્ગત COVID-19 માટે પરીક્ષણ, માસ્ક, સેનિટાઈઝર PPE કીટ જેવી બાબતો માટે ''મેક ઈન ઈન્ડિયા'' અંતર્ગત શરૂ કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી.
- સંમેલનમાં ડિજિટલ 2-B લાઉન્જના માધ્યમથી એવી કંપનીનું ઉદઘાટન કરવામાં આવ્યું જેને '' તકનિકી વિકાસ બોર્ડ'' દ્વારા સહયોગ આપવામાં આવ્યો છે.
- COVID-19 સાથે જોડાયેલ તકનિકી ક્ષમતાઓની આકરણી કરવા ગઠિત COVID-19 'ટાસ્ક ફોર્સ' વિશે પણ લોકોને જાણકારી આપવામાં આવી.

## રાષ્ટ્રીય બાયોમેડિકલ સંસાધન સ્વદેશીકરણ કંસોર્ટિયમ

- બાયોટેકનોલોજી વિભાગ દ્વારા જાહેર–ખાનગી ભાગીદારી મોડેલ અંતર્ગત રાષ્ટ્રીય બાયોમેડિકલ સંસાધન સ્વદેશીકરણ કંસોર્ટિયમ શરૂ કરવામાં આવેલ છે.
- તેની શરૂઆત COVID-19નું નિદાન, રસી માટે સંસાધનોનો વિકાસ કરવા માટે કરાયેલ છે.

## રાષ્ટ્રીય બાયોમેડિકલ સંસાધન સ્વદેશીકરણ કંસોર્ટિયમનો ઉદ્દેશ્ય :

- તેના દ્વારા બાયોટેકનોલોજી સંસાધનોના પ્રદાતાઓ અને ઉત્પાદન સાહસિકોની ઓળખ કરવામાં આવશે.
- તેના અંતર્ગત જાહેર–ખાનગી ભાગીદારી દ્વારા સક્ષમ વાતાવરણ બનાવવામાં આવશે.
- COVID-19ના નિદાન માટે રસીના વિકાસ માટે બાયોટેકનોલોજી વિભાગ, બાયોટેકનોલોજી સંશોધન સહાયતા પરિષદ અને વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગથી આવતા ભંડોળ માટે પ્રવેશદ્વારનું કાર્ય કરશે.
- વર્તમાન ક્ષમતાઓ અને પ્રદાતાઓ અને ઉત્પાદન સાહસોની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- રાષ્ટ્રીય બાયોમેડિકલ સંસાધન, સ્વદેશીકરણ કંસોર્ટિયમનું નેતૃત્વ એ ''સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેકયૂલર પ્લેટફોર્મ'' દ્વારા કરવામાં આવશે.

## ઈ-ટૂલ અને સેન્સર ડિવાઈસ

- COVID-19ને નિયંત્રણમાં લેવા માટે નવી–નવી તકનિકો એ અલગ–અલગ સંસ્થાઓ દ્વારા વિકસાવવામાં આવી રહી છે.
- ''સાયન્સ ફોર ઈક્વિટી એમ્પાવરમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ'' અલગ અલગ સંસ્થાઓને તકનિકો વિકાસ કરવામાં સહાયતા કરવામાં આવી રહી છે.
- આ સહાયતા એ ''ટેક્નોલોજી ઈન્ટરવેશન ફોર ડિસેબલ્ડ એન્ડ એલ્ડરર્લી'' (Technology Interventions for Disabled and Elderly-TIDE) કાર્યક્રમના અંતર્ગત કરવામાં આવી રહી છે.

- TIDE કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં "ઈ–ટૂલ" અને "સેન્સર ડિવાઈસ" વિકસિત કરવામાં આવેલ છે.

## ઈ-ટૂલ વિશે

- COVID-19થી ઉત્પન્ન થતી સમસ્યાઓના સમાધાન હેતુ "ઈ–ટૂલ" વિકસિત કરવામાં આવેલ છે.
- ઈ–ટૂલના માધ્યમથી દિવ્યાંગજનો અને વૃદ્ધોનું એકલપણું દૂર કરવા શિક્ષા, મનોરંજન સાથે સ્વચ્છતા સંબંધિત જાણકારી આપવામાં આવશે.
- ઈ–ટૂલનો ઉપયોગ એ ટેબ અથવા મોબાઈલના માધ્યમથી થશે અને તેનો ઉપયોગ કોઈ કાર્યને શીખવા માટે પણ કરી શકાશે.
- TIDE કાર્યક્રમ અંતર્ગત તેનો વિકાસ ચેન્નઈ ની રાજલક્ષ્મી એન્જિનિયરીંગ કોલેજ દ્વારા કરવામાં આવેલ છે.

## સેન્સર ડિવાઈસ વિશે

- સેન્સર ડિવાઈસ હાથમાં પહેરી શકાય તેવું ડિવાઈસ છે વૃદ્ધો અને દિવ્યાંગજનનોને કોરેન્ટાઈન કરવામાં આવેલ હોય તેના પર ધ્યાન રાખી શકાશે.
- સેન્સર ડિવાઈસ એ વૃદ્ધોની તબિયત બગડે કે પછી નબળાઈ આવે તેના વિશે પૂર્વાનુમાન આ માટે પણ મદદરૂપ બની શકે છે.

# સ્માર્ટ મીટર

- એનર્જી એફિસિયન્સી સર્વિસિસ લિમિટેડ–EESL મુજબ "સ્માર્ટ મીટર નેશનલ પ્રોગ્રામ" અંતર્ગત કુલ 1.2 મિલિયનથી વધુ મીટર લગાવવામાં આવ્યા છે.

## EESL દ્વારા આપવામાં આવેલ વિગતો

- EESL અનુસાર વીજળી વિતરણ કંપનીઓને સ્માર્ટ મીટરના માધ્યમથી 95% બિલિંગ દક્ષતા પ્રાપ્ત કરવામાં મદદ મળી છે જેનાથી તેમની આવકમાં પણ વધારો થયો છે.
- EESLના આંકડાઓ અનુસાર રાજ્યોમાં લગાવવામાં આવેલ સ્માર્ટ મીટર :

| રાજ્ય | કેટલા સ્માર્ટ મીટર ? |
|---|---|
| ઉત્તરપ્રદેશ | 9,84,000 |
| હરિયાણા | 1,23,000 |
| દિલ્હી | 57,000 |
| બિહાર | 28,000 |

- EESL અનુસાર નવીદિલ્હી નગરપાલિકા પરિષદ પોતાના ક્ષેત્રમાં 100% સ્માર્ટ મીટર લાગુ કરનાર ભારતની પ્રથમ નગરપાલિકા પરિષદ છે.

## Back to basics : સ્માર્ટ મીટર અને એનર્જી એફિસિયન્સી સર્વિસિસ લિમિટેડ

■ **સ્માર્ટ મીટર નેશનલ પ્રોગ્રામ વિશે :**

- સ્માર્ટ મીટર એ આધુનિક તકનિક પર આધારિત મીટર છે અને તે નાના કમ્પ્યુટરની પ્રણાલીની જેમ કાર્ય કરે છે.
- સ્માર્ટ મીટર લગાવવાથી વીજ યુનિટનો વપરાશ તથા બિલ વિશેની બધી માહિતી મળી રહે છે.
- જો કે સ્માર્ટ મીટર એ સેન્ટ્રલ ઈલેક્ટ્રીસિટી ઓથોરિટીના દિશા–નિર્દેશો અનુરૂપ લગાવી શકાય છે.
- સ્માર્ટ મીટર સેન્સર ધરાવે છે તેથી તેની સાથે કોઈપણ પ્રકારની છેડછાડ થઈ શકે નહી અને વીજ ચોરીની ઘટનાઓને રોકી શકવામાં મદદ મળે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- સ્માર્ટ મીટર નેશનલ પ્રોગ્રામ સ્માર્ટ મીટરથી બદલવાની દિશામાં કાર્ય કરવામાં આવશે.
- સ્માર્ટ મીટર નેશનલ પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર ભારતમાં 25 કરોડ પારંપરિક મીટરને સ્માર્ટ મીટરથી બદલવાની દિશામાં કાર્ય કરવામાં આવશે.

### એનર્જી એફિસિયન્સી સર્વિસિસ લિમિટેડ (EESL) વિશે

- EESL એ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન, પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ, રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન અને પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયની સંયુકત માલિકીની કંપની છે.
- તેની સ્થાપના એ વિદ્યુત મંત્રાલય અંતર્ગત કરવામાં આવી છે.
- ઉજાલા બલ્બ, સ્માર્ટ મીટર, એનર્જી એફિસયન્ટ AC, સ્ટ્રીટ લાઈટિંગ નેશનલ પ્રોગ્રામ, ઈ–વ્હીકલ તથા નેશનલ બિલ્ડિંગ એનર્જી એફિસિયન્સી પ્રોગ્રામ વગેરેની નોડલ સંસ્થા EESL છે.

## પાર્કિંસંસ રોગ

- "ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી – ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈન્સ" અને "કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ– ઈન્ડિયન ઈસ્ટિટયૂટ ઓફ કેમિકલ બાયોલોજી" દ્વારા એક તકનિક વિકસિત કરવામાં આવી છે જે પાર્કિંસંસ રોગના અભ્યાસમાં મદદરૂપ બનશે.

### પાર્કિંસંસ રોગના અધ્યયન માટેની નવી તકનિક

- ભારતીય શોધકર્તાઓ દ્વારા ઝેડ–સ્કેન તકનિક વિકસિત કરવામાં આવી છે.
- ઝેડ–સ્કેન તકનિક દ્વારા બાયોમટિરિયલના અસમાન વ્યવહારનો અભયાસ કરી શકાય છે.
- આ તકનિક આલ્ફા સિન્યૂકિલન નામના પ્રોટીનના એકત્રીકરણની શરૂઆતમાં અને અંતના બંને તબક્કાનું નિરીક્ષણ કરવામાં મદદ કરી શકે છે.
- શોધકર્તાઓ મુજબ પ્રોટીનમાં મોનોમેરિક સ્થિતિથી લઈને ફાઈબ્રિલર સંરચના સુધી અસમાનતા છે.
- આલ્ફા સિન્યૂકિલનમાં સૌથી વધુ ખતરનાક પછીથી બનતા ઓલિગોમર્સને માનવામાં આવે છે. આ તકનિકની મદદથી પ્રોટીન પર સરળ તાથી નજર રાખી શકાય છે જે દવાના વિકાસમાં ઉપયોગી બની શેક છે.

### Back to basics : પાર્કિંસંસ રોગ વિશે

- પાર્કિંસંસ રોગ એક એવી બીમારી છે જેમાં તંત્રિકા તંત્ર સતત નબળુ થઈ જાય છે.
- સામાન્ય રીતે 60 વર્ષથી વધુની વયના લોકોમાં આ રોગના લક્ષણો જોવા મળતા હોય છે પરંતુ આ રોગ કોઈપણ ઉંમરમાં થઈ શકે છે.
- શરીર કાંપવું, શિથિલ ગતિશીલતા, ઝૂકીને ચાલવું, યાદશકિત સંબંધિત સમસ્યા અને વ્યવહાર વગેરે આ રોગના લક્ષણો છે.

## ઈવેન્ટ બોલ

- ભારતની કમ્પ્યુટર ઈમરજન્સી રિસપોન્સ ટીમ (CERT) દ્વારા "ઈવેન્ટ બોટ" (EventBot) નામના એક માલવેર (Malware) સંબંધે ચેતવણી જાહેર કરી છે.

### ઈવેન્ટ બોટ માલવેર વિશે :

- ઈવેન્ટ બોટ માલવેર એક ટ્રોજન છે. તે ગુપ્ત રૂપથી કમ્પ્યુટર કે ફોનની ઓપરેટિંગ સિસ્ટમ પર હુમલો કરે છે.
- વર્તમાનમાં આ માલવેર 200થી વધુ વિભિન્ન નાણાકીય એપ્લિકેશનને પ્રભાવિત કરવામાં સક્ષમ છે.
- CERT અનુસાર આ માલવેરે પેપાલ, યુનીક્રેડિટ, HSBC, કોઈનબેસ, ટ્રાન્સફર વાયર જેવી નાણાકીય એપ્લિકેશન પર હુમલો કરેલ છે.
- આ માલવેર થર્ડ–પાર્ટી એપ્લિકેશનનો ઉપયોગ કરી વપરાશકર્તાની સિસ્ટમ સુધી પહોંચી શકે છે.
- પ્રથમ દષ્ટિમાં આ માલવેર કે વાયરસ સાચો લાગે છે પરંતુ તેનો ઉપયોગ નુકસાન પહોંચાડવા કરવામાં આવે છે.
- આ માલવેર ઉપયોગકર્તાના મેસેજ વાંચી શકે છે અને ટુ ફેક્ટર ઓથેન્ટીકેશનને બાયપાસ કરી શકે છે.

### માલવેર એટલે શું ?

- માલવેર કોઈ કમ્પ્યુટરને નુકસાન પહોંચાડવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવતો સોફટવેર છે.
- તે કમ્પ્યુટરની સંવેદનશીલ જાણકારી ચોરી શકે છે અને કમ્પ્યુટરને ધીમું કરી શકે છે.

■ **કમ્પ્યુટર ઈમરજન્સી રિસપોન્ટ ટીમ વિશે :**

- કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT) એ ઈલેકટ્રોનિક અને સૂચના તકનિકી મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તે ભારતની નોડલ એજન્સી છે જે હેકિંગ, સાયરબર સુરક્ષા જોખમો વિરુદ્ધ કાર્ય કરે છે.
- "સાયબર સ્વચ્છતા કેન્દ્ર" જેવી પહેલોને પણ લાગુ કરવાનું કાર્ય CERT કરે છે.

## ICMR અને ગ્લોબલ સોલિડેરિટી ટ્રાયલ

- ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા શરૂ કરવામાં આવેલ COVID-19ના "ગ્લોબલ સોલિડેરિટી ટ્રાયલ"માં ભાગ લેશે.
- **WHO દ્વારા મેગા પરીક્ષણ :**
- ગ્લોબલ સોલિડેરિટી એ COVID-19ના ઉપચાર અને નિદાન માટે આંતરરાષ્ટ્રીય કિલનિકલ ટ્રાયલ અથવા પરીક્ષણ છે.
- WHO દ્વારા ચાર ઉપચારોની દક્ષતા અને સટીકતાનું પરીક્ષણ કરવા ચાર મેગા પરીક્ષઢ ણની શરૂઆત કરેલ છે.
- આ ચાર ઉપચાર નીચે મુજબ છે :
  (1) હાઈડ્રોકસીકલોરોકવીન
  (2) રેમડેસિવિર
  (3) રોપિનવીર–રિટોનવીર
  (4) લોપિનવીર–રિટોનવીરની સાથે ઈન્ટરફેરોન
- લોપિનવીર અને રિટોનવીરનો ઉપયોગ વર્તમાનમાં HIVના ઈલાજ માટે કરવામાં આવે છે.
- રેમડેસિવિરને દુનિયામાં હજુ સુધી મંજુર કરવામાં આવેલ નથી. જો કે નિદાનના પરીક્ષણોમાં સાબિત થયું છે કે આ દવા રીસસ વાંદરાઓમાં ઈબોલા વાયરસને અવરોધિત કરેલ છે.
- આ પરીક્ષણો નિદાનના પ્રભાવની સરખામણી કરવા માટે ઉપયોગી બનશે.
- પરીક્ષણથી ખ્યાલ આવશે કે દવા COVID-19ની પ્રગતિને ધીમી કરી શકે છે અને રોગીઓના જીવનમાં સુધારો કરી શકે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### પરીક્ષણમાં ભાગ લેતા હોસ્પિટલ :

- આ પરીક્ષણમાં ગુજરાતનાં 4 શહેરો વડોદરા, અમદાવાદ, સુરત અને રાજકોટના હોસ્પિટલો ભાગ લેશે.
- ICMR ભારતમાં પરીક્ષણ કરવા WHOનું પ્રતિનિધિત્વ કરશે.

## પુરુષો મહિલાઓની સરખામણીએ COVID-19 માટે વધુ સંવેદનશીલ

- COVID-19 માટે એવી કલ્પના રજૂ કરવામાં આવી હતી કે પુરુષો એ મહિલાઓની સરખામણીએ COVID-19 માટે વધુ સંવેદનશીલ હોય છે. આ કલ્પનાને યુરોપીયન હાર્ટ જર્નલમાં પ્રકાશિત એક શોધમાં સાબિત કરાયેલ છે.

### શા માટે પુરુષો COVID-19 માટે વધુ સંવેદનશીલ ?

- માનવ શરીરમાં ACEZ એન્ઝાઈમ પ્રમુખ પરિબળ છે જે માનવ કોશિકાઓને ચેપ લગાડવા COVID-19ને સક્ષમ બનાવે છે.
- અભ્યાસમાં એવુ જાણવા મળ્યું છે કે ACEZ એન્ઝાઈમનું સ્તર મહિલાઓની સરખામણીએ પુરુષોમાં વધુ હોય છે.

### ACEZ એન્ઝાઇમ શું છે ?

- એન્જિઓટેંસિન કન્વર્ટિંગ એન્ઝાઈમ 2 ફેફસા, હૃદય, કિડની અને કોશિકાઓની બહારની સપાટી પર હોય છે.
- આ એન્ઝાઈમનું પ્રાથમિક કાર્ય એમીનો એસિડના પરિવહનનું નિયમન કરવાનું છે. (એમીનો એસિડ પ્રોટીનના પાચનથી બને છે.)
- ACEZ એન્ઝાઈમ COVID-19 વાયરસ માટે પ્રવેશ બિંદુ તરીકે કાર્ય કરે છે.

## COBAS 6800

- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી દ્વારા તાજેતરમાં સરકાર દ્વારા ખરીદવામાં આવેલ COBAS 6800 નામની પ્રથમ પરીક્ષણ મશીન સમર્પિત કરવામાં આવી છે.
- COBAS 6800 સંપૂર્ણ રીતે સ્વચાલિત મશીન છે જે COVID-19 માટે વાસ્તવિક સમયમાં PCR પરીક્ષણ કરી શકે છે.
- COBAS 6800 એ 24 કલાકમાં લગભગ 1200 નમૂનાઓનું પરીક્ષણ કરી શકે છે.
- COVID-19 ઉપરાંત આ મશીનમાં હેપેટાઈટિસ, કલૈમાઈડિયા, HIV, પૈપિલોમા, TB વગેરે રોગ માટે પણ પરીક્ષણ કરી શકાશે.
- આ મશીનને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ ખાતે રાખવામાં આવેલ છે.

### COBAS 6800 વિશે અન્ય માહિતી :

- આ મીશનને રોશ ડાયગ્નોસ્ટિકસ દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.
- મશીનનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની પરીક્ષણ ક્ષમતાને વધારવાનો છે.
- COVID-19 માટે RT-PCR પરીક્ષણોનો ઉપયોગ કરવામાં આવે છે કારણ કે તે સૌથી વધુ ચોક્કસ પરીણામો આપે છે.

## પ્રાણવાયુ કાર્યક્રમ

- બેંગલુરૂ સિટી કોર્પોરેશને લોકોના શ્વસન સ્વાસ્થ્ય વિશે જાગૃકતા વધારવા "પ્રાણવાયુ" કાર્યક્રમની શરૂઆત કરી છે.
- આ કાર્યમનો ઉદ્દેશ્ય લોકોના ઓકિસજન સ્તરને વધારવામાં મદદ કરવાનો છે. કાર્યક્રમ દ્વારા

લોકોને સ્વાસ્થ્ય વિશે જાણકારી રાખવામાં મદદ મળશે.

➢ ગંભીર તીવ્ર શ્વસન બીમારીના લીધે દેશમાં ઘણાં મૃત્યુ થયા છે. વિશેષ રૂપથી COVID-19 ના લીધે હાઈપોકિસયા, (પેશીઓમાં ઓકિસજનનો ઘટાડો) થાય છે.


## COVID-19 અને શ્વાસ લેવામાં તકલીફ

➢ COVID-19 રાસાયણિક પ્રતિક્રિયાઓના માધ્યમથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે.

➢ જ્યારે વ્યક્તિને COVID-19નો ચેપ લાગે છે ત્યારે વાયરસ લાલ રકત કોશિકાઓમાં હીમોગ્લોબિનની સાથે જોડાય જાય છે. જે શ્વસન પ્રક્રિયામાં વિક્ષેપનું મુખ્ય કારણ છે.

➢ સામાન્ય શ્વસન દરમિયાન હીમોગ્લોબિન ફેફસામાં હવાના કક્ષોથી પૂરાં શરીરમાં કોશિકાઓ સુધી ઓકિસજનના વાહકના રૂપમાં કાર્ય કરે છે. તેના બદલામાં કોશિકાઓ કાર્બન ડાયોકસાઈડ એકત્રિત કરીને ફેફસા સુધી લઈ જાય છે.

➢ COVID-19 એ હીમોગ્લોબિનના કાર્યને અવરોધે છે જેનાથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે.



## ગ્લોબલ એનર્જી રિવ્યુ 2020

- ➤ ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા 'ગ્લોબલ એનર્જી રિવ્યુ, 2020' નામનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવેલ છે.
- ➤ આ રિપોર્ટ અંતર્ગત COVID-19 મહામારીની ઊર્જાની માંગ અને કાર્બન ઉત્સર્જન પરની અસરને પણ સમાવવામાં આવી છે.
- ➤ વૈશ્વિક લોકડાઉનને લીધે પરિવહન સ્થગિત થવાની અસર વૈશ્વિક ઊર્જાની માંગ પર થઈ છે.

### ગ્લોબલ એનર્જી રિવ્યુ 2020ની મુખ્ય બાબતો

**વૈશ્વિક ઊર્જાની માંગ**

- ➤ સંપૂર્ણ લોકડાઉન ધરાવતા દેશોમાં પ્રતિ અઠવાડિયામાં ઊર્જાની માંગમાં સરેરાશ 25% ઘટાડો થયો છે.
- ➤ આંશિક લોકડાઉન ધરાવતા દેશોમાં પ્રતિ અઠવાડિયામાં ઊર્જાની માંગમાં સરેરાશ 18% ઘટાડો થયો છે.
- ➤ 2019ના પ્રથમ ત્રિમાસિકની સરખામણીએ 2020ના પ્રથમ ત્રિમાસિકમાં વૈશ્વિક ઊર્જાની માંગમાં 3.8%નો ઘટાડો થયો છે.
- ➤ એવું અનુમાન છે કે 2008ની વૈશ્વિક મંદી કરતા COVID-19ની અસર ઊર્જાની માંગ પર 7 ગણી વધુ રહેશે.
- ➤ વિવિધ પ્રકારના ઊર્જાના સ્ત્રોત અને તેની માંગમાં નીચે મુજબનો ઘટાડો/વધારો નોંધવામાં આવ્યો છે.

| ઊર્જાના સ્ત્રોતોની માંગ | સંબંધિત માહિતી |
|---|---|
| કોલસાની માંગ | 2019ના પ્રથમ ત્રિમાસિક કરતા 8% ઘટાડો |
| પેટ્રોલની માંગ | પરિવહન સ્થગિત થવાથી 2020ના પ્રથમ ત્રિમાસિકમાં 5% ઘટાડો.<br>વર્ષ 2020માં સરેરાશ 9% ઘટાડો થવાનો અનુમાન. |
| ગેસની માંગ | મહામારીની અસર મધ્યમ રહી છે. ફક્ત 2% જેટલો ઘટાડો થયો છે. |
| નવીનીકરણ ઊર્જાની માંગ | ફક્ત એક જ સ્ત્રોત છે જેની માંગમાં વધારો થયો હોય.<br>વર્ષ 2020મા 1% વધારો થયાનો અનુમાન. |
| વીજળીની માંગ | લોકડાઉનના સમયે 20%નો ઘટાડો. |

### COVID-19 અને $CO_2$ ઉત્સર્જન

- ➤ એકંદર રીતે વર્ષ 2020માં ઉત્સર્જનમાં 2019ની સરખામણીએ 8% ઘટાડો થઈ શકે છે. જો આવું થાય તો એ વર્ષ 2010ની સરખામણીએ સૌથી ઓછું ઉત્સર્જન હશે.
- ➤ ઘટાડોએ વર્ષ 2009 દરમિયાન થયેલા ઉત્સર્જનથી 6 ગણો વધારે હશે.
- ➤ દ્વિતીય વિશ્વ યુદ્ધની સમાપ્તિ પછી પ્રથમ વખત વર્ષ 2020માં $CO_2$ ઉત્સર્જનમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે.
- ➤ વર્ષ 2020ના પ્રથમ ત્રિ–માસિકમાં વૈશ્વિક ઊર્જાની માંગમાં ઘટાડા કરતા વધુ ઘટાડો $CO_2$ના ઉત્સર્જનમાં નોંધાયો છે.

### ભારતના સંદર્ભે ઊર્જાની માંગ પર અસર

- લોકડાઉનના કારણે ભારતની ઊર્જાની માંગમાં 30%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- લોકડાઉનને આગળ વધારતા પ્રતિ અઠવાડિયે ઊર્જાની માંગમાં 0.6%નો ઘટાડો થઈ શકે છે.

### Back to Basics : ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી વિશે

- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) એક સ્વાયત્ત સંગઠન છે.
- વર્તમાનમાં તેના 30 સભ્ય દેશો તથા 8 સહયોગી દેશો છે. તેની સ્થાપના વર્ષ 1974માં તેલ સંકટના બાદ કરવામાં આવી હતી.
- IEAનું મિશન એ ભવિષ્યમાં સુરક્ષિત અને સ્થાયી ઊર્જા ઉપલબ્ધ થાય તે છે.
- IEAના સદસ્ય બનવા દેશ એ OECDના સદસ્ય હોવું જરૂરી છે.
- ભારત વર્ષ 2017થી IEAનું સહયોગી સદસ્ય છે.
- IEAનું વડું મથક પેરિસ (ફ્રાન્સ) ખાતે છે.
- IEA દ્વારા દર વર્ષે 'વર્લ્ડ એનર્જી આઉટલુક' નામનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવે છે.

## કિસાન સભા એપ

- દેશમાં દૂરના ક્ષેત્રોમાં સપ્લાય ચેઈન અને માલ પરિવહન સંચાલન પ્રણાલી સાથે ખેડૂતોને જોડવા 'કિસાન સભા એપ' વિકસિત કરવામાં આવી છે.
- આ એપ CSIR-CRRI (CSIR - Central Road Research Institute) દ્વારા વિકસિત કરવામાં આવી છે.

### કિસાન સભા એપનું લક્ષ્ય

- તેનું લક્ષ્ય ખેડૂતોને સૌથી સસ્તી અને સમયસર લોજિસ્ટિક સહાયતા આપવી તથા વચ્ચેટિયાઓના હસ્તક્ષેપને ઓછો કરી સંસ્થાગત ખરીદદારો સાથે જોડીને લાભ આપવાનો છે.

### કિસાન સભા એપની અન્ય મુખ્ય બાબતો

- નજીકની મંડીમાં ઉપજ મૂલ્યની સરખામણી કરી તથા સસ્તી કિંમતે માલવાહક વાહનની બુકિંગ કરી પેદાશોની ઊંચી કિંમત આપવામાં એપ મદદ કરશે.
- આ પોર્ટલ ખેડૂતો, ટ્રાન્સપોર્ટર, મંડી ડીલર, ગ્રાહકો અને અન્ય સંબંધિત સંસ્થાઓને જોડે છે.
- એપ એવા લોકોને પણ એક મંચ આપે છે જેઓ ખેડૂતો પાસેથી સીધી તેમની પેદાશ ખરીદવા માંગતા હોય.
- આ એપ કોલ્ડ સ્ટોરેજ અને ગોદામ વ્યાપારથી જોડાયેલા લોકોને પણ મદદરૂપ થશે.

## 'એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ' યોજના
## 'One Nation One Ration Card' Scheme

- કેન્દ્રીય ગ્રાહક બાબતો, અનાજ અને જાહેર વિતરણ પ્રણાલી મંત્રાલય દ્વારા વધારાના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને 'એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ' યોજના અંતર્ગત આવરી લેવાયા છે.
- આ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ તથા હિમાચલ પ્રદેશનો સમાવેશ થાય છે.
- આ પહેલા યોજના અંતર્ગત 12 રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Back to Basics :
## એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ યોજના વિશે

- આ યોજના અંતર્ગત રાશન કાર્ડને આધાર કાર્ડથી જોડી પોઈન્ટ ઓફ સેલ (POS) સાથે જોડવામાં આવશે.
- જે રાજ્યો યોજનામાં જોડાયા છે તેના લાભાર્થીઓ જાહેર વિતરણ (Public Distribution)ની કોઈપણ દુકાનથી અનાજ પ્રાપ્ત કરી શકશે.
- આ યોજનાથી 'રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ'ના લાભાર્થીઓને અન્ય રાજ્યોમાંથી પણ અનાજ મેળવવામાં કોઈ અવરોધ નહીં થાય.
- યોજનાનું મુખ્ય કારણ એ છે કે ગરીબ અને મજદૂર લોકો પોતાની આજીવિકા અને રોજગાર માટે અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરતા હોય છે આથી તેમને અનાજ વિતરણની બાબતને આ યોજનાથી સુનિશ્ચિત કરવામાં આવશે.

## ગરૂડ પોર્ટલ

- નાગરિક ઉડ્ડયન મંત્રાલય અંતર્ગત કાર્યરત નાગરિક ઉડ્ડયન ડાયરેક્ટોરેટ જનરલ દ્વારા " ગરૂડ" નામનું એક પોર્ટલ લોન્ચ કર્યું છે.
- ગરૂડ (GARUD) પોર્ટલનું નામ "Government Authorisation for Relief Using Drones" છે.

### ગરૂડ પોર્ટલનું કાર્ય :

- ગરૂડ પોર્ટલ એ COVID-19 મહામારી માટે ડ્રોનને સંચાલિત કરવા માટે કેન્દ્ર સરકારથી છૂટ મેળવવા રાજ્ય સરકારને મદદ કરશે.
- કેટલીક રાજ્યની સંસ્થાઓ દ્વારા જાહેર સ્થળોને જીવાણુનાશક કરવા ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આથી આ પોર્ટલનું મહત્ત્વ વધી જાય છે.
- નાગરિક ઉડ્ડયન ડાયરેક્ટોરેટ જનરલ એ નાગરિક ઉડ્ડયનના ક્ષેત્રમાં એક નિયામક સંસ્થા છે, જે હવાઈ સુરક્ષા, દુર્ઘટના જેવી બાબતોની તપાસ કરે છે. આ ઉપરાંત ભારતની અંદર વિમાન પરિવહન સેવાના નિયમન માટે યોગ્ય ધોરણોના અમલીકરણ માટે પણ જવાબદાર છે.

## "લોસ્ટ એટ હોમ" રિપોર્ટ

- તાજેતરમાં UNICEF (United Nations Children's Fund) દ્વારા "લોસ્ટ એટ હોમ" રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ અંતર્ગત વિવિધ કારણોને લીધે વિસ્થાપિત થયેલા લોકોની માહિતી આપવામાં આવી છે.
- વિસ્થાપિત લોકોમાં 12 મિલિયન બાળકો છે. તેમાંથી લગભગ 3 મિલિયન બાળકોનું વિસ્થાપન સંઘર્ષ તથા હિંસાને કારણે જ્યારે 2 મિલિયન બાળકોનું વિસ્થાપન પ્રાકૃતિક આપદાઓને લીધે થયું છે.
- રિપોર્ટ અનુસાર 2019માં ભારતમાં આપદાઓ, સંઘર્ષ અને હિંસાને કારણે 5 મિલિયનથી વધુ લોકો આંતરિક રૂપથી વિસ્થાપિત થયા છે.
- વર્ષ 2019માં ભારતમાં સૌથી વિસ્થાપન થયું છે. ભારત પછી ફિલિપિન્સ, બાંગ્લાદેશ અને ચીનનો ક્રમ આવે છે.

### રિપોર્ટ અનુસાર વિસ્થાપનના વિવિધ પાસાંઓ :

■ **પ્રાકૃતિક આપદા અને વિસ્થાપન :**

- પ્રાકૃતિક આપદાને લીધે વર્ષ 2019માં લગભગ 10 મિલિયન લોકો પૂર્વી એશિયા અને પ્રશાંત

ક્ષેત્રમાં અને 9.5 મિલિયન લોકોનું દક્ષિણ એશિયામાં વિસ્થાપન થયું છે.

➤ ભારત, ફિલિપિન્સ, બાંગ્લાદેશ અને ચીનમાં આપદાને લીધે 69% વિસ્થાપન થયું છે.

➤ ભારતમાં વર્ષ 2019માં કુલ 5,37,000 લોકોનું આંતરિક વિસ્થાપન થયું તેમાંથી 5,18,000 લોકોનું પ્રાકૃતિક આપદાઓને લીધે વિસ્થાપન થયું છે.

### સંઘર્ષ અને હિંસાને કારણે વિસ્થાપન :

➤ વર્ષ 2019 સુધી લગભગ 46 મિલિયન લોકોનું આંતરિક વિસ્થાપન સંઘર્ષ અને હિંસાને કારણે થયું છે.

➤ વર્ષ 2019માં સંઘર્ષ અને હિંસાને કારણે 19 મિલિયન બાળકોનું આંતરિક રૂપથી વિસ્થાપન થયું છે.

➤ સંઘર્ષને કારણે બાળકોનું સૌથી વધારે આંતરિક વિસ્થાપન મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા તથા ઉપ સહારા આફ્રિકામાં થયું છે.

➤ વર્ષ 2019માં આંતરિક રૂપથી વિસ્થાપિત થયેલ દરેક ચોથી વ્યક્તિનું સંઘર્ષ અને હિંસાને કારણે વિસ્થાપન થયું છે.

➤ ભારતમાં 19000 લોકોના વિસ્થાપન માટે સંઘર્ષ અને હિંસાનું કારણ નોંધવામાં આવ્યું છે.

## આયુષ કવચ એપ્લિકેશન

➤ તાજેતરમાં ઉત્તર પ્રદેશ સરકારે રાજ્યના આયુષ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ "આયુષ કવચ" નામની એપ્લિકેશન લોન્ચ કરી છે.

➤ આ એપ્લિકેશન COVID-19થી લડવાની પ્રક્રિયામાં પ્રતિરક્ષાને પ્રોત્સાહન આપવાના હેતુ સ્વાસ્થ્ય ઉપચાર અને ઉપાય પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલી છે.

➤ એપ્લિકેશન દ્વારા ઔષધીય ગુણો વિશે માહિતી આપવામાં આવશે એ પણ જાણકારી આપવામાં આવશે કે શરીરની પ્રતિરક્ષામાં તુલસી, લવિંગ અને તજ જેવી ઔષધિયોનું શું મહત્ત્વ હોય છે.

## આયુષ સંજીવની એપ

➤ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી દ્વારા "આયુષ સંજીવનની એપ" અને "બે આયુષ આધારિત વૈજ્ઞાનિક અભ્યાસ" શરૂ કર્યા છે.

### આયુષ સંજીવની એપ વિશે :

➤ આ એપ આયુષ મંત્રાલય અને ઈલેક્ટ્રોનિકસ અને સૂચના તકનિકી મંત્રાલય દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.

➤ આ એપ લોકો વચ્ચે આયુષ સંબંધિત ભલામણો અને વિવિધ પગલાઓની સ્વીકાર્યતા તથા ઉપયોગની સાથે COVID-19ને નાબૂદ કરવામાં તેના પ્રભાવથી જોડાયેલી માહિતી એકત્રિત કરવામાં મદદ કરશે.

### આયુષ આધારિત બે અભ્યાસો :

(1) રોગ વિરોધકના રૂપમાં અને COVID-19ના ઉપચારમાં આયુર્વેદના ઉપયોગ પર સહયોગાત્મક નિદાન સંશોધન અધ્યયન.

(2) વધુ જોખમી વસ્તીમાં COVID-19ના ચેપના નિયંત્રણ માટે આયુષ આધારિત રોગ પ્રતિકારક પ્રભાવો પર પારંપરિક અધ્યયન.

## India SME Service Platform લોન્ચ

➤ તાજેતરમાં ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (Small Indeustries Development Bank of India-SIDBI) દ્વારા "India


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

SME Service Platform" નામથી એક ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે.

➤ આ પ્લેટફોર્મ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ (MSME) ઉદ્યોગોનું સંચાલન કરવા નાણાકીય કે ધિરાણ વધારવા અને અન્ય સહાયતા સેવાઓની માહિતી આપશે.

➤ બધી સરકારી યોજનાઓનું ડેશબોર્ડ પણ આ પ્લેટફોર્મ પર રાખવામાં આવશે.

## Back to basics : SIDBI વિશે :

➤ તે ભારતની સ્વતંત્ર નાણાકીય સંસ્થા છે જેની સ્થાપના MSME ઉદ્યોગોની વૃદ્ધિ અને વિકાસના લક્ષ્ય સાથે કરવામાં આવી હતી.

➤ તેની સથાપના 2 એપ્રિલ, 1990ના રોજ કરવામાં આવી હતી.

➤ SIDBIની મુખ્યાલય લખનૌ (ઉત્તર પ્રદેશ) ખાતે છે.

## ચૈંપિયન્સ પોર્ટલ

➤ તાજેતરમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (Ministry of Micro, Small and Medium Enterprises-MSME) દ્વારા ચૈંપિયન્સ પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે.

➤ આ પોર્ટલ તકનિક આધારિત એક પ્રબંધન સૂચના પ્રણાલી છે. જેનો ઉદ્દેશ્ય MSME ક્ષેત્રને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તર પર સક્ષમ બનાવવા, આવશ્યક ગુણવત્તા પ્રાપ્ત કરવા અને વહીવટીય અવરોધો દૂર કરવાનો છે.

➤ પોર્ટલના માધયમથી MSME ક્ષેત્ર સંબંધિત બધી જાણકારી એક જ સ્થાન પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### ચૈંપિયન્સ પોર્ટલની અન્ય માહિતી :

➤ આ પોર્ટલ એક "Control Room-Cum-Management Information System" છે. જેને ટેલિફોન, ઈન્ટરનેટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિકસ અને મશીન લર્નિંગ દ્વારા સક્ષમ બનાવવામાં આવેલ છે.

➤ પોર્ટલને ભારત સરકારની મુખ્ય કેન્દ્રીય જાહેર ફરિયાદ નિવારણ અને નિરીક્ષણ પ્રણાલી અને MSME મંત્રાલયની અન્ય વેબ પ્રણાલી સાથે જોડવામાં આવેલ છે.

## વૈશ્વિક પોષણ રિપોર્ટ-2020

➤ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ ‘‘વૈશ્વિક પોષણ રિપોર્ટ-2020’’ (Global Nutrition Report-2020) મુજબ ભારત વિશ્વના એ 88 દેશોમાં સમાવિષ્ટ છે જે વર્ષ 2025 સુધીના ‘‘વૈશ્વિક પોષણ લક્ષ્યો’’ પ્રાપ્ત કરવામાં સફળ થઈ શકશે નહીં.

### વૈશ્વિક પોષણ લક્ષ્યો શું છે ?

➤ વર્ષ 2012માં ‘‘વિશ્વ સ્વાસ્થ્ય સભા’’ દ્વારા માતા, બાળકો અને કિશોર બાળકોમાં 6 પોષણ લક્ષ્યોની ઓળખ કરવામાં આવી હતી.

➤ આ લક્ષ્યોને વર્ષ 2025માં પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

➤ આ 6 પોષણ લક્ષ્યો નીચે મુજબ છે :

1) 5 વર્ષથી ઓછી વયની વ્યક્તિમાં ઠીંગણાપણું (Stunting)ના કિસ્સામાં 40%નો ઘટાડો કરવો.

2) 19-50 વર્ષની મહિલાઓમાં એનિમિયાના કિસ્સામાં 50%નો ઘટાડો.

3) ઓછા વજનવાળા બાળકોના જન્મના કિસ્સાઓમાં 30% ઘટાડો સુનિશ્ચિત કરવો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4) બાળકોમાં મોટાપણુંના કિસ્સાઓમાં થતી વૃદ્ધિ રોકવી.
5) બાળકોના જન્મના પહેલા 6 મહિનામાં ફક્ત માતાનું દુધ આપવાના દરને 50% સુધી વધારવો.
6) બાળક નિર્બળતા/દુબળાપણુના કિસ્સાઓ ઘટાડવા અને તેને 5%થી ઓછું પ્રમાણ રાખવું.

## વૈશ્વિક પોષણ રિપોર્ટ-2020માં ભારત સંબંધિત મુદ્દાઓ :

➤ રિપોર્ટ અનુસાર વર્તમાનમાં જે ચાર માપદંડોના આંકડાઓ ઉપલબ્ધ છે તેમાં કોઈપણ માપદંડમાં ભારત લક્ષ્યને પ્રાપ્ત કરી શક્યું નથી.

➤ આ 4 માપદંડોમાં 5 વર્ષથી ઓછી વયના બાળકોમાં ઠીંગણાપણું, પ્રજનન યોગ્ય વયની મહિલાઓમાં એનિમિયાના કિસ્સાઓ, બાળ કોમાં મોટાપણું અને સ્તનપાનનો સમાવેશ થાય છે.

➤ રિપોર્ટ મુજબ પૂર્વમાં ભારતના બાળકો અને કિશોરોમાં ઓછા વજનના દરને ઘટાડવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

– રિપોર્ટ અંતર્ગત ભારતની ઓળખ નાઈજિરિયા અને ઈન્ડોનેશિયાની સાથે એવા ત્રણ ખરાબ દેશોમાં થઈ છે. જયાં ઠીંગણાપણામાં સૌથી વધુ અસમાનતા જોવા મળી છે.

➤ ઉત્તરપ્રદેશ રાજ્યમાં ઠીંગણાપણાના કિસ્સાઓ 40%થી વધુ છે. આ ઉપરાંત વધુ આવક કરતા ઓછી આવકના વર્ગના લોકોમાં આ કિસ્સાઓ બમણા છે.

➤ ભારતમાં ઠીંગણાપણામાં સૌથી વધુ વૃદ્ધિ પછાત વર્ગના લોકોમાં થઈ છે. તેમાં અનુસૂચિત જાતિમાં 43.6%, અનુસૂચિત જનજાતિમાં 42.5% અને અન્ય પછાત વર્ગના લોકોમાં 38.6% લોકોમાં ઠીંગણાપણાના કિસ્સા જોવા મળ્યા છે.

➤ રિપોર્ટ અનુસાર ભારતમાં પ્રજનન યોગ્ય વયમાં બેમાંથી એક મહિલાને એનિમિયા છે.

➤ ભારતીયોમાં વજન વધવો અને મોટાપણુંના કિસ્સામાં ઘણો વધારો (પુરુષોમાં 17.8% અને મહિલાઓમાં 21.6%) જોવા મળ્યો છે, તેના કારણે લગભગ દર 5માંથી 1 પુખ્ત વયની વ્યક્તિ તેનાથી પ્રભાવિત છે.

## Back to basics : ભારતમાં કૂપોષણની સ્થિતિ અને વૈશ્વિક પોષણ રિપોર્ટ વિશે :

**ભારતમાં કૂપોષણની સ્થિતિ :**

➤ વર્ષ 2000-2016 સુધી છોકરાઓમાં વજન ઓછો થવાના કિસ્સાનો દર 66%થી ઘટીને 58.1% થયો છે. આ જ સમયમાં છોકરીઓમાં ઓછા વજનના કિસ્સાનો દર 54.2%થી ઘટીને 50.1% સુધી પહોંચી ગયો છે.

➤ ઓછા વજનના કિસ્સામાં આ ઘટાડો એશિયાની સરેરાશથી વધુ છે.

➤ ભારતમાં 37.9% બાળકોમાં ઠીંગણાપણુ અને 20.8% નિર્બળતા અને દુબળાપણુના કિસ્સાઓ જોવા મળ્યા છે. એશિયામાં આ સરેરાશ ક્રમશઃ 22.7% અને 9.4% છે.

## વૈશ્વિક પોષણ રિપોર્ટ વિશે :

➤ આ રિપોર્ટની કલ્પના પ્રથમ વખત વર્ષ 2013માં "વૃદ્ધિ માટે પોષણ પહેલ સંમેલન" (Nutrition for Growth Initiative Summit-N4G) અંતર્ગત કરવામાં આવી હતી.

➤ તેનો પ્રથમ રિપોર્ટ વર્ષ 2014માં પ્રકાશિત કરવમાં આવ્યો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ રિપોર્ટ એ વૈશ્વિક પોષણ માટે વૈશ્વિક સ્થાનિક અને દેશના સ્તરનું મૂલ્યાંકન છે.

## એનર્જી ટ્રાન્ઝીસન ઈન્ડેક્ષ

- તાજેતરમાં "વિશ્વ આર્થિક મંચ" (World Economic Forum-WEF) દ્વારા એનર્જી ટ્રાન્ઝીસન ઈન્ડેક્ષ-2020 (Energy Transition Index( ETI) - 2020 ) જાહેર કરવામાં આવ્યો હતો.
- ETI-2020 અંતર્ગત વિશ્વના 115 દેશોની ઊર્જા પ્રણાલીનું પ્રદર્શન સ્તર પર સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

### ETI-2020 અંતર્ગત વિશ્વના દેશોનું પ્રદર્શન :

- ETI-2020 અંતર્ગત ટોચના 10 દેશોની યાદી નીચે મુજબ છે :

ETI-2020 અંતર્ગત ટોચના 10 દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | સ્વીડન |
| 2 | સ્વિટ્ઝર્લેન્ડ |
| 3 | ફિનલેન્ડ |
| 4 | ડેનમાર્ક |
| 5 | નોર્વે |
| 6 | ઓસ્ટ્રિયા |
| 7 | યુનાઈટેડ કિંગ્ડમ |
| 8 | ફ્રાન્સ |
| 9 | નેધરલેન્ડ |
| 10 | આઈસલેન્ડ |

### EIT-2020માં અન્ય દેશોનું પ્રદર્શન

- EIT-2020 અંતર્ગત USAનો ક્રમ 32મો રહ્યો હતો. જ્યારે ચીનનો ક્રમ 78મો રહ્યો હતો.
- EIT-2020 અંતર્ગત ભારતનો ક્રમ એ 74મો રહ્યો છે.
- વર્ષ 2015 બાદ 115 દેશોમાંથી ફક્ત 11 દેશોના ક્રમમાં સુધારો જોવા મળ્યો છે ભારત તે સૂચિમાં છે.

### ETI વિશેની અન્ય માહિતી :

- આ ઈન્ડેક્ષ અંતર્ગત 115 દેશોના "નેટ–શૂન્ય ઉત્સર્જન"ના દેશો અને તેમની સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવે છે.
- ઈન્ડેક્ષ અંતર્ગત ક્રમ એ નીચેના 6 પરિણામોના આધારે નક્કી કરવામાં આવે છે.

| ETI અંતર્ગત ધ્યાનમાં લેવાતા પરિણામો | |
|---|---|
| 1 | મૂડી અને રોકાણ |
| 2 | નિયમન અને રાજકીય પ્રતિબદ્ધતા |
| 3 | સંસ્થા અને શાસન |
| 4 | ઊર્જા પ્રણાલીનું માળખું |
| 5 | માનવ મૂડી અને ઉપભોક્તાની ભાગીદારી |
| 6 | સંસ્થા અને નવીન વ્યવસાય વાતાવરણ |

## ભારતમાં ચાર દાયકાઓમાં કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન સૌથી ઓછું

- સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ કિલન એનર્જી એન્ડ કલીન એર (CREA) દ્વારા કરાયેલ અભ્યાસ મુજબ ભારતમાં ચાર દાયકાઓમાં કાર્બન ડાયોક્સાઈડ ($Co_2$)ના ઉત્સર્જનમાં સૌથી વધુ ઘટાડો થયો છે.
- અભ્યાસ મુજબ માર્ચ મહિનામાં $Co_2$ ના ઉત્સર્જનમાં 15% અને એપ્રિલમાં 30% સુધી ઘટાડો થયો છે.
- આ અભ્યાસ મુજબ તેલ, ગેસ તથા કોલસાના વપરાશમાં ઘટાડો થયો છે. આ ઉપરાંત પાછલા વર્ષની સરખામણી એ દેશમાં વર્ષ 2019-20માં વપરાશમાં 30 મિલિયન ટનનો ઘટાડો થયો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાન

➢ બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાન દ્વારા 'એનિમલ એડોપ્શન પ્રોગ્રામ' (Animal Adoption Programme) અંતર્ગત નાગરિકોને 1 વર્ષ માટે વન્ય જીવોને ઘરે લઈ જવાની મંજૂરી આપવામાં આવી છે.

### એનિમલ એડોપ્શન પ્રોગ્રામની મુખ્ય બાબતો

➢ નાગરિકો નક્કી કરેલી રકમને ચૂકવીને વન્યજીવોને લઈ જઈ શકશે.

➢ ભારતીય કોબ્રા માટે રૂ. 2 હજાર અને એશિયેટિક હાથી માટે રૂ. 1.7 લાખ રકમ નક્કી કરવામાં આવી છે.

➢ આ ઉપરાંત નાગરિકો બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાનના અન્ય જીવો જંગલી બિલાડી, લંગુર, કાળા હરણ, સાંભાર વગેરેને 1 વર્ષ માટે દત્તક લઈ શકશે.

➢ હાલમાં 21 હાથીને ઈન્ટરનેટના માધ્યમથી દત્તક લઈ શકાશે.

➢ આ ઉપરાંત વન્ય જીવોના ભરણ–પોષણ, ચિકિત્સક કાળજી માટે થતો ખર્ચ વગેરેમાં જે લોકો ભાગ લે છે તેમને 'આવકવેરા અધિનિયમ'ની કલમ 80G (દાન સંબંધિત) અંતર્ગત કરમાંથી બાદ મળશે.

➢ ઉદ્યાનના વન્યજીવોને ઘરે લઈ જવા હેતુ પ્રોત્સાહિત કરવા ઉપહાર આપવાની પણ જોગવાઈ છે. દા.ત. ઉદ્યાનમાં નિ:શુલ્ક પ્રવેશ, પ્રમાણપત્ર, 3 વર્ષ માટે ઉદ્યાનના મહત્ત્વપૂર્ણ સંમેલનોમાં પ્રવેશ મળશે.

➢ આ કાર્યક્રમ દ્વારા લોકોને વન્યજીવોના સંરક્ષણ માટે જાગૃત કરી શકાશે.

### Back to Basics : બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાન વિશે

➢ કર્ણાટકના બેંગલોરમાં સ્થિત બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાનની સ્થાપના વર્ષ 1972માં કરવામાં આવી હતી.

➢ 1974માં તેને રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

➢ વર્ષ 2006માં અહીં દેશનું પ્રથમ 'પતંગિયા પાર્ક' સ્થાપવામાં આવ્યું હતું.

## 'નદી વ્યવસ્થાપનના ભવિષ્ય' પર આઈડયાથોન (IDEAthon)

➢ તાજેતરમાં 'નદી વ્યવસ્થાપનના ભવિષ્ય' (Future of River Management) વિષય પર આઈડયાથોન વેબિનારનું આયોજન થયું હતું.

➢ તેનું આયોજન 'જળ શક્તિ મંત્રાલય'ના ' રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન' અને 'શહેરી બાબતો પરની રાષ્ટ્રીય સંસ્થા' (National Institute of Urban Affairs - NIUA) દ્વારા કરવામાં આવ્યું હતું.

➢ વેબિનારમાં વિભિન્ન દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે 500 લોકોએ ભાગ લીધો હતો.

### આઈડયાથોનની મુખ્ય બાબતો

➢ આઈડયાથોનની વેબિનારના માધ્યથી નીચે મુજબના પ્રશ્નોનું નિવારણ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

1. લોકડાઉન દરમિયાન નદીની ગુણવત્તામાં થયેલા સુધારાને લાંબા સમય સુધી કેમ જાળવી રાખવો ?

INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

2. નદીના વ્યવસ્થાપનમાં સામાજિક દષ્ટિકોણનો લાભ કેવી રીતે ઉઠાવી શકાય ?
3. COVID-19 મહામારીથી નદી વ્યવસ્થાપનની દિશામાં શું શીખી શકાય ?
4. નદી સંકટની સ્થિતિમાં કઈ પ્રતિસાદ પદ્ધતિ જરૂરી છે ?

## બે ઓફ બેંગાલ બાઉન્ડ્રી લેયર એક્સપેરિમેંટ

➤ તાજેતરમાં બેંગલોરમાં સ્થિત "ભારતીય વિજ્ઞાન સંસ્થા" (Indian Institute of Science) અને UK સ્થિત "યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંગ્લિયા" ની ટીમ દ્વારા "બે ઓફ બેંગાલ બાઉન્ડ્રી લેયર એક્સપેરિમેંટ" (Bay of Bengal Boundry Layer Experiment - BoBBLE) અંતર્ગત મોનસૂન, ઉષ્ણકટિબંધીય ચક્રવાતો અને હવામાન સંબંધી અન્ય અનુમાનો માટે ચોક્કસ ભવિષ્યવાણીનો એક બ્લૂપ્રિંટ તૈયાર કરેલ છે.

### BoBBLE વિશે અન્ય માહિતી :

➤ તે ભારત અને UKની સંયુક્ત પરિયોજના છે. તેનો ઉદ્દેશ્ય મોનસૂન પ્રણાલી પર બંગાળની ખાડીમાં સમુદ્રી પ્રક્રિયાઓના પ્રભાવની તપાસ કરવાનો છે.

➤ આ યોજનાને ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અને બ્રિટન (UK)ના "પ્રાકૃતિક પર્યાવરણ સંશોધન પરિષદ" દ્વારા નાણાકીય સહાય આપવામાં આવશે.

➤ બંગાળની ખાડીએ "દક્ષિણ–એશિયા ઉનાળુ મોનસૂન પ્રણાલી"ને નિયંત્રિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

➤ આ યોજના અંતર્ગત બંગાળની ખાડીમાં થતાં દબાણોનું અવલોકન કરવા બે જહાજ, છ મહાસાગરીય ગ્લાઈડર્સ અને આઠ નૌકાને ગોઠવવામાં આવશે.

➤ જહાજો આ ક્ષેત્રમાં સમુદ્રના પ્રવાહોના પૂર્વ–પશ્ચિમ અને ઉત્તર–દક્ષિણ માર્ગોની જાણકારી મેળવી સમુદ્રી તાપમાન, ખારાશ, પ્રવાહો વગેરેનું અવલોકન કરશે.

## વર્ષ 2018-19 માટે ઊર્જા દક્ષતાના ઉપાયોનો પ્રભાવ

➤ તાજેતરમાં કેન્દ્રીય વીજળી અને નવીન તથા નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા "વર્ષ 2018-19 માટે ઊર્જા દક્ષતાના ઉપાયોનો પ્રભાવ" નામે એક રીપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

➤ આ રિપોર્ટ વિશેષજ્ઞ એજન્સી "પ્રાઈસ વોટરહાઉસ કૂપર્સ લિમિટેડ" દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

➤ ભારત પોતાની ઊર્જા દક્ષતા માટેની પહેલો દ્વારા વર્ષ 2005ની સરખામણીએ અર્થવ્યવસ્થાની ઊર્જા તીવ્રતામાં 20% ઘટાડો કરવામાં સફળ રહ્યું છે.

➤ જો કે ભારતે COP-21 અનુસાર વર્ષ 2030 સુધીમાં અર્થવ્યવસ્થાની ઊર્જા તીવ્રતામાં વર્ષ 2005ની સરખામણીએ 33-35% ઊર્જા ઘટાડવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

### ઊર્જા દક્ષતાના ઉપાયોનો પ્રભાવ :

➤ રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારત વિભિન્ન ઊર્જા દક્ષતા યોજના દ્વારા 113.16 બિલિયન યુનિટ વિદ્યુત ઊર્જાની બચત કરવામાં આવી છે.

- ઊર્જા વપરાશ ક્ષેત્રોમાં કરવામાં આવેલ બચત 16.54 મિલિયન ટન ખનીજ તેલના બરાબર છે, જે નાણાકીય વર્ષ 2018-19ના કુલ ઊર્જા વપરાશના 2.84% છે.
- રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન કરવામાં આવેલ કુલ ઊર્જા બચત 23.73 મિલિયન ટન ખનીજ તેલના બરાબર રહી છે જે કુલ પ્રાથમિક ઊર્જા પુરવઠાના 2.69% છે.
- આંકડાઓ પરથી જાણવા મળે છે કે 2018-19 દરમિયાન વિભિન્ન ઊર્જા દક્ષતા યોજનાઓના પરિણામે લગભગ રૂ. 89,122 કરોડની બચત કરવામાં સફળતા મળી છે. આ બચત નાણાકીય વર્ષ 2017-18માં રૂ. 59,627 કરોડ હતી.
- ઊર્જા દક્ષતાના પ્રયાસોથી કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન 151.74 મિલિયન ટન ઓછું કરવામાં સફળતા મળી છે. જ્યારે નાણાકીય વર્ષ 2017 -18માં ઉત્સર્જનમાં 108 મિલિયન ટનનો ઘટાડો થયો હતો.
- આ રિપોર્ટમાં નાણાકીય વર્ષ 2018-19 માટે રાષ્ટ્રીય અને અને રાજ્ય સ્તર પર લાગુ વિભિન્ન યોજનાઓના પ્રભાવોની આકરણી કરવામાં આવેલી છે. સાથે જ વર્તમાનમાં યોજનાઓના ફળસ્વરૂપ પ્રાપ્ત આંકડાઓ અને યોજનાઓ લાગુ ન થવાની સ્થિતિમાં ઊર્જા વપરાશ અને કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જનની માત્રાની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવી છે.

## સ્ટાઈરીન ગેસ લીકેજ

- તાજેતરમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી 15 કિલોમીટર દૂર સ્થિત "LG પોલિમર કારખાના" માં "સ્ટાઈરીન ગેસ" લીક થવાથી ઓછામાં ઓછા 11 લોકોના મૃત્યુ થયા હતા.
- આ દુર્ઘટનાથી કારખાનાની આજુબાજુના ગામડાઓમાં 2000થી વધુ લોકો પ્રભાવિત થયા હોવાની શકયતા છે.
- ગેસ લીકની આ ઘટનાને "રાસાયણિક આપદા" (Chemical Disaster) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

### રાસાયણિક આપદા એટલે શું ?

- રાસાયણિક આપદાઓ એ દુર્ઘટના છે જ્યારે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા જોખમી રાસાયણિક પદાર્થો વાતાવરણમાં મુકત થઈ જાય.
- માનવીય, તકનિકી, વહીવટીય ભૂલોને લીધે આવી ઘટનાઓ બનતી હોય છે.
- ભારતમાં સૌથી મોટી બનેલી આવી રાસાયણિક આપદા એ "ભોપાલ ગેસ દુર્ઘટના" હતી. જેનાથી લગભગ 4000 લોકોનું મૃત્યુ થયું હતું.

### Back to basics :- સ્ટાઈરીન ગેસ અને રાસાયણિક આપદા વિરુદ્ધ કાયદાઓ વિશે

■ **સ્ટાઈરીન ગેસ વિશે :**

- તે એક જવલનશીલ પ્રવાહી છે. તેનો ઉપયોગ પોલિસ્ટરીન પ્લાસ્ટિક, ફાઈબર ગ્લાસ, રબર અને લેટેકસના ઉત્પાદનમાં થાય છે.
- સ્ટાઈરીન વાહનો, સિગરેટના ધુમાડા, ફળો અને શાકભાજીમાં પણ જોવા મળે છે.
- સ્ટાઈરીન એક કાર્બનિક સંયોજન છે જેનું સૂત્ર $C_8H_8$ છે.
- તે ફેકટરીમાં પ્રવાહી તરીકે સંગ્રહિત થાય છે પરંતુ તેનું સરળતાથી બાષ્પીભવન થઈ શકે છે. આથી તેને 20 ડિગ્રી સે.થી નીચેના તાપમાને રાખવો પડે છે.
- સ્ટાઈરીનના ટૂંકા ગાળાના સંપર્કથી શ્વસન સંબંધી સમસ્યા, આંખો બળવી વગેરે જેવી સમસ્યા થઈ શકે છે.

➤ સ્ટાઈરીનના લાંબા ગાળાના સંપર્કથી, મધ્યસ્થ ચેતાતંત્ર પણ પ્રભાવિત થાય છે અને અમુક કિસ્સાઓમાં કેન્સર પણ થઈ શકે છે.

### રાસાયણિક આપદાઓ વિરુદ્ધના કાયદાઓ :

| કાયદાઓ | સંબંધિત માહિતી |
|---|---|
| ભારતીય દંડ સંહિતા | કલમ 304A અંતર્ગત રાસાયણિક આપદાઓ સંબંધિત જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. |
| | આ જોગવાઈ મુજબ બે વર્ષની જેલની સજા અને દંડ લગાવી શકાય છે. |
| ભોપાલ ગેસ લીકેજ (દાવાઓની પતાવટ) અધિનિયમ–1985 | આ અધિનિયમ કેન્દ્ર સરકારને ભોપાલ ગેસ દુર્ઘટનાથી જોડાયેલ દવાઓને સુરક્ષિત રાખવાની સત્તા આપે છે. |
| | દાવાઓની ન્યાયસંગત પતાવટ માટેની જોગવાઈ કરવામાં આવી છે. |
| જાહેર જવાબદારી વીમા અધિનિમય–1991 | આ અધિનિયમ જોખમી પદાર્થોના નિકાલ દરમિયાન થતી દુર્ઘટનાથી પ્રભાવિત વ્યક્તિઓને રાહત આપવા માટે છે. |
| નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ અધિનિયમ–2010 | પર્યાવરણ સંરક્ષણ અને વનના સંરક્ષણ સંબંધી બાબતોના ઝડપથી નિવારણ માટે તેની સ્થાપના કરવામાં આવી છે. |
| | તે ઔદ્યોગિક પ્રવૃત્તિઓના સંબંધમાં આવશ્યક નિર્દેશો પણ આપી શકે છે. |

## કારાકોરમ શ્રેણીમાં ગ્લેશિયર

➤ તાજેતરમાં વિજ્ઞાન અને તકનિકી વિભાગની સ્વાયત્ત સંસ્થા "વાડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ હિમાલયન જિયોલોજી–દહેરાદૂન"ના વૈજ્ઞાનિકો દ્વારા કારાકોરમ શ્રેણીમાં ગ્લેશિયરનું અધ્યયન કર્યું હતું.

➤ આ અધ્યયન મુજબ કારાકોરમ શ્રેણીમાં 220થી વધુ ગ્લેશિયરમાં "ગ્લેશિયર સર્જ" (Glacial Surge)ની ઘટના જોવા મળી છે.

➤ ગ્લેશિયર એ પૃથ્વી પરના પોપડા તરીકે અથવા પર્વતના ઢોળાવથી પર્વત ખીણોમાં રેખીય પ્રવાહ તરીકે વહેતી હિમનદીઓ તરીકે ઓળખાય છે.

### ગ્લેશિયર સર્જ એટલે શું ?

➤ ગ્લેશિયર સર્જ એક ઘટના છે જેમાં ગ્લેશિયરની લંબાઈ તથા જથ્થામાં વૃદ્ધિ જોવા મળે છે.

➤ આ ઘટના દરમિયાન ગ્લેશિયર જે ઝડપથી આગળ વધતા હોય તેની 100 ગણી ઝડપથી આગળ વધે છે.

➤ આગળ વધવાની આ ઘટના સ્થિર ન રહેતા ચક્રીય પ્રવાહના રૂપમાં હોય છે.

➤ ગ્લેશિયરની આગળ વધવાની પ્રક્રિયાનું સક્રિય ચરણ હોય છે જે અમુક મહિનાઓ કે વર્ષો સુધી હોય શકે છે. અન્ય ચરણ નિષ્ક્રિય ચરણ તરીકે ઓળખાય છે જે પ્રક્રિયા ધીમી હોય છે.

➤ વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અધ્યયન પહેલા એવું માનવામાં આવતું હતું કે ગ્લેશિયરની ગતિનું નિર્ધારણ તેની ભૌતિક વિશેષતાઓને આધારે થાય છે. પરંતુ આ અધ્યયન બાદ વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું છે કે અમુક બાહ્ય પરિબળોથી પણ ગ્લેશિયરની ગતિ પ્રભાવિત થાય છે.

➤ આવા બાહ્ય પરિબળોમાં પીગળેલું જળ અને વરસાદ એ મુખ્ય ભૂમિકા નિભાવે છે.
➤ ગ્લેશિયલ સર્જની ઘટના એ ચિંતાનો વિષય છે કારણ કે તેના લીધે પુલ, માર્ગો, ગામડાઓનો વિનાશ થઈ શકે છે.

## કૈલાશ માનસરોવર માટે નવો સડક માર્ગ

➤ તાજેતરમાં ભારતના રક્ષા મંત્રી દ્વારા ઉત્તરાખંડમાં 80 કિમી. લાંબી સડકને દેશને સમર્પિત કરવામાં આવેલ છે જે લિપુલેખા ઘાટથી થઈને કૈલાશ માનસરોવર યાત્રા માટેનો એક નવીન માર્ગ છે.
➤ આ સડક માર્ગનું નિર્માણ "ચીન સ્ટડી ગ્રુપ"ના નિર્દેશો અનુસાર કરવામાં આવ્યું છે. તથા આ પરિયોજના માટેની નાણાકીય સહાય " ભારત–ચીન બોર્ડર રોડ" દ્વારા આપવામાં આવેલ છે.
➤ આ સડક માર્ગ યાત્રા માટેના અન્ય માર્ગો કરતા પાંચમાં ભાગનો છે. અને તે ચાલવા અથવા વાહનો માટે યોગ્ય છે.
➤ આ માર્ગનો 84% હિસ્સો ભારતમાં અને 16% હિસ્સો ચીનમાં છે.
➤ લિપુલેખા ઘાટ પર ચીનની સીમામાં 5 કિમી.ના માર્ગને છોડીને સંપૂર્ણ યાત્રા વાહનોથી કરી શકાશે.
➤ વર્તમાનમાં કૈલાસ માનસરોવર યાત્રા માટે સિક્કિમ માર્ગ અને કાઠમંડુ માર્ગ એમ બે માર્ગો ઉપલબ્ધ છે.

### લિપુલેખા સડક માર્ગ વિશે :

➤ આ સડક માર્ગનું નિર્માણ "વાસ્તવિક નિયંત્રણ રેખા" (Line of Actual Control- LAC) ની નજીક ઉત્તરાખંડમાં કરવામાં આવ્યું છે.
➤ આ સડક માર્ગ કાલી નદી જે ભારત–નેપાળ સીમાનું નિર્માણ કરે છે તેની સાથે જોડાયેલ છે.
➤ નવીન સડકમાં માર્ગનું અંતર નીચે મુજબ રહેશે :

| માર્ગ | કિમી | માર્ગનું માધ્યમ |
|---|---|---|
| દિલ્હીથી પિથૌરગઢ | 490 | સડક માર્ગ |
| પિથૌરગઢથી ઘાટિબગઢ | 130 | સડક માર્ગ |
| ઘાટિબગઢથી લિપુલેખ ઘાટ (ચીનની સીમા સુધી) | 79 | પગપાળા |
| ચીનની સીમાની અંદર | 5 | પગપાળા |
| ચીનની સીમામાં પગપાળા પછી | 97 | સડક માર્ગ |
| ચીનની સીમામાં સડક માર્ગ પછી | 43 | પગપાળા પરિક્રમા સડક માર્ગથી |

## ઓલિવ રિડલે કાચબાઓ (Olive Ridley Turtles)

➤ માર્ચ મહિનામાં ઓડિશાના સમુદ્ર તટ (રુશિકૂલ્યા નદી) લગભગ 7.9 લાખ ઓલિવ રિડલે કાચબા ઈંડા દેવા આવ્યા હતા.
➤ આ ઈંડાઓમાંથી હવે લાખોની સંખ્યામાં નાના –નાના બચ્ચાઓ બહાર નીકળી આવ્યા છે.
➤ આ નાના કાચબાઓથી ઓડિશાનું સમુદ્ર તટ ભરાઈ ગયું છે.
➤ ઓલિવ રિડલે સમુદ્ર કાચબાઓને "પ્રશાંત ઓલિવ રિડલે સમુદ્રી કાચબાઓ"ના નામથી પણ ઓળખવામાં આવે છે.
➤ આ કાચબાઓ પ્રશાંત, હિંદ અને એટલાન્ટિક મહાસાગરોના ગરમ પાણીમાં જોવા મળતા સમુદ્રી કાચબાઓની એક પ્રજાતિ છે.
➤ આ કાચબાઓ હજારો કિલોમીટરની યાત્રા કરી ઓડિશાના ગંજમ તટ પર ઈંડા દેવા આવે

છે અને પછીથી ઈંડાથી નીકળેલા કાચબાઓ ફરી સમુદ્રી માર્ગથી પોતાના નિવાસસ્થાન પર ચાલ્યા જાય છે.

➤ પર્યાવરણ સંરક્ષણની દિશામાં કાર્ય કરતુ સંગઠન IUCN દ્વારા જાહેર કરવામાં આવતા "રેડ લિસ્ટ" અંતર્ગત આ કાચબાઓને "અતિસંવેદનશીલ" (Vulnerable) શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

## સુંદરબન ક્ષેત્ર

➤ તાજેતરમાં પશ્ચિમ બંગાળ વન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સુંદરબન ક્ષેત્રમાં વાઘોની સંખયા વર્ષ 2018-19માં 88 હતી જે વર્ષ 2019-20માં વધીને 96 સુધી થઈ છે.

➤ સુંદરબન મેન્ગ્રુવ વન વિસ્તાર છે જે 2585 ચો.કિમી. ક્ષેત્રફળમાં ફેલાયેલ છે. તેમા "સુંદરબન ટાઈગર રિઝર્વ" અને દક્ષિણ 24 પરગણાનો સમાવેશ થાય છે.

➤ સુંદરબન ભારત અને બાંગ્લાદેશ બંને દેશોમાં ફેલાયેલ વન ક્ષેત્ર છે. તે અહીં મળતા સુંદરી નામના વૃક્ષને લીધે પ્રસિદ્ધ છે.

➤ ભારતના ક્ષેત્રમાં આવેલ સુંદરબનને વર્ષ 1987માં યુનેસ્કોની "વિશ્વ ધરોહર સ્થળો"ની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

➤ આ ક્ષેત્રમાં પ્રસિદ્ધ "રોયલ બેંગાલ ટાઈગર" જોવા મળે છે.

## રાજસ્થાનમાં તીડનો હુમલો

➤ પાકને સંપૂર્ણ રીતે ખરાબ કરી તથા પ્રભાવિત કરતા રણના તીડ (Locust)નો સમૂહ રાજસ્થાનના ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે.

➤ તીડ ચેતવણી સંગઠને રાજસ્થાનના જૈસલમેર અને શ્રી ગંગાનગર જિલ્લામાં તીડની વસ્તીમાં વધારો નોંધયો છે.

➤ સામાન્ય રીતે તીડ ભારતમાં ફકત જુલાઈ–ઓક્ટોબરના સમયમાં દેખાય છે. પરંતુ એપ્રિલ માસમાં તે જોવા મળે એ ચિંતાનો વિષય છે.

➤ તીડ ચેતવણી સંગઠન (Locust Worning Organization-LWO) મુજબ તીડ એપ્રિલના શરૂઆતના દિવસોમાં પાકિસ્તાની સીમા સાથે જોડાયેલ પંજાબના ફાજિલ્કા જિલ્લામાં દેખાયા હતા ત્યારે તેમની સંખ્યા બહુ ઓછી હતી.

➤ તીડની ઉત્પતિનું પ્રમુખ કારણ મે અને ઓક્ટોબર 2018માં આવેલ મેકુનુ અને લુબાન નામને ચક્રવાતી તોફાન છે. તેના કારણે દક્ષિણ અરબ દ્વીપકલ્પના મોટા રણના ક્ષેત્રોથી તીડ રૂપાંતરિત થયા હતા. આ ઘટનાથી મોટા પ્રમાણમાં તીડનું પ્રજનન થયું હતું.

### Back to basics : તીડ અને તીડ ચેતવણી સંગઠન વિશે :

■ **તીડ વિશે :**

➤ તીડ ઉષ્ણકટિબંધીય જંતુઓનો એક પ્રકાર છે. તેમની પાસે ઉડવાની શકિતશાળી ક્ષમતા હોય છે જેના દ્વારા તેઓ પાકોને નુકસાન પહોંચાડી શકે છે.

➤ તીડની પ્રજાતિ રણમાં સૌથી જોખમી અને વિનાશકારી માનવામાં આવે છે.

➤ સામાન્ય રીતે જુલાઈ–ઓક્ટોબર મહિનામાં તેને સામાન્ય રૂપથી જોઈ શકાય છે કારણ કે ગરમી અને વરસાદના હવામાનમાં સક્રિય થાય છે.

➤ સારા વરસાદ અને પરિસ્થિતિ અનુકૂળ હોય તેવી સ્થિતિમાં ઝડપથી પ્રજનન કરે છે. માત્ર 3 મહિનામાં તેની સંખ્યા 20 ગણી થઈ શકે છે.

➤ રણપ્રદેશના તીડને સૌથી વિનાશકારી માનવામાં આવે છે. તે નુકસાન પહોંચાડે છે.

- તીડ પ્રતિદિન 150 કિમી ઉડી શકે છે. 40-80 મિલિયન તીડ 1 ચો. કિમીના વિસ્તારમાં રહી શકે છે.
- એક રણપ્રદેશની માદા તીડ 80-90 દિવસના જીવનક્રમ દરમિયાન 60-80 ઈંડા આપી શકે છે.

### તીડ ચેતવણી સંગઠન (Locust Warning Organization -LWO) વિશે :

- કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના વનસ્પતિ, સંરક્ષણ, સંસર્ગનિષેધ અને સંગ્રહ નિર્દેશાલયના અંતર્ગત આવતુ તીડ ચેતવણી સંગઠન એ રણપ્રદેશના ક્ષેત્રો રાજસ્થાન અને ગુજરાતમાં તીડનું નિરીક્ષણ, સર્વેક્ષણ અને નિયંત્રણ માટે જવાબદાર છે.
- તેનું મુખ્યાલય ફરીદાબાદ (હરિયાણા) ખાતે છે.

## ફ્લાય એશ અને પારિસ્થિતિકી તંત્ર

- તાજેતરમાં ફ્લાય એશ ભરેલી એક નૌકા હુગલી નદીમાં ડૂબવાથી પર્યાવરણ વિશેષજ્ઞો અને મત્સ્ય સંગઠનો દ્વારા સુંદરબનના પારિસ્થિતિકી તંત્ર વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.
- આવી નૌકા ડૂબવાની એક ઘટના હુગલી નદી પર તથા બીજી ઘટના મુરી ગંગા નદી પર બની હતી.
- ફ્લાય એશ ભરેલી નૌકાઓ ભારતથી બાંગ્લાદેશ મોકલવામાં આવતી હોય છે. આવી દરેક નૌકાનું વજન 600-800 ટન હોય છે અને તે ભારતીય જળ–માર્ગોથી પસાર થાય છે.
- બાંગ્લાદેશ મોકલવામાં આવતી આ ફ્લાય એશનો ઉપયોગ સિમેન્ટ ઉત્પાદનમાં કરવામાં આવે છે.

### ફ્લાય એશનો પર્યાવરણ અને પારિસ્થિતિકી તંત્ર પર પ્રભાવ :

- ફ્લાય એશ નદીના પાણીમાં ભળવાને લીધે તેના ઝેરી તત્ત્વોની નદી પ્રદૂષિત થાય છે.
- આ પ્રદૂષકો એ મત્સ્ય ઉદ્યોગને પણ પ્રભાવિત કરી શકે તેમ છે.
- ફ્લાય એશમાં સીસુ, ક્રોમિયમ, મેગ્નેશિયમ, જસત તથા આર્સેનિક જેવા પ્રદૂષકો જોવા મળે છે. આ પ્રદૂષકો વનસ્પતિ, પાણી તેમજ જમીનને પણ નુકસાન પહોંચાડી શકે તેમ છે.

### Back to basics : ફ્લાય એશ વિશે :

- ફ્લાય એશ એ કોલસાથી ચાલતા પાવર પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતાં પ્રદૂષકો છે.
- ફ્લાય એશને PM 2.5ના પ્રદૂષકોનો મોટો સ્ત્રોત માનવામાં આવે છે.
- તે પાણી કે અન્ય સપાટી પર જમા થઈ શકે છે.
- પ્રદૂષક સિવાય ફ્લાય એશનો એક સંસાધનના રૂપમાં પણ ઉપયોગ થઈ શકે છે. વર્તમાનમાં આર્થિક પ્રવૃત્તિઓ જેમ કે સિમેન્ટ નિર્માણ, ઈંટ નિર્માણ, સડક નિર્માણ વગેરેમાં તેનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

## પાક પર ક્ષય વિરોધી એન્ટિબાયોટિકના ઉપયોગ પર પ્રતિબંધ

- તાજેતરમાં "કેન્દ્રીય જંતુનાશક બોર્ડ અને નોંધણી સમિતિ" અંતર્ગત કાર્યરત નોંધણી સમિતિ દ્વારા પાકો પર સ્ટ્રેપ્ટોમાઈસિન (Streptomycin) અને ટેટ્રાસાઈકિલન (Tetracycline) એન્ટિબાયોટિક દવા પર પ્રતિબંધ લગાવવાની ભલામણ કરી છે.

- સમિતિ અનુસાર જે ક્ષેત્રોમાં જંતુનાશક રોગ નિયંત્રણના અન્ય વિકલ્પો ઉપલબ્ધ હોય તો આ દવાઓ પર પ્રતિબંધ લગાવવો જોઈએ.
- આ ઉપરાંત જે ક્ષેત્રોમાં આ દવાના વિકલ્પો નથી ત્યાં વર્ષ 2022 સુધીમાં દવાના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવો જોઈએ.

### કૃષિમાં એન્ટિબાયોટિક દવાનો દુરુપયોગ :

- કેન્દ્રીય જંતુનાશક બોર્ડ અને નોંધણી સમિતિ દ્વારા માત્ર 8 પાકો માટે સ્ટ્રેપ્ટોમાઈસિનના ઉપયોગની મંજૂરી આપવામાં આવી છે.
- વિજ્ઞાન અને પર્યાવરણ કેન્દ્ર દ્વારા પાછલા વર્ષોથી અમુક પેદાશો પર એન્ટિબાયોટિક દવાના દુરુપયોગનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.
- દિલ્હી, હરિયાણા અને પંજાબના ખેતરોમાં સ્ટ્રેપ્ટોમાઈસિન અને ટ્રેટાસાઈક્લિનનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે.
- વિશેષજ્ઞો મુજબ કૃષિમાં મોટા પ્રમાણમાં સ્ટ્રેપ્ટોમાઈસિન અને ટ્રેટ્રાસાઈક્લિન એનિટબાયોટિક દવાના ઉપયોગથી એન્ટિબાયોટિક પ્રતિકાર (Antibiotic Resistance)નો સંકટ ઉત્પન્ન થઈ શકે છે.
- આ ઉપરાંત એન્ટિબાયોટિક દવાના સંપર્કમાં આવતા વ્યક્તિમાં પણ એન્ટિબાયોટિક પ્રતિ પ્રતિકાર ક્ષમતાનો પણ વિકાસ થઈ શકે છે.

### મનુષ્યોમાં સ્ટ્રેપ્ટોમાઈસિનનો ઉપયોગ :

- વિજ્ઞાન અને પર્યાવરણ કેન્દ્ર મુજબ પહેલેથી નિદાન કરાવેલ ક્ષય (Tuberculosis-TB) ના દર્દીઓના કિસ્સામાં સ્ટ્રેપ્ટોમાઈસિન એક મહત્ત્વપૂર્ણ દવા તરીકે કામ કરે છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ આ દવાને મહત્ત્વપૂર્ણ માની છે.

## આબોહવાની કટોકટીના સંદર્ભમાં ઊર્જાની જરૂરિયાતો સાથે વ્યવહાર

- તાજેતરમાં નહેરૂ વિજ્ઞાન કેન્દ્ર, મુંબઈ દ્વારા આયોજિત એક ઓનલાઈન વ્યાખ્યાનમાં "આબોહવાની કટોકટીના સંદર્ભમાં ઊર્જાની જરૂરિયાતો સાથે વ્યવહાર" વિષય પર ચર્ચા કરવામાં આવી હતી.
- તેનું આયોજન એ રાષ્ટ્રીય તકનિકી દિવસના અવસર પર કરવામાં આવ્યું હતું.

### વ્યાખ્યાનની મુખ્ય બાબતો :

- આ વ્યાખ્યાનમાં માનવવિકાસ સૂચકાંક (HDI) અને વૈશ્વિક પ્રતિ વ્યક્તિ ઊર્જા વપરાશની બાબતે ચર્ચા કરવામાં આવી હતી.
- વૈશ્વિક સ્તરે આબહોવા પરિવર્તનના સંદર્ભે કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનને કેમ નિયંત્રિત કરવું તેના પર વૈજ્ઞાનિકો વિચાર કરી રહ્યા છે.
- વિશેષજ્ઞો અનુસાર પરમાણુ ઊર્જાના માધ્યમથી કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો કરી શકાય છે.
- ભારત જેવા દેશ માટે એ બાબત નોંધવી જરૂરી છે કે ભારતમાં "ઊર્જાની સુરક્ષા" અને "આબોહવા સુરક્ષા" વચ્ચે અવરોધ છે.
- ભારતે કાર્બનનું ઉત્સર્જન ઘટાડવા નવીનીકરણ ઊર્જામાં 30 ગણો વધારો અને પરમાણુ ઊર્જામાં પણ 30 ગણાનો વધારો કરવો જરૂરી છે.
- વિભિન્ન દેશોએ પોતાના માનવ વિકાસ સૂચકાંકના આધાર પર કાર્બનના ઉત્સર્જનને નિયંત્રિત કરવું જોઈએ.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ઓછો માનવ વિકાસ સૂચકાંક ધરાવતા દેશો પોતાના નાગરિકોને સ્વચ્છ ઊર્જાનોસ્ત્રોત આપવામાં સક્ષમ હોવા જોઈએ.
- "આબોહવા પરિવર્તન પર આંતર–સરકારી પેનલ"ના એક રિપોર્ટ મુજબ વર્ષ 2100માં તાપમાન વધારાને 1.5$^0$ સે. થી નીચે રાખવા વર્ષ 2030 સુધીમાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં 45%નો ઘટાડો કરવો પડશે. આ સાથે જ ગ્રીન હાઉસ ગેસને 2010ના સ્તરથી નીચે અને વર્ષ 2050 સુધી શૂન્ય કરવાની જરૂરિયાત છે.

## વૈશ્વિક વન સંસાધન મૂલ્યાંકન-2020

- વૈશ્વિક વન સંસાધન મૂલ્યાંકન, 2020 મુજબ વર્ષ 2015થી વર્ષ 2020ના મધ્યમાં વૈશ્વિક સ્તરે વૃક્ષો કાપવાના દરમાં ઘટાડો થયો છે.

### વૈશ્વિક વન સંસાધન મૂલ્યાંકન, 2020ની મુખ્ય બાબતો

- રિપોર્ટ મુજબ વર્ષ 2015-2020 સુધીમાં વૃક્ષના કાપવાનો દર 10 મિલિયન હેકટર પહોંચ્યો હતો. આ દર વર્ષ 2010-15 માટે 12 મિલિયન હેકટર હતો.
- 1990 પછીથી દુનિયામાં 178 મિલિયન હેકટર વૃક્ષોને નાબૂદ કરવામાં આવ્યા હતા.
- વૈશ્વિક સ્તરે "ચોખ્ખો જંગલ નુકસાન દર" (Net Forest Loss Rate)" ઘટયો છે.
- ચોખ્ખો જંગલ નુકસાન દર 1990ના દાયકામાં 7.8 મિલિયન હેકટર પ્રતિ વર્ષ હતો જે ઘટીને 2000-2010માં 5.2 અને વર્ષ 2010-2020માં 4.7 મિલિયન હેકટર પ્રતિ વર્ષ થયો છે.
- આફ્રિકા ક્ષેત્રમાં વર્ષ 2010-2020 સુધીમાં ચોખ્ખો જંગલ નુકસાન દર સૌથી વધુ 3.9 મિલિયન હેકટર હતો. તેના પછી 2.6 મિલિયન હેકટર સાથે દક્ષિણ અમેરિકાનું સ્થાન છે.
- રિપોર્ટ અનુસાર વર્ષ 2010-20 દરમિયાન એશિયામાં વનક્ષેત્રમાં સૌથી વધુ વધારો નોંધવામાં આવ્યો છે. ત્યારબાદ ઓશિનિયા(Oceania) અને યુરોપનો ક્રમ આવે છે.

### વૈશ્વિક સ્તરે વન ક્ષેત્ર :

- રિપોર્ટ અનુસાર વિશ્વમાં કુલ વન ક્ષેત્ર 4.06 બિલિયન હેકટરમાં છે જે કુલ ભૂમિ ક્ષેત્રના લગભગ 31% છે.
- વિશ્વના સૌથી વધુ ઉષ્ણકટિબંધીય પ્રકારના વન છે જેનો હિસ્સો 45% છે.
- વિશ્વના 54%થી વધુ વન ફકત 5 દેશો રશિયા, બ્રાઝિલ, કેનેડા, અમેરિકા અને ચીનમાં છે.

### Back to basics : વૈવિક વન સંસાધન મૂલ્યાંકન વિશે

- વૈશ્વિ વન સંસાધન મૂલ્યાંકન સંયુકત રાષ્ટ્રની સંસ્થા "ખાદ્ય અને કૃષિ સંગઠન" (Food and Agriculture Organization-FAO)ની અંતર્ગતના વન વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- આ મૂલ્યાંકન વિશ્વના વન સંસાધનની સ્થિતિ અને વલણ પર રિપોર્ટ પ્રદિર્શત કરે છે.

## નવીનીકરણ ઊર્જા ક્ષેત્રમાં ભારતની રોકાણ ક્ષમતા

- ઈન્સ્ટિટયૂટ ઓફ એનર્જી ઈકોનોમિકસ એન્ડ ફાયનાન્સિયલ એનાલિસિસ દ્વારા એક અભ્યાસને પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

- ➤ આ અભ્યાસ મુજબ ભારતે પોતાની નવીનીકરણ ઊર્જાના ક્ષેત્રમાં રોકાણની ક્ષમતા વધારીને 500-700 બિલિયન ડોલર કરી છે.
- ➤ રોકાણ ક્ષમતા વધવાનું મુખ્ય કારણ સૌર ઊર્જામાં થયેલ સુધાર છે.
- ➤ આ અભ્યાસ મુજબ ભારતમાં અલ્ટ્રા–મેગા સોલાર પાર્કો એ વિદેશી રોકાણને આર્કષિત કર્યુ છે.
- ➤ રાજસ્થાનનું ભાદલા સોલાર પાર્ક દુનિયાનું સૌથી મોટું સોલાર પાર્ક છે. તે 14,000 એકરમાં ફેલાયેલ છે. આ પાકની ઉત્પાદન ક્ષમતા 2245 મેગાવોટ છે.

### અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ વિશે :

- ➤ વર્ષ 2016માં ભારત દ્વારા અલ્ટ્રા મેગા સોલાર પાર્કના ખ્યાલને તૈયાર કરવામાં આવ્યો હતો.
- ➤ વર્ષ 2016માં નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રાલય દ્વારા 20GWની ક્ષમતા સાથે 40 ઔદ્યોગિક સૌર પાર્કોને સ્થાપવાને લક્ષ્ય રાખવામાં આવ્યો હતો.
- ➤ આ લક્ષ્ય 2022 સુધીમાં 40 GW(ગીગાવોટ) કરી દેવામાં આવ્યો છે.

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે




SAVE & SHARE

Join Telegram : t.me/icerajkotofficial

# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## 1 મે : ગુજરાત સ્થાપના દિવસ

- દર વર્ષે 1 મેના દિવસને 'ગુજરાત સ્થાપના દિવસ' તરીકે મનાવવામાં આવે છે.
- અલગ ગુજરાત રાજ્યની સ્થાપના 1 મે, 1960ના રોજ કરવામાં આવી હતી.
- 1 મે, 1960ના રોજ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી બે અલગ રાજ્યો અર્થાત્ મરાઠી ભાષીઓનું મહારાષ્ટ્ર અને ગુજરાતી ભાષીઓનું ગુજરાત રાજ્ય બન્યું હતું.
- વર્ષ 2020માં 60મો ગુજરાતનો સ્થાપના દિવસ મનાવવામાં આવ્યો હતો.

### 60મા ગુજરાત સ્થાપના દિવસે વિવિધ સ્પર્ધાઓ

- 60મા ગુજરાત સ્થાપના દિવસે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લોકડાઉનના સમયે કોરોના સામે લડતા 'કોરોના વોરિયર્સ'ને વધાવવા વિવિધ સ્પર્ધાનું આયોજન કર્યું હતું.
- તેના અંતર્ગત કોરોના વોરિયર્સને ચિત્ર, નિબંધ અને કાવ્ય દ્વારા વધાવવામાં આવશે.
- 'ગુજરાત કોરોના વોરિયર્સ' વિષય ઉપર પ્રાથમિક શાળાના ધોરણ 3થી 8, માધ્યમિક – ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 9થી 12 તેમજ કોલેજ કક્ષાએ ભણતા વિદ્યાર્થી માટે ચિત્ર, નિબંધ અને કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.
- જિલ્લા કક્ષાએ દરેક સ્પર્ધા અને વિભાગમાં પ્રથમ ક્રમે રૂ. 15000, દ્વિતીય ક્રમે રૂ. 11000 અને તૃતીય ક્રમે રૂ. 5000નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- આ ઉપરાંત રાજ્ય કક્ષાએ 5 વિજેતાઓને દરેક કેટેગરીમાં રૂ. 25000નો પુરસ્કાર રાજ્ય સરકાર આપશે.

### 60મા ગુજરાત સ્થાપના દિવસના અન્ય નિર્ણયો

- 60મા સ્થાપના દિવસે અર્થાત્ 1લી મેના રોજ રાજ્યના સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોના હિતને ધ્યાનમાં રાખી મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે.

1. રાજ્યના 61 લાખ જેટલા સામાન્ય અને મધ્યમવર્ગીય APL-1 કાર્ડધારકોને મે મહિનામાં અનાજનું મફત વિતરણ કરવામાં આવશે.
2. અનાજ અંતર્ગત પરિવાર દીઠ 10 કિલો ઘઉં, 3 કિલો ચોખા, 1 કિલો દાળ અને 1 કિલો ખાંડનું વિતરણ કરવામાં આવશે. આ લાભ આશરે 2.5 કરોડ લોકોને મળશે.
3. મા–વાત્સલ્ય, મા–અમૃતમ યોજનાના લાભાર્થી પરિવારમાં કોઈપણ વ્યક્તિને માંદગીસર સર્જરી–ઓપરેશન કરાવવું પડે કે પ્રસુતિ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે અને તેના ભાગરૂપે કોરોના ટેસ્ટ કરાવવાનો થાય તો તેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

### Back to Basics :
### ગુજરાત રાજ્ય બનવાનો ઈતિહાસ

- રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, 1956 અંતર્ગત ભાષાના આધારે ભારત સંઘની અંદર રાજ્યોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- તેના પરિણામે 1 નવેમ્બર, 1956ના રોજ 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્વમાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- રાજ્ય પુર્નગઠન અધિનિયમ, 1956 અંતર્ગત 'બોમ્બે રાજ્ય'નું ગઠન મરાઠી, ગુજરાતી, કચ્છી અને કોંકણી ભાષાના લોકો માટે કરવામાં આવ્યું હતું.
- ગુજરાતી ભાષી લોકો માટે અલગ ગુજરાતની રચના થવી જોઈએ તે માંગ સાથે 7 ઓગસ્ટ, 1956થી મહાગુજરાત આંદોલનની શરૂઆત થાય છે. ત્યારબાદ 8 ઓગસ્ટના દિવસે અમદાવાદ ખાતે લો કોલેજના વિદ્યાર્થીઓ હડતાલ તેમજ સરઘસો કાઢે છે.
- આ સમય દરમિયાન એક દુઃખદ ઘટના બની જેમાં પોલીસે ગોળીબાર કર્યો હતો.
- ગોળીબારમાં અબ્દુલ ક્ષિરભાઈ, સુરેશ ભટ્ટ, પુનમચંદ અને કૌશિક વ્યાસ શહીદ થયા હતા.
- મોરારજી દેસાઈ એ દ્વિભાષી મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી હતા અને તેઓ ગુજરાત રાજ્યની રચનાના સમર્થનમાં ન હતા.

## મહાગુજરાત જનતા પરિષદ

- મહાગુજરાત આંદોલનને વધુ સક્રિય બનાવવા 'મહાગુજરાત જનતા પરિષદ'ની રચના કરવામાં આવી હતી.
- ઈન્દુલાલ યાજ્ઞિકને પરિષદના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા હતા.
- પરિષદ વિદ્યાર્થીઓ પર થયેલા ગોળીબારની તપાસ કરાવવાની, ગોળીબારથી થયેલા શહીદોનું સ્મારક તથા મહાગુજરાત રાજ્યની રચનાની માંગ કરી હતી.
- 2 ઓક્ટોબર, 1956ના દિવસે અમદાવાદની લો કોલેજમાં પંડિત જવાહરલાલ નહેરુની સભા યોજવામાં આવી પરંતુ તેની સભા વિરુદ્ધ લો કોલેજના મેદાનમાં ઈન્દુલાલ યાજ્ઞિકની સભા યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## ખાંભી સત્યાગ્રહ

- પોલીસના ગોળીબારમાં શહીદ થયેલા લોકો માટે શહીદ સ્મારક બનાવવાનું નક્કી કરવામાં આવ્યું અને ખાંભીની સ્થાપના કરવાનું નક્કી કરાયું.
- આ ખાંભી (શહીદ સ્મારક)ને કોંગ્રેસ ભવન સામે લાલ દરવાજા નજીક સ્થાપવામાં આવી. પરંતુ આ ખાંભી ઉખાડી જપ્ત કરી લેવામાં આવી.
- ખાંભી ઉખાડી લેવાને કારણે 'શહીદ સ્મારક સત્યાગ્રહ'ની શરૂઆત થઈ. ત્યારબાદ 17 ઓગસ્ટ, 1958ના રોજ જેલ ભરો આંદોલન પણ શરૂ થયું.

## ગુજરાતની રચના અને આંદોલનનો અંત

- ઉગ્ર આંદોલનને અંગે અલગ ગુજરાત રાજ્યની સ્થાપના માટેની માંગને સ્વીકારવામાં આવી.
- ગુજરાતનું નામ 'મહાગુજરાત' રાખવાની માંગ કરવામાં આવી હતી પરંતુ તેનો અસ્વીકાર થયો હતો.
- 1 મે, 1960ના રોજ પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે અમદાવાદ ખાતે સાબરમતી આશ્રમે ગુજરાત રાજ્યનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું.
- ગુજરાત રાજ્યના પ્રથમ ગવર્નર તરીકે શ્રી મહેંદી નવાઝ જંગ તથા પ્રથમ મુખ્યમંત્રી તરીકે ડો. જીવરાજ મહેતાએ કાર્યભાર સંભાળ્યો હતો.

# બિષ્ણુ સેંદરા પર્વ

- ઝારખંડના "દલમા વન્યજીવ અભ્યારણ"ના વન અધિકારીઓ અનુસાર 4 મે 2020ના રોજ પ્રથમ વખત "બિષ્ણુ સેંદરા પર્વ"ના અવસર

પર ઝારખંડમાં એક પણ શિકાર કરવામાં આવ્યો નથી.

### બિષ્ણુ સેંદરા પર્વ વિશે :

- 'બિષ્ણુ સેંદરા પર્વ' ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના આદિવાસીઓ દ્વારા માનવવામાં આવતો વાર્ષિક તહેવાર છે.
- આ વર્ષે આદિવાસીઓ દ્વારા પોતાના ઘરોમાં રહીને જ આ પર્વ મનાવવામાં આવ્યો હતો કારણ કે COVID-19ના લીધે ઝારખંડમાં લોકડાઉન શરૂ છે.
- લોકડાઉનનને લીધે આદિવાસી શિકારીઓ પ્રાણીઓના શિકાર માટે જંગલો સુધી પહોંચી શકતા નથી.

## બુદ્ધ પૂર્ણિમા

- વર્ષ 2020માં દેશભરમાં 7 મે, 2020ના રોજ બુદ્ધ પૂર્ણિમા મનાવવામાં આવી હતી.
- બુદ્ધ પૂર્ણિમાનો દિવસ હિન્દુ પંચાંગ અનુસાર વૈશાખા મહિનાની પૂર્ણિમાનો સંદર્ભ આપે છે.
- બુદ્ધ પૂર્ણિમા બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધની જન્મજયંતિના રૂપમાં ઉજવવામાં આવે છે.
- બુદ્ધ પૂર્ણિમાને દક્ષિણ અને દક્ષિણ–પૂર્વ એશિયામાં વેસાકના રૂપમાં મનાવવામાં આવે છે. આ દિવસ ભગવાન બુદ્ધનનો જન્મ, મૃત્યુ અને આત્મજ્ઞાનની યાદ અપાવે છે.

### વર્ચ્યુઅલ વેસાક વૈશ્વિક ઉજવણી :

- ભારતના પ્રધાનમંત્રી દ્વારા બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે વર્ચ્યુઅલ વેસાક વૈશ્વિક ઉજવણીમાં ભાગ લેવામાં આવ્યો હતો.
- ભારત સરકારનું સંસ્કૃતિ મંત્રાલય, વૈશ્વિક બૌદ્ધ છત્ર સંસ્થા આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિસંઘના સહયોગથી વર્ચ્યુઅલ પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે.
- આ ઉજવણીમાં દુનિયભરમાંથી બૌદ્ધ સંઘોના તમામ સર્વોચ્ચ વડાઓ પણ ભાગ લઈ રહ્યા છે.
- COVID-19 મહામારીને લીધે આ વર્ષે ઉજવણી વર્ચ્યુઅલ રીતે કરવામાં આવશે.

### Back to basics :- ગૌતમ બુદ્ધ વિશે :

- ગૌતમ બુદ્ધનો જન્મ ઈ.સ. પૂર્વે 563માં કપિલવસ્તુના લુમ્બિની નામના સ્થળ પર થયો હતો. આ સ્થળ ભારત–નેપાળ સરહદ પાસે સ્થિત છે.
- બુદ્ધના માતાનું નામ માયાદેવી હતુ જ્યારે તેના મૃત્યુ બાદ બુદ્ધની સંભાળ તેની પાલક માતા પ્રજાપતિ ગૌતમીએ રાખી હતી.
- બુદ્ધનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું.
- બુદ્ધના પિતાનું નામ શુદ્ધોધન હતું જેઓ શાકય ગણના પ્રમુખ હતા.
- બુદ્ધના લગ્ન 16 વર્ષની વયમાં યશોધરા સાથે થયા હતા. તેમના પુત્રનું નામ રાહુલ હતું.
- 29 વર્ષની વયે સિદ્ધાર્થે (બુદ્ધે) ગૃહત્યાગ કર્યો હતો. આ ઘટનાને બૌદ્ધ ગ્રંથમાં "મહાભિનિષ્ક્રમણ" તરીકે ઓળખવામાં આવે છે.
- ગૃહ ત્યાગ પછી સિદ્ધાર્થના પ્રથમ ગુરુ વૈશાલીના આલારકલામ હતા જેમણે સિદ્ધાર્થને સાંખ્ય દર્શનની શિક્ષા આપી હતી.
- આલારકલામ બાદ બુદ્ધના બીજા ગુરુ રાજગૃહના રુદ્રકારમપુત હતા.
- 6 વર્ષની કઠિન તપસ્યા બાદ 35 વર્ષની વયમાં વૈશાખ પૂર્ણિમાની રાતે નિરંજના નદીના કિનારે પીપળાના વૃક્ષ નીચે સિદ્ધાર્થને જ્ઞાન પ્રાપ્તિ થઈ હતી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- જ્ઞાન પ્રાપ્તિ બાદ સિદ્ધાર્થ બુદ્ધ તરીકે ઓળખાય છે.
- ગૌતમ બુદ્ધે પોતાનો પ્રથમ ઉપદેશ સારનાથ ખાતે આપ્યો હતો. જે ઘટનાને “ધર્મચક્રપરિવર્તન” તરીકે ઓળખવામાં આવે છે.
- બુદ્ધ પોતાના ઉપદેશો “પાલી’ ભાષામાં આપતા હતા.
- 80 વર્ષની વયે ઈ.સ. પૂર્વે 483માં કુશીનગર (ઉત્તરપ્રદેશ)માં ગૌતમ બુદ્ધે દેહ ત્યાગ કર્યો જે ઘટનાને “મહાપરિનિર્વાણ” તરીકે ઓળ ખવામાં આવે છે.
- હીનયાન, મહાયાન, વજ્રયાન, થેરવાદ એ બૌદ્ધ ધર્મના મુખ્ય સંપ્રદાયો છે.

## રવિન્દ્રનાથ ટાગોરની 159મી જયંતી

- 7 મે, 2020ના રોજ રવિન્દ્રનાથ ટાગોરની 159મી જયંતી મનાવવામાં આવી હતી.
- રવિન્દ્રનાથ ટાગોર એ બ્રાહ્મો સમાજના નેતા દેવેન્દ્રનાથ ટાગોરના પુત્ર હતા.
- તેમણે બંગાળી સાહિત્ય અને સંગીતની સાથે 19મી સદીના અંત અને 20મી સદીની શરૂઆતમાં આધુનિકતા સાથે ભારતીય કલાનું પુનરુત્થાન કર્યું હતું.
- તેઓ ભારત અને બાંગ્લાદેશ એમ બંને દેશોનું રાષ્ટ્રગાન લખ્યું છે.
- તેમણે ગાંધીજીને “મહાત્મા”ની ઉપાધિ આપી હતી.
- વર્ષ 1915માં બ્રિટીશ સરકાર દ્વારા તેમને ‘ નાઈટ હૂડ”ની ઉપાધિ આપવામાં આવી હતી, પરંતુ 13 એપ્રિલ, 1919માં થયેલા જલિયાવાલા બાગ હત્યાકાંડ બાદ તેમણે ઉપાધિનો ત્યાગ કર્યો હતો.

### નોબેલ પુરસ્કાર :

- રવિન્દ્રનાથ ટાગોરને તેમની કાવ્યરચના ગીતાંજલી માટે વર્ષ 1913માં સાહિત્ય ક્ષેત્રે નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યોહતો.
- સાહિત્ય ક્ષેત્રે નોબેલ પુરસ્કાર જીતનાર તેઓ પ્રથમ બિન–યુરોપિયન હતા.
- ગીતાંજલીનું અનુવાદ અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, જાપાની, રુસી જેવી ભાષાઓમાં કરવામાં આવ્યું છે.

## મહારાણા પ્રતાપ જયંતી

- 9 મે, 2020ના રોજ દેશભરમાં મહાન યોદ્ધા અને અદ્દભૂત શોર્ય અને સાહસના પ્રતીક મહારાણા પ્રતાપની જયંતી મનાવવામાં આવી હતી.
- તેમનો જન્મ 9 મે, 1540ના રોજ સિસોદિયા રાજવંશમાં થયો હતો.
- રાણા પ્રતાપના પિતા ઉદયસિંહના મૃત્યુ બાદ તેમને મેવાડનું શાસન પ્રાપ્ત થયું હતું.
- રાણા પ્રતાપના રાજ્યની રાજધાની એ ઉદયપુર હતી.
- ઈતિહાસમાં જેટલી ચર્ચા મહારાણા પ્રતાપની બહાદુરીની છે તેટલી જ પ્રશંસા તેમના ઘોડા ચેતકની કરવામાં આવે છે.
- ઉદયપુરથી નાથદ્વારા જતાં માર્ગમાં સ્થિત પહાડો વચ્ચે પ્રસિદ્ધ હલ્દીઘાટી સ્થાન છે જયાં મહારાણા પ્રતાપ અને અકબરની સેનાઓ વચ્ચે યુદ્ધ થયું હતું.
- ઈતિહાસકારો મુજબ આ યુદ્ધમાં લગભગ 20 હજારના સૈનિક સાથે મહારાણા પ્રતાપે 80 હજાર મુઘલ સૈનિકોનો સામનો કર્યો હતો.

## ગોપાલ કૃષ્ણ ગોખલેની 154મી જયંતી

- 9 મે, 2020ના રોજ સમગ્ર દેશમાં સ્વતંત્ર સેનાની ગોપાલ કૃષ્ણ ગોખલેની 154મી જયંતી મનાવવામાં આવી હતી.
- તેઓ ભારતીય સ્વતંત્રતા આંદોલન અને ઉદારવાદી રાજકીય નેતા હતા.
- તેઓ 1889માં રાષ્ટ્રીય કોંગ્રેસના સદ્સ્ય બન્યા હતા. આ ઉપરાંત 1905ના કોંગ્રેસના બનારસ અધિવેશના અધ્યક્ષ તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી.
- તેઓ બોમ્બે વિધાન પરિષદના સદ્સ્ય પણ રહી ચૂકયા છે આ ઉપરાંત ‘‘ઈમ્પીરિયલ લેજિસ્લેટીવ કાઉન્સિલ’’માં પણ તેમણે કાર્ય કર્યું હતું.
- વર્ષ 1909ના ‘‘મોર્લે–મિન્ટો સુધારા’’ને તૈયાર કરવામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી.
- તેઓ ગાંધીજીના રાજકીય ગુરુ હતા. ગાંધીજી દ્વારા તેમના પર ગુજરાતી ભાષામાં ‘‘ધર્માત્મા’’ નામનું પુસ્તક લખવામાં આવ્યું હતું.
- વર્ષ 1905માં તેમણે ‘‘સર્વન્ટસ્ ઓફ ઈન્ડિયા સોસાયટી’’ની સ્થાપના કરી હતી.
- વર્ષ 1908માં તેમણે ‘‘રાનાડે ઈન્સ્ટિટયૂટ ઓફ ઈકોનોમિકસ’’ની સ્થાપના કરી હતી.
- તેમના દ્વારા અંગ્રેજી સાપ્તાહિક સમાચાર પત્ર ‘‘ધ હિતવાદ’’ શરૂ કરવામાં આવ્યું હતું.



# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## જનઔષધિ સુગમ મોબાઈલ એપ

➤ COVID-19 મહામારીને કારણે લાગુ થયેલા લોકડાઉનને કારણે લોકો દ્વારા 'જનઔષધિ સુગમ મોબાઈલ એપ'ના ઉપયોગમાં વધારો થયો છે.

### જનઔષધિ સુગમ મોબાઈલ એપનો ઉપયોગ

➤ આ એપ નીચે આપેલી બાબતો સંબંધે લોકોને મદદ કરે છે.

1. ગુગલ મેપ દ્વારા પોતાની આસપાસના જનઔષધિ કેન્દ્રો શોધવા
2. જનઔષધિ જેનેરિક દવા શોધવા.
3. જેનેરિક Vs બ્રાન્ડેડ દવાઓ વચ્ચે કિંમત અને બચત જેવી બાબતોએ સરખામણી કરવા.

➤ જનઔષધિ સુગમ મોબાઈલ એપ 'Bureau of Pharma PSUs of India' (BPPI) દ્વારા વિકસિત કરવામાં આવેલ છે. જે Department of Pharmaceuticals અંતર્ગત કાર્ય કરે છે.

### જનઔષધિ કેન્દ્રો વિશે

➤ પ્રધાનમંત્રી જનઔષધિ પરિયોજના અંતર્ગત સમગ્ર દેશમાં 'પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો' જેનેરિક મેડિસિનની ઉપલબ્ધતા માટે સ્થાપવામાં આવેલ છે.

➤ જેનેરિક દવાઓનું વેચાણ બ્રાન્ડના નામને બદલે માલિકી વિના અથવા માન્ય નામ હેઠળ કરવામાં આવે છે.

➤ જેનેરિક દવાઓ બ્રાન્ડેડ દવાઓ જેટલી જ અસરકારક હોય છે પરંતુ તેની કિંમત બ્રાન્ડેડ દવા કરતા ઓછી હોય છે.

➤ જેનેરિક દવાના માધ્યમથી દર્દીઓની દવા પરના ખર્ચમાં 50%-90% ઘટાડો કરી શકાય છે.

➤ પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજનાની અમલીકરણ સંસ્થા એ 'The Bureau of Pharma PSUs of India (BPPI)' છે.

## આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ

➤ પ્રત્યેક વર્ષે દુનિયામાં 1 મેના દિવસને 'મે દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ'ના રૂપમાં મનાવવામાં આવે છે.

➤ આ દિવસ નવા સમાજના નિર્માણમાં મજૂરોના યોગદાન અને ઐતિહાસિક શ્રમ આંદોલનનું સ્મરણ કરાવે છે.

### મે દિવસનો ઈતિહાસ

➤ સૌપ્રથમ 1889માં સમાજવાદી સમૂહો અને ટ્રેડ યુનિયનોના એક આંતરરાષ્ટ્રીય મહાસંઘે શિકાગોમાં થયેલી 'હે માર્કેટ' ઘટનાને યાદ કરતા મજૂરોના સમર્થન માટે 1 મે ને 'આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ' તરીકે મનાવવાનું નક્કી કર્યું.

➤ 'હે માર્કેટ' ખાતે મજૂરો એ આંદોલન કર્યું હતું. તે હિંસક બનતા મજૂરો અને પોલીસ વચ્ચે હિંસાની ઘટના બની હતી.

➤ ત્યારબાદ 1904માં એમ્સ્ટર્ડમમાં 'ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ કોંગ્રેસે' બધા સંગઠનો અને ટ્રેડ યુનિયનોને 1 દિવસમાં 8 કલાક કામની કાનૂની પ્રક્રિયા સ્થાપવા 1 મે ને આ દિવસ તરીકે ઉજવવાનું કહ્યું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આમ મે દિવસનો જન્મ 'કામના 8 કલાકો કરવાના' આંદોલન સાથે જોડાયેલ છે.

### ભારતમાં મજૂર દિવસ

- ભારતમાં પ્રથમ વખત મજૂર દિવસ 1 મે, 1923ના રોજ મનાવવામાં આવ્યો હતો.
- પ્રથમ વખત તેનું આયોજન 'લેબર કિસાન પાર્ટી'ના પ્રમુખ સિંગારવેલર દ્વારા કરવામાં આવ્યું હતું.

## અતુલ્ય : માઈક્રોવેવ સ્ટરલાઈઝર

- સંરક્ષણ અને સંશોધન સંસ્થા (DRDO) દ્વારા સમર્થિત માનદ યુનિવર્સિટી 'ડિફેન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ ટેકનોલોજી, પૂણે' દ્વારા 'અતુલ્ય' નામનું માઈક્રોવેવ સ્ટરલાઈઝર વિકસાવવામાં આવ્યું છે.

### માઈક્રોવેવ સ્ટરલાઈઝરનો ઉદ્દેશ

- તેનો ઉદ્દેશ કોરોનાવાયરસને વિભાજિત કરવાનો છે.
- આ વાયરસ $56^0$ - $60^0$ સેલ્સિયસ તાપમાને વિઘટિત થઈ જાય છે અને વિવિધ હીટિંગ દ્વારા વાયરસને વિભાજિત કરવામાં આવશે.

### અતુલ્ય સ્ટરલાઈઝરની અન્ય માહિતી

- આ ઉત્પાદન વાજબી ખર્ચ ધરાવતું સોલ્યુશન છે. તેને પોર્ટેબલ કે ફિક્સ રીતે ઈન્સ્ટોલ કરી શકાય છે.
- વિભિન્ન વસ્તુઓના આકાર અને ઢાંચા અનુસાર સ્ટરલાઈઝરનો સમય 30 સેકન્ડથી 1 મિનિટનો રહે છે.
- તેનો વજન લગભગ 3 કિગ્રા છે અને ઉપયોગ ફક્ત બિનધાતુ વસ્તુઓ માટે જ કરી શકાય છે.
- સ્ટરલાઈઝર એક પ્રક્રિયા છે જેના દ્વારા ફૂગ, બેક્ટેરિયા, વાયરસ વગેરેને નિષ્ક્રિય કે મારી નાખવામાં આવે છે.

## પ્રો. બી. બી. લાલ

- તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી દ્વારા મહાન પુરાતત્ત્વશાસ્ત્રી પ્રો. બી. બી. લાલના શતાબ્દી વર્ષ પર ઈ–બુક 'પ્રો. બી. બી. લાલ – ઈન્ડિયા રિડસ્કવર' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.
- પ્રો. બી. બી. લાલને વર્ષ 2020માં પદ્મ ભૂષણ પુરસ્કારથી પણ સમ્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 1968-1972 સુધી 'ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ'ના તેઓ ડાયરેક્ટર જનરલ પદ પર રહ્યા હતા.
- તેમણે હસ્તિનાપુર (ઉત્તરપ્રદેશ), શિશુપાલગઢ (ઓડિશા), જૂનો કિલ્લો (દિલ્હી), કાલિબંગન (રાજસ્થાન) જેવા મહત્ત્વપૂર્ણ સ્થળોનું ખોદકામ કર્યું હતું.
- 1975-76માં તેમણે રામાયણના પુરાતત્ત્વીય સ્થળો અંતર્ગત અયોધ્યા, ભારદ્વાજ આશ્રમ, શ્રૃંગવેરપુરા, નંદીગ્રામ અને ચિત્રકૂટ જેવા સ્થળોની પણ તપાસ કરી હતી.

## ICC રેન્કિંગ

- ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા ક્રિકેટ ટીમના રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા હતા.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ રેન્કિંગ મુજબ, ઓસ્ટ્રેલિયા ટીમ ટોચના સ્થાને રહી હતી. જ્યારે ન્યુઝીલેન્ડ અને ભારતનો ક્રમ અનુક્રમે બીજો અને ત્રીજો રહ્યો હતો.
- આ રેન્કિંગ પહેલા 43 મહિનાથી વધુના સમયગાળા માટે ભારતીય ક્રિકેટ ટીમ ટોચના સ્થાને રહી હતી.
- હાલમાં જાહેર કરવામાં આવેલ રેન્કિંગમાં ટીમ દ્વારા 2017થી રમવામાં આવેલા બધા જ મેચને ધ્યાનમાં લેવામાં આવેલ છે.
- ઓસ્ટ્રેલિયા 116 અંક પ્રાપ્ત કરીને ટોચ પર રહ્યું હતું. ન્યુઝીલેન્ડ અને ભારતને 115 અને 114 અંક પ્રાપ્ત થયા હતા.

## વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ

- પ્રત્યેક વર્ષે 3 મેના રોજ 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ' (World Press Freedom Day) મનાવવામાં આવે છે.
- વર્ષ 2020ના વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની થીમ : Journalism without Fear or Favour.

### વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ 2020ના મુખ્ય વિષયો

- વર્ષ 2020માં વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના મુખ્ય વિષયો નીચે મુજબના છે :

1. મહિલા અને પુરુષ પત્રકારો અને મીડિયા કર્મીઓની સુરક્ષા (Safety of Women and Men Journalist and Media Workers)
2. રાજનીતિક અને વાણિજ્યક પ્રભાવથી મુક્ત સ્વતંત્ર અને વ્યાવસાયિક પત્રકારિતા (Independent and Professional Journalism free from Political and Commercial Influence)
3. મીડિયાના બધા પાસાંઓમાં જાતીય સમાનતા (Gender Equality in All Aspect of the Media)

### વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની અન્ય માહિતી

- વર્ષ 1993થી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસને મનાવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- વર્ષ 2020ના વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના યજમાન તરીકે નેધરલેન્ડની પસંદગી કરવામાં આવી હતી.
- આ પહેલા યુનેસ્કો (UNESCO) અને નેધરલેન્ડ દ્વારા વૈશ્વિક મંચ પર 22-24 એપ્રિલ, 2020 સુધી 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન' આયોજિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- પરંતુ COVID-19ની મહામારીને લીધે તેને આગળ વધારીને 18-20 ઓક્ટોબર, 2020ના રોજ આયોજિત કરવામાં આવશે.

## ધ લોંગ માર્ચ 5B

- તાજેતરમાં ચીન દ્વારા હૈનાન પ્રાંતના દક્ષિણ દ્વીપથી એક અંતરિક્ષ રોકેટ "ધ લોંગ માર્ચ 5B"ને સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું.
- આ પ્રક્ષેપણ ચીનના મહત્ત્વપૂર્ણ અંતરિક્ષ કાર્યક્રમોને એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે.
- વર્ષ 2022 સુધી ચીન એક સ્થાયી અંતરિક્ષ સ્ટેશનનું સંચાલન કરી તથા ચંદ્રમા પર 6 સદસ્યોના દલને મોકલવાની યોજના બનાવી રહ્યું છે.

## વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગનો 50મો સ્થાપના દિવસ

- તાજેતરમાં 3 મે, 2020ના રોજ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના 50મા સ્થાપના દિવસે "Fighting Corona-Leveraging Scientific Research & Innovation" નામના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ વિશે :

- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગની સ્થાપના મે, 1971માં કરવામાં આવી હતી.
- દેશમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી સંબંધિત પ્રવૃત્તિનું આયોજન, સંકલન અને પ્રચાર માટેની તે એક નોડલ સંસ્થા છે.
- આ વિભાગ એ "વિજ્ઞાન અને ટેક્નોલોજી" મંત્રાલયની અંતર્ગત કાર્ય કરે છે.
- 50માં સ્થાપના દિવસ પર વિભાગ દ્વારા COVID-19 પર એક મલ્ટીમીડિયા ગાઈડ "COVID કથા" પણ લોન્ચ કરવામાં આવી હતી.

## વિશ્વ પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર

- દર વર્ષે યુનેસ્કો/ગિલર્મો કૈનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પ્રાઈઝ એક વ્યક્તિ અથવા સંસ્થાને સન્માનિત કરે છે જેમણે પ્રેસની સ્વતંત્રતાને વધારવા માટે યોગદાન આપ્યું હોય.
- આ પુરસ્કાર 3 મેના રોજ "વિશ્વ પ્રેસ સ્વતંત્રતા" દિવસે આપવામાં આવે છે.
- વર્ષ 2020નો આ પુરસ્કાર કોલંબિયાના ખોજી પત્રકાર "જિનેથ બેદોયા લીમા"ને આપવામાં આવ્યો છે.
- તેમની રચનાઓ દેશમાં સશસ્ત્ર સંઘર્ષ અને મહિલાઓ વિરુદ્ધ થતી યૌન હિંસાઓ પર કેન્દ્રિત છે.

### યુનેસ્કો/ગિલર્મો કૈનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પુરસ્કાર વિશે

- આ પુરસ્કાર 1997થી યુનેસ્કો દ્વારા કોલંબિયાના પત્રકાર ગિલેર્મો કૈનો ઈસ્જાના સમ્માનમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો.
- દુનિયામાં કોઈપણ સ્થળે પ્રેસની સ્વતંત્રતા, રક્ષા અને પ્રચારમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે વ્યક્તિ, સંગઠન કે સંસ્થાનું સમ્માન આ પુરસ્કાર કરે છે.
- પુરસ્કારનું નામ ગિલેર્મો કૈનો ઈસ્જાના નામ પરથી રાખવામાં આવ્યું છે. જેમની હત્યા કરી દેવામાં આવી હતી.
- પુરસ્કાર અંતર્ગત 45,000 ડોલરનું નકદ ઈનામ આપવામાં આવે છે આ ઈનામ કોલંબિયા સ્થિત કૈનો ફાઉન્ડેશન અને ફિનલેન્ડ સ્થિત હેલસિંગિન સનોમૈટ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે.

## પુલિત્ઝર પુરસ્કાર

- તાજેતરમાં કોલંબિયા વિશ્વવિદ્યાલય દ્વારા વર્ષ 2020ના પુલિત્ઝર પુરસ્કારના વિજેતાઓની ઘોષણા કરવામાં આવી છે.

### ભારતીય વિજેતાઓ :

- "અસોસિએટેડ પ્રેસ"ના ત્રણ ફોટોગ્રાફરોને ફીચર ફોટોગ્રાફીની શ્રેણીમાં પુરસ્કાર વિજેતા ઘોષિત કરવામાં આવ્યા છે.
- અનુશ્રી ફડણવીસ અને અદનાન આબિદીએ "બ્રેકિંગ ન્યૂઝ ફોટોગ્રાફી" શ્રેણીમાં પુરસ્કાર જીત્યો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- એસોસિએટેડ પ્રેસના ફોટોગ્રાફ ચન્ની આનંદ, મુખ્તાર ખાન અને ડાર યાસીનને જમ્મુ –કાશ્મીરનો વિશેષ દરજ્જો પાછા લીધા બાદ કાશ્મીરમાં થયેલા વિરોધ–પ્રદર્શનો વચ્ચે મીડિયા કવરેજ માટે "ફીચર ફોટોગ્રાફી" પુરસ્કાર જીત્યો છે.

## Back to basics :- પુલિત્ઝર પુરસ્કાર વિશે

- પુલિત્ઝર પુરસ્કારને પત્રકારિતાના ક્ષેત્રમાં અમેરિકાનું પ્રતિષ્ઠિત સમ્માન માનવામાં આવે છે.
- આ પુરસ્કારની શરૂઆત વર્ષ 1971માં કરવામાં આવી હતી.
- આ પુરસ્કારને "કોલંબિયા યુનિવર્સિટી" અને "પુલિત્ઝર પુરસ્કાર બોર્ડ" દ્વારા સંચાલિત કરવામાં આવે છે.
- પુલિત્ઝર પુરસ્કાર બોર્ડનું નિર્માણ કોલંબિયા યુનિવર્સિટી દ્વારા નિયુક્ત ન્યાયાધીશો દ્વારા થાય છે.
- આ પુરસ્કાર પ્રસિદ્ધ સમાચાર પત્ર પ્રકાશક જોસેફ પુલિત્ઝરના સમ્માનમાં આપવામાં આવે છે.
- પુરસ્કાર વિજેતાને એક પ્રમાણપત્ર અને 15000 ડોલરની પુરસ્કાર રાશિ આપવામાં આવે છે.

## વિશ્વ અસ્થમા દિવસ 2020

- વિશ્વ અસ્થમા દિવસ પ્રત્યેક વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે મનાવવામાં આવે છે. આ વર્ષે 5 મેના રોજ આ દિવસ મનાવવામાં આવ્યો હતો.
- વર્ષ 2020ના વિશ્વ અસ્થમા દિવસની થીમ : "Enough Asthma Deaths".
- આ દિવસનો મૂળ ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે અસ્થમાની બીમારી અને કાળજી પ્રત્યે જાગૃકતા વધારવાનો છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર વિશ્વમાં લગભગ 235 મિલિયન લોકો અસ્થમાંથી પીડિત છે.

## Back to basics :- અસ્થમા વિશે

- અસ્થમા એ ફેફસાની એક બીમારી છે જેના કારણે રોગીને શ્વાસ લેવામાં તકલીફ પડે છે.
- આ રોગ દરમિયાન શ્વસન માર્ગમાં સોજો, ઉધરસ, શ્વાસની તકલીફ જેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.
- જ્યારે અસ્થમાના લક્ષણો નિયંત્રણમાં નથી રહેતા ત્યારે શ્વાસ લેવામાં તકલીફ પડે છે.
- અસ્થમાનું નિદાન કરી શકાતુ નથી પરંતુ યોગ્ય સમયે સારવારથી તેને નિયંત્રિત કરી શકાય છે.

## અર્કટિકા-એમ Arktika-M

- તાજેતરમાં રશિયાની "લાવોસ્કિન એરોસ્પેસ કંપની" દ્વારા આ વર્ષના અંતમાં આર્કટિક આબોહવા અને પર્યાવરણ નિરીક્ષણ માટે પોતાનો પ્રથમ ઉપગ્રહ "આર્કટિકા–એમ" લોન્ચ કરવાની જાહેરાત કરી છે.
- આ ઉપગ્રહને ફ્રીગેટ બૂસ્ટર સાથે સોયુઝ–2-1બી રોકેટનો ઉપયોગ કરી લોન્ચ કરવામાં આવશે.

### આર્કટિકા-એમ ઉપગ્રહનું મહત્વ :

- રશિયાનું ઉત્તર ક્ષેત્ર આર્કટિક મહાસાગર સાથે હજારો કિમી. વિસ્તૃત છે.

➤ પોતાના ઉત્તર ક્ષેત્રોના આર્થિક વિકાસ અને પર્યાવરણ સંરક્ષણને સંતુલિત કરવો એ રશિયા માટે એક પડકાર છે.

➤ આર્કટિકા–એમ એક રિમોટ સેંન્સિગ અને સંચાર ઉપગ્રહ છે. તે પૃથ્વીના ધ્રુવીય ક્ષેત્રોનો હવામાન સંબંધી ડેટા એકત્ર કરવામાં મદદ કરશે.

➤ આ ડેટાની મદદથી હવામાન વૈજ્ઞાનિકોને હવામાન સંબંધી પૂર્વાનુમાન ચોક્કસતાથી તથા આબોહવા પરિવર્તનનો વધુ સારી રીતે અભ્યાસ કરવામાં મદદ મળશે.

## સુરક્ષિત દાદા-દાદી અને નાના-નાની અભિયાન

➤ પીરામલ ફાઉન્ડેશનના સહયોગથી નીતિ આયોગે 5 મે, 2020ના રોજ, COVID-19 મહામારી દરમિયાન વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા “સુરક્ષિત દાદા–દાદી અને નાના–નાની અભિયાન”નો પ્રારંભ કર્યો છે.

➤ આ અભિયાનનો ઉદ્દેશ્ય મહામારી દરમિયાન નિવારક ઉપાયો અને અપેક્ષિત વ્યવહાર પરિવર્તન સહિત વશિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય અને જીવનશૈલીના વિવિધ પાસાઓ બાબતે જાગૃકતા પેદા કરવાનો છે.

➤ આ અભિયાન અંતર્ગત અસમ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના 25 મહત્ત્વકાંક્ષી જિલ્લાના 2.9 મિલિયનથી વધુ વરિષ્ઠ નાગરિકોનો સમાવેશ કરવામાં આવશે.

## તરુણ બજાજની RBIના બોર્ડમાં નિયુક્તિ

➤ કેન્દ્ર સરકારના આર્થિક બાબતોના સચિવ તરૂણ બજાજની RBIના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેકટરના નિયામક તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

➤ તેમનો કાર્યકાળ 5 મે થી આગળના આદેશ સુધી પ્રભાવી રહેશે.

➤ તરૂણ બજાજ એ 30 એપ્રિલ, 2020ના રોજ સેવાનિવૃત્ત થતાં અતનુ ચક્રવર્તીનું સ્થાન લેશે.

## વિશ્વ થેલેસેમિયા દિવસ

➤ દુનિયાભરમાં પ્રતિવર્ષ 8 મે ને “વિશ્વ થેલેસેમિયા દિવસ”ના રૂપમાં મનાવવામાં આવે છે.

➤ આ દિવસનું આયોજન કરવાનો મુખ્ય હેતુ થેલેસેમિયાના સંદર્ભમાં જાગૃતિ ફેલાવવાનો છે જે એક આનુવંશિક વિકાર (Genetic Disorder) છે.

➤ આ દિવસની શરૂઆત સૌપ્રથમ 1994માં “થેલેસેમિયા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન” દ્વારા કરવામાં આવી હતી.

**Back to basics : થેલેસેમિયા વિશે :**

➤ થેલેસેમિયા એક સ્થાયી રક્તવિકાર (Chronic Blood Disorder) છે. જેનાથી રોગીની લાલ રક્ત કોશિકાઓમાં પર્યાપ્ત હિમોગ્લોબિન બનતું નથી.

➤ તેના કારણે એનિમિયા થાય છે અને જીવિત રહેવા દરેક 2-3 અઠવાડિયા બાદ રોગીને રક્ત ચડાવવાની જરૂરિયાત રહે છે.

➤ થેલેસેમિયા માતા–પિતાના જીન્સના માધ્યમથી બાળકોને મળતો આનુવંશિક વિકાર છે.

## વિશ્વ રેડ ક્રોસ દિવસ

- વૈશ્વિક સ્તરે 8 મે ને "વિશ્વ રેડ ક્રોસ દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે.
- "રેડ ક્રોસ" એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે કોઈ ભેદભાવ કે યુદ્ધ, મહામારી અને પ્રાકૃતિક આપદાની સ્થિતિમાં લોકોની રક્ષા કરે છે.
- "રેડ ક્રોસ"ના જનક "જીન હેનરી ડ્યૂનૈંટ" છે જેમનો જન્મ 8 મે, 1828ના થયો હતો. તે દિવસને જ "વિશ્વ રેડ ક્રોસ દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે.
- જીન હેનરી ડ્યૂનૈંટને સમાજની ભલાઈ માટે કરવામાં આવેલા કાર્યોના બદલે વર્ષ 1901માં પ્રથમ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.
- "ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ (ICRC)ની સ્થાપના જીન હેનરી ડ્યૂનૈંટ દ્વારા 1863માં કરવામાં આવી હતી. તેનુ મુખ્યાલય જીનિવા, સ્વીટ્ઝર્લેન્ડ ખાતે છે.
- ICRCને 1917, 1944 અને 1963 એમ 3 વખત નોબેલ શાંતિ પુરસ્કાર માટે સમ્માનિત કરવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય પ્રોદ્યોગિકી દિવસ

- ભારતની તકનિકી પ્રગતિને અંકિત કરવા અને વિભિન્ન ક્ષેત્રોમાં પ્રોદ્યોગિક (ટેકનોલોજી)ના વિકાસને પ્રોત્સાહન આપવા માટે 11 મેના દિવસને રાષ્ટ્રીય પ્રોદ્યોગિક દિવસ (National Technology Day) તરીકે મનાવવામાં આવે છે.

### રાષ્ટ્રીય પ્રોદ્યોગિકી દિવસનો ઈતિહાસ :

- 11 મે – 13 મે 1998 સુધી રાજસ્થાનના પોખરણમાં કરવામાં આવેલ 5 પરમાણુ પરીક્ષણ (ઓપરેશન શક્તિ)ની યાદમાં દર વર્ષે મનાવવામાં આવે છે.
- આ ઓપરેશનનું નેતૃત્વ પૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામ દ્વારા કરવામાં આવ્યું હતું.
- પોખરણ-2 (ઓપરેશન શક્તિ) અંતર્ગત પરમાણુ પરીક્ષણ કર્યા બાદ ભારતને પરમાણુ રાષ્ટ્ર ઘોષિત કરવામાં આવ્યું હતું.
- આ સાથે જ પરમાણુ રાષ્ટ્રોના કલબમાં જોડાનાર ભારત છઠ્ઠો દેશ બન્યો હતો.

## વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ

- પ્રત્યેક વર્ષે "સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ" (United Nations Environment Program (UNEP) દ્વારા 9 મે ને વિશ્વ પ્રવાસી પક્ષી દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- આ એક વાર્ષિક અભિયાન છે જે પ્રવાસી પક્ષીઓ અને તેના આવાસોના સંરક્ષણની આવશ્યકતાઓ બાબતે જાગૃકતા વધારે છે.
- વર્ષ 2020ના વિશ્વ પ્રવાસી પક્ષી દિવસની થીમ : પક્ષી આપણી દુનિયા જોડે છે.
- આ થીમ દ્વારા મુખ્ય રૂપથી પરિસ્થિતિકી જોડાણ અને પરિસ્થિતિકી તંત્રની અખંડિતતા પર ભાર આપવામાં આવ્યો છે.
- આ થીમ ટ્રેકિંગ તકનિકો પર પણ કેન્દ્રિત છે જે દુનિયામાં પ્રવાસી પક્ષીઓના માર્ગો વિશે માહિતી મેળવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
- આ દિવસની શરૂઆત પ્રથમ વખત 2006માં વન્ય જીવોના પ્રવાસી પ્રજાતિના સંરક્ષણ પરના કન્વેન્શનમાં કરવામાં આવી હતી.

## એરફિલ્ડનું આધુનિકીકરણ

- રક્ષા મંત્રાલય દ્વારા ટાટા પાવરની સાથે ભારતીય વાયુ સેનાના 37 એરફિલ્ડના મૂળભૂત માળખાના આધુનિકીકરણ માટે કરાર કરવામાં આવ્યા છે.
- આ પરિયોજનાની કિંમત રૂ. 1200 કરોડ હશે.

### એરફિલ્ડના આધુનિકીકરણની અન્ય માહિતી :

- આ આધુનિકીકરણના પ્રથમ તબક્કામાં ભારતીય વાયુસેનાના એરફિલ્ડને અપગ્રેડ કરવામાં આવશે.
- આધુનિકીકરણના બીજા તબક્કામાં નેવિગેશનલ એડ્સ અને માળખાને અપગ્રેડ કરવામાં આવશે.
- બીજા તબક્કામાં આધુનિક એરફિલ્ડ ઉપકરણોની સ્થાપના અને કમીશનિંગ જેવા કે કિ કેટ-11 ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ અને ફિલ્ડ લાઈટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે.
- આધુનિક ઉપકરણોને સીધા એર ટ્રાફિક કંટ્રોલ સાથે જોડવામાં આવશે. આ એરફિલ્ડ સર્વશ્રેષ્ઠ નિયંત્રણ પ્રદાન કરશે.
- આ પરિયોજના અંતર્ગત ભટિંડામાં પ્રથમ આધુનિક હવાઈ ક્ષેત્ર પ્રણાલી સ્થાપિત કરવામાં આવી હતી.
- પ્રથમ તબક્કા અંતર્ગત લગભગ 30 હવાઈ મથકોનું આધુનિકીકરણ કરવામાં આવ્યું હતું.

## મુસ્તફા અલ કાદીમી ઈરાકના નવા પ્રધાનમંત્રી

- નવેમ્બર 2019માં આદેલ અબ્દુલ મહદીના રાજીનામાં બાદ મુસ્તફા અલ કાદીમીને ઈરાકના નવા પ્રધાનમંત્રીના રૂપમાં પસંદ કરવામાં આવ્યા હતા.
- 7 મે, 2020ના રોજ ઈરાકની સંસદે મુસ્તફા કાદીમીને નવા પ્રધાનમંત્રીના રૂપમાં પસંદ કરવા મતદાન કર્યુ હતું.
- વર્ષ 2019માં સરકાર વિરોધી પ્રદર્શનો થવાને કારણે આદેલ અબ્દુલ મહદી એ રાજીનામું આપી દીધું હતું.

### મુસ્તફા અલ કાદીમી વિશે :

- તેઓ કોઈપણ રાજનીતિક પાર્ટી સાથે સંબંધ ધરાવતા નથી.
- તેઓ એક પૂર્વ ઈન્ટેલિજન્સના પ્રમુખ હતા.
- પ્રધાનમંત્રી પદ માટે તેમને નામાંકિત કરવામાં આવ્યા હતા.
- તેઓ સદામ હુસૈનના કટ્ટર વિરોધી હતા. 1985માં તેમણે ઈરાક છોડી દીધું હતુ અને ત્યારબાદ બ્રિટનમાં રહેતા હતા.

## UNEPના ગુડવિલ એમ્બેસેડર તરીકે દીયા મિર્ઝાનો કાર્યકાળ વધારવામાં આવ્યો

- સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા 2022 સુધી અભિનેત્રી દીયા મિર્ઝાના ગુડવિલ એમ્બેસેડર તરીકેના કાર્યકાળને વધારવામાં આવ્યો છે.

### ગુડવિલ એમ્બેસેડર વિશે :

- ગુડવિલ એમ્બેસેડર એક વ્યક્તિ હોય છે જે વૈશ્વિક મુદ્દાઓ કે વિશિષ્ટ કારણોનું સમર્થન કરતી હોય છે.
- સંયુક્ત રાષ્ટ્રની વિવિધ સંસ્થાઓ પોતાના કાર્યક્રમો માટે ગુડવિલ એમ્બેસેડરની નિયુક્તિ કરતા હોય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- UNCEF સંસ્થાના સૌથી વધુ 300 ગુડવિલ એમ્બેસેડર છે.
- તેમને કોઈ રકમ આપવામાં આવતી નથી અને ફક્ત 1 ડોલરની પ્રતિક રકમ આપવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની વિનંતી પર ગુડવિલ એમ્બેસેડર ભંડોળ એકઠું કરવામાં મદદ કરે છે અને અન્ય મુદ્દા પર જાગૃકતા ફેલાવે છે.

### દીયા મિર્ઝાનું યોગદાન :

- દીયા મિર્ઝા દ્વારા "બીટ ધ પોલ્યુશન" અભિયાનમાં સક્રિય ભાગ લેવામાં આવ્યો હતો.
- તેમના દ્વારા પર્યાવરણ દિવસ, સર્કુલર ફેશન અને UNEPના અન્ય અભિયાનોમાં યોગદાન આપ્યું છે.
- "બીટ ધ પોલ્યુશન" અભિયાન અંતર્ગત ભારત 2022 સુધી સિંગલ યૂઝ પ્લાસ્ટિક"થી મુક્ત થવા કાર્ય કરી રહ્યું છે.

## ભારતમાં પ્રથમ વખત ગ્રામીણ ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા શહેરી ઈન્ટરનેટ વપરાશકારો કરતા વધુ

- ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવેલ છે.
- આ રિપોર્ટ અનુસાર ગ્રામીણ ભારતના ઈન્ટરનેટ વપરાશકારોમાં 10%નો વધારો થયો છે.
- રિપોર્ટ અનુસાર ગ્રામીણ ભારતમાં 227 મિલિયન સક્રિય ઈન્ટરનેટ વપરાશકારો છે જ્યારે શહેરી ભારતમાં 205 મિલિયન ઈન્ટરનેટ વપરાશકારો છે.
- ઈતિહાસમાં પ્રથમ વખત આવું બનયું છે જ્યારે ગ્રામીણ ક્ષેત્રના ઈન્ટરનેટ વપરાશકારો શહેરી વપરાશકારો કરતા વધુ હોય.

### રિપોર્ટની મુખ્ય બાબતો :

- રિપોર્ટ મુજબ 5-11 વર્ષના લગભગ 71 મિલિયન બાળકો પોતાના પરિવારના સદસ્યોના ઉપકરણનો ઉપયોગ કરી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- ચીન પછી ભારત સૌથી વધુ ઈન્ટરનેટનો ઉપયોગ કરતો દેશ છે.
- ભારતમાં 5 વર્ષ અને તેનાથી વધુ વર્ષના સક્રિય ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા 504 મિલિયન છે. ચીનમાં આ સંખ્યા 850 મિલિયન છે.
- ઈન્ટરનેટની પહોંચમાં ભારત અમેરિકા અને ચીનથી પાછળ છે.
- અમેરિકામાં ઈન્ટરનેટની પહોંચ 88%, ચીનમાં 61% અને ભારતમાં 40% છે.

### ભારતમાં ઈન્ટરનેટનો ઉપયોગ :

- ભારતમાં મહિલા ઈન્ટરનેટ વપરાશકારો પુરુષ ઈન્ટરનેટ વપરાશકારો કરતા વધુ છે.
- ભારતમાં ઈન્ટરનેટ પ્લેટફોર્મમાં સ્થાનીય ભાષાનું મહત્ત્વ વધી રહ્યું છે.
- 22 મિલિયન પેજવ્યૂમાં લગભગ 13 મિલિયન પેજવ્યૂ સ્થાનીય ભાષામાં છે.
- રાજ્યોમાં ઈન્ટરનેટ ક્ષેત્રમાં દિલ્હી ટોચ પર છે. તેના પછી કેરલનો ક્રમ આવે છે.

## ભારતીય અમેરિકી OECDના દૂત તરીકે નામાંકિત

- અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ દ્વારા ભારતીય અમેરિકી મનીષા સિંહને OECD

(Organization for Economic Co-Operation and Development)ના પોતાના દૂત તરીકે નિયુક્ત કરેલ છે.

- તેઓ અમેરિકાના પ્રતિનિધિના રૂપમાં OECDમાં કાર્ય કરશે.

### OECD વિશે :

- OECDની સ્થાપના વિશ્વ વ્યાપારમાં સુધારા અને વૈશ્વિક આર્થિક પ્રગતિને પ્રોત્સાહિત કરવા 1961માં કરવામાં આવી હતી.
- હાલમાં OECDના 37 સભ્ય દેશો છે.
- ભારત એ OECDનું સભ્ય દેશ નથી. OECD અનુસાર ભારત હજુ વિકાસશીલ દેશ છે અને આ સંગઠનનું ગઠન વિકસિત દેશો માટે કરવામાં આવ્યું છે.

## કોરોના વાયરસ ગ્લોબલ રિસ્પોન્સ ઈન્ટરનેશનલ પ્લેજિંગ કોન્ફરન્સ

- 5 મે, 2020ના રોજ લગભગ 40 દેશો દ્વારા એક ઓનલાઈન શિખર સંમેલનમાં ભાગ લેવામાં આવ્યો હતો.
- આ સંમેલનને "ગ્લોબલ રિસ્પોન્સ ઈન્ટરનેશનલ પ્લેજિંગ કોન્ફરન્સ"નું નામ આપવામાં આવ્યું હતું.
- આ સંમેલનની શરૂઆત યુરોપિયન સંઘ દ્વારા કરવામાં આવી હતી.
- અમેરિકા અને રશિયા દ્વારા આ સંમેલનમાં ભાગ લેવામાં આવ્યો ન હતો જ્યારે ચીને પોતાના દૂત દ્વારા ભાગ લીધો હતો.
- આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય COVID-19 માટે વિશેષ રૂપથી રસી માટે અને તેના સંશોધન માટે ભંડોળ એકત્રિત કરવાનો છે.
- આ ભંડોળમાં યુરોપિયન સંઘે 1 બિલિયન ડોલર, ફ્રાંસે 500 મિલિયન ડોલર, સાઉદી અરબ અને જર્મની એ 500 મિલિયન ડોલર અને જાપાને 800 મિલિયન ડોલરના યોગદાનની પ્રતિબદ્ધતા જાહેર કરી છે.
- આ ભંડોળમાંથી 4.4 બિલિયન ડોલર રસીના વિકાસ માટે ખર્ચ કરવામાં આવશે. જ્યારે 2.2 બિલિયન ડોલર ઉપચાર માટેની શોધ અને 1.6 બિલિયન ડોલર પરીક્ષણ માટે ફાળવવામાં આવશે.

## રશિયા દ્વારા ઉત્તર કોરિયાના નેતાને સ્મારક યુદ્ધ પદક

- રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને નાઝી જર્મની પર જીતની 75મી વર્ષગાંઠના અવસર પર ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગને દ્વિતીય વિશ્વ યુદ્ધ પદકથી સમ્માનિત કરેલ છે.
- રશિયાના દૂતાવાસ મુજબ ઉત્તર કોરિયા ક્ષેત્રમાં પોતાનું જીવન લગાવેલ સોવિયેત સૈનિકોની સ્મૃતિનું સંરક્ષણ કરવામાં તેમની ભૂમિકાને માન્યતા આપવા ઉત્તર કોરિયાના નેતાને આ પદક આપવામાં આવેલ છે.

### રશિયા અને ઉત્તર કોરિયા સંબંધો :

- 1948માં સોવિયત સંઘ અને ઉત્તર કોરિયા વચ્ચે રાજનિતિક સંબંધો સ્થાપિત કરવામાં આવ્યા હતા.
- કોરિયાઈ યુદ્ધ વખતે સોવિયત સૈન્ય બળોએ કોરિયાઈ પીપલ્સ આર્મીનું સમર્થન કર્યુ હતું.
- ઉત્તર કોરિયાની સ્થાપના કમ્યુનિસ્ટ બ્લોકના રૂપમાં કરવામાં આવી હતી જેને રશિયાનું સમર્થન પ્રાપ્ત થયું હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ઉત્તર કોરિયાનો ઈતિહાસ :

- ઉત્તર કોરિયાના ઈતિહાસની શરૂઆત બીજા વિશ્વ યુદ્ધના અંતમાં થાય છે.
- જાપાનના આત્મસમર્પણ બાદ સોવિયત સંઘ અને અમેરિકાએ ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયાના રૂપમાં કોરિયાને વિભાજિત કરવા પર સહમિત વ્યકત કરી હતી.
- ઉત્તર કોરિયાએ સોવિયત સાથે ગઠબંધન કર્યુ અને ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયાનું ગઠન કર્યું.
- દક્ષિણ કોરિયાએ પશ્ચિમી સહયોગીઓ સાથે ગઠબંધન કર્યુ અને કોરિયા રિપબ્લિકનું ગઠન કર્યું.

## હરિ શંકર વાસુદેવન

- પ્રસિદ્ધ ઈતિહાસકાર હરિ શંકર વાસુદેવનનું COVID-19ના કારણે 63 વર્ષની વયે નિધન થયું હતું.
- વાસુદેવનને રશિયા અને મધ્ય એશિયાના ઈતિહાસકારોમાં એક જાણીતું નામ હતું.
- તેઓને ભારત–રશિયા સંબંધોના વિશેષજ્ઞોના રૂપમાં પણ ઓળખવામાં આવતા હતા.
- તેઓ કલકત્તા યુનિવર્સિટીમાં ઈતિહાસ વિભાગના પ્રોફેસરના રૂપમાં કાર્ય કરતા હતા. તે પહેલા તેમણે સંસ્કૃતિ મંત્રાલયના "મૌલાના અબ્દુલ કલામ આઝાદ ઈન્સ્ટિટયૂટ ઓફ એશિયન સ્ટડીઝ, કલકત્તા"ના નિર્દેશકના રૂપમાં પણ કાર્ય કર્યુ હતું.
- હરિ શંકર વાસુદેવન વર્ષ 2011-2014 સુધી "ઈન્ડિયા કાઉન્સિલ ઓફ હિસ્ટોરીકલ રિસર્ચ"ના સદ્દસ્ય પણ રહ્યા હતા.

## ભરોસા હેલ્પલાઈન

- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા એક આભાસી મંચના માધ્યમથી ઓડિશા કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની "ભરોસા" નામની એક હેલ્પલાઈન નંબર - 08046801010નો શુભારંભ કર્યો છે.
- આ હેલ્પલાઈનનો ઉદ્દેશ્ય મહામારીના સમય દરમિયાન વિદ્યાર્થી સમુદાયની તકલીફ દૂર કરવાનો છે.
- આ હેલ્પલાઈન નંબર ઓડિશાની બધી વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓને લોકડાઉન દરમિયાન માનસિક અને મનોવૈજ્ઞાનિક સહાયતા આપવાનો છે.

## આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ

- વૈશ્વિક સ્તરે 12 મે ના રોજ આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસનું આયોજન મુખ્ય રૂપથી આધુનિક નર્સિંગની જનક "ફ્લોરેંસ નાઈટિંગેલ"ની યાદમાં મનાવવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ 2020ની થીમ : "નર્સિંગ ધ વર્લ્ડ ટૂ હેલ્થ"
- આ દિવસને પ્રથમ વખત વર્ષ 1965માં "ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સ" દ્વારા મનાવવામાં આવ્યો હતો.
- પરંતુ જાન્યુઆરી, 1974થી આ દિવસ ફલોરેંસ નાઈટિંગલના જન્મદિવસ પર મનાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું.
- ફ્લોરેંસ નાઈટિંગલે 1850ના દશકમાં ક્રિમિયન યુદ્ધમાં અન્ય નર્સોને પ્રશિક્ષણ આપયું હતું. તેમને "લેડી વિથ ધ લેંગ" પણ કહેવામાં આવે છે.

## "FIR આપકે દ્વાર" પહેલ

- મધ્યપ્રદેશ સરકાર દ્વારા "FIR આપકે દ્વાર" પહેલની શરૂઆત કરવામાં આવી છે.
- આ પહેલ અંતર્ગત પીડિત વ્યકિતએ "પ્રથમ સૂચના રિપોર્ટ" (First Information Report-FIR) લખાવવા પોલીસ સ્ટેશન જવું નહી પડે પરંતુ પોલીસ પોતે ઘરે આવીને FIRની નોંધણી કરશે.
- પાયલોટ સ્તર પર 23 પોલીસ સ્ટશેનમાં આ પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત શહેરી અને ગ્રામીણ એમ બંને ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવે છે.

## "પ્રવાસી રાહત મિત્ર" એપ

- ઉત્તરપ્રદેશ રાજ્ય દ્વારા "પ્રવાસી રાહત મિત્ર" એપની શરૂઆત કરવામાં આવી છે.
- આ એપની શરૂઆત COVID-19ના લીધે અન્ય રાજ્યોમાંથી પાછા આવતા મજૂરો માટે કરવામાં આવી છે.
- આ એપના માધ્યમથી પાછા આવતા મજૂરો સરકારની વિભિન્ન યોજનાઓનો લાભ લઈ શકશે. આ ઉપરાંત મજૂરોના સ્વાસ્થ્યની પણ જાણકારી મેળવી શકાશે.
- એપ મજૂરોને તેમના કૌશલ્યના હિસાબથી રોજગારી અને આજીવિકાના સાધનો પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

## મૂડીઝ દ્વારા ભારતના વિકાસદરનું અનુમાન

- મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે હાલના નાણાકીય વર્ષ 2020-21 માટે ભારતના આર્થિક વિકાસદરનું અનુમાન ઘટાડીને શૂન્ય(0) કરેલ છે.
- COVID-19ના કારણે અર્થવ્યવસ્થા પર પડતી પ્રતિકૂળ અસરને લીધે વિકાસ દરને શૂન્ય કરવામાં આવેલ છે.
- જો કે મૂડીઝના અનુમાન મુજબ ત્યારબાદના નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતીય વિકાસ દરનું અનુમાન એ 6.6% રાખવામાં આવેલ છે.

## એકીકૃત યુદ્ધ સમૂહ

- તાજેતરમાં સેનાના પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભારતીય સેના સમગ્ર બદલવાની દિશામાં ઝડપથી "એકીકૃત યુદ્ધ સમૂહ" (Integrated Battle Group-IBC)નું સંચાલન કરશે.

### એકીકૃત યુદ્ધ સમૂહ એટલે શું ?

- એકીકૃત યુદ્ધ સમૂહ (IBG)ના આકાર બ્રિગ્રેડ સમાન હોય છે.
- IBG એક કાર્યક્ષમ અને આત્મનિર્ભર યુદ્ધ વ્યવસ્થા છે આ વ્યવસ્થા યુદ્ધની સ્થિતિમાં દુશ્મન પર આક્રમણ કરવામાં સક્ષમ હોય છે.
- IBGનું ગઠન જોખમ, ભૌગોલિક વિસ્તાર અને કાર્યોના આધારે કરવામાં આવતું હોય છે.
- IBG એ કાર્યવાહી કરવા માટે પોતાના સ્થાનના આધારે 12-48 કલાકમાં સંગઠિત થવામાં સક્ષમ હોય છે.
- IBG આક્રમક અને રક્ષણાત્મક બંને પ્રકારના હોય છે.
- IBGનું ગઠન એ સેનાના "કોલ્ડ સ્ટાર્ટ ડોકટ્રેન"ના ભાગ રૂપે કરવામાં આવી રહ્યું છે. આ ડોક્ટ્રેન ભારતીય સેનાને દુશ્મનના ક્ષેત્રમાં પ્રવેશ કરી તીવ્ર ગતિમાં કાર્ય કરવાનું લક્ષ્ય આપે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ટોડા જનજાતિ

➤ COVID-19ને ધ્યાનમાં રાખતા નીલગિરિ ક્ષેત્રના ટોડા કારીગરો એ લોકોને ચેપથી બચાવવા માટે માસ્ક બનાવવા પોતાના પારંપરિક કૌશલ્યનો ઉપયોગ કરી રહ્યા છે.

### ટોડા જનજાતિ વિશે

➤ ટોડા જનજાતિ એ દક્ષિણ ભારતના નીલગિરિ પહાડોની એક ભરવાડ જનજાતિ છે.

➤ દ્રાવિડ ભાષા પરિવાર સાથે ટોડા ભાષાનો સંબંધ છે.

➤ તેમની આજીવિકાનો સ્ત્રોત એ ડેરી ઉત્પાદન, વાંસ અને શેરડી છે.

➤ ટોડા જાતિ એ ટોડા એમ્બ્રોઈડરી માટે પ્રખ્યાત છે જેને ટોડા મહિલાઓ દ્વારા બનાવવામાં આવે છે.

➤ ટોડા એમ્બ્રોઈડરીને ભૌગોલિક સંકેત ટેગ (GI Tag) પણ પ્રાપ્ત થયેલ છે.

➤ ટોડા જનજાતિના લોકો ત્રણથી સાતના સમૂહમાં નાના ઘરોમાં વસવાટ કરે છે.

## વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ

➤ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ 2020માં ભારત અને મધ્ય એશિયાના સર્વશ્રેષ્ઠ ક્ષેત્રીય ઓરપોર્ટ તરીકે બેંગલોર સ્થિત “કેંપેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ”ની પસંદગી કરવામાં આવી છે.

➤ છેલ્લા 4 વર્ષોમાં ત્રીજી વખત બેંગલોરના આ એરપોર્ટની પસંદગી ભારત અને મધ્ય એશિયાના ક્ષેત્રીય સર્વશ્રેષ્ઠ એરપોર્ટ તરીકે કરવામાં આવી હતી.

➤ આ યાદીમાં વર્ષ 2020 માટે વિશ્વના સર્વશ્રેષ્ઠ એરપોર્ટ તરીકે સિંગાપોર “ચાંગી એરપોર્ટ”ની પસંદગી કરવામાં આવી છે.

➤ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ એ એરપોર્ટના ઉપયોગકર્તાઓથી પ્રાપ્ત પ્રતિસાદના આધારે આપવામાં આવે છે. તેનો સર્વે વૈશ્વિક સ્તર પર કરવામાં આવે છે. આ સર્વેમાં 550થી વધુ એરપોર્ટનો સમાવેશ કરવામાં આવે છે.

## ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણના નવા ડાયરેક્ટર જનરલ

➤ તાજેતરમાં વરિષ્ઠ IAS અધિકારી વી. વિદાવતીને ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ (Archaeological Survey of India-ASI)ના નવા ડાયરેકટર જનરલ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

➤ ASI એ રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો અને પુરાતત્ત્વીય સંશોધન અને સંરક્ષણના હેતુ એક સંગઠન છે.

➤ ASI એ પ્રાચીન સ્મારક તથા પુરાતત્ત્વીય સ્થળ અને અવશેષ અધિનિયમ, 1958ની જોગવાઈ મુજબ દેશમાં બધી પુરાતત્ત્વીય પ્રવૃત્તિઓનું નિયમન કરે છે.

## હોપ પોર્ટલ

➤ તાજેતરમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી દ્વારા રાજ્યના કૌશલ્ય ધરાવતા કે ન ધરાવતા કામદાર યુવાઓનો ડેટાબેઝ તૈયાર કરવા “હોપ” (Hope-Helping Out People Everywhere)નામના પોર્ટલની શરૂઆત કરી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ પોર્ટલનો ઉદ્દેશ્ય યુવાઓને રોજગારના સાધનો ઉપલબ્ધ કરાવવાનો છે.
- ઉત્તરાખંડના મુખ્યમંત્રી દ્વારા શરૂ કરાયેલ 'મુખ્યમંત્રી સ્વરોજગાર યોજના''ના અમલીકરણ માટે આ પોર્ટલ મહત્ત્વની ભૂમિકા પૂરી કરશે.
- આ પોર્ટલના ડેટા બેઝનો ઉપયોગ રાજ્યના બધા વિભાગો તથા અન્ય રોજગાર પ્રદાતાઓ દ્વારા યુવાઓને સ્વરોજગારમાં જોડાવા માટે કરવામાં આવશે.

## G20 વર્ચ્યુઅલ વ્યાપાર અને રોકાણ મંત્રીઓની બેઠક

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી પિયૂષ ગોયેલ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બીજી G20 વર્ચ્યુઅલ વ્યાપાર અને રોકાણ મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો.
- આ બેઠકની અધ્યક્ષતા એ સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવી હતી.
- બેઠક અંતર્ગત મંત્રીઓ મહત્ત્વપૂર્ણ ચિકિત્સા પુરવઠો અને સીમાઓ પાર અન્ય આવશ્યક વસ્તુનો પ્રવાહ સુનિશ્ચિત કરવા પર કામ કરવા સહમત થયા હતા.
- આ ઉપરાંત મંત્રીઓ મુક્ત, ભેદભાવ વિના, નિષ્પક્ષ અને પારદર્શી વ્યાપાર અને રોકાણ વાતાવરણ ઉપલબ્ધ કરાવવા માટે પણ સહમત થયા હતા.
- બેઠક અંતર્ગત વૈશ્વિક પુરવઠાની શ્રેણીને કાર્યશીલ રાખવા પર ચર્ચા કરી સહમતી બનાવવામાં આવી હતી.

## કોમનવેલ્થ સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠક

- ભારત દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 32મી કોમનવેલ્થ સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકમાં ભાગ લેવામાં આવ્યો હતો.
- કોમનવેલ્થ સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકની થીમ : Delivering a Coordinated Commonwealth COVID-19 Response.
- બેઠક અંતર્ગત સભ્ય દેશોએ COVID-19ની લડાઈમાં પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. તેમણે આવશ્યક સામૂહિક અને રાષ્ટ્રીય કાર્યો પર પણ ચર્ચા કરી હતી.
- આ બેઠકની અધ્યક્ષતા સ્વાસ્થ્ય અને ચિકિત્સા સેવાઓ માટેના ફિજીના મંત્રી ડો. ઈફરીમી વાકેનબેટે કરી હતી.

### Back to basics : કોમનવેલ્થ વિશે :

- કોમનવેલ્થ સમૂહમાં 54 દેશોનો સમાવેશ કરવામાં આવે છે.
- તેની સ્થાપના વર્ષ 1926માં કરવામાં આવી હતી. તેનું ગઠન 1949માં લંડન ઘોષણાના માધ્યમથી કરવામાં આવ્યુ હતું.
- આ સમૂહનો વિચાર અંગ્રેજો દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

## ફીફા મહિલા અંડર-17 વિશ્વકપ

- તાજેતરમાં ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન અને સ્થાનીય આયોજન સમિતિએ ફીફા અંડર 17 મહિલા વિશ્વ કપનું પુન:નિર્ધારણ કર્યું છે.
- આ પહેલા તેનુ આયોજન 2 નવેમ્બર, 2020ના રોજ થવાનું હતું. હવે વિશ્વકપનું આયોજન 17 ફેબ્રુઆરી, 2021 અને 7 માર્ચ, 2021 વચ્ચે

કરવામાં આવશે.

- ભારત 2021માં આ વિશ્વકપની યજમાની કરશે.
- ફીફા મહિલા અંડર-17 વિશ્વકપ માટે શરૂઆતમાં આયોજન 5 શહેરો કલકત્તા, ગુવાહાટી, ભુવનેશ્વર, નવી મુંબઈ અને અમદાવાદમાં થવાનું હતું.
- અંડર-17 ફીફા મહિલા વિશ્વકપનું આયોજન દર 4 વર્ષે કરવામાં આવે છે.

## સુરક્ષા સ્ટોર પહેલ

- ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય અંતર્ગત ગ્રાહક બાબતોના વિભાગે "સુરક્ષા સ્ટોર' પહેલ લોન્ચ કરી છે.
- આ પહેલને લોકડાઉન દરમિયાન નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવેલ છે.

### સુરક્ષા સ્ટોર પહેલની મુખ્ય બાબતો :

- ગ્રાહકો બાબતોના વિભાગ કરિયાણાની દુકાનોના સ્તર પર COVID-19ના પ્રસારને રોકવા ટેક સ્ટાર્ટ અપ સેફજોબ અને સીકીફાઈ સાથે કાર્ય કરશે.
- તેના માધ્યમથી સમગ્ર દેશમાં કરિયાણાની દુકાનોના માલિકોને COVID-19 પ્રોટોકોલ અને દિશાનિર્દેશો બાબતે શિક્ષિત કરવામાં આવશે.
- આ પહેલ અંતર્ગત છૂટક દુકાનોમાં સામાજિક અંતર અને સ્વચ્છતાના માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે દુકાનોને આ પહેલ અંતર્ગત સંચાલિત કરવામાં આવશે. તેને "સુરક્ષા સ્ટોર" તરીકે ઓળખવામાં આવશે.

## નિગાહ યોજના

- હિમાચલ પ્રદેશ સરકાર દ્વારા "નિગાહ" નામનો એક નવો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય એ લોકોના પરિવાર સદસ્યોને જાગૃત કરવાનો છે જે દેશના અન્ય હિસ્સાથી હિમાચલ પ્રદેશમાં આવી રહ્યા છે.
- આ કાર્યક્રમ અંતર્ગત ઘરેલું કોરેન્ટાઈન દરમિયાન સામાજિક અંતર બનાવી રાખવા જાગૃકતા વધારવા આશા, આંગનવાડી અને સ્વાસ્થ્ય કાર્યકર્તાઓની નિયુકિત કરવામાં આવશે.
- આ સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ એ વ્યક્તિના પરિવારના સદસ્યોને સંવેદનશીલ બનાવશે જે અન્ય રાજ્યોમાંથી આવી રહ્યા હોય.

## કોમનવેલ્થ યુવા ગેમ્સ સ્થગિત

- 2021ના કોમનવેલ્થ યુવા ગેમ્સને વર્ષ 2023 સુધી સ્થગિત કરી દેવામાં આવેલ છે. જેનું મુખ્ય કારણ એ ટોકયો ઓલમ્પિક સાથે આ ગેમ્સની તારીખોનો અવરોધ થવાનું છે.
- 17માં કોમનવેલથ યુવા ગેમ્સનું આયોજન 1-7 ઓગષ્ટ, 2021 દરમિયાન ટોબેગો અને ટ્રિનિદાદમાં થવાનું હતું.

### કોમનવેલ્થ યુવા ગેમ્સ વિશે :

- તે એક આંતરરાષ્ટ્રીય ગેમ્સ કાર્યક્રમ છે જેનું આયોજન કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન દ્વારા કરવામાં આવે છે.
- પ્રથમ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન સ્કોટલેન્ડના એડિનબર્ગમાં કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2008માં કોમનવેલ્થ યુવા ગેમ્સનું આયોજન પુના (ભારત) ખાતે કરવામાં આવ્યું હતું.

## આરોગ્ય સેતુ મિત્ર પહેલ

- આરોગ્ય સેતુ મિત્ર નામની એક ખાનગી જાહેર ભાગીદારી પહેલ એ આરોગ્ય સેતુ એપ પર ઉપલબ્ધ થશે અને તે COVID-19 માટે મફત સલાહ આપવા માટેની પહેલ છે.
- COVID-19ના લક્ષણો ધરાવતા લોકોને મફત ટેલી–સલાહ આપવામાં આવશે.
- ટાટા સમૂહની ત્રણ ખાનગી કંપની અને ટેક મહિન્દ્રાના સહયોગથી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

## વિશ્વ બેંક દ્વારા ભારતને 1 બિલિયન ડોલરની સહાય

- તાજેતરમાં વિશ્વ બેંક દ્વારા "India's COVID-19 Special Protection Response Programme" અંતર્ગત 1 બિલિયન ડોલરની સહાયને મંજૂરી આપી છે.
- આ ફંડના માધ્યમથી ગરીબો, તીવ્ર રીતે અસર પામેલા લોકો અને સંવેદનશીલ લોકોને સહાયતા આપવામાં આવશે.
- 1 બિલિયન ડોલરની આ સહાયતામાંથી 550 મિલિયન ડોલર એ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોશિયેઅન (IDA) અને 220 મિલિયન ડોલર એ ઈન્ટરનેશનલ બેંક ઓફ રિકન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ (IBRD) દ્વારા આપવામાં આવશે.
- IDA અને IBRD એ વિશ્વ બેંકના સમૂહની સંસ્થા છે.
- આ ધિરાણનો સમયગાળો 18.5 વર્ષનો રહેશે. જેમાં 5 વર્ષની છૂટછાટના સમયગાળનો પણ સમાવેશ થાય છે.

## ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર કુંદનિકા કાપડિયાનું નિધન

- ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ મહિલા વાર્તાકાર અને નવલકથાકાર કુંદનિકા કાપડિયાનું 30 એપ્રિલ, 2020ના રોજ ગુજરાતમાં વલસાડ જિલ્લાના નંદીગ્રામમાં 93 વર્ષની વયે નિધન થયું છે.
- તેમણે તેમના પતિ અને પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી મકરંદ દવે સાથે ગુજરાતમાં વલસાડ જિલ્લાના વાંકલ ગામે "નંદીગ્રામ" નામના આશ્રમની સ્થાપના કરી હતી.

**કુંદનિકા કાપડિયાનું સાહિત્ય સર્જન :**

- વર્ષ 1955-1957 સુધી "યાત્રિક" અને 1962-1980 દરમિયાન "નવનીત" નામના સામયિકના સંપાદન તરીકે કાર્ય કર્યુ હતું.
- "પ્રેમના આસું" નામની વાર્તા તેમની પ્રથમ રચના છે.
- "વધુ ને વધુ સુંદર", "કાગળની હોડી", "જવા દઈશું તમને" એ તેમની વાર્તાનો સંગ્રહ છે.
- "પરોઢ થતા પહેલા" તેમની પ્રથમ નવલકથા હતી.
- "અગનપિપાસા" અને "સાત પગલાં આકાશમાં" તેમની અન્ય નવલકથા છે.
- "સાત પગલાં આકાશમાં" નવલકથા માટે તેમને 1985માં સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો.

# 9. આત્મનિર્ભર ભારત અભિયાન

## આત્મનિર્ભર ભારત અભિયાન અને આર્થિક પેકેજ

- 12 મે, 2020ના રોજ રાષ્ટ્રને COVID-19ના સંદર્ભે સંબોધિત કરતા પ્રધાનમંત્રી દ્વારા ''આત્મનિર્ભર ભારત અભિયાન'' શરૂ કરવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રને સંબોધિત કરતા પ્રધાનમંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, COVID-19ને કારણે ઊભી થયેલી કટોકટી અણધારી છે, પણ આ લડાઈમાં આપણે આપણી જાતને સુરક્ષિત રાખવાની સાથે આગળ પણ વધતા રહેવાનું છે. પ્રગતિ પણ કરવાની છે.

### આત્મનિર્ભર ભારત અભિયાન શું છે ?

- 21મી સદીને ભારતની સદી બનાવાના સ્વપ્નને સાકાર કરવા અને સુનિશ્ચિત કરતા આગળ વધી દેશને આત્મનિર્ભર બનાવવાનો છે. દા.ત. એવી વસ્તુઓ કે જેનું ઉત્પાદન COVID-19 પહેલા ખૂબ ઓછું કે નહિવત હતું. આવા ઉત્પાદનમાં N-95 માસ્ક અને PPE કીટનો સમાવેશ થાય છે.
- આત્મનિર્ભરતાનો ખ્યાલ એ સ્વકેન્દ્રિતતાના ખ્યાલ કરતા અલગ છે.
- ભારતની સંસ્કૃતિ ''વસુધૈવ કુટુમ્બકમ''ની ભાવનામાં માને છે. અને ભારતમાં પ્રગતિએ સંપૂર્ણ વિશ્વની પ્રગતિનો ભાગ છે.
- આમ આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ભારત પોતાની વધુ મજબૂત અને પગભર બનાવશે.

### આત્મનિર્ભર ભારતના 5 સ્તંભો :

- આત્મનિર્ભર ભારતના 5 સ્તંભો છે જેના પર તે આધાર રાખશે.

**આત્મનિર્ભર ભારતના સ્તંભો**

| સ્તંભ | સંબંધિત માહિતી |
|---|---|
| અર્થવ્યવસ્થા (Economy) | એવી અર્થવ્યવસ્થા જે તબક્કાવાર રીતે નહીં પણ હરણફાળ પ્રગતિ કરશે. |
| માળખાગત સુવિધાઓ (Infrastructure) | એવી માળખાગત સુવિધાઓ વિકસાવવી જે આધુનિક ભારતની ઓળખ બને. |
| વ્યવસ્થા (System) | 21મી સદી એ ટેક્નોલોજી સંચાલિત વ્યવસ્થા પર આધારિત પ્રણાલી |
| વાઈબ્રન્ટ વસ્તી (vibrant Demography) | આવી વાઈબ્રન્ટ વસ્તી એ આત્મનિર્ભર ભારત માટે ઊર્જાનો સ્ત્રોત છે. |
| માંગ (Demand) | ભારતની માંગ અને પુરવઠાની પૂરી ક્ષમતાનો ઉપયોગ કરવો જોઈએ. |

### આત્મનિર્ભર ભારત અભિયાન માટે આર્થિક પેકેજ

- આત્મનિર્ભર ભારત અભિયાન માટે પ્રધાનમંત્રી દ્વારા વિશેષ આર્થિક પેકેજની જાહેરાત કરવામાં આવી હતી.
- આ આત્મનિર્ભર ભારત અભિયાન એ રૂ. 20 લાખ કરોડનું છે જેનું કદ એ GDPના 10%ને સમકક્ષ હશે.

- રૂ. 20 લાખ કરોડના આર્થિક પેકેજમાં RBI દ્વારા અગાઉ કરવામાં આવેલ આર્થિક જાહેરાતો અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કરવામાં આવેલ આર્થિક મદદનો પણ સમાવેશ કરી લેવામાં આવ્યો છે.
- આ આર્થિક પેકેજ જમીન, શ્રમ, નાણાકીય પ્રવાહિતતા અને કાયદા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઉપરાંત પેકેજમાં કુટિર ઉદ્યોગ, MSME, શ્રમિકો, મધ્યમ વર્ગના લોકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- આત્મનિર્ભર ભારત અભિયાન માટેના આ આર્થિક પેકેજની વિશિષ્ટ જાહેરાતો નીચે મુજબ છે :

## MSME સંબંધિત રાહત અને ધિરાણ માટેના પગલાઓ

**(1) MSME માટે રૂ. 3 લાખ કરોડની કાર્યકારી મૂડીની સુવિધા :**

- વિવિધ ઉદ્યોગોને તા. 29 ફેબ્રુઆરી, 2020ની સ્થિતિએ તેમના બાકી ધિરાણના 20% જેટલી વધારાની કાર્યકારી મૂડીના ધિરાણની સુવિધા સસ્તા વ્યાજના દરે પૂરી પાડવામાં આવશે.
- આ ધિરાણ રૂ. 25 કરોડ સુધીના બાકી લેણા અને રૂ. 100 કરોડ સુધીનું ટર્ન ઓવર ધરાવતા એકમોને આપવામાં આવશે.
- આ એકમોને ધિરાણ જામીનગીરી વિના આપવામાં આવશે.
- ભારત સરકારની 100% ગેરેંટી હેઠળ 45 લાખથી વધુ MSME ક્ષેત્રના એકમોને રૂ. 3 લાખ કરોડની રકમ મારફતે સંપૂર્ણ પ્રવાહિતા પૂરી પાડવામાં આવશે.

**(2) બોજ અનુભવતા MSME ક્ષેત્રના એકમોને ગૌણ દેવા માટે રૂ. 20000 કરોડ :**

- 2 લાખ જેટલા MSME ક્ષેત્રના એકમો જે NPA અથવા બોજ હેઠળ છે તેના માટે રૂ. 20,000 કરોડના દેવાની જોગવાઈ કરવામાં આવી છે.
- સરકાર સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે ક્રેડિટ ગેરેંટી ટ્રસ્ટને રૂ. 4000 કરોડની સહાય કરશે.
- બેંકો આવા MSME ક્ષેત્રના એકમોને તેમના હયાત હિસ્સાના 15% જેટલું ગૌણ દેવું મહત્તમ રૂ. 75 લાખ સુધીની મર્યાદામાં પૂરું પાડશે.

**(3) MSME ફંડ ઓફ ફંડસના મારફતે રૂ. 50000 કરોડની શેર મૂડીનું રોકાણ :**

- સરકાર રૂ. 10000 કરોડના ભંડોળ સાથે ફંડ ઓફ ફંડસની સ્થાપના કરશે જે MSMEને ઈક્વિટી ફંડિંગ માટે સહાયતા કરશે.
- ફંડ ઓફ ફંડસનું સંચાલન એક સમગ્ર અને અમુક સહાયક ફંડના માધ્યમથી કરવામાં આવશે.
- સહાયક ફંડના સ્તરે 1:4ના લાભ કે પ્રભાવે લાભ આપીને રૂ. 50000 કરોડની શેર મૂડી ગતિશીલ કરવી શકય બનશે.

**(4) MSMEની વ્યાખ્યામાં સુધારો :**

- MSMEની વ્યાખ્યામાં સુધારો કરવામાં આવ્યો છે.
- આ સુધારા પહેલા ફક્ત રોકાણના માપદંડથી MSMEનું વર્ગીકરણ થતું હતું.
- સુધારા બાદ રોકાણ સાથે "ટર્નઓવર"ના માપદંડને પણ જોડવામાં આવેલ છે.
- આ ઉપરાંત MSMEના વર્ગીકરણમાં મેન્યુફેકચરિંગ અને સર્વિસ ક્ષેત્ર વચ્ચેનો તફાવત રદ કરવામાં આવશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### સુધારાના આધારે MSMEનું વર્ગીકરણ

| વર્ગીકરણ | મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ ક્ષેત્રમાં રોકાણ અને ટર્નઓવર |
|---|---|
| સુક્ષ્મ (Micro) | રોકાણ રૂ. 1 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 5 કરોડથી ઓછું |
| લઘુ (Small) | રોકાણ રૂ. 10 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 50 કરોડથી ઓછું |
| મધ્યમ (Medium) | રોકાણ રૂ. 20 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 100 કરોડથી ઓછું |

(5) MSME ક્ષેત્રનું ઈ–લીંકેજ કરવામાં આવશે. MSMEને સરકાર અને સરકારી નિગમોથી મળતી રકમ 45 દિવસમાં છૂટી કરવામાં આવશે.

(6) રૂ. 200 કરોડ સુધીના સરકારી ટેન્ડરો માટે કોઈ ગ્લોબલ ટેન્ડર બહાર પાડવામાં આવશે નહીં.

(7) ભારત સરકાર એ માલિકો અને કર્મચારીનું 12-12% યોગદાન જે કર્મચારી પ્રોવિડન્ડ ફંડ (EPF)માં કરવાનું હોય છે તે જૂન, જુલાઈ અને ઓગષ્ટ એમ 3 માસ સુધી કરશે.

(8) માલિક અને કર્મચારી બંનેનું વૈધાનિક પ્રોવિડન્ડ ફંડ યોગદાન આગામી 3 માસ માટે દરેક EPFO એકમમાં 12%થી ઘટાડી 10% કરવામાં આવ્યું છે.

(9) નોનો બેન્કિંગ ફાયનાન્સ કંપની (NBFC) હાઉસિંગ ફાયનાન્સ કંપની (HFC) અને માઈક્રો ફાયનાન્સ કંપની (MFI) માટે રૂ. 30000 કરોડની વિશેષ લિકિવડીટી યોજના રજૂ કરવામાં આવશે.

(10) NBFC, HFC અને MFI માટે રૂ. 45000 કરોડની આંશિક ક્રેડિટ ગેરેંટી સ્કીમ 2.0 :

➤ હાલની આંશિક ગેરેંટી યોજનામાં સુધારો કરવામાં આવશે અને તેમાં NBFC, HFC અને MFIના ઓછા દરના ધિરાણોને આવરી લેવામાં આવશે.

➤ ભારત સરકાર જાહેર ક્ષેત્રની બેંકોને 20%ની પ્રાથમિક નુકસાનની ગેરેંટી આપશે. અર્થાત્ જો ધિરાણની રકમ ન મળે તો 20% સુધીનું નુકસાન બેંકોને સરકાર ચૂકવી દેશે.

(11) પાવર ફાયનાન્સ કોર્પોરેશન અને રૂરલ ઈલેક્ટ્રીફિકેશન કોર્પોરેશન બે સરખા હપ્તામાં વીજ વિતરણ કરતી કંપનીમાં રૂ. 90000 કરોડ સુધીની પ્રવાહિતા પૂરી પાડશે.

(12) રેલ્વે, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય એન્જિનિયરીંગ પ્રોક્યોરમેન્ટ કન્ટ્રક્શન (EPC) મોડેલ અને કન્સેશન એગ્રીમેન્ટ સહિત કરારની જવાબદારી પૂર્ણ કરવા 6 માસનો સમય લંબાવી આપશે.

(13) રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે રજીસ્ટર્ડ પ્રોજેક્ટ માટે નોંધણી અને પૂર્ણ કરવાની તારીખ 6 માસ અને ત્યાર પછી પણ 3 માસ (રાજ્યની સ્થિતિ મુજબ) લંબાવવાની છૂટ આપી શકાશે.

➤ ચેરીટેબલ ટ્રસ્ટ અને નોન–કોર્પોરેટ બિઝનેસ માટે તથા માલિકી, ભાગીદારી તથા સહકારી સંસ્થાનું આવક વેરાનું બાકી રહેતુ રિફંડ તાત્કાલિક ચૂકવી દેવામાં આવશે.

(15) કર સંબંધી પગલાઓ :

➤ ટેક્સ ડિડક્શન એટ સોર્સ (TDS) અને ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ (TCS)ના દરમાં નાણાકીય વર્ષ 2020-21ના બાકીના સમય માટે 25% જેટલો ઘટાડો કરવામાં આવશે.

➤ નાણાકીય વર્ષ 2020-21ના એસેસમેન્ટ વર્ષના તમામ આવકવેરા રિટર્નની તારીખ લંબાવી 30 નવેમ્બર, 2020 કરવામાં આવી છે.

➤ ટેક્સ ઓડીટ માટેની તારીખ 31 ઓક્ટોબર, 2020 સુધી લંબાવવામાં આવશે.

➢ 'વિવાદ સે વિશ્વાસ' યોજના હેઠળ વધારાની રકમ સિવાય ચૂકવણીની તારીખ લંબાવી 31 ડિસેમ્બર, 2020 કરવામાં આવી છે.

## પ્રવાસી શ્રમિકો, ખેડૂતો, નાના વેપારીઓ અને ગરીબો માટે યોજનાઓ

(1) પ્રવાસી શ્રમિકો માટે તમામ રાજ્યો અને કેન્દ્ર–શાસિત પ્રદેશો શ્રમિક દીઠ 5 કિ.ગ્રા. વધારાનું અને પરિવાર દીઠ દર મહિને 1 કિ.ગ્રા. ચણા મફત આપવામાં આવશે. નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ કે રાશન કાર્ડ ન હોય તેવા શ્રમિકોને પણ લાભ મળશે.

(2) પ્રવાસી શ્રમિકો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નની સસ્તા અનાજની કોઈપણ દુકાનેથી રાશન મેળવી શકે તે માટે માર્ચ 2021 સુધીમાં "વન નેશન વન રેશન કાર્ડ" યોજના અંતર્ગત 100% લાભાર્થીને આવરી લેવામાં આવશે.

(3) પ્રવાસી શ્રમિકો અને શહેરી ગરીબો માટે પોસાય તેવા દરના ભાડાના આવાસ સંકુલો જાહેર –ખાનગી ભાગીદારીના આધારે બાંધવામાં આવશે.

(4) મુદ્રા યોજના અંતર્ગત "શિશુ ઋણ" લેનાર અને ઝડપથી જેણે ચૂકવણી કરી હોય તેમને 12 મહિના માટે 2% વ્યાજમાં છૂટ આપવામાં આવશે. રૂ. 50000થી ઓછા ધિરાણ લેનારને આનો લાભ મળશે.

(5) સ્ટ્રીટ વેનડરની સ્થિતિમાં પ્રતિકૂળ પ્રભાવ પડવાથી તેમને સહાયતા કરવા રૂ. 10000ની પ્રારંભિક કાર્યકારી મૂડી માટે બેંક લોનની સુવિધા આપવામાં આવશે. સ્ટ્રીટ વેન્ડર ડિજિટલ અને સમયસર ચૂકવણી કરશે તેને નાણાકીય રિવોર્ડ આપી પ્રોત્સાહન આપવામાં આવશે.

(6) હાઉસિંગ સેકટર અને મધ્યમ આવક જૂથ (રૂ. 6-18 લાખની આવક)ને ક્રેડિટ લીંકડ સબસીડી યોજના હેઠળ માર્ચ, 2021 સુધીમાં રૂ. 70000 કરોડનું રોકાણ થશે.

(7) રૂ. 6000 કરોડના કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી (CAMPA) ફંડનો ઉપયોગ કરીને શહેરી વિસ્તારો સહિતના વિસ્તારોમાં વનીકરણ અને વૃક્ષારોપણની કામગીરી હાથ ધરવામાં આવશે.

(8) નાબાર્ડ એ ગ્રામ્ય વિસ્તારની સહકારી સંસ્થાઓ, બેંકો અને રિજીયોનલ રૂરલ બેંકોને ખેડૂતોની પાક ધિરાણની જરૂરિયાતોને પૂર્ણ કરવા રૂ. 30000 કરોડનું ધિરાણ પૂરું પાડશે.

(9) કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ 2.5 કરોડ ખેડૂતનો રૂ. 2 લાખ કરોડનું ધિરાણ આપવામાં આવશે.

## કૃષિ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ, લોજીસ્ટીક, ક્ષમતા નિર્માણ તથા શાસન અને વહીવટીય સુધારા માટે યોજનાઓ અને પગલાઓ

(1) ફાર્મ–ગેટ અને એગ્રીગેશન પોઈન્ટ (પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ, ખેડૂત ઉત્પાદક સંસ્થા, ખેતી ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટ અપ) ઉપર કૃષિ માળખાગત સુવિધાના પ્રોજેકટને ભંડોળ પૂરું પાડવા રૂ. 1 લાખ કરોડની નાણાકીય સુવિધા આપવામાં આવી છે.

(2) માઈક્રો ફૂડ એન્ટરપ્રાઈઝ માટે રૂ. 10000 કરોડની ફોર્મલાઈઝેશન યોજનાથી 2 લાખ માઈક્રો ફૂડ એન્ટરપ્રાઈઝને FSSAI ફૂડ સ્ટાન્ડર્ડ મેળવવા, બ્રાન્ડનું નિર્માણ તથા માર્કેટિંગ માટે ટેકનિકલ અપગ્રેડેશન માટે સહાય આપવામાં આવશે.

(3) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ માછીમારોને રૂ. 20000 કરોડની સહાય આપવામાં આવશે. આ યોજના હેઠળ દરિયાઈ,


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ઈનલેન્ડ ફીશરીઝ અને એકવા કલ્ચર માટે રૂ. 11000 કરોડ તથા કોલ્ડ ચેન, બજારો તથા માળખાગત સુવિધાના વિકાસ માટે રૂ. 9000 કરોડ પૂરા પાડવામાં આવશે.

(4) રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ :

➢ પશુઓને થતા ખરવાસા મોવાસા તથા બ્રૂસીલોસીસ રોગના નિયંત્રણ માટે રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ પ્રોગ્રામ રૂ. 13,343 કરોડના ખર્ચે શરૂ કરવામાં આવશે.

➢ આ પ્રોગ્રામ અંતર્ગત દૂધાળા ઢોર, ભેંસો, ઘેટા, બકરાં અને ડુકકરની વસતીનું 100% રસીકરણ કરવામાં આવશે.

(5) રૂ. 15000 કરોડનું પશુ પાલન માળખાગત સુવિધા વિકાસ ફંડ સ્થાપવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય ડેરી પ્રોસેસિંગ અને પશુ દાણની માળ ખાગત સુવિધા વિકસાવવા ખાનગી મૂડી રોકાણને ટેકો આપવામાં આવશે.

(6) રૂ. 4000 કરોડના ખર્ચે હર્બલ વાવેતરને પ્રોત્સહન આપવામાં આવશે. આગામી 2 વર્ષમાં 10 લાખ હેકટર વિસ્તારને હર્બલ વાવેતર હેઠળ આવરી લેવામાં આવશે. ઔષધિય છોડ માટે પ્રાદેશિક મંડીઓનું નેટવર્ક ઉભુ કરવામાં આવશે.

(7) રૂ. 500 કરોડના ખર્ચે મધમાખી ઉછેર માટે સરકાર નીચે મુજબની યોજનાઓ અમલમાં મૂકશે :

➢ સુસંકલિત મધમાખી ઉછેર વિકાસ કેન્દ્રો, એકત્રીકરણ માર્કેટિંગ અને સંગ્રહ કેન્દ્રો, પોસ્ટ હાર્વેસ્ટર કામગીરી તથા મૂલ્ય વૃદ્ધિની સુવિધા.

➢ સ્ટાડર્ડનું અમલીકરણ અને સ્ટ્રેસેબિલીટી સિસ્ટમ વિકસાવવામાં આવશે.

➢ મહિલાઓ તરફી ઝોક રાખીને ક્ષમતા નિર્માણ કરાશે.

➢ કવોલિટી ન્યુકિલયર્સ સ્ટોક અને મધમાખી ઉછેરનો વિકાસ કરવામાં આવશે.

(8) Top (Tomato, Onion, Potato)થી Total (સંપૂર્ણ) સુધીના વિકાસ માટે રૂ. 500 કરોડ :

➢ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતું “ઓપરેશન ગ્રીન” ટમેટા, ડુંગળી અને બટેટા માટે ચલાવવામાં આવે છે. આ ઉપરાંત હવે તમામ ફળો અને શાકભાજી માટે ઓપરેશન ગ્રીન વિસ્તારવામાં આવશે.

➢ યોજના અંતર્ગત અધિક જથ્થો ધરાવતા વિસ્તારમાંથી તંગી ધરાવતા વિસ્તારમાં પરિવહન માટે 50% સબસીડી પૂરી પાડવામાં આવશે.

➢ કોલ્ડ સ્ટોરેજ માટે સંગ્રહ વ્યવસ્થા વિકસાવવા 50% સબસીડી પૂરી પાડવામાં આવશે.

➢ આ યોજના આગામી 6 મહિના સુધી પાયલોટ પ્રોજેકટ તરીકે શરૂ કરવામાં આવશે.

**કૃષિ ક્ષેત્રે વહીવટીય સુધારા માટે નીચે મુજબના પગલાઓની જાહેરાત કરવામાં આવી છે :**

(1) ખેડૂતોને સારા ભાવ પ્રાપ્ત થાય તે માટે “આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ” (Essential Commodity Act)માં સુધારો કરવામાં આવશે. આ અધિનિયમથી કઠોળ, ખાદ્ય તેલ, તેબિલિયા, દાળ, ડુંગળી અને બટેટાને નિયંત્રણમુકત કરવામાં આવશે.

(2) ખેડૂતોને બજારની પસંદગી પૂરી પાડવા માટે કૃષિ બજાર સુધારા માટે નીચે મુજબની જોગવાઈ ઓ કરવામાં આવશે.

➢ ખેડૂતો વળતર યુકત ભાવથી ખેત પેદાશોનું વેચાણ કરી શકે તે માટે પૂરતી પસંદગી મળી રહેશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ અવરોધ મુકત આંતર રાજ્ય વેચાણ થઈ શકશે.

➤ ખેત પેદાશોના ઈ–ટ્રેડિંગ માટે માળખું બનાવવામાં આવશે.

(3) ખેત પેદાશોની કિંમતો અને ગુણવત્તાની ખાતરી :

➤ ખેડૂત પ્રોસેસર્સ, મોટા છૂટક વેપારી, નિકાસકારો વગેરે સાથે સંકલન થઈ શકે તે માટે કાનૂની માળખાને વાજબી અને પારદર્શક રીતે આખરી સ્વરૂપ આપવામાં આવશે.

➤ ખેડૂતોનું જોખમ નિવારવા તથા તેમને ખાતરીપૂર્વકનું વળતર મળી રહે અને ગુણવત્તાનું સ્ટાડર્ડાઈઝેશન થઈ શકે તે બાબત આ માળખાનો આંતરિક હિસ્સો બની રહેશે.

## આત્મનિર્ભર ભારતનો માર્ગ મોકળો કરવા આઠ ક્ષેત્રોમાં માળખાકીય સુધારાઓ

➤ તાજેતરમાં નાણાં મંત્રીએ આત્મનિર્ભર ભારત અભિયાનને વ્યાપક બનાવવા 8 ક્ષેત્રોમાં માળખાગત સુધારાઓની જાહેરાત કરી હતી.

**માળખાગત સુધારાના 8 ક્ષેત્રો**

| | |
|---|---|
| 1 | કોલસો |
| 2 | ખનન |
| 3 | સંરક્ષણ ઉત્પાદન |
| 4 | નાગરિક ઉડ્ડયન |
| 5 | ઊર્જા |
| 6 | સામાજિક માળખું |
| 7 | અવકાશ |
| 8 | અણુ ઊર્જા |

**1) કોલસા ક્ષેત્ર :**

➤ કોલસા ક્ષેત્રમાં વાણિજ્યક ખનન (Commercial Mining)ની શરૂઆત કરવામાં આવશે.

➤ કોઈપણ પક્ષકાર કોલ બ્લોક અને હરાજીમાં ભાગ લઈ શકશે અને ખુલ્લા બજારમાં વેચાણ કરી શકશે.

➤ પ્રવેશ નિયમોને વધુ ઉદાર બનાવવામાં આવશે આશરે 50 જેટલા કોલ બ્લોકને તાત્કાલિકપણે ઉપલબ્ધ બનાવાશે.

➤ આવકના હિસ્સામાં વળતર પૂરું પાડીને નિર્ધારિત સમય કરતાં વહેલા ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે.

➤ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માપદંડો જેમકે ખાણકામની યોજનાનું સાર્વત્રીકરણ હાથ ધરવામાં આવશે. તેનાથી વાર્ષિક ઉત્પાદનમાં 40%નો વધારો થશે.

➤ કોલ બેડ મિથેન (CBM)ના નિકાલ અધિકારોની કોલ ઈન્ડિયા લિમિટેડની કોલસાની ખાણોમાં હરાજી કરવામાં આવશે.

➤ આવકના હિસ્સામાં વળતર આપીને કોલસાનું ગેસમાં રૂપાંતર પ્રોત્સાહિત કરવામાં આવશે.

➤ વર્ષ 2023-24 સુધી 1 અબજ ટન કોલસાના ઉત્પાદનના કોલ ઈન્ડિયા લિમિટેડના લક્ષ્યાંક સાથે ખાનગી બ્લોકમાંથી કોલસાના ઉત્પાદનમાં વધારો કરવા રૂ. 50000 કરોડનો માળખાકીય વિકાસ કરવામાં આવશે. તેમાં ખાણથી રેલવે માર્ગ સુધી કોલસાના યાંત્રિક સ્થળાંતરમાં રૂ. 18000 કરોડના મૂલ્યનો સમાવેશ થાય છે.

**2) ખનીજ ક્ષેત્ર :**

➤ ખનીજ ક્ષેત્રમાં રોકાણ વધારવામાં આવશે.

➤ મુક્ત અને પારદર્શક પ્રક્રિયા દ્વારા 500 માઈનિંગ બ્લોકસ આપવામાં આવશે.

➤ એલ્યુમિનિયમ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવા બોકસાઈટ અને કોલસાના ખનીજ બ્લોકની સંયુક્ત હરાજી કરવામાં આવશે.

➤ કેપ્ટિવ અને નોન–કેપ્ટિવ ખાણો વચ્ચે ભિન્નતા રાખવાથી ખાણકામની લીઝ ટ્રાન્સફર કરી શકાશે અને વધારાના ઉપયોગમાં ન લીધેલા ખનીજોનું વેચાણ કરી શકાશે.

- ખાણકામ માટે લીઝની ફાળવણીના સમયે ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યૂટીનું વ્યવહારીકરણ કરવામાં આવશે.

3) **સંરક્ષણ ક્ષેત્ર :**

- સંરક્ષણ ઉત્પાદનમાં આત્મ વિશ્વાસ વધારવા "મેક ઈન ઈન્ડિયા"ને પ્રોત્સાહન આપવામાં આવશે. જેના માટે વર્ષ આધારિત મર્યાદા મુજબ હથિયારોની આયાત પર પ્રતિબંધ મૂકવા અંગેની યાદી આપવામાં આવશે.
- આયાતી સ્પેરપાર્ટ્સનું સ્વદેશીકરણ કરવામાં આવશે.
- ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડના કોર્પોરેટાઈઝશન દ્વારા ઓર્ડનન્સના પુરવઠામાં સ્વાયતત્તા, જવાબદારી અને કાર્યદક્ષતા સુધારવામાં આવશે.
- ઓટોમેટિક રૂટના મારફતે સંરક્ષણ ક્ષેત્રમાં FDIની મર્યાદા 49%થી વધારી 74% કરવામાં આવી છે.
- સંરક્ષણ ખરીદી માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ એકમની રચના કરી નિર્ણય લેવાની પ્રક્રિયા વધુ ઝડપી કરવામાં આવશે.

4) **નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર :**

- ભારતીય એરસ્પેસના ઉપયોગ પર લગાવવામાં આવેલ પ્રતિબંધો હળવા કરવામાં આવશે. તેનાથી ઈંધણના વપરાશમાં ઘટાડો થશે, સમય બચશે અને પર્યાવરણ પર સકારાત્મક અસર થશે.
- જાહેર–ખાનગી ભાગીદાર (PPP)ના માધ્યમથી પરિચાલન અને મેઈન્ટેનન્સના બીજા તબક્કા માટે 6 હવાઈમથકો પસંદ કરવામાં આવ્યા છે.
- વિશ્વકક્ષાના હવાઈમથકો PPP દ્વારા બનાવવામાં આવશે.
- ભારત એરક્રાફ્ટ, રિપેરિંગ અને મેઈન્ટેનન્સ માટે વૈશ્વિક હબ બનશે.

5) **ઊર્જા ક્ષેત્ર :**

- ટેરિફ નીતિમાં નીચે મુજબના સુધારાઓ કરવામાં આવશે.

A) **ગ્રાહકોના અધિકારો :**

- DISCOM (Distribution Company) ની ઓછી કાર્યદક્ષતાના કારણે ગ્રાહકો પર ભારણ નહીં રહે.
- DISCOM માટે સેવા અને સંબંધિત પેનલ્ટીના ધોરણો.
- DISCOMને પૂરતા પ્રમાણં વીજળી સુનિશ્ચિત કરવી પડશે.

B) **ઉદ્યોગોને પ્રોત્સાહન :**

- ક્રોસ સબસિડીમાં તબક્કાવાર ઘટાડો
- મુક્ત એક્સેસ માટે સમય મર્યાદિત મંજૂરી
- જનરેશન અને ટ્રાન્સમિશન પ્રોજેક્ટ વિકસકર્તાઓ સ્પર્ધાત્મક રીતે પસંદ કરવામાં આવશે.

C) **ક્ષેત્રની ટકાઉક્ષમતા :**

- કોઈ નિયમનકારી અસ્કયામત નહી.
- ઉત્પાદક કંપનીઓને સમયસર ચૂકવણી
- સબસિડી માટે ડાયરેકટર બેનિફિટ ટ્રાન્સફર (DBT) અને સ્માર્ટ પ્રિપેઈડ મીટર

6) **સામાજિક માળખું :**

- રૂ. 8100 કરોડના વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) યોજના દ્વારા ખાનગી ક્ષેત્રના રોકાણને વેગ આપવામાં આવશે.
- સરકાર કેન્દ્ર અને રાજ્ય/કાનૂની સંગઠનો દ્વારા VGF તરીકે પ્રત્યેક કુલ પ્રોજેક્ટ ખર્ચના અનામાં 30% સુધીનો વધારો કરશે.
- અન્ય ક્ષેત્રો માટે VGFનો હાલનો 20% સપોર્ટ ભારત સરકાર અને રાજ્ય/કાનૂની સંગઠનો તરફથી યથાવત્ રહેશે.

**7) અવકાશ ક્ષેત્ર:**

- ઉપગ્રહો લોન્ચ અને અવકાશ આધારિત સેવાઓમાં ખાનગી કંપનીઓને તેમના સ્તરે આગળ વધવા માટે યોગ્ય યોગદાન પૂરું પાડવામાં આવશે.
- ટેક્નોલોજીના સાહસિકો માટે રીમોટ સેન્સિંગ ડેટા પૂરો પાડવામાં ઉદાર જીઓ–સ્પેટિઅલ નીતિનો અમલ કરવામાં આવશે.
- ખાનગી ક્ષેત્રને ISROની સુવિધાઓ અને અન્ય સંબંધિત અસ્કયામતો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે.

**8) અણુ ઊર્જા ક્ષેત્ર :**

- કેન્સર અને અન્ય બીમારીઓ માટે પરવડે તેવા દરે સારવાર દ્વારા માનવજાતના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે તબીબી આઈસોટોપ્સના ઉત્પાદન માટે PPP મોડમાં રિસર્ચ રિએક્ટર સ્થાપવામાં આવશે.
- PPP આધારે સુવિધાનો ઉપયોગ ફૂડ પ્રોસેસિંગ માટે ઈરેડિએશન ટેક્નોલોજી માટે થશે.
- સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમને અણુ ક્ષેત્ર સાથે જોડવામાં આવશે.

## આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત 7 ક્ષેત્રો માટે સુધારા અને સામર્થ્ય આપનારા નિર્ણયો

**1) મનરેગા યોજના અતંર્ગત રૂ. 40000 કરોડની વૃદ્ધિ :**

- રોજગારી સર્જનને વધુ વેગ આપવા મનરેગા યોજના અંતર્ગત રૂ. 40000 કરોડની વધારાની ફાળવણી કરશે.
- તેનાથી કુલ 300 કરોડ માનવ દિવસોની રોજગારીનું સર્જન કરવામાં મદદ મળશે.
- આ પગલાથી ચોમાસુ ઋતુમાં પરત આવતા વિસ્થાપિત શ્રમિકો સહિત અન્ય કોલોની કામની જરૂરિયાતોને પહોંચી વળાશે.
- જળ સંવર્ધન અસ્કયામતો સહિત ટકાઉક્ષમ અને આજીવિકા અસ્કયામતોનું મોટી સંખ્યામાં સર્જન થવાને કારણે ઉચ્ચ ઉત્પાદન દ્વારા ગ્રામીણ અર્થતંત્રને વધુ વેગ અપાશે.

**2) આરોગ્ય સુધારા પહેલો :**

- પાયાના સ્તરે આરોગ્ય સંસ્થાઓમાં રોકાણ વધારી ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રોમાં વધારો કરી રોકાણ વધારવામાં આવશે.
- મહામારીને પહોંચી વળવા જિલ્લામાં ચેપી રોગોની હોસ્પિટલના બ્લોકનું નિર્માણ થશે.
- તમામ જિલ્લા અને બ્લોક સ્તરની લેબોરેટરીઓ અને જાહેર આરોગ્ય એકમોમાં એકીકૃત જાહેર આરોગ્ય લેબોરેટરી દ્વારા લેબનું નેટવર્ક વધુ મજબૂત થશે.
- ICMR દ્વારા "વન હેલ્થ" માટે તૈયાર કરાયેલ રાષ્ટ્રીય સંસ્થાકીય પ્લેટફોર્મના કારણે સંશોધનને પ્રોત્સાહન મળશે.
- રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય બ્લૂપ્રિન્ટનો પણ અમલ થશે.

**3) COVID પછી ઈક્વિટી સાથે ટેક્નોલોજી સંચાલિત શિક્ષણ :**

- PMeVIDYA એ ડિજિટલ/ઓનલાઈન શિક્ષણ માટે મલ્ટી–મોડ એક્સેસ કાર્યક્રમ છે જે તાત્કાલિક શરૂ કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મનોદર્પણ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પરિવારોને શારીરિક સ્વાસ્થ્ય સુખાકારી અને ભાવનાત્મક સુખાકારી માટે માઈક્રો–સોશિયલ સહકાર આપતી પહેલ શરૂ થશે.
- શાળાઓ, પ્રારંભિક અભ્યાસ કરતા બાળકો અને શિક્ષકો માટે ન્યૂ નેશનલ કરિક્યૂલમ એન્ડ પેડાગોજિકલ ફ્રેમવર્ક શરૂ થશે.
- વર્ષ 2025 સુધીમાં ધોરણ 5માં દરેક બાળકો શિક્ષણના સ્તરો મેળવે અને પરિણામો આપે તે સુનિશ્ચિત કરવા 9 ડિસેમ્બર 2020 સુધીમાં "નેશનલ ફાઉન્ડેશન લિટરસી એન્ડ ન્યૂમેરસી મિશન"ની શરૂઆત થશે.

4) **ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ (IBC) સંબંધિત માપદંડો દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં વધુ ઉન્નતિ :**

- નાદારીની પ્રક્રિયા શરૂ કરવા પ્રારંભિક રકમ વધારી રૂ. 1 લાખથી રૂ. 1 કરોડ કરવામાં આવી છે.
- MSME માટે વિશેષ નાદારી ઠરાવનું માળખુ ટૂંક સમયમાં સૂચિત કરાશે.
- 1 વર્ષ સુધી નાદારી પ્રક્રિયા શરૂ કરવા પર નિલંબન.
- COVID-19 સંબંધિત બાકી ચૂકવણી સંહિતા અંતર્ગત "નાદાર"ની પરિભાષામાંથી બાકાત રાખવામાં આવશે.

5) **કંપની એક્ટની ભૂલોને બિના-ગુનાઈત ગણવામાં આવશે :**

- નીચેની બાબતો અને કંપની એક્ટના ઉલ્લંઘનને બિન–ગુનાઈત ગણવામાં આવશે.

1) CSRના રિપોર્ટિંગમાં ઉણપો
2) અપૂરતા બોર્ડ રિપોર્ટ, નાદારીનું ફાઈલિંગ
3) વાર્ષિક સામાન્ય મીટિંગ યોજવામાં વિલંબ

- આ સુધારાને લીધે ફોજદારી અદાલતો અને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ના અવરોધો ઘટશે.

6) **કોર્પોરેશન માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ :**

- કોર્પોરેટ માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના સંદર્ભે નીચેના સુધારાઓ સૂચવવામાં આવ્યા છે.

1) મંજૂરી પાત્ર વિદેશી ન્યાયક્ષેત્રોમાં ભારતીય પબ્લિક કંપનીઓ દ્વારા સિક્યુરિટીનું સીધુ લિસ્ટિંગ
2) સ્ટોક એક્સચેન્જમાં "Non-Covertible Debenture" (NCD) યાદીમાં હોય તેવી ખાનગી કંપનીને લિસ્ટેડ કંપની ગણવામાં આવશે નહીં.
3) નેશનલ કંપની લો અપેલેટ ટ્રીબ્યુનલ (NCLAT) માટે વધારાની/વિશેષ બેંચો તૈયાર કરવાની સત્તા.
4) નાની કંપનીઓ એક વ્યકિત કંપની, ઉત્પાદક કંપની અને સ્ટાર્ટઅપ માટે તમામ નાદારીઓ માટે ઓછી પેનલ્ટી.

7) **નવા આત્મ નિર્ભર ભારત માટે જાહેર ક્ષેત્ર ઉદ્યોગ નીતિ :**

- સરકાર નવી નીતિની જાહેરાત કરશે જેથી...

(a) જાહેર હિતમાં જાહેર ક્ષેત્રોની ઉપસ્થિતિની જરૂરિયાત હોય તેવા વ્યૂહાત્મક ક્ષેત્રોની યાદી સૂચિત કરવામાં આવશે.
(b) વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ઓછામાં ઓછા એક જાહેર ક્ષેત્ર ઉદ્યોગમાં ખાનગી ક્ષેત્રને મંજૂરી અપાશે.
(c) અન્ય ક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રના એકમોનું ખાનગીકરણ કરવામાં આવશે.
(d) બિન જરૂરી વહીવટીખર્ચ ઓછો કરવા વ્યૂહાત્મક ક્ષેત્રો ઉદ્યોગોની સંખ્યા સામાન્ય

રીતે એકથી ચાર રહેશે. અન્યનું ખાનગીકરણ/ વિલિનીકરણ/અન્ય હોલ્ડિંગ કંપની અંતર્ગત લાવવામાં આવશે.

### કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારોને સહાય

➤ ફક્ત વર્ષ 2020-21 માટે ધિરાણ લેવાની મર્યાદા 3%થી વધારી 5% કરવામાં આવશે.

➤ સુધારાઓને સાંકળવાની કામગીરી ચાર ક્ષેત્રોમાં થશે. જેમાં "વન નેશન વન રાશન કાર્ડ"નું સાર્વત્રિકરણ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ઊર્જા વિતરણ અને શહેરી સ્થાનિક સંગઠનની આવકનો સમાવેશ થાય છે.

➤ 2%ની ધિરાણ મર્યાદાનો વધારો નીચેની પેર્ટન આધારિત હશે.

(i) 0.5%નો બિનશરતી વધારો

(ii) 0.25%ના હિસાબે , તબક્કામાં 1%નો વધારો. દરેક તબક્કે સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ, માપી શકાય તેવા અને વ્યવહારુ સુધારા પગલાં જોડવામાં આવશે.

(iii) જો ચાર તબક્કામાંથી ઓછામાં ઓછા ત્રણ તબામાં સીમાચિહ્નો હાંસલ થાય તો વધુ 0.5% વધારો.

## આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના

➤ આત્મનિર્ભર ભારત અભિયાનને સાકાર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા "આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના" શરૂ કરવામાં આવશે.

➤ આ યોજના કુલ રૂ. 5000 કરોડની છે.

### આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની મુખ્ય બાબતો :

➤ આ યોજના અંતર્ગત નાના વેપારીઓ, મધ્યમ વર્ગ કારીગરો, પરંપરાગત વ્યવસાયિકો, રીક્ષા ચાલકો બાંધકામ શ્રમિકો વગેરેને રૂ. 1 લાખ સુધીનું ધિરાણ મળશે.

➤ આ યોજના હેઠળ મળતી લોન/ધિરાણ પર લાભાર્થીઓએ વાર્ષિક 2% વ્યાજ ચૂકવવાનું રહેશે. જ્યારે બાકીનું 6% વ્યાજ રાજ્ય સરકાર ચૂકવશે.

➤ લોન/ધિરાણ એ રાજ્યની સહકારી બેંકો અને ક્રેડિટ કો–ઓપરેટીવ સોસાયટીના મારફતે આપવામાં આવશે.

➤ લોન મેળવવા ફક્ત એક અરજી આપવાની રહેશે અને કોઈ જામીનગીરીની પણ જરૂરિયાત રહેશે નહીં.

➤ લાભાર્થીએ ત્રણ વર્ષના સમયગાળામાં ધિરાણ પરત કરવાનું રહેશે. જેમાં પ્રથમ 6 મહિના વ્યાજ કે મુદ્દલ ભરવું નહીં પડે અને ત્યારબાદ 30 સરખા હપ્તામાં ધિરાણ પરત કરવાનું રહેશે.

➤ હાલમાં જેઓ ધંધા–વ્યવસાયમાં કાર્યરત હોય તેઓને આ યોજના હેઠળ ધિરાણ મળશે. જેમાં 1/1/2020 ના રોજ હયાત વ્યવસાયમાં કાર્યરત હોવા જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT